શરદબાબુ

તરુણ ગ્રંથમાળા

વર્ષ સાતમું

૨ મા

પુસ્તક બાત્રીશમું

શરદબાબુકૃત

રમા

અનુવાદક: માણેકલાલ ગો. જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

મૂલ્ય રૂ. ૨-૦-૦ પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૪૨

પ્રકાશક :
શંભુલાલ જગશી શાહ,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો : અમદાવાદ.

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાંચકૂવા દરવાજા : અમદાવાદ.

શરદબાબુનાં પ્રકાશનો તરફ

સ્નેહભાવે પ્રેરનાર

શ્રી. ગોપાળદાસ પટેલને

શ્રી. નગીનદાસ પારેખને

—પ્રકાશક

અનુવાદકનું

નિવેદન

સ્વ. શરદબાબુના નાટક 'અલકા'ને મળેલા સત્કારથી ઉત્સાહ પામી આજે તેમની એક બીજી કૃતિ 'રમા' વાચકવર્ગ સમક્ષ રજુ કરવા પ્રેરાયો છું. તેમની પ્રસિદ્ધ નવલકથા 'પલ્લી સમાજ' પરથી રચાયેલ નાટકનો આ અનુવાદ છે.

પ્રોફેસર રાવળ સાહેબે પહેલાંની જેમ આ વખતે પણ વિદ્વતાપૂર્ણ પરિચય લખી આપી મને વધુ આભારી કર્યો છે.

આ પુસ્તકના પ્રકાશનમાં અન્ય મિત્રોએ આપેલી સહાય માટે તેમનો પણ અહીં આભાર માનવાની તક લઉં છું.

૨૨—૯—૪૨
ધોળકા

માણેકલાલ જોશી

અન્ય ગ્રંથો

૧	દિલારામ	(નવલકથા)	૧–૮–૦
૨	પ્રેમળજ્યોતિ	(,,)	૧–૮–૦
૩	યામા	(બીજી આવૃત્તિ)	૪–૦–૦
૪–૫	કર્મભૂમિ ભા. ૧–૨	(સ્વ. પ્રેમચંદજી કૃત)	૪–૮–૦
૬–૭	ગોદાન ભા. ૧–૨	(,,)	૫–૦–૦
૮	નિર્મળા (નવલકથા)	(,,)	૧–૪–૦
૯	ઝૂરતું હૃદય	(રશિયન ટૂંકી વાર્તા)	૦–૫–૦
૧૦	શા માટે બંધન	(,, ,,)	૧–૪–૦
૧૧	શયતાન	(ટૉલ્સ્ટૉય કૃત)	૧–૦–૦
૧૨	અલકા	(શરદબાબુ કૃત નાટક)	૨–૦–૦
૧૩	દત્તા	(શરદબાબુ કૃત નવલકથા)	૨–૦–૦
૧૪	અનુરાધા	(,, ,, ટૂંકી વાર્તાઓ)	૨–૦–૦
૧૫	રાજમોહન	(બંકીમબાબુ કૃત નવલકથા)	૧–૮–૦

પરિચય

શરદ્બાબુકૃત 'ષોડશી'ના ત્રણ વરસ પર પ્રગટ થએલ 'અલકા' નામધારી ગુજરાતી અનુવાદનો પરિચય કરાવતી વેળા મને એમ લખવાનું મન થઈ આવેલું કે શરદ્બાબુની વાર્તા–નવલોનો કૂવો લગભગ પૂરો ઉલેચાઈ ગયો તેથી શરદ્પ્રેમી ગુજરાતીઓએ નિરાશ થવાનું નથી એ બતાવવા સારુ 'જુઓ આ શરદ્બાબુનાં નાટકો ય, ચાખો-એનો સ્વાદ' એમ જાણે કહેવા, તેમ જ શરદ્બાબુએ પોતાની વાર્તાઓ પરથી રૂપાંતરિત કરેલ નાટકોના સત્કાર માટેની હવા જોઈ લેવા કે તૈયાર કરવા જાણે 'અલકા' પ્રગટ થયું લાગે છે. હૈયે હતું છતાં અણલખ્યું રહેલું એ વાક્ય ત્યારે મેં લખી જ નાખ્યું હોત તો સારું થાત એમ આજે લાગે છે. 'અલકા' પાછલોટે રસ્તો સલામત છે એ બતાવતાં આ બીજા નાટક 'રમા'ની સવારી આવે છે, એ હકીકત મારા એ અણલખ્યા અનુમાનનું સમર્થન નથી?

આ 'રમા' શરદ્બાબુની 'પલ્લીસમાજ' નામની કથાનું નાટ્ય વેષાન્તર છે. સુપ્રસિદ્ધ બંગાળી અભિનયવિદ્ શિશિરકુમાર ભાદુરીની મંડળીએ આને ખૂબ સફળતાપૂર્વક રંગભૂમિ પર ઊતારેલું કહેવાય છે. એ પ્રયોગને વાસ્તે શરદ્બાબુએ પોતે વાર્તાને નાટકરૂપે પરિવર્તિત કરી આપી હતી એમ, જેના પરથી આ ગુજરાતી અનુ-વાદ તૈયાર થયો છે તે, એના હિંદી અનુવાદની પ્રસ્તાવનામાં નોંધાયું છે. શરદ્બાબુએ શિશિરકુમારનાં કેટલાંક સલાહસૂચનો સ્વીકાર્યાં હોય, તેમ જ ભજવનારાઓએ પોતે પણ તેના પ્રયોગો વખતે રંગ-ભૂમિ–અનુકૂલ ફેરફાર ક્યાંક ક્યાંક કર્યા હોય, એ અનુમાન સાવ નિરાધાર તો ન ગણાય. તેમ છતાં કૃતિ તો આ શરદ્બાબુની જ રહી છે અને ગણાશે. વાર્તા પરથી રંગભૂમિ પર ભજવવાનું નાટક

બનાવતાં સ્વાભાવિક રીતે કરવા પડે તેવા ફેરફાર* અહીં કરાયા છે, તે છતાં નાટકમાં મૂળ કથાને ક્યાંય આંચ નથી આવી અને તેનો આત્મા તો એનો એ જ રહ્યો છે એ હકીકત એમ કહેવા પ્રેરે છે.

---

* હા, એવા થોડા ફેરફાર અહીં લેખકને કરવા તો પડયા છે. 'પલ્લીસમાજ' અને 'રમા' ને સરખાવી જોતાં તે માલૂમ પડે છે. બીજા અંકના પાંચમા પ્રવેશથી ત્રીજા અંકના પહેલા પ્રવેશ સુધીમાં બનાવો બધા મૂળ કથાના છે, પણ તેનો સમયક્રમ જરા આઘોપાછો કરી નાખ્યો છે. કેટલેક સ્થળે પ્રવેશ પૂરતી સ્થળની એકતા સાધવા તેમ કાર્યનું સાતત્ય ચાલુ રાખવા બીજે બનતું આગલા બનાવ સાથે તરત જ લાવી જોડી દીધું છે. પહેલા અંકના બીજા પ્રવેશમાંના રમેશ અને ભાભુના જેવા સંવાદમાં મૂળ કરતાં વધુ સ્પષ્ટતા મૂકી છે. તો અં. ૨ પ્ર. ૨ માં મૂળના સંવાદનું વહેણ જરા આગળપાછળ કર્યું છે. પહેલા અંકના ત્રીજા પ્રવેશમા મૂળ વાર્તા પ્રમાણે રમેશ નહિ પણ તેનો નોકર ભજ્જુએ ખાવાનું ચોરી જતા દીનુ સાથે ગ્રામસમાજની ભ્રષ્ટતાની વાત કરે છે. [આ ફેરફાર સારો નથી. રમેશ એ સાંભળે ને ખાવાનું સંતાડી જતા દીનુને જુએ એ મૂળની યોજના વધુ સારી હતી–રમેશને ગ્રામ-સમાજથી વાકેફ કરવો જરૂરી ને કર્તાને ઈષ્ટ છે તેથી.] બીજા અંકના પહેલા પ્રવેશના ઉત્તરાર્ધમાં તીર્થસ્થળનું ચિત્ર ઉપસાવવા યાત્રાળુ ને ભિખારણ ને હજામના પાત્રોવાળો ભાગ નાટકમાં નવો જ ઉમેરાયો છે. રંગભૂમિ પર થોડી રંગત જમાવવા ખાતર એમ કર્યું હશે. નાટકમાં લક્ષ્યવેધિતા આણવી જોઈએ, કાર્યપ્રવાહ [action]નું વણથોભ સાતત્ય સાચવવું જોઇએ, રંગભૂમિ પર ને તે દ્વારા નીપજાવવાની અસર (stage-effect)નો ખ્યાલ રાખવો જોઇએ અને સંવાદો પહેલદાર, પાત્રદ્યોતક ને સમગ્ર કર્યચિતવ્ય તેમાં આવી જાય તેવા સ્વયંસ્પષ્ટ બનાવવા જોઇએ —આમ નાટકકારે ઘણી ઘણી ફિકર રાખવી પડે છે. આ બધું સાધવા જતાં વાર્તામાંથી તેનું નાટક બનાવનારને જેવા ફેરફાર કરવા પડે તેવા અહીં કરાયા છે. પણ ઉપર કહ્યું તેમ એ ફેરફાર તત્ત્વતઃ મોટા નથી જ; મૂળ કથા પૂરેપૂરી, કદાચ ક્યાંક ક્યાંક વધુ સ્પષ્ટ બની, નાટકના નવા લેબાસમાં અત્ર ઊતરી છે એટલું જ.

મૂળ બંગાળી કૃતિ કે તેનો હિંદી અનુવાદ મેં જોયા નથી, એટલે આને અનુવાદ તરીકે મૂલવવાની ચેષ્ટા હું કરીશ નહિ. એવી પ્રવૃત્તિઓનું મહત્ત્વ મુકાબલે ગૌણ ગણાય. વસ્તુતઃ ઉત્તમ સાહિત્ય-કૃતિઓ બીજી ભાષામાં સારી યા નબળી રીતે ઊતરે ત્યાં પણ પોતાની સર્વકાલીન અસર કરી પોતાની મહત્તાનું સ્થાપન કરે છે. આ શરદ-કૃતિમાં તેવી મહત્તા છે કે કેમ તે તેના આ ગુજરાતી અવતારને જાણે સ્વતંત્ર નાટ્યકૃતિ ગણીને જ તપાસવાનો અત્ર યત્ન કરવો છે.

નાટકની ખરી કસોટી તેમાં કશુંય સત્ત્વશાળી સંઘર્ષણ (conflict) છે કે નહિ તે તપાસવાથી થાય. સંઘર્ષણ વિના નાટક નહિ, સંઘર્ષણ તો નાટકનો પ્રાણ, એવો ઘણા નાટ્યવિવેચકોનો બુલંદ અભિપ્રાય છે. એ સંઘર્ષણ પાત્ર પાત્ર વચ્ચે, પાત્ર અને પરિસ્થિતિ વચ્ચે, પાત્ર અને દૈવ કે વિધિ (Fate) વચ્ચે, પાત્રના જ હૃદયમાંના ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર પર સામસામા પડાવ નાખીને ઊભેલા યુદ્ધોત્સુક ભાવો વચ્ચે, કે વિચાર–વિચાર કે ભાવના–ભાવના વચ્ચે હોય. એવું સંઘર્ષણ આ નાટકનો નાયક રમેશ પોતાના પિતાનું શ્રાદ્ધ કરવા ગામમાં આવતાંની સાથે જ અનુભવવા મંડી જાય છે અને છેક અન્તમાં જેલમાંથી છૂટીને આવ્યા પછી એની ચૂડમાંથી મુક્ત થાય છે. રમેશે ઉલટભેર ઊજવવા ધારેલા શ્રાદ્ધ પ્રસંગે તેનો પિતરાઈ ભાઈ વેણી અને તેના ચડાવ્યાથી રમા આવતાં નથી, અને જે આવે છે તે લાલચુ, સ્વાર્થી, ઢોંગી ને ખુશામતિયા છે, જેમની દાનત રમેશના ભોળપણનો લાભ લઈ લેવાની હોય છે. માત્ર વિશ્વેશ્વરીની સહાયથી એ પ્રસંગ નિર્વિઘ્ને ઉકેલાય છે. શ્રાદ્ધ બાદ રમેશની ગ્રામસેવાની નિષ્કામ પરોપકારી પ્રવૃત્તિની સામે વેણીની સ્વાર્થી વૃત્તિએ ઊભી કરેલી વિઘ્નજાળ અથડાય છે તે લગભગ નાટકના અન્તભાગમાં નિરૂપાતા સમય સુધી. ગ્રામસમાજનાં જડતા, કુસંપ, સ્વાર્થરત દૃષ્ટિ, જાતિભેદાદિ પ્રણાલિકાઓના ચુસ્ત અંધ-પાલનથી આવેલી નિષ્ઠુરતા, એનો સત્તા–સંપત્તિબળે લાભ લેતા

વેણી, ગોવિંદ ને પરાન જેવા ગામના આગેવાનોના જુલમની સામે ચું કે ચાં ન કરી શકતા સમાજની કાયરતા અને નિષ્પ્રાણતા, એ સર્વ પણ મોટું પહાડ જેવડું વિઘ્ન રમેશની સેવાપ્રવૃત્તિ અને સેવાભાવનાના માર્ગમાં નાખે છે, જેની સામે બળપૂર્વક ઝઝૂમતાં ક્યારેક તો એને હાથ ધરેલું પુણ્યકાર્ય પડતું મૂકી બહાર ભાગી જવાની વૃત્તિ પણ થઈ આવે છે. એ તો વિશ્વેશ્વરી આ અંઃળામણ ને નિરાશાની પળો વેળા એને પડખે ઊભી રહી એને એના સેવાવ્રતમાં દૃઢ કરે એવી દીક્ષા આપે છે તેથી જ એ ટકી રહે છે.

સામાન્ય રીતે નાટકમાં બાહ્ય સંઘર્ષણ નાયક અને પ્રતિનાયક વચ્ચેનું યોજાય છે. આ નાટકમાં પણ ઉપર જણાવ્યા તે સંઘર્ષણમાં રમેશને વેણી સામે જ ઝૂઝવાનું આખરે તો બને છે. વેણી એ આ નાટકમાં પ્રતિનાયક કે ખલપાત્ર છે. નાયક ગામમાં પગ મૂકે છે તેની સાથે આ વેણીના એની સામેના મોરચા શરૂ થઈ જાય છે. રમેશ જે ભાવનાનો પ્રતિનિધિ છે એની સામે ટક્કર લગાવતી કોઈ ભ્રમિત પણ પ્રામાણિક ભાવના વેણીની છે જ નહિ. એની ભાવના તો એનો સ્વાર્થ તે જ. ઊગતા દુશ્મનને તેનો પગ જામી જાય તે પહેલાં જ, એની દોલત ઓળવવાની દાનતથી, ઉખેડીને ફેંકી દેવાનો તેનો આશય લેખકે પહેલા જ પ્રવેશમાં તેને મોંએ બોલાવી (પૃ. ૭) તેની સમસ્ત પ્રવૃત્તિને સમજાવી દીધી છે. શ્રાદ્ધ વેળા તેણે જ રમાને વિરુદ્ધ કરી, ગઢતળાવની માછલીઓની વહેંચણીમાંથી રમેશને તેણે જ બાકાત રાખ્યો, ભૈરવની રમેશ પ્રત્યેની કૃતઘ્નતા—જેનાથી સળગી ઊઠી રમેશ તેને નસિયત આપવા જતાં વેણીની જાળમાં સપડાઇ અંતે જેલવાસી બને છે તે કૃતઘ્નતા—નો પ્રેરક પણ એ જ, રમાનો ઉપયોગ કરી ભજ્જુઆને તથા પછી રમેશને જેલમાં મોકલાવનાર પણ એ જ અને છેવટે રમાની મિલકત રમેશની મદદથી પચાવી પાડવાનો મનસૂબો કરનાર પણ એ જ. આમ રમેશ સામેનાં બળો છૂટાં મૂકનાર આ વેણી જ છે, અને તેથી રમેશને બધો વખત આડકતરી

રીતે એની જ સામે ઝઘડવાનું તેના વિધાતાએ નિર્મ્યું છે.

આ બાહ્ય સંઘર્ષણના પડ નીચે એક બીજું ય સંઘર્ષણ રમેશ-ને અનુભવવું પડે છે તે રમા જોડેનું. રમા જોડે નાટકના આરંભથી માંડીને અન્ત લગી એક પ્રકારના ઘર્ષણમાં રમેશને ઊત-રવું પડે છે. પોતાની બાલપણની પ્રેયસી રમાને ત્યાં પોતાને ત્યાંના શ્રાદ્ધ-કાર્યમાં તેના સાથસહકારની અપેક્ષાએ હોંસભેર એ જાય છે, ત્યાં એના મોં પર જાણે અપમાનનો તમાચો પડે છે. પછી તારકેશ્વરમાં રમાએ એને ભાવપૂર્વક રોકી, પ્રેમથી જમાડી, તેના 'મારું કોઈ નથી' એ વિચારે ઉદાસીન અને વિરક્ત આત્માને અનનુભૂત આનંદના અંઘોળ કરાવ્યા[1] એટલે તેના જીવનનું વહેણ જાણે બદલાય છે. તે દુઃખી, ક્લેશતપ્ત અને અજ્ઞાન ગ્રામજનતાની સેવા કરવાનું નક્કી કરે છે અને રમાને કશી વાત કર્યા વિના, માત્ર એની છાયામાં બેસીને જ, પોતાના જીવનનાં એ ને એવાં સમસ્ત કાર્યો ધીરે ધીરે કર્યે જવાનીં ગુપ્ત આશા બાંધે છે.[2] પણ એ આશા પર એક પછી એક પ્રહાર તરત જ પડવા શરૂ થાય છે. શ્રાદ્ધ વેળા તેમ તદનંતર ગ્રામસેવાકાર્ય કરતાં જે આઘાત રમેશને વાગતા ગયા છે, તેમાં રમા તરફથી કેટલાક વધુ મળે છે. જે ધર્મનિષ્ઠ રમા બેચાર માછલી માટે જૂઠું બોલે નહિ એવું એ માને છે[3] તે રમા ખરેખર અસત્ય ઉચ્ચારે, તેજ રમા પોતાના બસો રૂપિયાની માછલીના સ્વાર્થે ખેડૂતોને પાયમાલ થવા દેવા તત્પર બને, જેને પોતે બાળપણમાં પ્રેમ કર્યો હતો ને તે ગમે તે કરે પણ પોતાનું અમંગળ થતું કયારેય સાંખી નહિ શકે[4] એવો જેને વિશે તેને દૃઢ વિશ્વાસ છે એ જ રમા તેને બંધ તોડતો અટકાવવા લાઠીધારી માણસ મોકલે, અને પછી પોતાના નાનાભાઈની

(૧) જુઓ એના એ વેળાના ઉદ્ગારઃ 'એવું લાગે છે કે જાણે મારા જીવનનું આ પહેલું સુપ્રભાત છે. આ જીવનનું વહણ જાણે કે ઓચિંતું જ બદલાઈ ગયું ..આજનો દિવસ નિંદા અને પ્રશંસાથી પર છે." (પૃ. ૭૬)
(૨) પૃ. ૧૦૯. (૩) પૃ. ૫૪-૫૫. (૪) પૃ. ૧૦૯.

જનોઇના અને મહામાયાની પૂજાના અવસર સુધારવાના સ્વાર્થ સારુ એને ગામ છોડી ચાલી જવા કહે—એ સૌ આઘાતોનું શિખરબિન્દુ તો રમેશ ત્યારે અનુભવે છે. જ્યારે રમા અદાલતમાં એને નુકસાન કરે એવી જુબાની આપે છે. હૃદયસ્થ પેલી એની આશા પર ત્યારે જીવલેણ ફટકો પડે છે ને એ ભલે જીવન આખું જેલમાં વિતાવવું પડે પણ અપીલ કરીને છૂટવું નથી[5] એવો નિર્ણય તે વેળા કરે છે. જેલમાંથી રમા પ્રત્યે એ તિરસ્કાર સાથે જ બહાર આવે છે, પણ ત્યાં તો રમા પાસેથી પશ્ચાત્તાપ, પરમ ઉદારતા અને યતીન્દ્રની સોંપણી પાછળ રહેલો પોતા પરનો વિશ્વાસ અને 'તારું શુભ ઇચ્છનારું તેનાથી મોટું બીજું કોઈ નથી'[6] એ વિશ્વેશ્વરીના રમા સંબંધી ઉદ્ગાર એની રમા સંબંધી ગેરસમજૂતિ[7] અને મનસ્સંતાપને

---

(૫) પૃ. ૧૪૧ (૬) પૃ. ૧૬૬. (૭) આ ગેરસમજૂતિ એ **શરદ્‌બાબુના** ભાથામાનું એક મોટું તીર છે. નાયકનાયિકા વચ્ચે ઘર્ષણ સમાધાનની ઘડી સુધી વધાર્યે જવામાં **શરદ્‌બાબુ** એનો જ ઉપયોગ કરે છે. પાત્રોને એવાં લાગણીપ્રધાન એ બનાવે છે કે જરા જરામાં એ દુભાઇ-છેડાઈ પડી ગમે તેવાં પરુષ વચનો અન્યને સંભળાવી દે (જેમ રમેશ કરે છે) કે વિરોધી આચરણ કરે (જેમ રમા કરે છે), અને એમ થતાં સામાં પાત્રોનું આત્મગૌરવ કે અભિમાન (**શરદ્‌બાબુનાં** ઘણાં મુખ્ય સ્ત્રી-પુરુષ-પાત્રોનું એ તો અવિનાભાવી સ્વભાવલક્ષણ હોય છે) એ સામાની પોતા વિશેની ગેરસમજૂત દૂર કરવાની પરવા જ તેમને કરવા દે નહિ, અને એમ ગેરસમજૂતિઓ તેમ તેમાંથી નીપજતા બનાવો વધતાં જ રહે. નવાઈ જેવું તો એ કે આ બધો વખત બેઉ પાત્રોનાં અંતર તો એકમેક પ્રત્યે અનુરાગ કે ભક્તિભીના સદ્ભાવથી ભરેલાં હોય છે! આમ બંને અંતર એકએકની પાસે આવવા ચહાતાં હોય છતાં બહારથી બેઉ વ્યક્તિઓ એવું બોલેવર્તે કે તે એકમેકથી દૂર જ જતાં જાય. એકમેકથી દૂર નાસીને પાસે આવવાની આ રમત **શરદ્‌બાબુ** એ રમેશ-રમાને પણ અહીં રમાડી છે, તે એ બને પાત્રોનો ઝીણવટભર્યો અભ્યાસ કરવાથી સમજાવું જોઈએ. અભિમાન ને લાગણીપ્રધાન સ્વભાવની વળગણી પર જ આ ગેરસમજૂતિઓના ગાભા લટકે છે અને એ ગેરસમ-

દૂર કરી દે છે. હવે રમાની છાયામાં રહી તેનું અનુમોદન પામી ઈષ્ટ સેવાકાર્ય બજાવી શકાશે. પણ અફસોસ, જે ઘડીએ આમ પરિસ્થિતિ સાનુકૂળ બની તે જ ઘડીએ રમા તેના જીવનમાંથી સદાને માટે વિદાય લે છે !

રમેશ જો નાટકનો નાયક છે તો નાયિકા છે રમા. નાટકનું નામ પણ તેના પરથી જ પડ્યું છે. તેને ય સંઘર્ષણની વેદના નાયકના કરતાં ઓછી નથી વેઠવી પડતી. રમાનું વેણી જોડે અને રમેશ જોડેનું ઘર્ષણ પણ રમેશને સહેવા પડતા સંઘર્ષણની સાથે નાટક સમસ્તને ભરી દે છે. આમ ગામની જમીનના મોટાભાગની માલિક પણ છે એ સ્ત્રી અને તે ય વિધવા. એટલે તેને બીજા ભાગીદાર અને માથાભારે તથા પ્રપંચી વેણી ઘોષાલની સાથે, તેની જોડે જ ગામમાં રહેવાનું હોઈ, મળતી પાણ રાખવી પડે છે. રમેશ ગામમાં આવતાંની સાથે વેણીએ તે કાંટાને દૂર કરવાની દાનત બતાવી તેથી રમા ચોંકી ઊઠે છે, કારણ તેને રમેશ પ્રત્યે કૂણો સદ્ભાવ છે. છતાં રમેશને ત્યાંના શ્રાદ્ધ પ્રસંગે, તળાવની માછલીઓની ચોરીમાં, ખેડૂતોને સારૂ પાણીનો બંધ તોડવાની ના પાડવામાં અને ભજ્જુઆને જેલમાં મોકલવામાં તે વેણીની જ પડખે ઊભા રહે છે. પણ વેણી રમેશને જેલમાં મોકલવાનો ઈસારો કરે છે, ત્યારે 'પરંતુ માથે ભગવાન તો છે ને ?' કહેતી રમા વેણીથી દૂર જવાનું શરૂ કરે છે. ભૈરવને ત્યાંના પ્રસંગનો લાભ લેવાની વેણી–ગોવિંદની પેરવીમાં તે સાથ નહિ આપે એમ જણાતાં તેઓ તેને શિર રમેશને તારકેશ્વરમાં એક રાત રાખ્યાની વાતને હલકા ઇસારાથી સૂચવી આળ ચડાવે છે, ત્યારે તો તેનો રોષવહ્નિ ભભૂકી ઊઠે છે ને વેણીની બદમાશી ઉઘાડી

મનૂ તેઓ ને તેનાં કાર્યો દ્વારા એનો ભોગ થઈ પડેલાંના આંતર ભાવને પૂત કરનારી તપસ્યા જ કર્તાને અભિપ્રેત હોય છે એ અત્રે ખાસ યાદ રાખવા જેવું છે. વળી કથા કે નાટકને તો એ કાર્યને પોષણ આપનાર સામગ્રી પૂરી પાડે છે, એટલે એ ખૂબ કામની યુક્તિ થઇ પડે છે.

પાડી તેના વિશેનો પોતાના મનમાં હતો તે અભિપ્રાય તે સુણાવી દે છે. તો ય વેણી અને ગોવિંદનો અત્યાચારી સમાજ ખોટી બદનામીનો ડર દાખવે છે તેથી અને કંઈક રમેશના તેને ચાલી જવા સમજાવતી વેળાના શબ્દોથી છંછેડાઈ રમાને અદાલતમાં યુધિષ્ઠિરના જેવું એવું અસત્યકથન કરવું પડે છે જેથી નિર્દોષ રમેશને જેલમાં જવું પડે છે, અને એમ પાછો વેણીનો જ વિજય થયો. પણ વિજય થયો તે ઘડીથી જ વેણીનો પરાજય શરૂ થાય છે. જેલમાંથી બહાર આવતા રમેશની સહાયતાથી રમાની પીરપુરની મિલકત પચાવી પાડવાને ઇરાદે વેણી રમા વિરુદ્ધ રમેશને ભંભેરે છે, પણ રમા એ મિલકત તથા પોતાના ભાઇને રમેશને સોંપી દઇ તેની બાજી ધૂળમાં મેળવે છે.

પણ વેણી સાથેના આ ઘર્ષણ કરતાં રમેશ જોડેનું ઘર્ષણ રમાને માટે વધુ મર્મદારક નીવડે છે. વિધિવશાત્ પોતાના જીવનમાંથી ખોવાએલા રમેશને માટે એને જે સદ્‌ભાવ છે તે, રમેશ વિરુદ્ધ એ વર્તતી હોય છે ત્યારે પણ, માસીને (પૃ. ૯–૧૦) અને વેણીને (પૃ. ૯, ૯૭, ૧૧૮) એ સંભળાવે છે ત્યાં, લક્ષ્માને ‘ એના જેવા માણસને હાથે મરવું એ સૌભાગ્યની વાત છે ’ (પૃ. ૧૨૬) એમ સંભળાવે છે ત્યારે, અને યતીન્દ્ર સાથે રમેશ સંબંધી વાત કરતાં સજળનયના એ બની જાય છે ત્યારે, નાટકકારે આપણને બતાવ્યો છે જ. એમ છતાં એનાથી રમેશની વિરુદ્ધ જ વર્તન થતું રહે છે. શ્રાદ્ધ વેળા તો પિતાના વેરનો વિચાર આગળ થયેલો, પણ પછીના રમેશવિરોધી વર્તન માટે તો તેના અભિમાન પર રમેશ તરફથી પ્રહાર પડતાં સળગી ઊઠતો તેનો રોષ જ જવાબદાર હોય છે. બંધ તોડવા દેવાની અનુમતિ માગતી વેળા રમેશનાં ‘ નીચ, નિષ્ઠુર ’ જેવાં પરુષ વિશેષણોથી[1] તે છેડાઈ પડે છે અને ગામમાં રહ્યે રમેશનું વધુ અનિષ્ટ થશે એમ સમજી તેના પ્રત્યેના ભાવથી પ્રેરાઇને જ

(૧) પૃ. ૯૧.

તેને ગામમાંથી ચાલી જવા કહેવા આવી છે તે ઘડીએ, રમેશ તરફથી ‘ પરંતુ રમા, તું એ સમજવાની નથી ’ એ વચન (પૃ. ૧૩૦), તેનાં પાછલાં કાર્યો સંભારી તેની એ માગણીમાં છૂપાયેલા કોઇ સ્વાર્થનો ઈસારો અને છેવટે ના મળે છું, એટલે જ ‘ વ્યથાની મારી પાગલ થઈ જઇ’[2] તે અદાલતમાં રમેશ વિરુદ્ધ સાક્ષી આપે છે. આમ છતાં તેનું અંતર તો રમેશનું જ પ્રિય અને મંગલ કરવા ઈચ્છે છે, એ વચમાં વચમાં તેનું વર્તન બતાવી આપે છે. તારકેશ્વરમાં તેને માટે હવે શક્ય તેવા પ્રેમપૂર્વક તાવલા રમેશને સેવાથી અને ભોજનથી અંતરમાં ટાઢક વાળે છે,[3] રમેશને ત્યાં એક યાચના સારુ આવતાં, રમેશને માથે પોલિસના અપમાન તથા જુલમનો સંભવ જોઇ, અકળાઈ ઊઠી ત્યાંથી ખસવા ના પાડે છે,[4] ભૈરવને ત્યાં રમેશને પોતાના ગૌરવને છાજે નહિ એવું કરતો જોઇ એકદમ, તેની ગૌરવહાનિ તે પોતાની જ હોય તેમ, ‘ તમને તો શરમ નથી પરંતુ હું તો શરમની મારી મરી જાઉં છું. જાઓ, ઘેર જાઓ, ’[5] કહી મોકલી દે છે, અને તેને ગામ છોડી જવા માટે પણ એવા જ પ્રેમથી પ્રેરાઈને કહેવા આવે છે.[6] પણ રમેશનાં ભાષા ને વર્તનથી એ અકળાઈ જઈ જુદું જ કરી બેસે છે. આખરે પોતાની જુબાનીથી રમેશને જેલ જવું પડયું એ અપરાધનો ભાર એ ખમી શકતી નથી અને એનાં સ્વાર્થ, નબળાઈ ને અભિમાન ઓગળી જાય છે. હવે એ રમેશના કાર્યને સમજે છે, એના સુખનું ક્ષેત્ર તૈયાર થયું જોઈ આનંદે છે, એ કાર્યને થોડી મદદ પણ કરે છે (જુઓ પૃ. ૧૫૫) અને જેલમાંથી આવે છે ત્યારે તેનાં ટાઢાં વચનથી પૂર્વવત્ ન છેડાતાં તેની ક્ષમા ચાહી, પોતાની પીરપુરની મિલકત તથા યતીન્દ્રનો હાથ તેના હાથમાં સોંપી, તેના સેવાકાર્યને એમ અનુમોદી કાશીવાસ માટે ચાલી જાય છે. પણ જતી વેળા, જેણે રમેશને પોતાને ‘ રાણી ’ એવા

(૨) પૃ. ૧૪૦. (૩) અં. ૨ પ્ર. ૧–૨. (૪) અં. ૨. પ્ર. ૬. (૫) પૃ. ૧૨૫. (૬) અં. ૩. પ્ર. ૩.

નાનપણના નામથી નહિ બોલાવવાને બેત્રણ વાર રોકેલો તે જ રમા, "રમા નહિ, રાણી!"[૭] એમ કહી ત્યારપછીના વિદાયવચનમાં પોતાનું અંતર પૂરેપૂરું, કદાચ રમેશ સમજે એવી રીતે પહેલી અને છેલ્લી વાર, ઉઘાડું કરતી જાય છે અને એ વખતે આ નાટક પૂરતો તેના રમેશવિષયક આંતર સંઘર્ષણનો અને રમેશ સાથેના બાહ્ય ઘર્ષણનો અન્ત આવે છે.

નાયક અને નાયિકાનું બેણી જોડેનું અને એકમેક જોડેનું આ ઘર્ષણ અને આંતરમંથન નાટકમાં કેન્દ્રસ્થાને છે. તેને લીધે જ અનેક પ્રસંગો બનતા રહે છે, વસ્તુ બરાબર ગૂંથાયેલું બન્યું છે, કાર્યપ્રવાહ સનતવાહી રહ્યા છે, નાટ્યાનુકૂલ તંગદિલી (suspense) તથા આઘાતપ્રત્યાઘાતો મળ્યા છે અને પ્રેક્ષકોની અપેક્ષાઓ તથા સહાનુભૂતિને આઘાત, ફફડાટ તથા સંતોષ ઉપજાવનારી ઘટનાઓ મળી છે. પણ નાટકને આવી અનુકૂલ સામગ્રી સંપડાવનાર સંઘર્ષણ મુખ્યત્વે છે પાત્રાવલંબી. વસ્તુતઃ પાત્રાલેખન અને વસ્તુ વચ્ચે નાટકમાં એક જાતનો પરસ્પરાવલંબી સંબંધ જ હોય છે અને ન હોય તો નાટકના હિતમાં હોવો જોઇએ. એ રીતે જોનાં પાત્રો પ્રસંગોને સર્જે અને પ્રસંગો પાત્રોને ઘડે એવું ઊંચી પ્રતિનાં નાટકોમાં હોવું જોઇએ. નાટકના વસ્તુભૂત જે સંઘર્ષણની ઉપર વાત કરી તેને આ કૃતિનાં પાત્રો જોડે ઘણો સંબધ છે. એ પાત્રો એવાં છે તો જ આવું સંઘર્ષણ નીપજ્યું. આથી આપણે હવે નાટકના અભ્યાસને માટે તેમાંના પાત્રાલેખન તરફ વળવું પડશે.

નાયક અને નાયિકાના પાત્રાલેખન તરફ નજર કરતાં એ બંને એકંદરે તો શરદછાપનાં જ માલૂમ પડે છે. રમેશ એ શરદબાબુના અન્ય નાયકો જેવો સંસ્કારી, ભાવનાશીલ, બાળક જેવો નિખાલસ, ઉદાર, ભોળો, નાનપણમાં કરેલી પ્રીત પ્રિય પાત્ર અન્યનું થઇ જતાં

(૭) પૃ. ૧૬૭.

નિષ્ફળ બન્યે પછી તો 'ના મેં કિસીકા ના કોઈ મેરા' એ વૃત્તિથી પોતાનાં ખાનપાન–સુખસગવડાદિ માટે સાવ ઉદાસીન, જીવનનું એ ખાલીપણું પૂરવા કોઈ સેવાકાર્યમાં દટાઇ જવા માગનાર, આળી લાગણીવાળો, ધૂની જુવાન છે. રમા એ શરદ્‌બાબુની કેટલીક નાયિકાઓના જેવી હૃદયમાં વેદના ભરી રાખતી પણ બહારથી સ્વસ્થ, પ્રશાન્ત, મૃદુ, સહનતપનશીલ અને સૌમ્ય દીપશિખા જેવી, પણ અડયે કે છંછેડયે દઝાડે એવી, આત્મગૌરવશીલ આર્ય સાધ્વી છે.* એ બંને પાત્રનાં આ બધાં સ્વભાવલક્ષણો નાટકમાં અવારનવાર વ્યક્ત થતાં રહ્યાં છે તે કયાં કયાં એ બતાવી અત્ર વિસ્તાર કરવો જરૂરી નથી. લેખકે બંનેના બાહ્ય વર્તનના પડ નીચે ધબકતા હૃદયની

---

* સ્ત્રી અને પુરુષના કાર્યક્ષેત્ર તથા પ્રકૃતિગત ધર્મ વિશેની શરદ્‌બાબુની સમજણ આવા દાખલાઓમાં ધ્વનિત થતી લાગતી નથી ? પુરુષ સાંખ્યશાસ્ત્રના પુરુષ જેવો ઉદાસીન અને સ્ત્રી પ્રકૃતિ જેવી સ્ફૂર્તિવાળી; પુરુષ જ્ઞાની ને સાગર જેવી મનમોટપવાળો પણ બહારથી જરા પરુષ, અને સ્ત્રી તેને મુકાબલે વધુ મૃદુ અને વધુ સહન કરનારી; પુરુષ ભોળો, ઉતાવળિયો ને આશુક્ષોભ, અને સ્ત્રી વધુ વ્યવહારદક્ષ. સ્વસ્થ અને આત્મગૌરવથી નીચે ન ઊતરનારી; પુરુષ થોડો બાળસ્વભાવવાળો ને આવી સ્ત્રીની હુંફ વિના નિરાધાર, અને સ્ત્રી આવા પુરુષને પ્રેમથી જમાડનારી તેની સેવાશુશ્રૂષા કરી તેમા કૃતકૃત્યતાનો આનંદ માણનારી, તથા પુરુષને જે માયા હુંફ સેવા ઈ. જોઈએ તેની ખોટ પૂરનારી—આમ એકમેકને પૂરક ગુણોવાળાં, એક એકલું નભે નહિ, બીજું હોય તોજ આખું પૂર્ણ એકમ બને એવાં, સ્ત્રીપુરુષો શરદ્‌કથાઓમાં નયકનાયિકા સ્થાને અનેકવાર બિરાજતા માલૂમ પડે છે તે આથી. પુરુષના બિમારીમાં ને નિરાધારતામાં એની સેવા કરવામાં સ્ત્રીમાં છુપાયેલા માતૃત્વના અને करणेषु दासी નો, તેને ભાવપૂર્વક ભોજન (શરદ્‌બાબુની કૃતિઓમાં ભોજનની વાત કાંઇ ને કોઈ રીતે આવ્યા વિના રહેતી નથી !) કરવામાં भोज्येषु माता નો અને સમગ્ર સ્ત્રીત્વમાં આર્ય સતીઓનો આદર્શ બરાબર આવી જાય તેવું વર્તન શરદ્‌બાબુ તેમનાં સ્ત્રીપાત્રો પાસે કરાવે જ એ પણ લક્ષમાં રાખવા જેવી વાત છે.

સમાન્તરે વાત કર્યે રાખી છે, એ એમના પાત્રનિરૂપણની એક વિશિષ્ટ સિદ્ધિ ગણાવી ઘટે. બહારથી ઝઘડતાં ને એકમેકથી દૂર જતાં જણાય, છતાં એકમેક પ્રત્યે માર્દવ ને ભાવથી છલકાતાં તેમનાં અંતર નજીક આવવા માગતાં હોય, એવી લોભામણી ટટળામણ ને વિરોધાભાસ કર્તા ખૂબીથી વ્યક્ત કરી શકે છે. વસ્તુ કરતાં પાત્રનિરૂપણ પરનું પ્રભુત્વ જ શરદબાબુનું આપણને હમેશ વધુ આકર્ષે છે તે આ કારણે.

પણ શરદબાબુની પાત્રાલેખનકલાની સિદ્ધિ રમા અને રમેશનાં પાત્ર કરતાં વિશ્વેશ્વરી અથવા જ્યાઠાઈના સર્જનમાં વિશેષ દેખાય છે. સૌ કરતાં વધુ તેજસ્વી પાત્ર આ નાટકમાં એનું છે. એની આગળ તો નાયકનાયિકા ઝાંખાં ઓળાં જેવાં લાગે છે. જાણે કોઈ માતા વત્સલ નયને એ બેઉને પોતાને બંને પડખે ઊભાં રાખી તેમને માથે હાથ ફેરવતી ઊભી હોય એવું, આ નાટકમાંના સમગ્ર વસ્તુમાં તેનું જે સ્થાન અને કાર્ય છે તેને ચિત્રસ્થ કરવું હોય તો, કલ્પવું પડે. રમાને નાટકમાંથી કાઢી નાખીએ તો રમેશ–રમા–સંઘર્ષણ ચાલ્યું જશે પણ બહુ હાનિ નહિ થાય, પણ વિશ્વેશ્વરીને નાટકમાંથી કાઢી નાખતાં નાટકને મહત્ત્વની ખોટ પડે તેમ છે. એ હોય નહિ તો રમેશનો શ્રાદ્ધપ્રસંગ નિર્વિઘ્ને ઊકેલાય નહિ એ તો જાણે ઠીક, પણ એ છે તો જ રમેશને ગામડાનાં વિઘ્નો સામે રહેવાનું ને ટકવાનું શીખવા મળે છે, એના ધ્યેયનું નિર્વહણ પણ તેનાથી જ શક્ય બને છે અને તેને સાચી દૃષ્ટિ અને માર્ગદર્શન પણ તેની પાસેથી જ મળે છે. રમા અને રમેશને પાસે લાવવાનું ને તેમની પરસ્પર સંબંધી ગેરસમજૂતિ દૂર કરવાનું કાર્ય વિશ્વેશ્વરી જ બજાવે છે. રમા વિશેની રમેશની પ્રથમ[1] તથા છેવટની[2] ગેરસમજૂતિને એ દૂર કરે છે, તેવી જ રીતે રમેશ

૧ "…બેટા, એ તો એક એવી છોકરી છે કે લાખો બલ્કે કરોડોમાં પણ શોધી ન મળે. એ છે તો ગામમાં થોડો ઘણો ધર્મ સચવાઇ રહ્યો છે." (પૃ. ૩૪)

૨ "… મારી આટલી વાત પર ક્યારે ય અવિશ્વાસ ન કરીશ

પરત્વે રમાને સાચી સલાહ પણ એ જ આપે છે.[૩] રમા કહે છે (પૃ. ૧૫૬) તેમ વિશ્વેશ્વરી જ એક એવું સ્થાન છે જ્યાં તે અને રમેશ એકમેકથી દૂર ન જઇ શક્યાં. મુશ્કેલીની વેળાએ બંને એની જ ઓથ લે છે અને તેવે વખતે એ જ એમને સાચી શીખ આપે છે. રમાને એકમે વાર વેણીની યોજનામાં મૂક સંમતિથી ભાગીદાર બની તે પાપથી ખરડાવા માટે મૃદુ ઉપાલભ આપી વિશ્વેશ્વરી જ ચેતવે છે અને તેના મૂર્છાતા આત્માને સચેત કરે છે. વિરોધી વાતાવરણથી અકળાઈને ગ્રામસેવાનં કાર્ય ફગાવી દઇ ગામ છોડી જવા રમેશ તૈયાર થાય છે, ત્યારે ધીરજપૂર્વક સાંત્વના આપી પ્રેમપૂર્વક તેનો પ્રાપ્ત ધર્મ સમજાવી તેના ડગમગતા પગને સ્થિર કરે છે અને એ રીતે રમેશે કરેલી ને એને હાથે ભવિષ્યમાં થનાર ગામસેવાનું શ્રેય રળે છે આ વિશ્વેશ્વરી જ. રમા અને રમેશ પર સંતાનનિર્વિશેષ વાત્સલ્ય એ રાખે છે તો એ બંનેની એના પ્રત્યે અનહદ ભક્તિ હોય જ એમાં નવાઈ નથી. એનામાં પ્રેમ છે, વત્સલતા છે, જ્ઞાન છે, સમાજનો અનુભવ છે, માણસને ને એના હેતુઓને ઓળખવાની દૃષ્ટિ છે. પણ સૌથી વધુ તો આપણને આકર્ષે છે તેનો પ્રતાપ અને આત્મગૌરવ, જેનો અં. ૧. પ્ર. ૨ માં ગોવિંદ

કે તારું શુભ ઇચ્છનારું તેનાથી મોટું બીજું કોઈ નથી....તેં જે કાંઈ સાંભળ્યું છે તે બધું જૂઠું છે અને જે કાંઈ જાણ્યું છે તે બધું ખોટું છે.... તારા માટે એની અંતિમ પ્રાર્થના એટલી જ છે કે તારું કલ્યાણનું કાર્ય નદીના પૂરની જેમ સમસ્ત દ્વેષ અને ઈર્ષાને પોતામાં વહાવી દેતું આગળ વધ્યા કરે. એટલા જ માટે તેણે મુખ બંધ રાખી બધું સહન કર્યું છે ” (પૃ. ૧૬૬)

૩ “... પણ આ મનુષ્યના પ્રાણની કિંમત તેથી પણ અનેકગણી વધારે છે. જો રમા, તું ક્યારેય કોઈના કહેવાથી યા કોઈ વસ્તુના લોભમાં પડીને તેને ચાર બાજુએથી ઘા કરી નષ્ટ કરી નાખતી નહિ કેમકે એથી જે તું ગુમાવી બેસીશ, તે તું પછી ક્યારેય પાછું મેળવી નહિ શકે.” (પૃ. ૧૦)

ને પરાનને બરાબર પરચો મળે છે. 'A perfect woman nobly planned; To warn, comfort and command' એ પંક્તિઓ જાણે એને જ સમજાવતી હોય તેવું એ પાત્રનું નિરૂપણ કર્તાએ કર્યું છે. આવાં ભાભુ ગામમાંથી જાય એટલે તો ગામનું પુણ્ય પરવારી બેઠા જેવું લાગે, પણ તે પોતાનું તેજ રમેશમાં સંક્રાન્ત કરીને પછી જાય છે, અને રમેશ ગામમાં રહી સેવા કરવાનો–તે જાણે એના જ એલચી તરીકે, એવું નાટકના અન્તમાં આપણને પ્રગટતું ભાન એની જ મહત્તાનું દ્યોતક નથી?

આ ઉદાત્તહૃદયી ઉચ્ચાશયી પાત્રોની સાથોસાથ કે સામસામે વેણી, ગોવિંદ, માસી આદિ સાવ સંસારી અધમ પાત્રોને નાટકકારે કુશળતાપૂર્વક મૂકી દીધાં છે, કેમ જાણે વિશ્વનિયંતાની શુભાશુભમયી, જેમાં દૈવી સાથે આસુરી તત્ત્વો પણ પગેડ કરતાં હોય છે એવી, સૃષ્ટિનું અક્ષરસૃષ્ટિમાં પ્રતિફલન કરવું તેણે ધાર્યું ન હોય! નાટકના વસ્તુને ધક્કો આપી છેવટના અન્ત લગી લઈ જવામાં વેણી જ મુખ્ય કામગીરી બજાવે છે એ આપણે આગળ જોયું છે. એના સ્વાર્થ, પ્રપંચબાજી, હૃદયહીનતા અને દંભી વાણીમેલને લીધે એ પાત્રમાં મૂર્ત વાસ્તવિકતાનો અંશ મોટા પ્રમાણમાં આવ્યો છે. એના સિવાયનાં અન્ય નાનાંમોટાં અનેક પાત્રોને તેમની ખાસિયતો, વ્યક્તિતા અને પ્રવૃત્તિહેતુઓ સાથે બહુ જ થોડા શબ્દોમાં સજીવ બનાવવાનાં લેખકને સરસ ફાવ્યું છે. ખટપટી ચૌદશિયો ગોવિંદ, મોઢામોલો પણ લાલચુ ધર્મદાસ, સ્વામીભક્ત ગુમાસ્તો ગોપાળ, સામાજિક અત્યાચારની સામે ઝનૂનમાં આવી આખરે કુંકાડો મારતાં શીખેલી ક્ષાન્ત બામણી, લાલરિયો કંજૂસ બેનર્જી, દ્વેષી અને કડવાબોલી માસી, હાડે રાંક પણ વેણીની સત્તા આગળ લાચાર જંતુ બની જઈ ઉપકારી રમેશનો અપકારી બનતો ભરત, મૂર્તિમંત બુભુક્ષિત દારિદ્ર્યની મૂર્તિ જેવો દીનુ ભટ્ટાચાર્ય, વાગ્પૂજક નેકદિલ અકબર—એ સૌ અને બાકીનાં બીજાં પાત્રો જે ઉપલા વિધાનના સમર્થનમાં સાદ પૂરે

તેવાં છે, તે એક બીજી વાત પર પણ વાચક-પ્રેક્ષકનું ધ્યાન દોરે છે તે એ કે નરી ભાવનાસૃષ્ટિનું જ શરદચંદ્ર ચિત્રામણ નથી કરતા, પણ વાસ્તવસૃષ્ટિ પર પણ સ્થિર નજર ઠેરવી તેને અક્ષરાવતાર સુંદર રીતે આપી શકે છે. પોતપોતાના વ્યક્તિગત નોખાપણાથી આ પાત્રસૃષ્ટિ માત્ર સંખ્યાનું જ નહિ પણ પોષાક, ભાષા, આશય ને પ્રવૃત્તિનું આકર્ષક વૈવિધ્ય રજૂ કરે છે, જે રંગ-ભૂમિ પરના પ્રયોગને ખૂબ ઉપકારક લેખાય.

શરદબાબુના પાત્રનિરૂપણની મોટી વિશિષ્ટતા એ છે કે તેઓ પાત્રોનાં આંતર જીવનનો પડદો ઊંચકીને આપણને તેમાં અવારનવાર ડોકિયું કરાવે છે. ખલ કે સામાન્ય પાત્રોના કરતાં ભાવનાશાળી અને ગૌરવવંતાં પાત્રોના ચિત્રણ પરત્વે આ વધુ સાચું છે. વેણી તથા ગોવિંદ જેવાં પાત્રોને સ્વાર્થપ્રપંચ સિવાય બીજું કશું જોવાની નથી દૃષ્ટિ કે અનુભવવાને નથી હૃદય. એટલે એ તો એમના આશય-ની સિદ્ધિ માટે સીધી લીટીમાં પુરુષાર્થ કરતાં જણાય. ખરી આંટીઘૂંટી કે મંથન તેમ જ તપશ્ચર્યા કે તાવણી રમા, રમેશ ને વિશ્વેશ્વરી જેવાં શુભાશયી પાત્રોની જ થાય છે. એ ત્રણે પાત્રોના આંતરજીવનને વ્યક્ત કરતા જતાં ક્યાંક સ્ફુટ રીતે ને ક્યાંક વ્યંગ્ય રાખીને, તેમના જીવનના કારુણ્ય તરફ કર્તાએ કુશળતાથી અંગુલિ-નિર્દેશ કર્યો છે. રમાના જીવનની કરુણતા એ છે કે સમાજ (તેના પિતાનું સમાજશીખવ્યું કુલાભિમાન) તેને પ્રથમ રમેશ જોડે પર-ણવા નથી દેતો અને અંતે રમેશને જેલમાં મોકલવામાં કલંકનો ભય દેખાડીને તેનો જ ઉપયોગ કરે છે. વિશ્વેશ્વરી જે એની વ્યથા પિછાણી શકી છે તેના

'સંસારમાં એને સ્થાન નથી મળ્યું, રમેશ, તેથી તેને ભગવાનના ચરણોમાં લઈ જાઉં છું......શા માટે ભગવાને તેને આટલું બધું રૂપ, આટલા ગુણો અને આટલો મહાન આત્મા આપી આ સંસારમાં મોકલી હતી અને શા માટે કોઈ પણ દોષ યા અપરાધ વિના તેના માથે દુઃખોનો

આટલો ભારે બોજ લાદી પુનઃ સંસારની બહાર ફેંકી દીધી. આ શું તેનો અભિપ્રાય છે કે માત્ર આપણા સમાજના વિચારોનો ખેલ છે? અરે રમેશ, તેના સમાન દુઃખિની કદાચ આ જગત પર બીજી કોઈ નહિ હોય!' (પૃ. ૧૬૬)

એ શબ્દોમાં રમાના જીવનની આ કરુણતા પૂરેપૂરી વ્યક્ત થઈ છે.* વળી રમેશ એને પૂરી સમજી ન શક્યો, પોતે એને સહેવી પડેલી વિપત્તિમાં નિમિત્તભૂત થઈ, જતાં જતાં ય એની માફી મળી શકતી નથી, એ બધી હકીકત પણ રમાની મનોવેદનાને દ્વિગુણિત કરનારી છે. વિશ્વેશ્વરીનું દુઃખ પોતાનાં સંતાનોના પાપભારે દબાતી, હૈયામાં લાવાથી જલતી, સર્વંસહા માતા ધરિત્રીનું દુઃખ છે. કુપુત્ર વેણીનાં કરતૂકોથી બિચારી સમસમી રહી છે ત્યાં એનું હૈયું ઠારવા રમેશ આવે છે જેને અને રમાને પોતાના હૃદયનું વાત્સલ્યઅમી સરખે ભાગે વહેંચી દઈ એ જરાક આશ્વાસન પામે છે. છતાં વેણીની કાંધ પર ચડીને પોતાનો દેહ સ્મશાને પહોંચે એ ભયે એ ગામ છોડી જાય છે ત્યારે તેની કરુણતાનો—લિયરરાજાએ પુત્રીઓની કૃતઘ્નતાથી સંતપ્ત થઈ Is there any cause in nature that makes these hard hearts? એ દર્દછલકતી ચીસ વિશ્વવિધાતાને કાને અથડાવા નાખેલી, તેવી જ રીતે વિશ્વેશ્વરી જેવી મંગલમૂર્તિ જનનીની કૂખે આવા વેણી કેમ પાકી જ શકે એવી ફરિયાદ ઉઠાવાય તેવી વિષમતાભરી કરુણતાનો—આપણને સાક્ષાત્કાર થઈ જાય છે. રમેશના જીવનની કરુણતા એ છે કે નાનપણની પ્રેયસી એને મળી શકી નથી તેથી પોતાનું કોઈ નથી એ ભાન એને ઉદાસીન પરમહંસ

* '...તારી આંખો તરફ જોતાં તો એમ લાગે છે કે એની નીચે રુદનનો સમુદ્ર દબાઈ રહ્યો છે.' (પૃ. ૧૩૮) અને 'બેટા, તારું આ હસતું જોઈને એમ લાગે છે કે જાણે છોડમાંથી છૂટું પડેલું ફૂલ દેવતાના ચરણોમાં પડી હસે છે.' (પૃ. ૧૫૧) એ અમુક અમુક પ્રસંગે વિશ્વેશ્વરીએ રમાને સંબોધીને કહેલાં વાક્યો રમાના સમગ્ર જીવનને લાગુ પાડી શકાય એવા કારુણ્યમૂર્તિ એ અત્ર આલેખાઈ છે.

જેવો બનાવી દે છે અને દૂરથી રમાની છાયામાં રહી બધી સેવા કરવાનો સંતોષ એને લેવો છે તે એના નસીબમાં નથી. લોકસેવા કરતાં તો એને પ્રારંભમાં કેટલાય કાંટા વાગ્યા ને આખરે કંઈક સુફળ પામે છે ત્યાં વિશ્વેશ્વરી અને રમા જેવી પ્રેરણામૂર્તિઓ ગામમાંથી ને બાહ્ય રીતે એના જીવનમાંથી ચાલી જાય છે!

પોતાનાં ઘણાં પાત્રોના જીવનમાં આવી કરુણતા વણીને શરદબાબુ પોતાની દૃષ્ટિનું ઊંડાણ ને જીવનની સમજ બતાવી આપે છે. જીવનની ઊંડી સમજમાંથી જ 'ટ્રેજેડી' રચાવી શક્ય બને છે. સંવેદનશીલ પ્રાણમનથી જગતને સમજવાનો યત્ન કરનારને તેમા સંવાદ કરતાં વિસંવાદ અને સુખ કરતાં વિષમતા વધુ દેખાવાની. ભલું કરવાનું કામ કઠિન શા માટે? ભલાં મનુષ્યોને જ વધુ આકરી કસોટીમાંથી કેમ પસાર થવાનું? વિશ્વેશ્વરીની કૂખે રમેશો કાં નહિ, ને વેણી જ પાકે? રમાઓ ને રમેશો વચ્ચે માનવસમાજ એ જીનો લાઈનો કેમ ઊભી કરી દઈ, એમના યોગથી તેઓ જે સાધી શકે તે નથી સાધવા દેતો ને રમાઓનાં જીવન વિફલ કેમ બનાવી દેતો હશે? વિફલ જ બનાવવું હોય તો વિશ્વનિયંતા રમા જેવું સર્જન કરવાની વ્યર્થ ચેષ્ટા કેમ કરતો હશે?—આવા આવા પ્રશ્નો જગાડી, એ પ્રશ્નો જે હકીકતની પીઠ પર ઊભા છે તેના તરફ આમ કરીને, શરદબાબુ સહૃદયોની દૃષ્ટિને દોરે છે. આવું જીવનકારુણ્ય બતાવવાનો શરદબાબુને શોખ હોવાથી તેમને માટે 'આ વાલાને કરુણ ગાન વિશેષ ભાવે' એ આપણા ગુજરાતી કવિની પંક્તિ સમુચિત રીતે વાપરી શકાય તેમ છે. એ ખરું, પણ એનો અર્થ એ નથી કે શરદબાબુમાં લાગણીવેડું રોતલ વિષાદપ્રિયતા જ ભરી છે. એમના કરુણમાં સ્ફૂર્તિદાયક સાત્ત્વિક બળ અને એક પ્રકારની જ્ઞાનદૃષ્ટિસાધ્ય મંગલતા પણ ભળેલાં હોય છે. 'દુઃખકે દિન અબ બીતત નાહીં' નો દેવદાસી રુદનનાદ શરદબાબુનો કાયમી નાદ નથી. એમનો ખરો સંદેશ તો સેવામાં જાતને ભૂલવા ને ભૂંસી નાખવા મથતા જીવાનંદ ને સુરેશ

ને રમેશના વર્તનમાં છૂપાયેલો છે. 'રમા' ના કરુણ લાગતા અંતને આ દૃષ્ટિએ જરા તપાસવો જોઈએ.

'રમા' નો અન્ત કરુણ તો કહેવાય, પણ તેની કરુણતામાં અનિવાર્યતા અને સમાધાન બંનેના અંશ શરદબાબુએ પૂર્યા છે તેથી તે આપણને કોચવતો કે ગમગીન બનાવતો નથી. ગામમાંથી વિશ્વેશ્વરી અને રમા જાય છે તો રમેશ તો રહે છે જ. રમેશને જે ઘડીએ એનો રસ્તો સાફ થયો તેજ ઘડીએ મા અને ગુરુસમી વિશ્વેશ્વરીથી સદાને માટે વિખૂટા થવાનું આવ્યું, અને 'અલકા' માં જેમ જીવાનંદે અલકાને જીવનની અંતઘડીએ મેળવી, પણ મેળવી તે જ પળે ખોઈ, તેમ રમેશને પણ જેલમાંથી આવતાં રમા મળી, પણ રમાને જીત્યો તે જ વખતે તેને ખોઈ બેસવાનો વારો આવ્યો, એ ખરેખર કરુણ ઘટના કહેવાય. પણ એ તો શરદબાબુને બતાવવી જ હતી.[1] રમેશ એકલો હતો ને એકલો ને અટૂલો જ રહેવાનો, પણ હવે એ એકલતા એને સાલવાની નથી. પોતાના કર્તવ્યમાં જ નિઃશેષ આત્મવિલોપન એ કરવાનો છે એ ભાન વાચકને સ્ફૂર્તિદાયક આશ્વાસન આપે છે. વિશ્વેશ્વરીની હવે એને જરૂર રહી નથી, એ પૂરો

૧ ગામમાં જ રહીને રમેશની સેવામાં, સરસ્વતીચંદ્રને કુમુદ બની તેમ, મદદગાર બનતી રમાને ન ચિતરી શકાત? રમા માટેની સહાનુભૂતિથી ભીંજાયેલા આ સવાલના ઉત્તરમાં કહેવાનું આ કે શરદબાબુને માનવસમાજે વિફલ બનાવી દીધેલા રમાના જીવનની કરુણતા ઉપસાવી દેખાડવી અને એ રીતે સમાજના અપરાધનું તીવ્ર ભાન વાચકમાં જગાડવું ઇષ્ટ હતાં. વળી રમા ખૂબ પીડાઈ છે, ને હિંદુ વિધવા હોવાથી તદન્યથા વર્તન તેને સારુ શક્ય જ નથી રહ્યું, જરાક જેટલી રમેશની સેવા કરવા જતાં સમાજ તેને કલંકના ડામ દેવા તત્પર બની બેઠો. આ પરિસ્થિતિમાં મૃત્યુ ને તેની તૈયારી માટે કાશીવાસ અને તેને સારુ વતનત્યાગ એ જ એને માટે સ્વાભાવિક રીતે એક જ છૂટકારાનો માર્ગ રહ્યો છે. સસ્તા સુખાન્તથી વિશ્વેશ્વરીના એને માટે યોજાયેલા દર્દનીતરતા વાક્યની અસર શે બતાવી શકાત?

ઘડાઈ ગયો છે, ગામનું વિષ અમૃતમાં પલટાવવાનો કીમિયો તેની પાસેથી તેણે શીખી લીધો છે એટલે હવે વિશ્વેશ્વરી પ્રત્યક્ષ ન હોય તો ય એના હૃદયમાં તો એ હમેશ ચિરંજીવ રહેવાની. એવું જ રમાના સંબંધમાં પણ. રમા એના જીવનમાંથી જાય છે તે જ વેળા પોતાને 'રાણી' કહી બોલાવવાનો આગ્રહ કરી યતીન્દ્રને તેના જેવો કરવાનું કહી તેના આદર્શમાં સંપૂર્ણ શ્રદ્ધા ને સંમતિ વ્યક્ત કરી, યતીન્દ્રનો હાથ તેના હાથમાં, 'અધિકાર છે' કહી, સોંપી જાય છે, એ એક જ પળ ઘણા વખત સુધી સંભારવા ને સંભારીને એનો આનંદ ચગળવા સારુ રમેશને માટે બસ નથી? પછી એને રમા પાસે હોય તો ય શું ને દૃષ્ટિથી દૂર હોય તો ય શું? વિશ્વેશ્વરી કુપુત્રની ખાંધે ચડવા ન પમાય એ સારુ બળતા હૃદયે ગામ છોડે એ આમ કરુણ ઘટના છે. પણ ઊંડું જોતાં, તેણે વેણીને ખોયો ભલે, પણ રમેશને તો પુત્ર તરીકે મેળવ્યો છે, (જે તેણે તેને આંજેલા જ્ઞાનાંજનથી ગ્રામિણ સમાજને સાચા પ્રકાશમાં જોઈ તેણે સૂચવેલે માર્ગે તેની સેવા કરવાનો છે) એ ભાનથી તેના આત્માને સંતોષ ઓછો થયો હશે? ને રમા તથા વિશ્વેશ્વરી એ સમાજ ને એ પુત્રથી છૂટી પોતાના અવસાનને સુધારવાની વાસનાથી શ્રી કાશીવિશ્વેશ્વરની છાયામાં જાય છે ત્યારે તેમની આસક્તિ માત્ર હવે તૂટી ગઈ હોય, અને શોકમોહથી પર બની છોડથી ખરીને દેવતાને ચરણે હસતાં ફૂલ જેવાં તેઓ નથી લાગતાં? આંસુ ને આક્રંદ ક્યાંય દેખાતાં નથી; મહાપ્રસ્થાન સારુ સજ્જ થએલ પાંડવો ને દ્રૌપદીના જેવાં ધીર સ્વસ્થ ડગ ભરતાં ચાલ્યાં જતાં તેમને આપણે કલ્પી શકીએ તેમ છે. અને રમાને વિશ્વેશ્વરી પોતાની પાંખમાં કાશી લઈ જાય છે તે ઘટના પરત્વે તો સહૃદયને એવી જ નિરાંતની લાગણી નથી થતી, જેવી દુષ્યન્તના દરબારમાં અવમાનના પામેલી શકુન્તલાને એનું માતૃજ્યોતિ આવીને પોતાની પાંખમાં સ્વર્ગે લઈ ગયું જાણી અથવા પોતાના કશા ય વાંક વિના બબ્બે વાર સુદીર્ઘ પતિવિયોગ વેઠીને આવેલાં સીતામાતાને ભગવતી વસુંધરા બાથમાં

બીડીને લઈ ગયાં જાણી આપણને થાય છે? હિંદુ સમાજના દરબારમાં અપમાનિત થએલી રમાને લઈ જવામાં વિશ્વેશ્વરી એવું જ માતૃકૃત્ય કરે છે. આ રીતે શરદબાબુના કરુણમાં આવાં આશ્વાસનનાં અમી-બિન્દુઓ ભળેલાં હોય છે જે કરુણને મંગલાન્ત પણ બનાવે છે. એની સામે ફરિયાદ કરવાને બદલે 'થયું એ જ બરાબર છે, એ જ બરાબર છે' એમ સહસા ઉચ્ચારાઈ જાય છે. લાગણીના લોઢ ઉછળવાને ને આંસુના દરિયા છલકવાને બદલે અહીં જે થાય છે તે એ કે ધીરગંભીર પ્રશાન્ત કરુણાસાગરના તરંગો આવી હૈયાને નવડાવી જઈ તેને આર્દ્ર ને શુદ્ધ કરી જાય છે.

પ્રસ્તુત નાટકના અન્તમાં સાધારણ વાચકની ન્યાયબુદ્ધિને પરિતર્પવાની જોગવાઈ કર્તાએ કરી છે તે પણ જોવા જેવું છે. રમેશ અને વેણી વચ્ચેના સંગ્રામમાં પહેલાં ફાવે છે વેણી અને હારે છે રમેશ, પણ અન્તે રમેશના જેલ જવા સાથે વેણી હારે છે, માર ખાય છે, વસ્તીનો આદર ગુમાવે છે અને આખરે માતાને ખુએ છે તથા રમાનો ટેકો ગુમાવે છે. આમ એના પગ ભાગી જાય છે. બીજે પક્ષે રમેશ રમાને જીતે છે, વિશ્વેશ્વરીને મેળવે છે અને વસ્તીનો દેવતા બને છે. વેણીને પોતાનું આ નુકસાન કે પરાજય કદાચ સમજાતો ન હોય, એનાં ધર્મબુદ્ધિ ને નીતિભાવના એવાં બુઠ્ઠાં છે કે એને એ સમજાય કે ખટકે પણ નહિ, પણ તેણે નૈતિકદૃષ્ટિએ ઘણું ખોયું છે ને રમેશે ઘણું મેળવ્યું છે એ તો ચોક્કસ. રમેશનો આ નૈતિક વિજય પણ અન્તની તેની કરુણતાને ભૂલાવી દે છે. જે ધર્મના દંડની વિશ્વેશ્વરીએ પશ્ચાત્તપ્ત રમાને વાત કરી[1] તે દંડ શરદબાબુએ નિર્દોષ રમેશને હેરાન કરનાર વેણીને આપ્યો તેમ રમાને પણ આપ્યો છે. રમાએ રમેશ પર સદ્‌ભાવ છતાં વેણીની યોજનાની છડેચોક

---

૧ વિશ્વે૦—'... એક વાત હું ભૂલી શકતી નથી બેટા, કે ધર્મનો દંડ માનું મો જોઇને બેસી રહેતો નથી.... છાનું રહ્યું નથી અને એટલે જ વેણી આજે ઈસ્પિતાલમા છે. અને તારી....' (પૃ. ૧૫૨-૫૩)

સામે થવાને બદલે તેમાં સામેલગીરી બતાવી છે અને એ રીતે તેણે નબળાઈ તો મૂળથી જ બતાવી છે. એ નબળાઈ ઉપરાંત તે એક પગલું આગળ પણ વધી ગઈ, રોષમાં ને એક સાચી નહિ નીવડેલી સમજને (જુઓ પૃ. ૧૪૦–૪૧ પરના એના જ મુખના ઉદ્દગાર) પરિણામે, જેનો દંડ તેણે ભોગવવો જ જોઈએ. પશ્ચાત્તાપમાં શેકાઈને તેણે એ દંડ તો ભરી દીધો ગણાય છતાં એ ગામમાંથી ચાલી જાય એ ઘટનામાં સાધારણ વાચકો ને પ્રેક્ષકો કવિન્યાય (Poetic Justice) જ જોવા લલચાય તેમ છે.

આ કવિન્યાયમાં એક વાત ધ્યાન ખેંચે તેવી એ છે કે વેણીને પિસ્તોલ ખાતો કે ધનજાગીર રમેશના સેવાકાર્ય માટે આપી દેતો ચીતરીને તેનું ક્રાન્તિકારક હૃદયપરિવર્તન બતાવ્યું નથી. છેક અન્તભાગમાં પણ એનું આલેખન એવું થયું છે જે એવી છાપ પાડે કે એ તો હતો તેવો જ રહ્યો છે ને પાછી પોતાની જૂની પ્રવૃત્તિ ચાલુ રાખવાનો. અહીં જ લેખકનું વલણ સમજાઈ જાય છે. વેણીનું પછી શું થયું કે થશે તેના પર ધ્યાન એમનું છે જ નહિ, રમેશનું, સત્પ્રવૃત્તિના કરનારનું શું થયું એજ બતાવવા તરફ એમનું ધ્યાન છે. શરદબાબુનું ધ્યેય જ શુભ—મંગલ—કલ્યાણ તરફ નજર કરાવવાનું છે. અશુભ અને પાપ તરફનું તેમનું વલણ વિશ્વેશ્વરીનું સમાજ અને વેણી પ્રત્યે છે તેવું જ છે. અને તે છે પાપ અને અસત્ય તરફ નજર કર્યા વિના પુણ્ય, સત્ય ને સેવામાં અચળ શ્રદ્ધા રાખી તેમાં મંડયા રહેવું એ જ. શરદબાબુનું આ નાટકમાં મુખ્ય વક્તવ્ય જ એ છે કે ભલું કરવાનો ભાર જેણે પોતાને માથે લીધો તેને વિઘ્નો, પ્રતિકૂળતાઓ ને શત્રુઓનું પ્રતિઆક્રમણ સખત નડવાનું. અવાવરૂ ઘરને સાફ કરતાં ધૂળકચરાના ગોટેગોટ ઊડે તેમ સમાજને સુધારવા જતાં પ્રથમ તો સમાજના દોષોના ગોટેગોટ ઊખળે પણ ખરા. પણ એને ન ગણકારતાં, વિના અકળાયે, એના પ્રત્યે તિતિક્ષાવૃત્તિ ને ઉદાર ક્ષમાદૃષ્ટિ રાખી, સત્ય ને શિવમાં દૃઢ વિશ્વાસ રાખી સેવા કર્યે જ

જવી એ વિશ્વેશ્વરીએ રમેશને શીખવ્યું છે. આવી પ્રતિકૂળતાઓથી અકળાઇને બધું ફગાવી ભાગી છૂટવા તૈયાર થએલા રમેશને તેણે આમ દૃઢ કર્યો. અને પછી તો શુભ કરનારની દુર્ગતિ કદી થતી જ નથી એ ભગવદ્‌વાક્ય રમેશને ફળે છે એ કર્તાએ દેખાડયું પણ છે.

'ભલું કરવાનું કામ કઠિન છે' એ નાટક દ્વારા સમજાવતાં લેખકે રમેશને એવો ભલું કરનાર બનાવ્યો અને તેની સેવાનું ક્ષેત્ર લીધું ગામડું. ગામડું તેના નાનકડા વિસ્તારને લીધે સેવાના પ્રારંભ માટે અનુકૂળ અને સ્વયંપર્યાપ્ત ક્ષેત્ર ગણાય એ ય ખરું, ને બીજું એ પણ ખરું કે આપણો દેશ મુખ્યત્વે તો બનેલો છે ગામડાંઓનો જ, એટલે આપણા દેશમાં સેવાને માટે સૌથી મહત્ત્વનું ને સેવકોની વાટ જોતું ક્ષેત્ર ગામડાનું જ કહેવાય. વળી શરદબાબુનો હેતુ થોડું સમાજદર્શન કરાવવાનો પણ છે, ને એને માટે પણ શહેર કરતાં ગામડાં વધુ અનુકૂળ હોઈ (કારણ, શહેરોમાં શહેરી સંસ્કૃત જીવનનો કેટલોક ઢોળ ચડેલો હોય છે, ગામડામાં એ ન હોતાં જે ભૂમિકાએ સમાજ ઊભો હોય તેનું ભેળ વગરનું શુદ્ધ દર્શન વધુ શક્ય બને છે) ગામડાની પસંદગી કર્તાએ કરી તે બહુ યોગ્ય જ કર્યું છે. શરદબાબુએ મૂળ કથાનું નામ 'પલ્લીસમાજ' એટલે કે 'ગ્રામસમાજ' એમ રાખેલું તે સકારણ હતું એમ આથી સમજાશે.

નાટકમાં આથી ગ્રામસમાજનું ચિત્ર સુંદર રીતે ઉપસ્યું છે. એ બે રીતે બન્યું છે: એક તો રમેશને ગામમાં આવ્યા પછી જે કંઈ પ્રત્યક્ષ જોવા અનુભવવા મળ્યું તે બતાવીને, અને બીજું કેટલાંક પાત્રોના સંવાદ ને ચર્ચા મારફત. શ્રાદ્ધ પ્રસંગે રમેશને ગોવિંદ ને ધર્મદાસની સ્વાર્થબાજી ને ખુશામત, દીનુની ગરીબાઈજન્ય દયાપાત્ર બુભુક્ષિત વૃત્તિ, અને પરાન તથા ગોવિંદનો ક્ષત્ત બામણી ને તેની છોડી પરનો સામાજિક દંડનો ત્રાસ જોવા મળ્યાં. શ્રાદ્ધ બાદ મધુની દુકાને તેના વેપારના હાલ અને વનમાળી પાસેથી શાળાની હાલત અને જમીનદારની વૃત્તિ વિશે જાણવા મળ્યું. ગામડાની હાલત તથા ત્યાંની વસ્તી વિશે,

આમ સાચું દર્શન થતાં **રમેશ** એની ઉન્નતિ સારુ સેવાયજ્ઞ આરંભી ત્યાં જ રહી પડે છે. વિશ્વેશ્વરી કહે છે તેમ આટઆટલા લોકો હોવા છતાં કોઈનાય કાને જન્મભૂમિનું રુદન પહોંચી શક્યું ન હતું પરંતુ **રમેશે** તે મૂક આક્રંદ આવતાં વેંત સાંભળી લીધું, (પૃ. ૧૧૪) તેનું કારણ એ કે ગ્રામસમાજ તો સાવ મૃતપ્રાય જ છે અને **રમેશ** શહેરમાંથી કેળવણી ને ભાવના સાથે નવો પ્રાણ લઈને અહીં આવ્યો છે. પછી તો સેવાકાર્ય કરતાં **રમેશને** કડવા અનુભવો થાય છે. રસ્તો સમરાવવા માટેની મામૂલી રકમનો હિસ્સો આપતાં અખાડા કરી લોકો તેની ભોળી ઉદારતાને વધુ ચૂસવા માગતા હતા એ તેણે જોયું; **વેણીની** જમીનદારી જાળવવાની રીતિ ને દૃષ્ટિ (પૃ. ૮૯) જાણી; **ભૈરવને** સત્તાધારી જમીનદાર ને તેના મળતિયાએ કેવી રીતે કબજે લઈ તેની પાસે ધાર્યું કરાવ્યું તે જોયું. આ બધા પ્રત્યક્ષ દર્શન અને અનુભવમાંથી ગ્રામસમાજનાં જે અનિષ્ટ તેને જાણવા મળ્યાં તેમાં મુખ્ય મુખ્ય તે કુસપ, કોર્ટકચેરીએ દોડવાની કજિયાખોર વૃત્તિ, ટૂંકી સ્વાર્થપરાયણતા, કંગાલિયત, બેલગામ મહાલના **વેણી** ને **ગોવિંદ** જેવા ધનસત્તાવાળાના સામાજિક અત્યાચાર અને એ અત્યાચારની સામે માથું ઊંચકી શકવાને અશક્ત એવા પ્રાણહીન નિસ્તેજ સમાજની કાયરતા. આ બધાં અનિષ્ટો વિશે વધુ માહિતી **રમેશ** ને **ભાભુ** વચ્ચેના,[1] **દીનુ** અને **ભજ્જુ** વચ્ચેના,[2] તથા **રમેશ** ને **ગોપાળ** વચ્ચેના[3] સંવાદો દ્વારા આપવામાં આવી છે. તારકેશ્વરના તીર્થનું વાતાવરણચિત્ર પણ ગ્રામસમાજદર્શન માટે યોજાયું છે. ગ્રામસમાજનું આ વાસ્તવ ચિત્ર, શહેરો કરતાં ગામડાં વધુ પવિત્ર ને સારાં હોય એ ઈચ્છાજન્ય માન્યતાને આઘાત પહોંચાડે તેવું છે. એની સાથે '**ધૂમકેતુ**' ની 'સર્વનાશ'[4] નામની વાર્તામાંનું ગામડાનું ચિત્ર સરખાવી જોવા જેવું છે.

---

(૧) પૃ. ૩૫, ૬૨-૬૩, ૧૧૨-૧૧૪ (૨) પૃ. ૪૪-૪૫ (૩) પૃ. ૧૦૪-૧૦૫ (૪) તણખા મંડળ ત્રીજું

આવા ગ્રામસમાજ તરફ 'ધૂમકેતુ'ની 'ત્રિશંકુ'[1] નામે વાર્તામાંના વસનજી શેઠના જેવું ઘૃણાયુક્ત સુગાળવું વર્તન નહિ પણ સહાનુભૂતિ અને અનુકંપાજન્ય વર્તન કરવું જોઈએ એ નાટકકાર અત્ર આપણને શીખવે છે. લોકોની બેપરવાઈ ને વિરોધથી ચીડાઈ ચાલી જવા માગતા રમેશને વિશ્વેશ્વરી જે કહે છે

"...તો હવે તું ચિડાઈને આ લોકોને છોડીને નાસી જવા માગે છે? રમેશ, તું જો એટલું સમજે કે આ લોકો કેટલા દુઃખી, કેટલા દુર્બળ અને કેટલા અજ્ઞાન છે, તો એ લોકો પર ચિડાવા બદલ તને પોતાને શરમ આવે!"[2]

તેમાં શરદબાબુનો ઉપદેશ તો છે, પણ દુઃખાર્ત ભારતમાતાનો પણ જાણે ગ્રામસેવામાં પડેલાઓને આર્જવયુક્ત પ્રતિબોધ હોય એમ નથી લાગતું? વિશ્વેશ્વરી જેમ રમેશને ઘૃણાનું નહિ પણ સહાનુભૂતિમિશ્ર દયાનું સાચું વલણ[3] શીખવે છે તેમ ગ્રામસમાજના ઉદ્ધારનો સાચો માર્ગ પણ બતાવે છે. 'જ્ઞાન એ જ એનો ઉપાય છે'[4] એમ કહી રમેશે અખ્ત્યાર કરેલા શાળા દ્વારા શિક્ષણના માર્ગને એ પોતાની સંમતિની મહોર મારે છે. રમેશે નિશાળનું મકાન સમરાવી ઉપસ્કરાદિ વસાવી આપ્યાં, સાર્વજનિક રસ્તો સુધાર્યો, ખેડૂતોને બચાવવા પાણીનો બંધ તોડી નાખ્યો, ને ભૈરવને પૈસાની મદદથી ઉગારવા યત્ન કર્યો એ બધાં તો એક રીતે વચમાં આવી પડેલાં આગન્તુક કામો ગણાય. ગ્રામસેવા ખાતે તેનું રચનાત્મક કાર્ય તો પીરપુરમાં મુસલમાન ને પછાત કોમને

(૧) તણખા–મંડળ બીજું (૨) પૃ ૬૩ (૩) કર્તા ગ્રામસેવકોને એક વાત રમેશના દાખલા પરથી એ પણ શીખવે છે કે રમેશ મોટી ઊંચાઈએ બેસી કામ કરવા ગયો એટલે એને અટલાં વિઘ્નો નડયાં. એ સમયે એ પરદેશીઓની જેમ ગ્રામસમાજની બહાર હતો એટલે એ દાન વિદેશીનું હતું. જ્યારે તે એ ગ્રામસમાજમાંનો જ એક બન્યો ત્યારે જ તેની આત્મીયના ઉપહાર જેવી સેવાનો લોકોએ સ્વીકાર કર્યો. (જુઓ રમાના ઉદ્‌ગાર પૃ. ૧૬૨). આમ પૂરેપૂરા ગામડાના થઈ રહેવાય ત્યારે સેવા ફલવતી બને એમ શરદબાબુએ બતાવ્યું છે. (૪) પૃ. ૧૧૩

વાસ્તે શાળા કાઢી આપી તે શીખવવા મંડચો તે જ. આ રીતે શરદ્‌બાબુએ ગ્રામસુધારણા માટે શિક્ષણ ને જ્ઞાનપ્રચાર એ જ એક માર્ગ બતાવ્યો એમ સમજાય છે. પણ એ જ્ઞાનપ્રચાર દ્વારા સાધવાનું જે ધ્યેય તે તો મૂવા વાંકે જીવતા ગ્રામસમાજમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવાનું છે. રમેશની પ્રવૃત્તિથી એવું ફળ આવતું નિરૂપાયું પણ છે. તેણે આપેલા જ્ઞાનથી જ લોકોમાં નવું ચેતન આવ્યું છે. વેણીથી દબાયેલો વર્ગ તેની શેહ મૂકી દે, સનાતન વેણીને મોઢામોઢ સંભળાવી દે અને જગન્નાથ જેવો તેને માર પણ મારે એ એનાં ચિહ્નો. આ રીતે શરદ્‌બાબુએ આ કૃતિમાં દેશના એક મહત્ત્વના પ્રશ્નને વણી, સમાજરોગ બતાવી તેનું ઉપાયસૂચન પણ યથામતિ કર્યું છે. આપણા સમાજની ને ગામડાંની પરિસ્થિતિ હજુ ય લગભગ આમાં વર્ણવાયા જેવી જ છે, તેથી તેની સુધારણા તરફ વાળે એવું આ પ્રકારનું સાહિત્ય ચાલુ સંજોગોમાં પ્રજાને માટે ઉપયોગી અને જરૂરી ગણાય.

આવું પ્રયોજન સાધતું, શરદ્‌ચંદ્રની વિશિષ્ટ પાત્રાલેખનકળા દાખવતું આ નાટક ભલે વાર્તામાંથી નીપજાવાયું, પણ નાટકની બધી અપેક્ષાઓ એ પૂરી પાડે છે અને તેથી તે ભજવવાલાયક પણ બન્યું છે. સંઘર્ષણ—બાહ્ય અને આંતર બંને પ્રકારનાં, કાર્યપ્રવાહનું સાતત્ય, ધર્મનો દંડ પાપીના હાથ હેઠા પાડે ને ધર્મીનો જય કરાવે તેવું સામાન્ય વાચકસમૂહની ઇચ્છાનું સંતર્પણ, વાચકોની સહાનુભૂતિ જગાડે તેવાં પાત્રોનાં મંથન ને ચડતીપડતી, ભાષા, પોશાક, સ્વભાવ ને હેતુમાં વૈવિધ્ય સાધનો પાત્રસમુદાય, મારામારી, જેલ, પોલિસ, અદાલતની ય સામગ્રી, પ્રવેશોમાં યોગ્ય રીતે ગરમી અને ચટક લાવવાની સફળ યોજનાઓ—એમ ઘણુંઘણું તેને નાટક તરીકે સફળ બનાવવા અત્ર હાજર છે. નાટકનો અન્ત નાટ્યકલા માગે તેવો જરા અણધાર્યો અને રસની દૃષ્ટિએ અસરકારક છે નાટકનો પ્રધાન રસ શાંત કરુણ છે, પણ નાટકને જોઈએ તેવી રસસંસૃષ્ટિ પણ અહીં

છે, જેથી શાંત કરુણનું એકસૂરીલાપણું કોઈને કઠશે નહિ. રમેશ અકબર સામે લડી બંધ તોડે છે તેમાં વીર અને ભૈરવને મારવા જાય છે ત્યાં રૌદ્ર રસનાં નાનકડાં ચટકાં લેખકે મૂક્યાં છે. પણ એના કરતાં આ નાટકમાં હાસ્ય વધુ ધ્યાન ખેંચે તેમ છે. હાસ્યને માટે અશિષ્ટ ભાષા કે અસંબદ્ધ વસ્તુનો જરાય ઉપયોગ કર્યા વિના નાટકમાંનાં પાત્રો દ્વારા જ લેખકે પોતાનું કામ કાઢી લીધું છે તે એમની કુશળતા બતાવે છે. ગોવિંદ અને ધર્મદાસની ખુશામત, ગોવિંદની શરુઆતની એક સાથે રમેશ અને વેણીની ખુશામતની દોરંગી ચાલ, દીનુ ભટ્ટાચાર્યની ભજાજુઆ સાથેની વાતચીતમાં (પૃ. ૪૩–૪૫) ખાવાનું સંતાડીને લઈ જવાની તેની આતુરતા, શયતાન શાસ્ત્રને ટાંકે તેમ વેણીના મોંમાંથી નીકળતા ધર્મ-નીતિના દંભી ઉદ્દગારો (પૃ. ૧૨૮, ૧૩૭) અને રમેશ કને પોતાનું મતિયાપણું દેખાડતી ભાષા (પૃ. ૧૫૯), તારકેશ્વરના તીર્થધામવાળું દશ્ય—એ બધી સફળ હાસ્ય પીરસી જાય તેવી સામગ્રી છે.

આ બધાં તત્ત્વોની સાથે સંવાદ પણ પોતાનું કાર્ય સારી રીતે બજાવી જાય છે સંવાદ પાત્ર પ્રસંગ તથા ભાવને અનુરૂપ યોજાયા છે. માસી, વિશ્વેશ્વરી, ગોવિંદ, વેણી, ધર્મદાસ આદિની ભાષા તપાસવાથી આ સ્પષ્ટ દેખાશે. નાટકમાં મુખ્ય પ્રશ્ન ગામડાની સેવાનો છે એટલે તત્સંબંધી ચર્ચાવાળા સંવાદો જે સારા પ્રમાણમાં છે તે તેમ જ વિશ્વેશ્વરી અને રમેશ વચ્ચે તથા વિશ્વેશ્વરી અને રમા વચ્ચેના સંવાદો બહુધા શાંત ચર્ચાત્મક હોય છે. પણ એવા સંવાદો વેળા કાર્ય થંભી ગયું હોય તેને વહેતું કરે એવા પ્રવેશો ને તેમાં ગરમીનો પારો ચડતો જાય તેવી રીતે યોજાયેલા સંવાદ ત્યારપછી તરત આવે છે. પહેલા અંકનો બીજો, બીજા અંકનો ચોથો, ત્રીજા અંકનો બીજો અને ત્રીજો, ચોથા અંકનો પહેલો, અને નાટકનો છેલ્લો પ્રવેશ—એટલા પ્રવેશોમાં ભાવ કે ઘટનાની પરાકાષ્ટા (climax) જે રીતે યોજાયેલ છે તે જોતાં શરદબાબુને નાટકમાં

શું જોઈએ તેનો અને સંવાદ દ્વારા એ પૂરું પાડવાનો બરાબર ખ્યાલ છે એ સમજાય છે. સંવાદમાં કેટલીક યુક્તિઓ પણ યોજાઈ છે. ૩૮ મા પાના પરનાં વેણીનાં અધૂરાં અર્ધશ્રાવ્ય વાક્યો અને ગોવિંદનું 'તું ડાળે ડાળે ચાલે તો હું પાંદડે પાંદડે ચાલું એવો છું' એ પુનરાવર્તન (પૃ. ૨૬, ૩૮) એવાં છે. કેટલીક વાર થોડા જ શબ્દમાં ને થોડુંક તો બાકી રાખીને ઘણું સૂચવાઈ જાય છે.[1] ખરી ખૂબી તો માર્દવ–કારુણ્ય–ટપકતી, લાગણીપૂર્ણ, પાત્રોના આત્માની વાણી કેટલાક સંવાદમાં શારદબાબુ રજૂ કરે છે તેમાં છે. લાગણી બોલવી સામાન્ય વ્યવહારમાં જેમ મુશ્કેલ હોય છે તેવી જ રીતે સાહિત્યકૃતિમાં ઉતારવી પણ સાધારણ પ્રતિભાવાળાને માટે મુશ્કેલ હોય છે. પણ શારદબાબુ સંવાદમાં લાગણીની ભાષાને મર્મસ્પર્શી અસર સાથે બહુ જ આસાનીથી વ્યક્ત કરી શકે છે. રમા અને રમેશ વચ્ચેના, રમેશ ને વિશ્વેશ્વરી વચ્ચેના, અને વિશ્વેશ્વરી અને રમા વચ્ચેના સંવાદમાંના કેટલાક ભાગો આનાં ઉદાહરણ તરીકે ટાંકી શકાય તેમ છે.

સંક્ષેપમાં, ત્યારે, કહી શકાય કે ભજવવું હોય તો સફલતાની ખાતરી આપે તેટલી રંગભૂમિ–અનુકૂલ સામગ્રી આ નાટકની અંદર છે. માત્ર એક જ ખામી રહી ગઈ છે ને તે છે સમયનિર્દેશની. દા. ત. અં. ૨, પ્ર. ૧ ને મથાળે તેમ જ અં. ૪, પ્ર. ૩ ને મથાળે 'ત્રણ માસ પછી' એટલો સમયનિર્દેશ થવો જરૂરી હતો. વેણી, ગોવિંદ, દીનુ, બેનર્જી, માસી, રમા, વિશ્વેશ્વરી આદિ પાત્રો અભિનયની ઘણી શક્યતાઓ માટે અવકાશ આપે તેવાં છે. અલબત્ત અભિનેતાઓ પાત્રોમાં ને તેમના સંવાદમાં નવો પ્રાણ પણ ફૂંકી શકે છે. એટલે 'આને ભજવજો' એવી 'અલકા' માટે આપેલી

---

૧ વિશ્વ૦—'ના બેન, છ નું નથી રહ્યું: એટલે જ વેણી આજે ઈસ્પિતાલમાં છે અને તારી......' અહીં 'તારી' પછી બધું અધૂરું રાખીને ઘણું સૂચવાઈ ગયું છે.

સલાહ આ 'રમા' પરત્વે પણ આપી આ પરિચયવિધિ હવે પૂરો કરું.

પૂરો કરવો જ જોઈએ. લખવું હતું થોડું પણ લખાઈ ગયું ઝાઝું. ઓળખાણ કરાવનારને લાંબું ભાષણ આપવાનો અધિકાર નથી એ વાતનું તેમજ આ કૉલેજનો વર્ગ નથી એ વાતનું ભાન મોડું જાગ્યું, અને જાગ્યું ત્યારે આમાંનું ઘણું લખાઈ ગયું હતું. પછી તો લખેલું તેમ ને તેમ જ રહેવા દીધું છે. પ્રભુદીથી પોતાની જ રસ-વૃત્તિને આગળ કરી આ કૃતિનો આસ્વાદ કરવાની જેમને ઉત્સુકતા હોય તેમણે આને પોતાની આડે આવવા દેવાની જરૂર નથી. જેઓ આને કૃતિની પહેલાં યા પછી વાંચી જુએ તેમને કૃતિનું રહસ્યદર્શી અને રસલક્ષી ઓળખાણ કરાવવાની નેમથી પ્રેરાયેલું આ લખાણ કંઈક કામનું નીવડે તો ય ભલે. મારે પોતાને માટે તો એ નિમિત્તે આનું દર્શન–મનન કરવામાં જે આનંદ મળ્યો તે બસ છે. પણ જેને વિશે થોડું લખવા જતાં આટલું લખાઈ જાય ને છતાં કેટલુંક કહેવાનું બાકી રહ્યાનો અસંતોષ રહે તે નાટક સૌના વાચનમનનનું અધિકારી છે એટલું તો ચોક્કસ.

એવી કૃતિના આ ગુજરાતી અનુવાદને હું પૂરી સફળતા ઇચ્છું છું.

હીરાબાગ,
એલિસબ્રિજ,
અમદાવાદ.

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

૨ મા

અંક પહેલો

પ્રવેશ પહેલો

[સ્વર્ગસ્થ યદુનાથ મુખર્જીના મકાનનો પાછલો ભાગ. બારીનાં બારણાં ઉઘાડાં છે. સામે એક નાનો શો માર્ગ છે. ચારે તરફ આંબા અને અન્ય ફળફળાદિનાં વૃક્ષોથી ભરપૂર બગીચો છે. થોડે દૂર તળાવના પાકા બાંધેલા ઘાટનો થોડોક ભાગ દેખાય છે. સવારનો સમય છે. રમા અને તેની માસી સ્નાન કરવા બહાર નીકળ્યાં છે. બરાબર તેજ સમયે સામી બાજુએથી વેણી ઘોષાલ પણ આવે છે. રમાની ઉમ્મર બાવીસ ત્રેવીસ વર્ષથી વધુ નથી. તે નાની ઉમ્મરમાં વિધવા થઈ હતી. તેના હાથમાં સોનાની બંગડીઓ છે, અને તેણે ઝીણી કિનારીની એક સાડી પહેરેલી છે. વેણી ઘોષાલની ઉમ્મર પણ પિસ્તાળીસ છેંતાળીસથી વધુ નથી.]

વેણી : રમા, હું તો તારી પાસે જ આવતો હતો.

માસી : પરંતુ બેટા, આ બારીને રસ્તેથી શું કરવા આવતો હતો ?

રમા : માસી, તમે પણ ઠીક છો. મોટાભાઈ તો ઘરના માણસ કહેવાય. ભલા એમને વળી બારી ય સરખી અને મોટો દરવાજો પણ સરખો—કેમ, કાંઈ કામ છે ? તો આવો, અંદર આવીને બેસોને, હું હમણાં જ ખોળિયું પલાળીને આવી પહોંચું છું.

વેણી : બહેન, બેસવા જેટલો વખત નથી. મારે હજી બહુ કામ છે. કહે, શું કરવું એનો તેં કાંઈ નિર્ણય કર્યો ?

રમા : કઈ વાતનો નિર્ણય, મોટાભાઈ ?

વેણી : બહેન, પેલો આપણા નાના કાકાના શ્રાદ્ધનો. રમેશ કાલે આવી ગયો છે. તે પોતાના પિતાનું શ્રાદ્ધ ખૂબ ધામધૂમથી કરવાનો છે. તું જવાની કે નહિ ?

રમા : હું જાઉં, અને તેય તારિણી ઘોષાલને બારણે !

વેણી : હા બહેન, એ વાતની મને ખાતરી છે કે બીજાં ગમે તેટલાં જશે, પણ તું તો ગમે તે થાય તો પણ કોઈ રીતે એ ઘરને ઉંબરે નહિ ચડવાની. પરંતુ મેં સાંભળ્યું છે કે એ છોકરો પોતે ઘેર ઘેર ફરી બધાને નોંતરાં દઈ આવવાનો છે. દુષ્ટતામાં તો એના બાપને પણ ટપી જાય એવો છે. જો એ ખરેખર તારે ત્યાં આવ્યો, તો તું શું જવાબ આપીશ ?

રમા : મોટાભાઈ, હું તો કશું કહેવાની નથી. બહાર દરવાન જ એને જવાબ દઈ દેશે.

માસી : દરવાન શું કરવા ? શું મને જવાબ દેતાં નથી આવ-

ડતો ? એ નાલાયકને હું એવી તો બે ચાર વાતો સંભળાવી દઈશ કે ફરીથી મુખર્જીના ઘરમાં મોં બતાવવાનું એ ભૂલી જશે. તારિણી ઘોષાલનો છોકરો અમારે ત્યાં નોતરું દેવા આવશે ? હું કશું ય ભૂલી નથી ગઈ. વેણીમાધવ ! તારિણી આ જ છોકરા સાથે મારી રમાના વિવાહ કરવા ઇચ્છતો હતો, ત્યારે તો મારા જતિનનો જન્મ પણ નહોતો થયો. તેણે તો માની લીધું હતું કે આ રીતે મુખર્જીની બધીય મિલકત મારા હાથમાં આવી જશે. બેટા વેણી, સમજ્યોને ?

વેણી : હા માસી, સમજતો કેમ નથી, બધુંય હું સમજું છું.

માસી : હા બેટા, તું કેમ ન સમજે. આ તો સીધીસાદી વાત છે અને પછી જ્યારે પોતાનું ધાર્યું ન થયું ત્યારે પેલા ભૈરવ આચાર્ય પાસે કોણ જાણે શાંય જંતરમંતર અને દોરાધાગા કરાવીને, તેણે મારી દીકરીનું એવું તો સત્યાનાશ વાળી નાખ્યું કે છ માસ વીત્યા નહિ ત્યાં તો તેના હાથમાં લોઢાની ચૂડીઓ પણ ન રહી અને માથાનું સિંદુર પણ ભૂંસાઈ ગયું. હલકા કુળનો હોવા છતાં એને જદુ મુખર્જીની દીકરીને વહુ બનાવવાના અબળખા થતા હતા. એ પાજીનું મરણ પણ એવું જ થયું. ગયો હતો શહેરમાં મુકદ્દમો લડવા, પરંતુ પાછો આવીને ઘેર પાણી પીવા પણ ન પામ્યો. એકનો એક છોકરો હતો, પરંતુ એના હાથની આગ પણ એ ન પામ્યો.

રમા : માસી, તમે કોને હલકા કુળના કહો છો ? તારિણી ઘોષાલ મોટાભાઈના પણ સગા કાકા જ થાયને ! બ્રાહ્મણને નીચ કહેવાય ? તમારે તો બસ જાણે મોંએ જે આવ્યું તે બોલી જ નાખવું !

વેણી : (કાંઇક લજ્જિત થઈને) ના રમા, માસી ખરું જ કહે છે. તું ગમે તેવી તોય મોટા કુળની દીકરી. તને શું અમે અમારે ઘેર લાવી શકીએ, બહેન ? નાના કાકા એ વાત ઉચ્ચારે એજ એમની બેઅદબી ગણાય. અને આ દોરાધાગા અને જંતરમંતરની જે વાત

છે, એ તો સાચી વાત છે. નાના કાકા અને ભૈરવને માટે દુનિયામાં એવું કોઈ કામ નથી કે જે તેઓ ન કરી શકે. રમેશ આવતાં જ એ બદમાશ એની સાથે મળી ગયો છે, અને એનો મુરબ્બી બની બેઠો છે.

માસી : એ વાત તો ગામ આખું જાણે છે, વેણી ! ભાઈ-સાહેબ દસબાર વરસ પર્યંત તો ગામમાં જ ન આવ્યા. એના મામા આવીને એને કાશી કે કોણ જાણે કયાંય તેડી ગયા, અને પછી એમણે એને ફરીથી અહીં આવવા જ ન દીધો. એ ભાઇસાહેબ આટલા બધા દહાડા હતા ક્યાં ? અને કરતા શું હતા ?

વેણી : માસી, ભલા એ બધું હું શી રીતે જાણું ? નાનાકાકા સાથે જેવો તમારો સંબંધ હતો, તેવો જ મારો પણ હતો. કહે છે કે આજ સુધી એ ન જાણે કયાંક મુંબાઈ કે એમ હતો. કોઈ તો કહે છે કે એ મોટો ડાકટર થયો છે, તો કોઈ કહે છે કે એ તો મોટો વકીલ થઈ આવ્યો છે, અને વળી કેટલાક એવું પણ કહે છે કે આ બધાં નર્યાં ગપ્પાં જ છે. કહે છે કે ભાઇસાહેબ દારૂના અહંગ શોખીન છે. જ્યારે ઘેર આવ્યો ત્યારે એની બન્ને આંખો લાલઘૂમ હતી.

માસી : એમ ? તો તો પછી એવાને તો ઘરની અંદર પણ પેસવા ન દેવો જોઈએ.

વેણી : નહિ જ વળી. કેમ રમા, તને રમેશ યાદ આવે છે ?

રમા : (કાંઇક સલજ્જ મૃદુ સ્મિત કરતી) મોટાભાઈ, આ તો હજી ગઈ કાલ કહેવાય ! એ મારા કરતાં કંઈક ચારેક વર્ષે મોટા છે. અમે એક જ પાઠશાળામાં સાથે ભણેલાં, સાથે રમેલાં, અને હું તો લગભગ આખો દહાડો એમને ત્યાં જ રહેતી. કાકી તો મારા પર પેટની દીકરી જેટલું વહાલ રાખતાં.

માસી : મોટું વહાલ રાખનારી ન જોઈ હોય તો ! એ વહાલ

તો પોતાનું કામ કઢાવી લેવા પૂરતું જ હતું. એ તો તને ગમે તેમ કરીને પોતાની કરી લેવાની બધી મથલાળ હતી. રમેશની મા શું ઓછી તાલમબાજ હતી?

વેણી : એમાં વળી શંકા શી? નાનાં કાકી પણ......

રમા : જુઓ માસી, તમારે બીજું જે કાંઈ કહેવું હોય તે કહેજો, પરંતુ મારાં કાકી અત્યારે જીવતાં નથી, એમની નિંદા કોઇનેય મોઢે થતી હું નહિ સાંભળી શકું.

માસી : શું બોલી, અલી? એકદમ કાંઈ આટલું બધું......

વેણી : ખરું, ખરું! બરાબર છે. નાનાં કાકી ગમે તેવાં તોય ખાનદાન ઘરનાં દીકરી હતાં. એમની વાત નીકળતાં આજે પણ માની આંખોમાં આંસુ ઉભરાઈ આવે છે. હવે એ બધી જૂની વાતો ઉખેળવાથી શો ફાયદો!......ત્યારે બહેન, આ તો નક્કી જ ને! પછી એમાં કશો ફેરફાર તો નહિ થાય ને?

રમા : (હસીને) ના મોટાભાઈ! પિતાજી કહેતા કે અગ્નિ, કરજ અને દુશ્મન એમનું તો કશું જ બાકી ન રાખવું. તારિણી ઘોષાલે જીવતાંજીવત અમને કાંઈ ઓછાં નથી સતાવ્યાં—પિતાજી સુદ્ધાંને એ જેલ મોકલવા તૈયાર થયા હતા. મોટાભાઈ, હું કશું ય ભૂલી નથી ગઈ, અને જ્યાં સુધી જીવતી રહીશ, ત્યાં સુધી હું એ ભૂલી પણ નહિ જાઉં. રમેશ ગમે તેવો પણ એ જ દુશ્મનનો દીકરો છે ને? અમે તો નહિ જ જઈએ, સાથે સાથે જે લોકોને અમારી સાથે કાંઈક પણ સંબંધ છે, એમને પણ જવા નહિ દઈએ.

વેણી : એમ જ થવું જોઈએ, અને તમારા માટે એ જ યોગ્ય માર્ગ છે.

રમા : ત્યારે મોટાભાઈ, એવો કોઈ ઉપાય ન લઈ શકાય કે

કોઈ બ્રાહ્મણ એને ઘેર જાય જ નહિ? તો તો......

વેણી : અરે બહેન, હું એ જ તો કરી રહ્યો છું. જો તું મારી પડખે રહે, તો પછી મારે કશી ચિંતા નથી. રમેશને જો હું આ કૂંઆપૂર ગામમાંથી નસાડી ન મૂકું, તો મારું નામ વેણી ઘોષાલ નહિ. ત્યારબાદ હું છું ને આ ભૈરવ આચાર્ય છે. નાના કાકા તો હવે છે નહિ, એટલે જોઉં છું કે એને કોણ બચાવે છે?

રમા : (હસીને) હું તો માનું છું કે આ રમેશ ઘોષાલ જ એને બચાવશે. પરંતુ મોટાભાઈ, હું અત્યારથી કહી રાખું છું કે એ લોકો આપણી સાથે દુશ્મનાવટ કરવામાં કશું બાકી નહિ રાખે.

વેણી : (આમતેમ જોઇને અને અવાજ એકદમ ધીમો કરી દઇને) રમા, સાચી વાત તો એ છે કે એનો પૈસોટકો, એની જમીનજાયદાદ એ વિષે હજી એને કશી જ માહિતી નથી. જો ઉગતા દુશ્મનને ઉખેડીને ફેંકી દેવો હોય તો અત્યારે જ ખરો મોકો છે. પાકટ થઈ ગયા પછી કશું વળશે નહિ. આપણે તો રાત ને દહાડો એક જ વાત યાદ રાખ્યા કરવાની છે કે આ બીજો કોઈ નહિ, તારિણી ઘોષાલનો જ છોકરો છે. એક વખત જો એનો પગ અહીં જામી ગયો, તો પછી...

[રમા ચમકી ઊઠે છે. તે જ વખતે બારણામાં થઈને રમેશ અંદર આવે છે. એનું માથું વિખરાયેલું છે, પગ ઉઘાડા છે, અને ગળામાં દુપટ્ટો નાખેલો છે. વેણી ઉપર નજર પડતાં જ—]

રમેશ : અરે, મોટાભાઈ પણ અહીં જ છે ને? ઠીક, તો ચાલો. તમારા વિના આ બધું કરશે કોણ? હું તો તમને શોધવા ગામ આખું શોધી વળ્યો. રાણી ક્યાં છે? જોયું તો ઘરમાં કોઈ જ ન મળે. દાસીએ કહ્યું કે આ તરફ આવી છે........

[રમા મસ્તક ઝૂકાવી ઊભી
હતી. સહસા તેને જોઈને]

રમેશ : અરે, એ તો અહીં જ છે ને! અરે, તું તો કેટલી મોટી થઈ ગઈ! મજામાં તો છે ને? મને લાગે છે કે તું હજી મને બરાબર ઓળખી શકી નથી. હું તારો રમેશભાઈ!

રમા : (માથું ઊંચું કરી તેના તરફ જોયા વિના, પરંતુ કોમળ સ્વરે પૂછે છે) આપ મજામાં છો ને?

રમેશ : હા, મજામાં છું. પરંતુ રાણી, મને 'આપ' કેમ કહે છે? (વેણી તરફ જોઈને) મોટાભાઈ, રમાની એક વાત તો મને સદા યાદ રહેશે. જે સમયે મારાં મા ગુજરી ગયાં, ત્યારે તો એ બહુ નાની હતી. પરંતુ એટલી ઉમ્મરે પણ તેણે મારાં આંસુ લૂછતાં કહ્યું હતું કે, 'રમેશભાઈ, તમે રડશો નહિ. મારાં મા હજી જીવે છે, આપણે બન્ને એમને વહેંચી લઈશું!' કદાચ તું એ શબ્દો ભૂલી ગઈ હઈશ. કેમ, યાદ આવે છે ને? મારાં મા તો યાદ આવે છે ને?

[રમા કશો ઉત્તર નથી આપતી. લજ્જાનું
માર્યું એનું શીર વધુ ઝૂકી પડે છે.]

રમેશ : પરંતુ રાણી, હવે તો વખત જ રહ્યો નથી. જે કાંઈ કરવાનું હોય તે કરી નાખો. સાવ નિરાશ્રયી કહેવાય એવો બનીને હું ફરી તમારે આંગણે આવ્યો છું. જો તમે બધાં નહિ આવો, તો કદાચ કશી જ વ્યવસ્થા નહિ થઈ શકે.

માસી : (રમેશની નજીક જઈને અને તેના મોં તરફ જોઈને) કેમ બાપુ, તું તો તારિણી ઘોષાલનો જ દીકરો ને?

[રમેશ ચકિત થઈ
ચુપચાપ જોઈ રહે છે.]

માસી : તેં મને પહેલાં ક્યારે ય જોયેલી નહિ એટલે બેટા, તું મને ક્યાંથી ઓળખે ? હું રમાની સગી માસી થાઉં. પરંતુ મેં તારા જેવો બેશરમ માણસ બીજો કોઈ ન જોયો. જેવો બાપ હતો, તેવો જ દીકરો પણ છે. વાત નહિ, ચીત નહિ અને એકદમ એક ગૃહસ્થના ઘરમાં બારીએથી દાખલ થઈને ધાંધલ મચાવતાં તને કશી શરમ નથી આવતી ?

રમા : માસી, તમે આ બધું શું બકો છો ? તમારે નાહવા નથી જવું ?

[વેણીનું ચુપચાપ પ્રસ્થાન]

માસી : ના રમા, હું બકતી નથી. જે કામ વહેલામોડા કરવાનું જ છે, તેમાં મને તમારા લોકોની જેમ આંખની શરમ આડે આવતી નથી. એમાં વેણીને આમ નાસી જવાની શી જરૂર હતી ? એટલું તો કહેતાં જવું હતું કે 'ભાઈ, અમે નથી તારા નોકરગુમાસ્તા, કે નથી તારી જાગીરની રૈયત કે તારે ઘેર પાણી ભરવા અને આટો ગુંદવા આવીએ. તારિણી મુઓ તેથી તો ગામના લોકોને ટાઢક વળી છે.' એટલી વાત કહેવાનો ભાર આપણા જેવી બે સ્ત્રીઓને માથે ન નાખી જતાં, પોતે જ તેને મોંએ કહેતો ગયો હોત, તો પુરુષને છાજે તેવું કર્યું ગણાત.

[રમેશ ચુપચાપ પત્થરની
મૂર્તિ જેમ ઊભો રહે છે.]

માસી : એ જે હોય તે, પરંતુ બ્રાહ્મણના દીકરાનું હું નોકર દરવાન પાસે અપમાન કરાવવા નથી માગતી. જરા ભાન રાખીને કામ કરીએ, ભાઈ. તું હવે નાનો કીકો નથી કે પારકાના ઘરમાં પેસીને લાડપ્યારની વાતો કરતો ફરે. તારે ઘેર મારી રમા ક્યારે ય પગ પખાળવા પણ નહિ આવે. આ મેં તને સાફ સાફ કહી દીધું.

રમેશ : રમા, મા તને રાણી કહીને બોલાવતાં. બાળપણની

એમની માત્ર એટલી જ વાત મને યાદ રહી હતી. હું નહોતો જાણતો કે તું મારે ઘેર આવી પણ નહિ શકે. રમા, અજાણતાં મારાથી જે ભૂલ થઈ ગઈ છે, તેની હું ક્ષમા માગું છું.

[આટલું કહી રમેશ ચાલ્યો જાય છે. વેણી ફરી પાછો આવી પહોંચે છે. આ સમયે તેના ચહેરા પર પ્રસન્નતા છવાયેલી છે.]

વેણી : ઠીક કર્યું માસી, તમે એને બરાબર સંભળાવી દીધું. આવું સંભળાવવાની તો અમારી હિમ્મત જ ન ચાલત. રમા, આ તે કાંઈ ચાકર દરવાનનાં કામ હતાં ? મેં બારણા પાછળથી ઊભા ઊભા જોયું કે ભાઈસાહેબ અષાડના વાદળ જેવું એમનું કાળું મોં લઈને ચાલ્યા ગયા. સારું થયું, એ બહુ જ સારું થયું.

માસી : હા, સારું તો થયું. પરંતુ જો એ બધું કહેવાનો ભાર અમ બાઈ માણસો પર ન નાખતાં અને અહીંથી ખસી ન જતાં, તેં પોતે જ ઉપાડી લીધો હોત, તો વધારે સારું થાત. અને કહેવાની જો હિમ્મત નહોતી, તો ભાઈ, વધારે નહિ પણ અહીં સામે ઊભા રહીને એટલું સાંભળવું તો હતું કે મેં એને શું શું કહી સંભળાવ્યું ?

રમા : માસી, તમે અફસોસ ન કરશો, એમણે ભલે ન સાંભળ્યું, પરંતુ મેં બધું સાંભળ્યું છે. બીજું કોઈ ગમે તેટલું કહેત, પરંતુ તમારા સિવાય પોતાની જીભથી આટલું બધું ઝેર તો કોઈ જ ન ઉડાડી શકત.

માસી : શું કહ્યું તેં ?

રમા : કાંઈ નહિ. હું તો કહું છું કે આજે રસોઈ–પાણીની કાંઈ વ્યવસ્થા કરવાની છે કે નહિ ! જાઓને, નાહી તો આવો.

[રમા ઝડપથી તળાવ
તરફ ચાલી જાય છે.]

વેણી : માસી, આ બધું શું છે ?

માસી : ભાઈ, એ હું શું જાણું ? એ રાજરાણીનો મિજાજ સમજવો એ શું મારા જેવી દાસીબાંદીનું કામ છે ?

[માસીનું પ્રસ્થાન :
ગોવિંદ ગાંગુલીનો પ્રવેશ]

ગોવિંદ : ચાલો, તમે પણ મળી ગયા. હું તો સવારનો ગામ આખું શોધી વળ્યો કે વેણીબાબુ ગયા ક્યાં ? હું કહું છું, કાંઇ સમાચાર જાણ્યા ? બેટમજી આવતા વેંત જ ગઈ કાલે નંદીને ત્યાં પહોંચ્યો હતો ! જો એ ચાર દહાડામાં જ એ બરબાદ ન થઈ જાય, તો મારું નામ નહિ. જો તમે એના બાદશાહી શ્રાદ્ધની વાત સાંભળો તો અવાક્ જ થઈ જાઓ. મને તો ખબર છે કે તારિણી ઘોષાલ મરતી વખતે પાછળ એક પાઈ પણ મૂકતો નહોતો ગયો, તો પછી આટલો બધો ઠાઠમાઠ શાના ઉપર ? જો હાથમાં હોય તો કરો, ન હોય તો ન કરો. પોતાની મિલકત ગીરો મૂકીને કોઈએ આવા ઠાઠ-માઠથી પોતાના બાપનું શ્રાદ્ધ કર્યું હોય, એવું તો ભાઈ, આપણે ક્યારેય નહોતું સાંભળ્યું. વેણીબાબુ, હું તો તમને સાચું જ કહું છું કે આ છોકરાએ નંદીની પેઢીમાંથી ઓછામાં ઓછા પાંચ હજાર રૂપિયા કરજે ઉપાડયા છે.

વેણી : અરે, આ શું કહો છો ? તો તો ગોવિંદ કાકા, તમે ખૂબ માહિતી મેળવી લાગે છે ?"

ગોવિંદ : અરે ભાઈ, જરા ધીરજ તો ધરો. મને એકવાર બરાબર અંદર પેસી જવા દો, પછી જોજો કે હું એની નાડી સુદ્ધાંનો

પત્તો લઈ આવું છું કે નહિ. એ વખતે તમે ગોવિંદ ગાંગુલીને બરાબર ઓળખશો ! એ દરમ્યાન તમારા કાને ઘણી ઘણી વાતો આવશે— લોકો ન જાણે શી શી વાતો ઉડાડશે, પરંતુ તમે તો કાકાને ઓળખો છો ને ? મનમાં જ બધું સમજી જજો. અત્યારે હું કશું જાહેરમાં કહેવા નથી માગતો.

વેણી : હું રમા પાસે ગયો હતો.

ગોવિંદ : એ તો હું જાણું છું, પછી એણે શું કહ્યું ?

વેણી : એ લોકો તો જાણે નહિ જ જાય, પરંતુ એમનાં બીજાં જે સગાં છે તે પણ નહિ જાય.

ગોવિંદ : બસ, બસ ! હવે વધુ કાંઈ જોઈતું નથી.

વેણી : પરંતુ તમે લોકો તો.........

ગોવિંદ : અરે ભાઈ, તમે ગભરાઓ છો શું કામ ? પહેલાં મને અંદર દાખલ થઈ જવા તો દો ! પહેલાં બધી તૈયારીઓ તો બધી રીતની કરાવી લઉં, પછી તો—પછી તો શ્રાદ્ધમાં શું શું થાય છે, એ તમે બધા બહાર ઊભા ઊભા જોયા કરજો.

વેણી : પરંતુ મેં તો સાંભળ્યું છે કે.........

ગોવિંદ : અરે ભાઈ, એવી તો હજી ઘણી વાતો સાંભળવામાં આવશે. કેટલાય મારા સાળા ઘરના રોટલા ખાઈને વાતો ફેલાવશે પરંતુ તમે તો ગોવિંદ કાકાને ઓળખો છો ને ! બસ ત્યારે !

અંક પહેલો

પ્રવેશ બીજો

[રમેશના ઘરનો બહારનો ભાગ. ચંડી મંડપવાળા આંગણામાં એક તરફ ભૈરવ આચાર્ય એઠા એઠા થાન ફાડી ફાડીને અને તેની ગડીઓ વાળીને એક બાજુ થપ્પી કરતા જાય છે. ચંડી મંડપમાં બેઠેલા ગોવિંદ ગાંગુલી હોકલી પીએ છે અને તીરછી નજરે ગડીઓની ગણતરી કરે છે. ચારે બાજુ શ્રાદ્ધની તૈયારીઓ ચાલી રહી છે, અને સર્વત્ર તેની સામગ્રી વિખરાયેલી પડી છે. ઘણા માણસો જુદા જુદા કામમાં રોકાયેલા છે. સમય ત્રીજા પહોરનો છે.]

[રમેશનો પ્રવેશ]

રમેશ : (ગોવિંદ ગાંગુલીને વિનયપૂર્વક) વારુ, આપ આવી ગયા !

ગોવિંદ : ભાઈ, આવું કેમ નહિ ! આ તો મારું પોતાનું જ ઘર કહેવાય, રમેશ !

[નેપથ્યમાં કોઈના ખાંસવાનો અવાજ સંભળાય છે. પછી ચાર પાંચ છોકરા અને છોકરીઓને સાથે લઈને ખાંસતા ખાંસતા ધર્મદાસ ચેટર્જી પ્રવેશ કરે છે. એમણે એક ખભે મેલો દુપટ્ટો નાખેલો છે.નાક પર વેંગણની જોડ જેવાં મોટાં ચશ્માં ચઢાવેલાં છે કે જે પછવાડેથી દોરીથી બાંધી લીધેલાં છે. માથાના વાળ સાવ સફેદ થઈ ગયા છે. મૂછોના સફેદ વાળ તમાકુ પીવાની ટેવને લીધે તામ્રવર્ણના થઈ ગયા છે. આગળ આવીને થોડીવાર રમેશના મુખ પ્રતિ જોઈ રહે છે, અને કશું બોલ્યાચાલ્યા વિના જ રોવા લાગે છે. રમેશ ઓળખતો નથી કે આ કોણ મહાશય છે, પરંતુ એ જે હોય તે, એ ગભરાઈને એમના હાથ પકડે છે, અને હાથ પકડતાં જ તે વધુ રડે છે.]

ધર્મદાસ : (રોતાં રોતાં) ના બેટા રમેશ, મને સ્વપ્નમાં પણ એવો ખ્યાલ ન હતો કે તારિણી આ રીતે અમને બધાને છેતરીને ચાલ્યો જશે : પરંતુ મારો પણ કોઈ જેવાતેવા ચેટર્જી વંશમાં જન્મ થયો નથી કે કોઈની બીકે આ મોઢે જુઠ્ઠું બોલું. તું જાણે છે કે જ્યારે હું આ બાજુ આવતો હતો, ત્યારે માર્ગમાં તારા સગા કાકાના છોકરા અને તારા ભાઈ વેણી ઘોષાલને મોંઢામોંઢ હું શું સંભળાવતો આવ્યો ? મેં કહ્યું કે અમારો રમેશ જે રીતે શ્રાદ્ધની તૈયારી કરી રહ્યો છે, એવું શ્રાદ્ધ કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ

એવું શ્રાદ્ધ તો આ તરફ કોઈએ નજરે પણ જોયું નથી. મારા વિષે ઘણાય સાળાઓ આવીને તને જાતજાતનું ભેરવી જશે, પણ ભાઈ! તું એક વાત ચોક્કસ માનજે કે આ ધર્મદાસ કેવળ ધર્મનો જ દાસ છે, બીજા કોઈનો ય નહિ.

[એટલું કહી એ ગોવિંદના હાથમાંથી હુક્કો લઈ એક દમ મારે છે, અને તરત જ જોરથી ખાંસવા માંડે છે.]

રમેશ : ના ના, આપ પણ ભલા કેવી વાત કરો છો !

[ઉત્તરમાં ધર્મદાસ બડબડતા બડબડતા ન જાણે શુંયે કહી જાય છે, પરંતુ ખાંસીના જોરમાં તેનો એકેય અક્ષર કોઈ સમજી શકતું નથી. સૌથી પ્રથમ ગોવિંદ ગાંગુલી જ આ ઘરમાં આવ્યા હતા. તેથી નવા જમીનદારને મીઠી મીઠી વાતો કહેવા સંભળાવવાનો સુયોગ સૌથી પ્રથમ એમને જ મળવો જોઇતો હતો, પરંતુ જ્યારે એમણે જોયું કે મારો આ સુયોગ તો હાથમાંથી જાય છે, એટલે એ ઝડપથી ઊઠીને ઊભા થાય છે.]

ગોવિંદ : કાલે સવારે, સમજ્યાને ધર્મદાસભાઈ, જ્યારે હું અહીં આવવા માટે ઘેરથી નીકળ્યો, ત્યારે ઘેરથી ખાસ તે માટે નીકળવા છતાં અહીં આવી શકયો નહિ. વચ્ચે વેણીએ બૂમ પાડી : 'ગોવિંદ કાકા, જરા હૂકો તો પીતા જાઓ.' પહેલાં તો વિચાર કર્યો કે કાંઈ જવું નથી. પણ તરત જ થયું કે લાવને, વેણીનું મન તો જોતો જાઉં. વેણીએ શું કહ્યું, ખબર છે, રમેશ ! એ તો કહે કે, ' કાકા,

તમે બધા તો રમેશના મોટા હિતચિંતક બની બેઠા છો, પરંતુ એ તો કહો કે એને ત્યાં કોઈ જમવા કરવા આવશે ખરું કે?' હુંય શું કરવા એને છોડું! મેં કહ્યું, 'તું મોટો હોય તો તારા ઘરનો, અમારો રમેશ ક્યાં કોઈથી ઉતરે એવો છે! તારે ઘેરથી તો કોઈને ક્યારે ય એક મૂઠી પૌંઆની પણ આશા નથી. વેણીબાબુ, ક્યાં દૂર છે? જરા ઊભા ઊભા આવીને જાતે જ જોઈ જાઓને કે ગરીબ ગુરબાંને કેવું દાન દેવાય છે. રમેશ હજી આજકાલનું છોકરું છે, છતાં છાતી તો એનું નામ!' પરંતુ ધર્મદાસ, હું તો ફરીથી કહું છું કે છેવટે આપણું ગજું કેટલું? એ તો જેમનું કારજ છે, એ જ ઉપર રહ્યારહ્યા કરાવે છે તારિણીભાઈ તો ખરેખર એક શાપભ્રષ્ટ દિગ્પાળ જ હતા.

[ધર્મદાસની ખાંસી કેમે કરી અટકતી જ નહોતી. એમણે જોયું કે પોતાના સાંભળતાં જ ગોવિંદ આ અપરિપકવ નવજુવાન જમીનદારને મીઠા મીઠા શબ્દો કહી રહ્યો છે, એટલે એથી પણ વધારે મીઠું લાગે તેવું કહેવાને એ તલપાપડ થઈ ગયા.]

ગોવિંદ : પરંતુ ભાઈ, તમે મારે ક્યાં કોઈ પારકા છો, તમે તો સાવ મારા જ ગણાઓ. તમારાં મા તો મારી સગી ફોઇની દીકરી બહેનનાં ભાણેજ. રાધાનગરના બેનર્જી કુટુંબનાં. તારિણીભાઈ બધું જાણતા હતા, એટલે જ જ્યારે કાંઈ પણ કામ હોય, મામલો મુકદ્દમો હોય, સાક્ષી પૂરવાની હોય કે તરત જ કહે કે બોલાવો ગોવિંદને!

ધર્મદાસ : અલ્યા ગોવિંદ, નકામો શાનો બકબક કરી રહ્યો છું? ખૂ...ખૂ...ખૂ...ખૂ...હું કાંઈ આજકાલનો નથી. હું શું નથી

જાણુતો ? આ પેલે જ વર્ષે તને સાક્ષી આપવા બોલાવ્યો, ત્યારે કહે કે મારા પગમાં જોડા નથી. ઉઘાડા પગે શી રીતે આવું ? ખરૂ... ખરૂ... ખરૂ...તારિણીએ તે જ ઘડીએ રૂપિયા અઢી ખરચીને તને નવા જોડા અપાવ્યા, અને તું એ જ જોડા પહેરીને વેણીના લાભમાં સાક્ષી આપી આવ્યો ! ખરૂ...ખરૂ...ખરૂ...

ગોવિંદ : (લાલ આંખો કરીને) હું સાક્ષી આપી આવ્યો હતો ?

ધર્મદાસ : નહોતો આપી આવ્યો ?

ગોવિંદ : ચાલ ચાલ જુઠ્ઠા !

ધર્મદાસ : જુઠ્ઠો તારો બાપ !

ગોવિંદ : (તૂટેલી છત્રી લઈને ફટકો મારી) ઊભો રહે, સાળા ?

ધર્મદાસ : (વાંસની લાઠી ઊંચી કરીને) એ સાળાનો હું... ખરૂ... ખરૂ...મોટો ભાઇ થાઉં...તોય સાળાની અક્કલ તો જુઓ...

[કહી ખાંસે છે]

ગોવિંદ : હં:...આ ન જોયો હોય તો સાળો મારો મોટોભાઇ !

[હોહા સાંભળી ચારે તરફથી લોકો દોડી આવે છે. નાનાં નાનાં બાળકો અને છોકરાં ચકિત થઇને જોઈ રહે છે. રમેશ એકદમ દોડતો આવી એ બન્નેની વચ્ચે ઊભો રહે છે]

રમેશ : અરે, અરે, આ શું ? આપ તો બન્ને વયોવૃદ્ધ છો, બ્રાહ્મણ છો. ભલા અંદર અંદર આવો ઝઘડો હોય ?

ભૈરવ : (નજીક આવી રમેશને) લગભગ ચારસોએક નંબ તો થયાં, હજી વધારે જોઈશે ?

[રમેશ કશો જવાબ નથી દેતો]

ભૈરવ : છિઃ ગાંગુલી મહાશય, બાબુજી તો તમારા લોકોનું આવું વર્તન જોઇને સાવ આભા જ બની ગયા છે. બાબુજી, તમે મનમાં કશું ન આણશો, એવું તો ચાલ્યા જ કરે. ઘરમાં મોટો અવસર હોય ત્યારે એમાં મારફાડ ને કોકવાર ખૂન થવાની વેળા પણ આવી જાય. અને પાછું બધું એની મેળે ઠીક પણ થઈ જાય. લો ઊઠો તો ચેટર્જી, આવીને જરા જોઈ તો જાઓ કે આટલાં ધોતિયાં ચાલશે કે હજી વધારે ફાડવાની જરૂર છે?

ગોવિંદ : હા, હા, એ તો થાય, એવું તો રોજ થયા જ કરે. નહિ તો ઘરમાં અવસર છે એની શી ખબર પડે! યાદ છે ભૈરવ, પેલે વર્ષે યદુ મુખર્જીની દીકરી રમાના તિલકને દહાડે એક સીધાની વાતમાં રાઘવ ભટ્ટાચાર્ય અને હારાન ચેટર્જી વચ્ચે લાકડીઓ સુદ્ધાં ઊછળી હતી! પરંતુ ભૈરવભાઇ, હું તો કહું છું કે રમેશભાઈ આ કામ સારું કરતા નથી. હલકા લોકોને આ પ્રમાણે ધોતિયાં અને કપડાં આપવાં અને રાખમાં ઘી ઢોળવું, એ બન્ને બરાબર જ છે. તેના કરતાં તો જો બ્રાહ્મણોને એકેક જોડ કપડાં અને છોકરાંઓને એક એક ધોતિયું આપ્યું હોય, તો નામ થઇ જાય. હું તો કહું છું ભાઇ, બસ એમ જ કરો. કેમ ધર્મદાસભાઇ, તમે શું કહો છો?

ધર્મદાસ : (રમેશને) ગોવિંદનું કહેવું ખોટું તો નથી. ભાઈ, એ લોકોને આપવાનો કાંઈ જ અર્થ નથી. નહિ તો શાસ્ત્રોમાં એ લોકોને નીચ શું કરવા કહે! કેમ સમજ્યાને, રમેશભાઈ?

રમેશ : હા, હા, સમજતો કેમ નથી!

ભૈરવ : તો પછી આટલાં નંગ ચાલી રહેશે?

રમેશ : મને તો લાગે છે કે નહિ થાય. હજી અત્યારથી કેમ કહેવાય કે કેટલાં ગરીબગુરબાં આવશે? એટલે મને લાગે છે કે તમે બીજાં વધુ બસો નંગ તૈયાર કરી રાખો તો સારું.

ગોવિંદ : અરે, એ વિના તે કાંઈ ચાલે ? ભાઈ, તમે એકલા ક્યાં સુધી થાન ફાડશો ? ચાલો; હું પણ સાથે મદદમાં આવું.

[એટલું કહી ગોવિંદ ધોતિયાંના ઢેર પાસે પહોંચી જાય છે અને નીચે બેસી ધોતિયાં બરાબર ગોઠવવા માંડે છે. એ દરમ્યાન ધર્મદાસ અવસર જોઈને રમેશને એક બાજુ ખેંચી જાય છે અને ધીરે ધીરે તેના કાનમાં કાંઈક કહે છે. પેલી બાજુથી ગોવિંદ પણ તીરછી નજરે જુએ છે]

ધર્મદાસ : ભાઈ, આપણું ગામ છે બહુ ખરાબ. ભંડાર-બંડારની ચાવી કોઈને સોંપી દેવા જેવો વિશ્વાસ કરીશ નહિ. તેલ, મીઠું, ઘી, લોટ, બધું અડધોઅડધ ઉડાવી જશે. હું હમણાં જ જઈને તારી ફોઈને મોકલું છું. તારે પછી એક તણખલાનું ય નુકસાન થવાની ચિંતા નહિ.

રમેશ : ભલે.

[દાઢીમૂછ મુંડાવેલા દુબળાપાતળા વૃદ્ધ દીનાનાથ ભટ્ટાચાર્ય પ્રવેશ કરે છે. એમની સાથે બેત્રણ છોકરાં છે. એમાં છોકરી જ સૌથી મોટી હતી. તેણે એક બહુ જ જૂનું બધેથી ફાટેલું એવું એક લીટીવાળું લૂગડું પહેરેલું છે]

દીનાનાથ : અરે ભાઈ, ક્યાં છો ?

ગોવિંદ : (ઊભો થઈને) આવો આવો દીનુભાઈ, આવો બેસો.

અમારાં મોટાં ભાગ્ય કે આજે તમારાં પગલાં અમારે ત્યાં થયાં. બિચારો છોકરો એકલો એવો તો થાકી જાય છે અને તમે લોકો તો......

[ધર્મદાસ ડોળા કાઢીને તેના તરફ જુએ છે.]

ગોવિંદ : અને તમે લોકો તો આ તરફ ડોકિયું ય નહિ કરવાના!

દીનુ : ભાઈ, હું તો અહીં હતો જ નહિ. તમારી ભાભીને લેવા એને પિયેર ગયો હતો. ભાઇ ક્યાં છે? કહે છે કે બહુ મોટી તૈયારીઓ ચાલી રહી છે. રસ્તામાં આવતાં પેલા ગામના હાટે મેં તો સાંભળ્યું કે ખવડાવી ખવડાવીને નાનાંમોટાં બધાંને સોળ સોળ પૂરી અને આઠ આઠ સંદેશ આપવાના છે.

ગોવિંદ : (અવાજ ધીમો કરીને) તે ઉપરાંત કદાચ એક એક ધોતિયું પણ. દીનુભાઇ, આ રમેશ આવ્યો. તમારા જેવા ચાર માણસો અને માતપિતાના આશીર્વાદથી આવડે એટલી તૈયારી તો કરું છું, પરંતુ આ વેણી તો બસ ખાઇપીને પાછળ લાગ્યો છે. અરે, ખુદ મારી પાસે બે વાર તો માણસ મોકલ્યું. અરે, મારી વાત તો જાણે સમજ્યા, કારણ કે રમેશની સાથે તો મારે ગોત્રની સગાઈ રહી. પરંતુ આ દીનુભાઈ અને ધર્મદાસભાઈ, એ લોકો કાંઈ તને છોડી શકવાના હતા? દીનુભાઇ તો રસ્તામાં ખબર મળતાં જ દોડયા આવે છે. અરે ષષ્ઠીચરણ, જરા તમાકુ લાવજે. ભાઈ રમેશ, જરા આમ આવ તો, મારે તને એક વાત કરવાની છે.

[નોકર આવી દીનુના હાથમાં હૂકકો આપી જાય છે. ગોવિંદ રમેશને ખેંચીને બીજી તરફ લઈ જાય છે અને ધીમે સ્વરે કહે છે]

ગોવિંદ : અંદર ધર્મદાસની વહુ આવી લાગે છે. સંભાળજે, બહુ ખબરદારીથી રહેજે. એ ધૂર્ત બામણો ગમે તેટલું ફોસલાવે, પણ ભંડારખંડારની ચાવી એની વહુના હાથમાં ન સોંપતો. એ રાં... બધું ઘર ભેગું જ કરવા માંડશે. હું તો કહું છું, ભાઈ, તારે ચિંતા શી વાતની છે ? ખુદ તારી મામી હાજર છે. હું હમણાં જ જઈને એને મોકલું છું. એ આવીને પોતાના ઘર જેવી બધી દેખરેખ રાખશે, એવી બીજી કોણ રાખશે ? યા બીજું કોણ રાખી શકવાનું છે ?

[બે બાળકો આવી દીનાનાથના ખભે ટીંગાઇ જાય છે.]

બાળકો : બાપા, સંદેશ ખાવાં છે !

દીનુ : (એકવાર રમેશ પ્રતિ અને એકવાર ગોવિંદ પ્રતિ જોઇને) સંદેશ ક્યાંથી લાવું ? અહીં વળી સંદેશ ક્યાં છે ?

[દીનુની છોકરી આંગળી વતી અંદર દેખાડે છે.]

દીનુની છોકરી : બાપા, જુઓ પણે, ત્યાં એ...

[બાકીનાં બધાં છોકરાં
દીનુને ઘેરી વળે છે]

બધાં બાળકો : અમને પણ...

રમેશ : (આગળ આવીને) વારુ, વારુ, આચાર્યજી, બધાં છોકરાં બપોરનાં ઘેરથી નીકળ્યાં છે. કોઇ ઘેરથી ખાઈને નહિ આવ્યું હોય. (અંદર ઊભેલા સુખડિયાને) અરે, શું નામ છે તમારું ? જાઓ તો, સંદેશનો એક થાળ ભરી લાવો. આચાર્યજી, જોજો મોડું ન કરતા.

[ભૈરવ આચાર્ય અંદર જાય છે,
અને થોડી વારમાં જ સુખડિયો
સંદેશનો થાળ ભરીને લાવે છે. એ
આવતાં જ બધાં છોકરાં એ થાળ

[પર તૂટી પડે છે અને બધું એવું તો ચુંથી નાખે છે કે કોઈને સંદેશ વહેંચવાનો અવસર જ નથી આપતાં. છોકરાંઓને ખાતાં જોઈ દીનાનાથની શુષ્ક દષ્ટિ પણ સજળ અને તીવ્ર બની જાય છે]

દીનુ : અરે ઓ ખેંદી, સંદેશ મળ્યાંને ! પણ એ કેવાં થયાં છે, એ તો જરા બતાવ ?

ખેંદી : સરસ થયાં છે, બાપા ! (કહી ખાવા માંડે છે)

દીનુ : (કાંઈક હસીને અને શિર હલાવીને) એંહ, તમે વળી સ્વાદમાં શું સમજો ? તમારે તો ગળ્યું હોય એટલે થયું, અલ્યા એ કંદોઇ, તેં એ કઢાઇ કેમ ઉતારી લીધી ? કેમ ગોવિંદભાઈ, હજી તો જાણે તડકો છે, તમને નથી લાગતું ?

સુખડિયો : જી હા, છે. હજી તો ઘણો દહાડો બાકી છે. હજી સંધ્યાપૂજાનું......

દીનુ : વારુ, એક સંદેશ ગોવિંદભાઈને તો આપ, જરા ચાખીને જુએ તો ખરા કે તમે કલકત્તાના કારીગરો કેવી........

[સુખડિયો ગોવિંદ અને દીનુ બન્નેને સંદેશ આપવા માંડે છે]

દીનુ : અરે ના, ના, મને શું કરવા આપે છે ? ઠીક, ત્યારે અડધું જ આપજે, એથી વધારે નહિ. (હુક્કો આઘો મૂકીને) અરે ઓ ષષ્ઠીચરણ, જરા પાણી તો લાવ ભાઈ, હાથ ધોઈ લઉં......

રમેશ : (અંદર જોઇને) ષષ્ઠી, જા તો જરા અંદરથી ચાર પાંચ થાળીઓ તો લઈ આવ.

ગોવિંદ : સંદેશ દેખાવે જ કહી આપે છે કે સરસ બન્યાં છે. કેમ, ભાઈ, પાક કાંઈક નરમ રહેવા દીધો છે, નહિ ?

સુખડિયો : હા જી, આ ધાણુ જરા નરમ જ રહેવા દીધો છે.

ગોવિંદ : (હસીને) અરે, અમે ન સમજીએ ! અમે તો નજરે જોતાં જ કહી દઈએ કે કઈ વસ્તુ કેવી બની છે.

સુખડિયો : જી, આપ લોકો પરીક્ષા ન કરી શકો, તો પછી બીજાં કોણ કરી શકે !

[ષષ્ઠી અને બીજો એક નોકર બન્ને થાળીઓ અને પાણીના ગ્લાસ આદિ લાવીને મૂકે છે. સુખડિયો સંદેશનો થાળ ભરીને લાવે છે, અને બ્રાહ્મણોની થાળીમાં પીરસવા માંડે છે. બધા ચુપ છે, કોઈ કશું બોલતું નથી. છોકરાં, ધર્મદાસ, દીનુ, ગોવિંદ, બધાં ખાવા માંડે છે જોતજોતામાં આખો થાળ સાફ થઈ જાય છે.]

દીનુ : ખરા, કલકત્તાના કારીગર ખરા, કેમ ધર્મદાસભાઈ, શું કહો છો ?

[ધર્મદાસનો કંઠસ્વર સંદેશના તાલને ભેદીને બરાબર બહાર ન નીકળ્યો, તોપણ એટલું તો સમજાયું કે દીનુ સાથે એમને મતભેદ નથી]

ગોવિંદ : (શ્વાસ ખાઇને) હા, ઉસ્તાદ કારીગર તો ખરો.

સુખડિયો : મહારાજ, હવે જ્યારે તસ્દી લીધી જ છે, ત્યારે

સાથેસાથે મોતીચૂરના લાડુની પણ આ રીતે પરીક્ષા કરી જુઓ.

દીનુ : મોતીચૂર ! ક્યાં છે ! લઈ આવો ત્યારે !

સુખડિયો : અરે , આ લાવ્યો.

[ક્ષણવારમાં સુખડિયો મોતીચૂરના લાડુથી ભરેલો થાળ લઈને આવે છે, અને બ્રાહ્મણોની થાળીમાં પીરસે છે. મોતીચૂરના લાડુને પણ ખતમ થતાં વાર લાગતી નથી]

દીનુ : (પોતાની દીકરી પ્રતિ હાથ લંબાવીને) અરે એ બેંદી, લે તો દીકરી, આ બે લાડૂ તો લઈ લે.

બેંદી : ના બાપા, હવે મારાથી નહિ ખવાય.

દીનુ : અરે ખવાશે, ખવાશે, એક પ્યાલો પાણી પીને ગળું પલાળી લે. ગળ્યું ખાવાથી મોં ભાંગી ગયું હશે ! ના ખવાય તો છેડે બાંધી લેજે. કાલે સવારે ખાઈ જજે.

[પરાણે છોકરીના હાથમાં આપે છે]

દીનુ : (સુખડિયાને) હા ભાઈ, આનું નામ ખવડાવ્યું કહેવાય, જાણે અમૃત જ જોઈ લો. બહુ જ સરસ બન્યા છે. (રમેશને) કેમ ભાઈ, બે જાતનું મિષ્ઠાન કર્યું લાગે છે ?

સુખડિયો : જી ના, રસગુલ્લાં, ખીરમોહન........

દીનુ : હેં ખીરમોહન છે ? ક્યાં છે, એ તો તેં બતાવ્યા જ નહિ ! (વિસ્મિત થઇને અને રમેશ તરફ જોઇને) ખીરમોહન તો ખાધા હતા એક વાર રાધાનગરમાં ઓઝને ત્યાં. આજે ય મોઢામાં સ્વાદ રહી ગયો છે ભાઈ ! હું કહીશ તો કદાચ વિશ્વાસ આવશે નહિ, પણ ખીરમોહન તો મને બહુ જ ભાવે !

રમેશ : (હસીને) ના ના, એમાં વળી અવિશ્વાસ કેવો ? અરે ષષ્ઠી જો તો, અંદર ભૈરવ મહારાજ હશે. જઈને કહે કે થોડા ખીરમોહન લેતા આવે.

[ષષ્ઠીચરણ જાય છે]

ગોવિંદ : (કાંઈક ઉદ્વિગ્ન સ્વરે) હેં ? મિષ્ટાન બધાં આમ બહાર જ રાખ્યાં છે ? ના ના, આ સારું ન કહેવાય.

ધર્મદાસ : ચાવી ! ચાવી ! ભંડારની ચાવી કોની પાસે છે ?

ગોવિંદ : અરે, ક્યાંક પેલા ભૈરવના હાથમાં ન હોય ?

[ષષ્ઠીચરણનો પ્રવેશ]

ષષ્ઠી : બાબુજી, હવે અત્યારે ભંડાર નહિ ઉઘડે. ખીરમોહન નહિ મળી શકે.

રમેશ : જા, કહે કે હું મંગાવું છું.

ગોવિંદ : જોયુંને ધર્મદાસ, આ ભૈરવની અક્કલ ? મા કરતાં માશીને વધારે લાગે છે ! એટલા માટે જ તો હું કહું છું કે... ...

ષષ્ઠી : એમાં આચાર્યનો શો દોષ છે ? પેલે ઘેરથી માજીએ આવીને ભંડારને તાળું માર્યું છે. આ એમનો જ હુકમ છે.

ધર્મદાસ અને ગોવિંદ : કોણ ? વેણીબાબુનાં માં ?

રમેશ : કોણ, ભાભુ આવ્યાં છે ?

ષષ્ઠી : જી હા, એમણે આવતાં જ નાના મોટા બન્ને ભંડારોને તાળાં માર્યાં છે, ચાવી પણ એમણે પોતાને છેડે બાંધી છે.

ગોવિંદ : જોયુંને ધર્મદાસભાઈ, શું ચાલી રહ્યું છે તે ? હું પૂછું છું કે આ બધાનો અર્થ તો સમજો છો ને ?

દીનુ : અરે ભાઈ, એનો અર્થ સમજવામાં વળી મુશ્કેલી શાની! તાળાં લગાવી ચાવી લઈ ગયાં, એનો અર્થ એટલો જ કે બીજું કોઈ ભંડારમાં પગ ન મૂકે. એ કયાં બધાં નથી જાણતાં?

ગોવિંદ : તમે જ્યારે કશું સમજતા કરતા નથી, તો પછી બોલ્યા શું કરવા કરો છો? તમે આ બધી વાતોનો અર્થ સમજો છો કે ઝટ કરતાને અર્થ કરવા બેસી જાઓ છો?

દીનુ : અરે ભાઈ, એમાં વળી કઈ મોટી સમજવાની વાત છે? આ કાનોકાન તો સાંભળ્યું કે વેણીનાં મા આવી તાળાં લગાવી ગયાં. હવે એમાં શું બીજું કોઇ કહેવાનું હતું?

ગોવિંદ : ભટ્ટાચાર્ય, હવે ઘેર સીધાવો. જે કામ માટે ઘર આખાને લઈને આવ્યા હતા, તે કામ તો પાર પડયું. બધાએ એકઠાં થઈને ખાધુંય ખરું અને વળી થોડું બાંધ્યું ય ખરું. અમારે હજી બહુ કામ પડયું છે.

રમેશ : ગાંગુલીજી, આજે આપને થઈ શું ગયું છે? આપ નાહકના ગમે તેનું અપમાન કરી બેસો છો?

[આ ધમકી સાંભળી ગોવિંદ
કાંઈક લજ્જિત થઈ જાય છે,
પછી સૂકું હસીને...........]

ગોવિંદ : અરે ભાઈ, મેં વળી અપમાન કોનું કર્યું? વારુ, એમને જ પૂછી જુઓ કે મેં જે કાંઈ કહ્યું હતું તે બરાબર કહ્યું હતું કે નહિ. જો એ ડાળે ડાળે ચાલે એવો છે, તો હું વળી પાંદડે પાંદડે ચાલુ એવો છું. જોયુંને ધર્મદાસભાઈ, આ દીનુ બામણાની ધૃષ્ટતા? ઠીક.........

રમેશ : 'ઠીક' એટલે?

દીનુ : (રમેશને) ના ભાઈ, ગોવિંદ ખરું જ કહે છે. એ તો બધાય જાણે છે કે હું બહુ ગરીબ છું. એ લોકોની માફક મારી પાસે જમીન–જાયદાદ કે ખેતીવાડી કશું છે નહિ. અહીંતહીંથી માગીતાગીને જેમતેમ કરીને દહાડા ઓછા કરું છું. ભગવાને એટલી શક્તિ તો આપી નથી કે છોકરાંઓને સારી ચીજો લાવીને ખવડાવી શકું. એટલે જ્યારે કોઈ મોટે ઘેર સારો અવસર હોય છે, ત્યારે ત્યાં જ ખાવા પામી સંતોષ માને છે. ભાઈ, તમે મનમાં કશું આણશો નહિ. તારિણીભાઈ જીવતા હતા, ત્યારે અમને રોજ બોલાવી ખૂબ દિલથી ખવડાવતા પીવડાવતા.

[એમ કહેતાં કહેતાં બધાની નજર સામે દીનાનાથની આંખોમાંથી બે ટીપાં આંસુનાં સરી પડે છે.દીનુ એને પોતાના મેલા અને ફાટેલા દુપટ્ટાથી લૂછે છે]

ગોવિંદ : વાહ, શું કહો છો ? શું તારિણીભાઈ માત્ર તમને એકલાને જ ખૂબ દિલથી ખવડાવતા હતા ? ધર્મદાસભાઈ, સાંભળજો આની વાતો !

દીનુ : અરે ગોવિંદ, હું એમ ક્યાં કહું છું ? હું તો એમ કહું છું કે મારા જેવા ગરીબ અને દુઃખી માણસો તારિણીભાઈને ત્યાંથી ક્યારે ય ખાલી હાથે પાછા ન ફરતા.

રમેશ : ભટ્ટાચાર્યજી, આ બે ત્રણ દહાડા મારા પર દયા રાખજો. અને જો આ ઘરમાં બેંદીની માનાં પગલાં પડશે તો હું મારું અહોભાગ્ય માનીશ.

દીનુ : ભાઈ રમેશ, હું તો એક અત્યંત ગરીબ, અત્યંત દુઃખી માણસ છું. તમે તો મને એવી રીતે કહી રહ્યા છો કે હું તો શરમનો માર્યો મુખ પણ ઊંચું કરી શકતો નથી.

[નોકર આવે છે]

નોકર : બાબુજી, મા આપને અંદર બોલાવે છે.

રમેશ : સારું જા, હું આવું છું.

દીનુ : વારુ ભાઈ, તો હું હવે જાઉં છું.

રમેશ : સારુ, પરંતુ મારી વિનંતી ભૂલી ન જશો.

દીનુ : ના ભાઇ, એને વિનંતી ન કહેશો, એ તો તમારી મારા પરની દયા છે.

[છોકરાંઓને લઇને દીનુ જાય છે]

ગોવિંદ : રમેશભાઈ, તો હું પણ હવે જાઉં. સંધ્યાપૂજા, ઠાકોરજીની આરતી...... ..

રમેશ : પરંતુ, ગાંગુલીજી.........

ગોવિંદ : અરે એમાં તારે કહેવાપણું હોય. આ તો અમારું પોતાનું જ કામ કહેવાય. તું ન બોલાવત, તોય મારે જાતે આવીને આ બધું કરવું પડત. કાલે તારી મામીને અહીં મોકલીશ, એટલે પછી તારે કશી વાતની ચિંતા નહિ રહે.

ધર્મદાસ : ગોવિંદ, તને તો ખાલી લખારો કરવાની ખરાબ આદત છે.

ગોવિંદ : કશી ચિંતા ન રાખીશ, રમેશ, ભંડારબંડાર જે કાંઈ છે.........

ધર્મદાસ : ભલા ભંડાર માટે તું શું કરવા આટલી બધી ચિંતા રાખે છે ? એ બધાની તો હું પહેલેથી વ્યવસ્થા કરી ચૂક્યો છું.

ગોવિંદ : અરે ભાઈ, આ તો આપણું પોતાનું જ કામ કહેવાય. ધર્મદાસભાઈ અને હું, અમે બન્નેએ તો ભાઈ કાંઈ તારા

બોલાવવાની રાહ પણ નહોતી જોઈ. અમે તો અમારી મેળે જ વગર બોલાવે જ આવી પહોંચ્યા હતા. કહો, આવી પહોંચ્યા હતા કે નહિ?

ધર્મદાસ : સાંભળ રમેશ, અમે કાંઈ વેણીઘોષાલ જેવા નથી, અમે તો ખાનદાન કુળના.

રમેશ : અરે, આપ આ બધું શું બોલી રહ્યા છો?

[રમેશનાં ભાભુ આડમાંથી જરા મોં કાઢી કહે છે......]

ભાભુ : રમેશ, એ લોકો તો એમ જ બોલવાના. ન તો કાંઈ ભણ્યાગણ્યા છે કે ન તેમને સારી સોબત છે, એટલે એ લોકો પોતે જ સમજતા નથી કે પોતે શું બકી ગયા.

[ગોવિંદ અને ધર્મદાસ ઝડપથી ચાલ્યા જાય છે]

રમેશ : ભાભુ?

ભાભુ : હા ભાઈ, હું છું. ઓળખે છે કે!

[કહેતાં ભાભુ સામે આવીને ઊભાં રહે છે. એમની ઉમ્મર પચાસ વર્ષ કરતાં ઓછી નહિ હોય, પરંતુ દેખાવમાં તે ચાળીસ કરતાં વધુ મોટાં નથી લાગતાં. એમના માથાના વાળ નાના-નાના અને કપાવેલા છે, અને થોડા વાળ વળીને માથા પર આવી પડેલા છે. એક સમયે જે રૂપની આ પ્રદેશમાં અત્યંત ખ્યાતિ હતી, તે અનિંદ્ય રૂપ આજે પણ તેમના સુડોળ અને ભરાવદાર દેહને છોડીને ક્યાંય જઈ

શક્યું નથી. આજે પણ એમ જ
લાગે કે એમનું શરીર કોઈ ચતુર
શિલ્પીની સાધનાનું સુંદર ફળ છે]

રમેશ : જેને તમે એક સમયે પાળીપોષીને મોટો કર્યો હતો, ભાભુ, તેને તમે એમ માનો છો કે એ જ્યારે મોટો થઈ ઘેર આવશે, ત્યારે તમને ઓળખી પણ નહિ શકે?

ભાભુ : ના, રમેશ. મેં એવું તો માન્યું જ નહોતું. છતાં ભાઈ, તું તારી ભાભુને નથી ભૂલી ગયો, એટલું તારા મોંએથી સાંભળવાનું મન હતું.

રમેશ : ના ભાભુ, તમે તો મને ખૂબ યાદ આવતાં, અને તે વખતે મારું માથું ઢળી જતું. પરંતુ મારે જે કાંઇ કરવાનું હશે, તે હું પોતે જ કરી લેત. તમે શું કરવા અહીં આવવાની વ્યર્થ તકલીફ ઉઠાવી?

ભાભુ : તું તો મને બોલાવી લાવ્યો નથી કે જેથી મારે તને એનો ખુલાસો આપવો પડે.

રમેશ : શી રીતે બોલાવી લાવું? તમે મારાં મા છો એવું માનીને સૌથી પ્રથમ તમારી જ ગોદમાં દોડી આવતો હતો, પરંતુ તમે તો ભાભુ, કહેવડાવ્યું કે 'ઘરમાં નથી' અને મળ્યાં પણ નહીં.

ભાભુ : લાગે છે કે રમેશ, એટલે જ તું મારા પર ક્રોધે ભરાયો છે, અને તેથી તું આજે મને તારા ઘરમાંથી હાંકી કાઢવા ઇચ્છે છે!

રમેશ : હું ક્રોધે ભરાયો છું, એમ કહો છો? જેને મા નહિ, બાપ નહિ, જે ખુદ પોતાની જ જન્મભૂમિમાં નિરાશ્રય અને પરદેશી જેવો છે, અને વિના વાંકે જ જેને આડોશીપાડોશી અને સગાવહાલાં

ઘર બહાર હાંકી કાઢવા ઇચ્છે છે, એના ક્રોધનું કેટલું મૂલ્ય હોતું હશે, એ તમે જ બતાવો ભલાં ભાભુ?

ભાભુ : એટલે રમેશ, તું શું એમ કહેવા માગે છે કે મારી સમક્ષ પણ તેનું કાંઈ મૂલ્ય નથી?

રમેશ : ના, નથી જ. આજે તમે માત્ર તમારા દીકરાને જ દીકરો માન્યો છે. અને એ વાત ભૂલી જ ગયાં છો કે એવો પણ એક દહાડો હતો કે જ્યારે, જેની મા મરી ગઈ હતી, તેવા એક છોકરાને, બરાબર એ જ મુજબ પોતાનો પુત્ર ગણી પાળ્યોપોષ્યો હતો.

ભાભુ : રમેશ, આજે શું તું મને આમ મેણાં મારી મારી-ને જ વાત કરીશ? શું મેં તમને બન્નેને એટલા માટે ઉછેરીને મોટા કર્યા હતા કે તમારે માટે હું ઘરમાં પણ અને બહાર પણ આ પ્રમાણે દંડ ભોગવ્યા કરું?

રમેશ : ઘરમાં પણ અને બહાર પણ? લાગે છે તો એમ જ! [**કહી પાછળ હઠી ઘૂંટણીએ પડીને**] ભાભુ, મને માફ કરો. મારી અંદર જે આગ સળગી રહી છે, તેને લઇને જ હું તમારી એ બાજુને જોઈ ન શકયો.

[ભાભુ રમેશનો હાથ પકડીને ઊભો કરે છે,
અને જમણો હાથ તેની હડપચી પર ફેરવે છે]

ભાભુ : હા બેટા, હું એ જાણું છું.

રમેશ : પરંતુ તમે હવે અહીં ન આવશો. હું બીજું ગમે તે સહન કરી શકીશ, પરંતુ ભાભુ, મારે માટે દુઃખ ભોગવો એ મારાથી નહિ સહ્યું જાય.

ભાભુ : રમેશ, એ ઠીક નથી. જો દુઃખ સહન કરવું એ જ કર્તવ્ય હોય તો પછી એ તું પણ સહન કરીશ અને હું પણ સહન

કરીશ. જો બળજબરીએ આરામ મેળવવાની ચેષ્ટા કરવામાં આવી, તો તેનાં છિદ્રમાંથી માત્ર આરામ જ ચાલ્યો જશે, એટલું નહિ, બલ્કે મૂળ કરતાં પણ વધુ દુઃખ એમાં પેસી જશે, બેટા! તું મને રોકવાનો વિચાર ન કરીશ. અને છતાંય તું મના કરીશ, તો હું એ કાને જ શું કરવા ધરીશ?

રમેશ : ભાભુ, હું તમને વિસરી ગયો હતો, એટલે મેં તમને ના પાડવા જેવી ધૃષ્ટતા કરી હતી. હવેથી તમે મારી વાત કશી સાંભળશો જ નહિ અને જેમ ઠીક લાગે તેમ કરજો.

ભાભુ : હા, એ તો હું કરીશ જ.

રમેશ : હા, હા, જરૂર કરો. કોણ જાણે કેટલી આંધીઓ, કેટલાં તોફાન અને કેવા કેવા કષ્ટપૂર્ણ સમય તમારા ઉપર થઈને નીકળી ગયા છે! પરંતુ એ કોઈ તમને બદલી ના શક્યું. તેજની અખંડ જ્વાળા અંદર પૂર્વવત જ ધક્ ધક્ સળગી રહી છે.

ભાભુ : બસ, બસ, બહુ થયું. નાના મોંએ પાછી મોટી વાતો કરવા મંડ્યો! વારુ, એ તો કહે કે તું તારા મોટાભાઈ પાસે પણ ગયો હતો કે નહિ?

[રમેશ શીર નમાવી ચુપ રહે છે]

ભાભુ : 'ઘેર નથી' એમ કહેવડાવી કદાચ તને નહિ મળ્યો હોય!

[રમેશ પૂર્વવત ચુપ ઊભો રહે છે]

ભાભુ : ભલે ન મળ્યો, છતાં પણ એકવાર વધુ. **(થોડીવાર ચુપ રહીને)** હું જાણું છું કે એ તારા પર પ્રસન્ન નથી. પરંતુ તારે તો તારી ફરજ બજાવવી જોઈએ. ગમે તેવો તોય એ તારો મોટોભાઇ છે. તેની આગળ નીચા નમવામાં કશી શરમની વાત નથી. તે સિવાય બેટા,

દરેક માણસ માટે આ એક એવો સમય હોય છે કે તે સમયે બધાંયને હાથપગ જોડી સમાધાન કરી લેવામાં જ મનુષ્યત્વ રહેલું છે. મારા રાજા બેટા, એકવાર ફરી એની પાસે જા. અત્યારે એ ઘણે ભાગે ઘેર જ હશે.

રમેશ : ભાભુ, જો તમારો હુકમ હશે તો જરૂર જઈશ.

ભાભુ : અને એકવાર રમાને ત્યાં પણ જઈ આવવું પડશે.

રમેશ : ગયો હતો.

ભાભુ : ગયો'તો ? એણે તને ઓળખ્યો'તો ?

રમેશ : હા, હું માનું છું કે એણે મને ઓળખ્યો'તો. નહિ તો અપમાન કરીને મને ઘરમાંથી શું કરવા હાંકી કાઢત ?

ભાભુ : અપમાન કરીને કાઢી મૂક્યો ? કોણે, રમાએ ?

રમેશ : અને લાગે છે કે એકલા અપમાનથી જ એને સંતોષ નહિ થયો હોય, એટલે તેણે સાથે એમ પણ કહી દીધું કે જો ફરીથી અહીં આવ્યા, તો દરવાન પાસે ધક્કા મરાવીને કાઢીશ.

ભાભુ : રમાએ પોતે એમ કહ્યું હતું ? રમેશ, મારે પોતાને કાને સાંભળવા છતાં હું એ વાત પર વિશ્વાસ નહિ મૂકું.

રમેશ : ભાભુ, મોટાભાઈ પણ ત્યાં હાજર હતા. એમને જ પૂછી જોજોને !

ભાભુ : વેણી પણ ત્યાં હતો ? તો તો બનવાજોગ છે. (**થોડીવાર થોભીને**) રમેશ, તું શું સાચું કહે છે કે રમાએ એમ કહ્યું હતું કે ફરીથી અહીં આવ્યા તો દરવાન પાસે ધક્કા મરાવીને કાઢીશ ! બેટા, મને છેતરીશ નહિ, જે સાચી વાત હોય તે જ કહેજે.

રમેશ : હા ભાભુ, એણે કહ્યું હતું. પરંતુ એણે પોતે એ ન

કહેતાં, તેની કોણ જાણે કોક માસી છે, એની દ્વારા કહેવડાવ્યું હતું.

ભાભુ : (દીર્ઘ શ્વાસ લઈ ને) ઓહ ! એમ કહે ને ! નહિ તો પછી રમેશ, પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગવા માંડશે. જો કોઇ એને ગળે છરી મૂકીને એવું કહેવાની ફરજ પાડે, છતાં તેના મોંમાંથી એ શબ્દો ન નીકળી શકે. હાં, તો એ એની માશીએ કહ્યું હતું, એણે નહિ ?

રમેશ : તો શું તમે મને તેને ત્યાં પણ જવાની આજ્ઞા કરો છો, ભાભુ? રમાને તમે એટલી બધી ઓળખો છો ?

ભાભુ : હા, ઓળખું તો છું, પરંતુ હવે તને જવા માટે દબાણ નહિ કરું. તારા પિતા સાથે એમને બહુ દહાડા કોરટકચેરી થયાં હતાં. એટલે એને દુશ્મન કહીએ, તો પણ ખોટું નથી. તેમ હોવા છતાં હું એટલું ચોક્કસ કહું છું કે રમા પોતે એવું ક્યારેય બોલે જ નહિ. બેટા, એ તો એક એવી છોકરી છે કે લાખો બલ્કે કરોડોમાં પણ શોધી ન મળે. એ છે, માટે જ તો આ ગામમાં થોડો ઘણો ધર્મ સચવાઈ રહ્યો છે.

રમેશ : પરંતુ એને જોતાં તો મને એવું કશું ન જણાયું.

ભાભી : સહસા જણાય એવું પણ નથી. તો પણ રમેશ, હું જે કહું છું તે ઠીક જ કહું છું. પરંતુ, જ્યારે હવે જવાનું બને એમ જ નથી, તો પછી એની ચિંતા કરવાથી શો ફાયદો. પરંતુ બેટા, હમણાં જે બધા અહીં હાજર હતા અને જેઓ મારા આવતાં જ અહીંથી ખસકી ગયા, એ લોકોનો તું ક્યારેય વિશ્વાસ ન કરતો. હું એ બધાને બરાબર ઓળખું છું.

રમેશ : પરંતુ ભાભુ, મારી આ વિપત્તિની વેળાએ તો એ જ લોકો સૌથી વધુ મારી સહાય કરી રહ્યા છે. હું એ લોકોનો વિશ્વાસ નહિ કરું, તો પછી બીજા કોનો કરીશ ?

ભાભુ : બેટા, હું પણ ક્યારનો એ જ વિચાર કરી રહી છું.

આખરે એ વાતનો હું શું જવાબ આપું? ઠીક તો નોતરાની ટીપ તૈયાર થઇ ગઈ?

રમેશ : ના, હજી તૈયાર નથી થઈ.

ભાભુ : જો રમેશ, એ જરા વિચાર કરીને તૈયાર કરજે. આ ગામમાં, બલ્કે અહીં જ કેમ, બધાંય ગામોમાં, આવા જ હાલ છે..આ એક જણ કોઈ એક જણ સાથે બોલતો નથી. તો વળી બીજો કોઈ કોઈ બીજાને ત્યાં પાણીની છાંટ લેવાય જતો નથી, તો ત્રીજો કોઈ વળી ત્રીજા કોઈ સાથે એક પંગતે બેસીને ખાતો નથી. હજાર ઝંઝટો અહીં છે. જ્યારે કોઈને ત્યાં આવો પ્રસંગ આવી પડે છે, ત્યારે એ ચિંતાઓનો તો અંત જ રહેતો નથી. અહીં કોને આમંત્રણ આપવું ને કોને નહિ, એનો નિશ્ચય કરવા જેવું મુશ્કેલ કામ બીજું એકે નથી.

રમેશ : પરંતુ ભાભુ, એમ કેમ થતું હશે?

ભાભુ : બેટા, એનાં ઘણાં કારણો છે. જો અહીં રહીશ, તો આપોઆપ તને બધું સમજાશે. કેટલાકનો તો સાચે જ કાંઇક દોષ યા અપરાધ હોય છે અને કેટલાકની તો સાવ ખોટી જ બદનામી થતી હોય છે. તે ઉપરાંત કોરટકચેરી અને ખોટા સાક્ષીપૂરાવાને લઈને પણ ઘણા પક્ષો પડી ગયેલા હોય છે. રમેશ, જો હું બે દિવસ પહેલાં અહીં આવી હોત તો તને આટલા મોટા પાયા પર આ બધું કરવા ન દેત, પરંતુ હવે તો એટલો જ માત્ર વિચાર કરૂં છું કે તે દહાડો કોણ જાણે કેવોય જશે!

[એટલું કહી ભાભુ એક દીર્ઘ શ્વાસ લે છે.]

રમેશ : ભાભુ, તમારા ઊંડા નિસાસાનો અર્થ કરવો મુશ્કેલ છે, પરંતુ મારી સાથે તો એનો કશો સંબંધ નથી. મને તો એક પરદેશી જ ગણવો જોઇએ. ન તો મારે કોઈ સાથે દુશ્મનાવટ છે, કે ન તો મારે કોઇ પક્ષ જોડે કશો સંબંધ છે. હું તો કોઇનું ય અપમાન

નહિ કરી શકું. હું તો સૌ કોઈને માન સાથે બોલાવી લાવીશ.

ભાબુ : હા, ઉચિત તો એ જ છે. પરંતુ ગમે તેમ હોય, બેટા બધા માણસોની સલાહ લઇને જ કામ કરજે. નહિ તો બધું ગરબડ સરબડ થઈ જશે. હે, માતા વિપદતારિણી !

રમેશ : તો શું તમે હમણાં જાઓ છો ?

ભાબુ : ના, હમણાં નહિ. હજી એક બે કામ મારે કરવાનાં બાકી છે. એ બધાં પતાવીને જઇશ. પરંતુ રમેશ, ભંડારની ચાવી તો મારી પાસે જ રહેશે. કાલે સવારે હું જાતે જ આવીને એ ઉઘાડીશ.

[જાય છે ધર્મદાસ, ગોવિંદ અને પરાન હાલદાર પ્રવેશ કરે છે.]

ગોવિંદ : (રમેશને) જુઓ ભાઈ, હું આ પરાન મામાને મહામુશ્કેલીએ ખેંચી લાવ્યો છું. એ તો આવતા જ નહોતા, પરંતુ હું ક્યાં એમ છોડું એવો હતો ? મેં કહ્યું કે શું માત્ર એક વેણી જ જમીનદાર છે અને અમારો ભાણેજ રમેશ જમીનદાર નથી ? (ઊંચે જોઈને)—તારિણીભાઇ, તમે ઉપર સ્વર્ગમાં બેઠાબેઠા બધું જોઈ રહ્યા છો. પરંતુ હું તમારી સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે જો હું આ જ આંગણામાં વેણીને બોલાવરાવી તેની પાસે માફી ન મંગાવરાવું, તો મારું નામ ગોવિંદ ગાંગુલી નહિ.

ધર્મદાસ : અરે ગોવિંદ, તું જરા ધીરજ તો રાખ. (ખાંસતાં ખાંસતાં) એ બધું હું ઠીક કરી નાખીશ.

[અકસ્માત વેણી ઘોષાલનો પ્રવેશ]

વેણી : આ તો રમેશ છે ! હું એક ઘણા જરૂરી કામે આવ્યો છું. મા અહીં આવ્યાં છે ને !

ગોવિંદ : આવે કેમ નહિ ભાઇ, સો વાર આવશે. અરે, આ તો તમારું જ ઘર છે. એટલે તો હું રમેશને સવારથી એ જ કહ્યા કરું છું કે બધાય લડાઇઝઘડા તારિણીભાઈની સાથે ગયા—હવે એ બધું ભૂલી જા. એ બધું યાદ રાખ્યે શું ફાયદો? તમે બન્ને ભાઈ એક થઇ જાઓ, અમે પણ એ જોઇને આંખો ઠારીએ: તે સિવાય જ્યારે મોટાં વહુ ખુદ અહીં આવી ગયાં છે, ત્યારે તો........

વેણી : મા આવ્યાં છે?

ગોવિંદ : અરે માત્ર આવ્યાં છે એટલું જ કેમ, ભંડારબંડાર, કામકાજ બધું તો એ જ કરી રહ્યાં છે. અને જો એ નહિ કરે, તો બીજું કરશે કોણ?

[બધા ચુપ રહે છે]

ગોવિંદ : (એક ઠંડો શ્વાસ લઈને) આ ગામમાં મોટાં વહુ જેવું બીજું છે કોણ? યા ક્યારેય થશે? ના વેણીબાબુ, તમારા દેખતાં કહેવાથી તો તમે કદાચ એમ માનશો કે હું ખુશામદ કરું છું, પરંતુ બીજાઓને જે કહેવું હોય તે કહે, હું તો કહું છું કે ગામ આખામાં લક્ષ્મીનો અવતાર કોઈ હોય તો તે તમારાં મા છે. એવી મા તો જેનાં પરમ ભાગ્ય હોય તેને જ મળે.

[એટલું કહી પુનઃ એક ઠંડો શ્વાસ લે છે]

વેણી : વારુ......

ગોવિંદ : માત્ર વારુ નહિ, વેણીબાબુ, તમારે આવવું પડશે, અને બધું કરવું પડશે, બધો ભાર તમારા ઉપર જ છે. ઠીક, તમે બધા તો અહીં હાજર જ છો, તો પછી જેમને નોતરાં દેવાનાં છે એની ટીપ શું કરવા અત્યારે ન તૈયાર કરી નાખવી? શું કહે છે તું, રમેશભાઈ? કેમ હાલદાર મામા, મારું કહેવું બરોબર છે ને?

ધર્મદાસભાઈ, અત્યારે ચુપ રહ્યે કામ નહિ ચાલે. તમે તો બધા જાણો છો કે કોને કોને નોતરાં આપવાનાં છે અને કોને બાદ કરવાનાં છે!

રમેશ : મોટાભાઈ, જો એક વાર આપની ચરણુરજ......

વેણી : જ્યારે મા ખુદ આવ્યાં છે, ત્યારે મારું આવવું કે ન આવવું......કેમ ગોવિંદકાકા, શું કહો છો?

રમેશ : મોટાભાઈ, હું આપને આગ્રહ કરવા નથી માગતો, પરંતુ જો કાંઇ અગવડ ન હોય તો એક વાર આવીને બધું જરૂર જોઈ જજો.

વેણી : હા, એ તો જાણે સમજ્યો, જ્યારે મા આવ્યાં છે, ત્યારે મારું આવવું કે ન આવવું......શું કહો છો, હાલદાર મામા? ....રમેશ, માને જરા જલ્દીથી ઘેર આવી જાય એમ કહેજે. બહુ અગત્યનું કામ છે. અત્યારે મને રોકાવાનો સમય નથી. બધા ખેડૂતો...............

[કહેતો કહેતો વેણી ઝડપભેર ચાલ્યો જાય છે.]

ગોવિંદ : [નેપથ્ય પ્રતિ ગરદન લંબાવીને અને બરાબર જોઇ લીધા બાદ) અરે વેણી ઘોષાલ, જો તું પાંદડે પાંદડે ચાલતો હોઇશ, તો હું પાંદડાની નસનસ પર ચાલું એવો છું. મારું નામ શું?......ગોવિંદ ગાંગુલી! પોતાની આંખોએ જોવા આવ્યો હતો કે મા આવ્યાં છે કે નહિ. હું તો જાણે કશું સમજતો જ નહિ હોઉં! (રમેશને) અને જોયું ને ભાઈ રમેશ, મેં કેવી મીઠી અને મુલાયમ વાતો સંભળાવી દીધી? સાવ સાકરની જ છરી! હવે એ એમ નહિ કહી શકે કે કોઈએ મારો આદરસત્કાર પણ ન કર્યો. નહિ તો બધે કહેતો ફરત કે રમેશ તો જાણે સમજ્યા, હજી છોકરું કહેવાય, પરંતુ એના મામા ગોવિંદ ગાંગુલી તો ત્યાં હતા ને! ભાઇ, મોટાં કામોમાં માલિક બનીને

બેસવું એ કાંઈ નાનાં છોકરાંના ખેલ નથી. એક એક ચાલનો વિચાર કરતાં કરતાં માથું પણ ભમી જાય છે.

ધર્મદાસ : ગોવિંદ, તને તો બહુ બોલવાની ટેવ ભાઈ, હવે જરા ચુપ રહીશ!

[એક તરફથી સુકુમારી અને તેની મા ક્ષાન્ત આવીને ઘરમાં ચાલ્યાં જાય છે. પરાન હાલદાર ઘણી જ ઝીણી નજરે એમના તરફ જોઈ રહે છે. થોડી વાર બાદ નોકર ષષ્ઠીચરણ આવે છે]

પરાન : અલ્યા, આ હમણાં અંદર કોણ ગયું?

ષષ્ઠી : પેલી ક્ષાન્ત બામણી અને તેની છોડી.

પરાન : હું જે ધારતો હતો, તે જ થયું. પણ એમને ઘરમાં પેસવા દીધાં કોણે?

ષષ્ઠી : આચાર્યજી બોલાવી લાવ્યા છે. બે દહાડા થયાં એ જ બધું કામકાજ કરે છે.

પરાન : જો એ રસોઈને અડકશે તો એક પણ બ્રાહ્મણ અહીંનું પાણી સુદ્ધાં નહિ પીએ.

[ક્ષાન્ત કદાચ આડમાં ઊભી રહી સાંભળતી હશે, તેથી તે તરત બહાર આવે છે]

ક્ષાન્ત : જરા હું પણ સાંભળું, તો ખરી, હાલદાર મહારાજ, કે એવું શું કરવા થશે? (**રમેશને**) હે ભાઈ, તું પણ ગામનો એક જમીનદાર છે. કહું છું, બધો દોષ શું એકલી આ ક્ષાન્ત બામણીની છોડીનો જ છે? અમારે માથે કોઈ છે નહિ, એટલે શું ફાવે એટલી વાર અમને સજા કરવી? તે દહાડે મુખર્જીને ત્યાં પીપળાની પૂજા—

પ્રતિષ્ઠા થઇ હતી, ત્યારે (ગોવિંદ તરફ આંગળી કરીને) શું મારી પાસેથી એમણે દસ રૂપિયા દંડ તરીકે નહોતા લીધા? ગામ આખાની શીતળાપૂજાને નામે મારી પાસે ચાર બકરાની કિંમત નહોતી લીધી એમણે? તો પછી આ એક જ વાત માટે કયાં સુધી સજા કરવા ઇચ્છો છો?

ગોવિંદ : ક્ષાન્તમાસી, તમે જો વચમાં મારું નામ લાવશો, તો પછી હું તો જે સાચું હશે તે જ કહીશ. એ તો આખું ગામ જાણે છે કે માત્ર કોઇને સારું લગાડવા ખાતર જૂઠું બોલે એવો આ ગોવિંદ ગાંગુલી નથી. તમારી છોકરીએ પ્રાયશ્ચિત પણ કર્યું છે અને ન્યાતે એનો દંડ પણ કર્યો છે, એ બધું મારે કબૂલ છે, પરંતુ તેને યજ્ઞમાં લાકડાં નાખવાની છૂટ તો અમે લોકોએ આપી નહોતી! એ મરી જશે, ત્યારે અમે બધા તેને બાળવા લઇ જવા ખાંધ આપીશું, પરંતુ......

ક્ષાન્ત : મરી જાય ત્યારે તારી પોતાની દીકરીને તું ખાંધે ચડાવીને બાળી આવજે ભાઈ, મારી છોડીની તારે કશી ફિકર રાખવાની જરૂર નથી. અને ગોવિંદ, જરા પોતાના જ પગ આગળ સળગતું લાકડું તો જો. તને તારી ભોજાઈના કાશીવાસની વાત યાદ આવતી નથી કે? અને આ જે હાલદારજી છે, એમની વેવાણને વણકર સાથે સંબંધ છે એ કોણ નથી જાણતું? એ બધી કદાચ મોટાં માણસોની મોટી વાતો હશે, કેમ?

ગોવિંદ : એ હરામજાદી, રાંડ......

ક્ષાન્ત : (આગળ વધીને) મારવી છે, એમ? પણ પહેલેથી કહી દઉં છું કે જો આ ક્ષાન્ત બામણીને છેડી તો આખા ગામનો ભંડો ફોડી નાખીશ. બોલો, આટલેથી ચાલશે કે આગળ બોલું?

[ભૈરવ આચાર્ય ઝડપથી પ્રવેશ કરે છે]

ભૈરવ : બસ થયું, બસ થયું માસી, એટલું હવે બસ છે. હવે વધારે કહેવાની કાંઈ જરૂર નથી. (**અંદરની બાજુએ જોઈને**) ચાલ બહેન સુકુમારી અને તમે પણ માશી આવો, તમે પણ અંદર જઈને બેસો.

[ભૈરવ અને ક્ષાન્ત જાય છે]

ગોવિંદ : જોયું ને પરાન મામા, આપણા બધાનું અપમાન કરાવીને એમને અંદર બેસાડવા લઈ ગયો ? જોઈ ભૈરવની ચાલાકી ? ઠીક ત્યારે......

પરાન : રમેશ જ્યાં સુધી આ બન્ને માદીકરીને અમારી રજા સિવાય શા માટે ઘરમાં પેસવા દીધી, તેનો ખુલાસો નહિ કરે, ત્યાં સુધી અમે કોઈ પણ આ ઘરનું પાણી સુદ્ધાં નહિ પીઇએ.

ભાબુ : (**બારણા પાસે આવીને**) રમેશ !

રમેશ : ભાબુ, હજી તમે અહીં જ છો ?

ભાબુ : હા, હું હજી અહીં જ છું. ગાંગુલી મહાશયને કહી દે કે ક્ષાન્ત અને સુકુમારીને આદરપૂર્વક હું બોલાવી લાવી છું, આચાર્યજી નહિ. નાહકનું એમનું અપમાન કરવાની કશી જરૂર નહોતી.

પરાન : પરંતુ જ્યાં સુધી એમને અહીંથી કાઢી મૂકવામાં નહિ આવે, ત્યાં સુધી અમારામાંથી કોઈ અહીંનું પાણી સુદ્ધાં નહિ પીએ.

ભાબુ : એ વાતનો નિકાલ તો પરમ દિવસે થશે. હું સાફ ચેતવી દઉં છું કે આજ મારે ઘેર લડાઈટંટો કે તોફાન કરવાની કશી જરૂર નથી. હું તો બધેય નોતરાં દઈશ, કોઈનું ય ઘર કાપી નહિ શકું.

પરાન : તો પછી અમારે અહીંનું પાણી પણ નહિ ખપે.

ભાભુ : રમેશ, એમને કહી દે કે એ ડર મને ન બતાવે. અહીં અનાથ, ભૂખ્યાં અને કંગાલોની ખોટ નથી. અમારી આટલી બધી તૈયારી વ્યર્થ નહિ જાય, બલ્કે ઉલટાની સાર્થક જ થશે.

રમેશ : (આકુળ સ્વરે) પરંતુ આ બધા તો ધાંધલ મચાવવા માગે છે. ભાભુ, એ બધાની જવાબદારી તમારે માથે આવી પડશે.

ભાભુ : રમેશ, તું હજી સમજતો નથી. આપણા ઘરની જવાબદારી આપણે માથે નહિ આવી પડે, તો શું બીજાને માથે આવી પડશે? અત્યારે એ બધાને ચાલ્યા જવાનું કહી દે. હજી ઘણું કામ બાકી છે. મારી પાસે વ્યર્થ નષ્ટ કરવા માટે સમય નથી.

[કહી ભાભુ અંદર ચાલ્યાં જાય છે. મોટા દરવાજેથી ગોવિંદ, ધર્મદાસ અને પરાન હાલદાર પણ ધીરેધીરે બહાર ચાલ્યા જાય છે]

રમેશ : હું માનતો હતો કે મારું કોઈ નથી, પરંતુ ભાભુ, જેનાં તમે છો, તેનાં બધાં જ છે.

સ્થળ : ગામનો રસ્તો.

[શ્રાદ્ધવાળે ઘેરથી દીનુ ભટ્ટાચાર્ય જમીને પાછા ફરતા હોય છે. તેમની સાથે પટલ, ન્યાડા, બૂડી આદિ છોકરાંછોકરીઓ છે. બધાના હાથમાં એકએક પોટલી છે અને બીજા હાથમાં રાયતું, ખીર આદિના પડિયા છે]

ખેંદી : (ડરીને) બાબુજી, ભજુઓ આવે છે......

[સાંભળતાં જ બધા લોકો ચમકી ઊઠે છે. રમેશનો નોકર ભજુઓ પ્રવેશ કરે છે]

દીનુ : અરે, આ તો ભજુઆભાઈ છે. કયાં જાઓ છો ભાઈ?

ભજુઓ : અને ભટ્ટાચાર્ય મહારાજ, આ બધું શું લઈ ચાલ્યા?

દીનુ : કશું નથી ભાઈ, આ એ જ જરા વધેલુંઘટેલું છે. મહોલ્લામાં હલકી વર્ણનાં ગરીબ અને દુ:ખી બાળકો છે ને! ત્યાં પહોંચતાં જ બધા હાથ ફેલાવીને ઊભાં રહેશે. એ લોકોને આપવા માટે જ......

ભજ્જુ : અરે ક્યાં કશી વાતની કમી છે! કેટલાય ગરીબ-ગુરબાં ત્યાં બેસીને પૂરીમીઠાઈ ખાયં છે.

દીનુ : અરે હા, ખાતાં કેમ નથી, ભાઈ! બધાં ય તો ખાય છે. રાજાનો ભંડાર રહ્યો. ત્યાં વળી ખોટ શી વાતની! તોય કાંઈ બધાં તો ન જ આવી શકે ને! એટલે એવાંઓ માટે જરા......

ભજ્જુ : હા, હા, ઠીક કર્યું. ભટ્ટાચાર્યજી, આ તો બહુ કપાતર ગામ છે. કેટલી ગોલમાલ થાય છે! એક મનાય છે, તો વળી બીજો રીસાય છે! એક નાસે છે, તો વળી બીજો જઈને મનાવી લાવે છે! હા! હા! હા!

દીનુ : અરે ભાઈ, બધેય એવું જ હોય છે. મોટાં કામોમાં તો બધેય એવું જ હોય છે...બૂડી, જો તો જરા પટલના હાથમાંથી લઈ લે તો...(ભજ્જુને) અરે ભાઈ, અમારું ગામ તો બીજાં ગામ કરતાં તો ય સારું છે...અલ્યા રસ્તે જોઈને ચાલજે, ઠેશ વાગશે તો દહીંનો પડિયો પડી જશે...અરે ભાઇ, આ બેંદીના મામાને ત્યાં મેં જે દશા જોઇ, એની તો હું તમને શી વાત કરું! ત્યાં બ્રાહ્મણો અને કાયસ્થોનાં થઈને માંડ વીસ ઘર હશે, પણ એમાં નહિ નહિ તો દસ તડ હશે...કેમરે અલ્યા પટલ, ઉપર આસમાન તરફ જોઇને શું ચાલે છે?...તો પણ ભાઈ, એક વાત હું કહીશ. ભિક્ષા માગવા મારે ઘણે ઠેકાણે રખડવું પડે છે. ઘણાય લોકો મારા પર મહેરબાની પણ રાખે છે: પરંતુ મેં જોયું છે કે જગતમાં જે કાંઈ દયા માત્ર છે, તે તમારા બાબુ જેવા છોકરાઓમાં જ છે. એ નથી માત્ર ઘરડા ડોસલાઓમાં! તક મળતાં જ બીજાના ગળા પર પગ મૂકીને ઊભા રહે છે અને જીભ બહાર કઢાવીને જ એનો છેડાછૂટકો કરે છે!

[એટલું કહી પોતાની જીભ બહાર કાઢીને દાખવે છે]

ભજ્જુ : હા! હા! હા!

દીનુ : અને આ ગોવિંદ ગાંગુલી! જો એ સાળાનાં પાપકર્મોની વાત મોંઢે પણ આણીએ તો આપણને પ્રાયશ્ચિત લાગે. કપટજાળ બિછાવવામાં, ખોટી સાક્ષી આપવામાં અને બનાવટી મુકદ્દમા ઊભા કરવામાં તો એના જેવો બીજો કોઈ નથી. બધા એનાથી ડરે છે. અને વળી પાછા વેણીબાબુ એના પક્ષમાં છે, એટલે તો કોઈ પણ એને કશું કહેવાનું સાહસ જ નથી કરી શકતું. માતેલા સાંઢની માફક ગામમાં ફરે છે.

ભજ્જુ : ભટ્ટાચાર્યજી મહારાજ, એ તો બધેય એ ભગવાન એના એ. મારા ગામમાં પણ એવી જ દશા છે...પરંતુ અમારા બાબુજીને કોઇ નથી પહોંચી શકતું.

દીનુ : ભાઈ, અમે પણ એમ જ કહીએ છીએ કે એમની તોલે કોઇ આવવાનું નથી...અરે ખેંદી, જરા પગ ઉપાડીને ચાલ. તું તો...

ભજ્જુ : અરે અમારા બાબુજી માણસ નથી, દેવતા છે દેવતા!

દીનુ : હા ભાઈ, રમેશભાઈ તો એક દેવ જ છે...અરે પટલ, વળી પાછો આડું જોઈને ચાલ્યો કે...હા...તો ભજ્જુભાઇ, કઈ બાજુ પધારો છો?

ભજ્જુ : આચાર્યજીને ત્યાં!

દીનુ : ઠીક ઠીક જાઓ, જરા જલદી જાઓ. અમે પણ હવે ઘેર જ જઈએ છીએ.

(બધા જાય છે)

અંક પહેલો
પ્રવેશ ચોથો

[સ્થળ : મધુપાલ મોદીની દુકાન
ગ્રાહકોની અવરજવર ચાલુ છે]

પહેલો ગ્રાહક : એક પૈસાનું તેલ આપતાં શું સાંજ પાડશો?

મધુ : અરે ભાઈ આપું છું ને!

બીજો ગ્રાહક : અરે પાલભાઈ, એક પૈસાની હળદર આપવામાં આટલી બધી વાર?

મધુ : અરે ભાઈ, આપું તો છું. એકલો માણસ......

ત્રીજો ગ્રાહક : બે પૈસાની દાળને ખાતર મને લાગે છે કે આજે અમારે ત્યાં રસોઈ જ ચૂલે નહિ ચડે!

મધુ : અરે કાકા, રસોઈ કેમ નહિ થાય! લ્યો!

[રમેશનો પ્રવેશ]

મધુ : (ગરદન આગળ લંબાવીને અને જોઇને) અરે આ તો અમારા નાના શેઠ છે. પાલાગણ બાબુજી! (એટલું કહીને અને બેસવા માટે હાથમાં બાજઠ લઈને નીચે ઉતરે છે.) અમારી સાત પેઢીનાં પુણ્ય જાગ્યાં કે આજે આપનાં પગલાં અમારે ત્યાં થયાં! પધારો, બેસો.

રમેશ : શ્રાદ્ધના હિસાબમાં તમારા દસ રૂપિયા બાકી હતા. તમે લેવા પણ ન આવ્યા અને હું મોકલી પણ ન શકયો. આજે થયું કે લાવ હું જ જઈને આપી આવું. લો આ રૂપિયા.

મધુ : (હાથ લંબાવી રૂપિયા લઈ લેતાં) બાબુજી, આવું તો મારા બાપદાદાઓએ પણ ક્યારેય નહોતું સાંભળ્યું કે માણસ ઘેર આવીને પૈસા આપી જાય.

રમેશ : (બાજઠ પર બેસીને) કેમ મધુ, દુકાન કેમ ચાલે છે?

મધુ : બાબુજી, દુકાન ક્યાંથી ચાલે? બે આના, ચાર આના, એક રૂપિયો, સવા રૂપિયો કરતાં કરતાં સાઠ સીત્તેર રૂપિયાની ઉઘરાણી લોકો પર ચડી ગઈ છે. લોકો કહે છે કે સાંજે આપી જઈશું, સવારે આપી જઈશું અને પછી છ છ મહિના સુધી આપવાનું નામ પણ નથી લેતા...અરે, આ તો બેનર્જી મહારાજ છે. પાલાગણ મહારાજ! કહો, ક્યારે આવ્યા?

[બેનર્જીના ડાબા હાથમાં એક લોટી છે. પગ પર કીચડના ડાઘ છે. કાન પર જનોઈ ચડાવેલી છે. હાથમાં અળવીનાં પાંદડામાં લપેટેલી ચાર નાની નાની માછલીઓ છે]

બેનર્જી : કાલે રાતના જ આવ્યો. મધુ, જરા તમાકુ તો પા!

[એટલું કહી હાથમાંની લોટી અને માછલીઓ નીચે મૂકે છે]

બેનર્જી : આ સૈરબી માછણની હિમ્મત તો જો મધુ, ચટ કરતાં કમબખ્તે મારો હાથ પકડી લીધો. ભલા બતાવ જોઈએ, હવે કેવો જમાનો આવ્યો છે? કહે જોઈએ, શું આ એક પૈસાની માછ-

લીઓ છે? બ્રાહ્મણને છેતરીને કેટલા દિવસ સુખી રહેવાની છે, હરામ-જાદી! એનું તો સત્યાનાશ નીકળી જશે!

મધુ : હેં! શું કહો છો? એણે ઊઠીને તમારો હાથ પકડ્યો?

બેનર્જી : એના માત્ર અઢી પૈસા બાકી હતા, એટલા માટે એણે શું હાટના બધા માણસોના દેખતાં મારો હાથ ઝાલવો જોઇએ? એ કોણે નહિ જોયું હોય? મેં જંગલ જઈ આવી, લોટી માંજી અને નદીમાં હાથપગ ધોઈ વિચાર કર્યો કે લાવ, જરા હાટમાં થઇને જતો જાઉં. હરામજાદી એક ટોપલીમાં માછલીઓ લઈને બેઠી હતી. મને જોતાં જ એ બોલી ઊઠી કે મહારાજ, આજે હવે કાંઇ નથી રહ્યું. જે હતી તે બધી વેચાઈ ગઈ. પરંતુ એ મારી આંખોમાં કાંઈ ધૂળ નાખી શકે? જેવો મેં એની ટોપલીમાં હાથ ઘાલ્યો કે એવો જ એણે ચટ કરતાંને મારો હાથ પકડ્યો.—અરે, તારા પહેલાના અઢી પૈસા બાકી છે તે અને આજનો એક પૈસો. શું આ સાડા ત્રણ પૈસા લઈ હું ગામ છોડી નાસી જવાનો હતો? કેમ મધુ, શું કહે છે?

મધુ : ભલા એવું તે કોઇ કરતું હશે?

બેનર્જી : તો પછી કશું કહેતો કેમ નથી? ગામમાં હવે કોઈનું કોઈના પર શાસન જ રહ્યું છે ક્યાં? નહિ તો ષષ્ઠી ધીવરનાં દેવતાપાણી બંધ કરીને અને એનું ઝૂંપડું ઉપાડીને ક્યારનુંય ફેંકી દીધું ન હોત! (અચાનક રમેશ તરફ જોતાં) અરે મધુ, આ બાબુજી કોણ છે?

મધુ : આ તો આપણા નાના શેઠ છે. શ્રાદ્ધના હિસાબના દસ રૂપિયા બાકી હતા, એ આપવા આવ્યા છે.

બેનર્જી : ઠીક, આ તો રમેશભાઈ છે. જીવતા રહો બેટા. અહીં આવીને સાંભળ્યું કે તમને શોભે એવું જ તમે કારજ કર્યું છે. આવો જમણવાર તો આ બાજુ આજપર્યંત ક્યારે ય નહોતો થયો.

પરંતુ મને દુઃખ એટલું જ થાય છે કે એ બધું નજરે જોવા હું ભાગ્યશાળી ન થયો. કેટલાક બદમાશોની ચડવણીથી નોકરી કરવા કલકત્તા ગયો હતો, પણુ ત્યાં જે દુર્દશા થઇ તેની તો વાત જ ન પૂછશો. અરે રામ રામ, ત્યાં તો માણુસ હોય તે તો રહી જ ન શકે.

મધુ : (તમાકુ ભરી હુક્કો બેનર્જીના હાથમાં આપીને) પછી, નોકરીબોકરીનું તો ઠેકાણું પડયું હતું ને ?

બેનર્જી : કેમ, નોકરી કેમ ન મળે, મને શું લખતાંવાંચતાં નથી આવડતું ? પરંતુ એકલી નોકરી મળે શું થાય ? જેવો ધૂમાડો એવો જ ત્યાંનો કીચડ. ઘરથી બહાર નીકળ્યા અને કોઈ ગાડી નીચે ચગદાયા વિના સહીસલામત ઘેર પાછા ફર્યા, તો માનવું કે તમારા બાપે બહુ મોટાં પુણ્ય કર્યાં હશે. તું ત્યાં એકેવાર ગયો છે ?

મધુ : જી ના, માત્ર એકવાર મેદનીપુર શહેર જોયું છે.

બેનર્જી : અરે ગમાર, કયાં કલકત્તા અને કયાં મેદનીપુર ! જરા આ આપણા રમેશબાબુને પૂછી જો કે હું ખરું કહું છું કે ખોટું. અરે મધુ, જો ખાવાનું નહિ મળે, તો છોકરાને આંગળીએ વળગાડીને ભીખ માંગીશ. બ્રાહ્મણુ છું, ભીખ માંગવામાં શરમ નથી : પરંતુ હવે પરદેશ જવાની વાતનું તો મારી આગળ કોઈને નામ પણુ નહિ દેવા દઉં. કહીશ તો તું માનીશ પણુ નહિ, કે ત્યાં તો વરિયાળી, કેળાનાં ફૂલ અને શેરડી સુદ્ધાં ખરીદી લાવીને ખાવાં પડે છે, તું ખાઈ શકીશ ? હું તો એ બધું ખાધા વગર મહિના માસમાં જ રોગી ઉંદર જેવો થઈ ગયો છું.

[એટલું કહી બેનર્જી મધુના હાથમાં હુક્કો પાછો આપે છે. અને ઊભા થઈ મધુના તેલના ધાડવામાંથી થોડું તેલ હથેલીમાં થઈ થોડુંક નાક અને

કાનમાં નાખે છે. અને બાકીનું
માથામાં નાખી ઘસવા માંડે છે]

બેનર્જી : બપોર થઈ ગયા. હવે જરા ડૂબકી મારીને ઘેર જઈ પહોંચું. મધુ, એક પૈસાનું મીઠું આપ તો. પૈસો સાંજે આપી જઈશ.

મધુ : વળી પાછા એ જ સાંજ !

[મધુ દુઃખિત ચિત્તે ઊઠે છે અને
દુકાનમાં જઇને કાગળના પડીકામાં
મીઠું બાંધી આપે છે]

બેનર્જી : (મીઠાનું પડીકું હાથમાં લઈને) અરે મધુ, તમને બધાને એકસામટું થઈ ગયું છે શું ? ગાલ પર લપડાક મારી પૈસા પડાવી લેવા માગો છો ? (**એટલું કહીને પોતાના જ હાથે** મીઠાનો **એક** ગાંગડો **લઈને** પડીકામાં મૂકી, રમેશ તરફ **જોઈ** સ્મિત કરીને **કહે છે**) તમારે પણ આ જ માર્ગે જવું હશે. ચાલોને ત્યારે ભાઈ, માર્ગમાં વાતચીત કરતા જઈશું.

રમેશ : મારે હજી થોડી વાર છે.

બેનર્જી : ઠીક, તો રહેવા દો.

[લોટી લઈ ચાલવા માંડે છે]

મધુ : અરે બેનર્જી મહારાજ, પેલા લોટના પાંચ આનાના પૈસા શું એમ જ......

બેનર્જી : અલ્યા મધુ, તમને લોકોને માણસની કાંઇ લાજ-શરમ જ નથી રહી ? આ હરામજાદાઓનું કહ્યું માની કલકત્તા ગયો, તેના આવવા જવામાં જ મારા પાંચ છ રૂપિયા ખલાસ થઈ ગયા. શું તમારા લોકોને માટે અત્યારે જ તકાજો કરવાનો વખત છે ? કોકનો સર્વનાશ અને કોઇને દિવાળી ! એમ જ છે ને ? જોયું રમેશ-

ભાઈ, આ લોકોનો વ્યવહાર કેવો છે, એ જોયું ?

મધુ : (કાંઈક ભોંઠો પડી જતાં) બહુ દહાડા......

બેનર્જી : તે છોને થયા બહુ દહાડા. જો તમે બધા મળી આ પ્રમાણે મારી પાછળ પડશો, તો તો મારે ગામમાં રહેવાનું પણ મુશ્કેલ થઈ જશે.

[કહી બેનર્જી મહારાજ જરા નાખુશ જેવા થઈ પોતાની બધી વસ્તુઓ ઉપાડી ચાલવા માંડે છે. ત્યારબાદ તરત જ વનમાળી ધીરે ધીરે આવી પ્રણામ કરી રમેશ સમક્ષ ઊભો રહે છે]

રમેશ : આપ કોણ છો ?

વનમાળી ; આપનો સેવક વનમાળી. આ ગામની પ્રાથમિક શાળાનો મુખ્ય શિક્ષક છું.

રમેશ : (ઊભો થઇ જઈને) આપ જ શાળાના હેડમાસ્તર છો ?

વનમાળી : જી હા, હું જ આપનો સેવક છું. હું બે વાર આપને ત્યાં પ્રણામ કરવા ગયો હતો, પરંતુ આપની મુલાકાત ન થઈ.

રમેશ : આપની શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

વનમાળી : બેંતાળીશ વિદ્યાર્થીઓ. દર વર્ષે બે વિદ્યાર્થીઓ ફાઇનલમાં પાસ થાય છે. એકવાર નારાયણ બેનર્જીના ત્રીજા છોકરાને છાત્રવૃત્તિ પણ મળી હતી.

રમેશ : એમ ?

વનમાળી : જી હા, પરંતુ આ વર્ષે જો શાળાના મકાનનું છાપરું સંચરાવવામાં નહિ આવે, તો વરસાદનું બધું ય પાણી શાળાની અંદર જ પડશે.

રમેશ : બધું પાણી આપ લોકોના ઉપર જ પડશે !

વનમાળી : જી હા. પરંતુ એને હજી વાર છે. આ વખતે તો છેલ્લાં ત્રણ માસથી અમને કોઈને પગાર જ મળ્યો નથી. માસ્તરો બધા કહે છે કે હવે વધુ વખત ઘરના રોટલા ખાઈને આ જંગલના મચ્છરો ઉડાડવાનું કામ અમારાથી નહિ થઈ શકે.

રમેશ : આપનો પગાર કેટલો છે ?

વનમાળી : પગાર તો છે છવ્વીસ રૂપિયા, પરંતુ મળે છે તેર રૂપિયા પંદર આના.

રમેશ : પગાર છે છવ્વીસ રૂપિયા અને મળે છે તેર રૂપિયા પંદર આના ? એટલે એનો અર્થ શો ?

વનમાળી : સરકારનો હુકમ છે ને ! એટલે છવ્વીસ રૂપિયાની પહોંચ લખી આપી ડેપ્યુટી ઈન્સ્પેક્ટરને બતલાવવી પડે છે, નહિ તો સરકાર તરફથી મળતી મદદ અટકી જાય.

રમેશ : પરંતુ એમ કરવાથી વિદ્યાર્થીઓ સમક્ષ આપના સન્માનની હાનિ નથી થતી ?

વનમાળી : જી ના, આ તો દેશાચાર છે. તદુપરાંત છોકરાઓ તો અમારાથી વાઘની જેમ ડરે છે. સોટી વડે એમની પીઠ લાલચોળ કરી નાખીએ છીએ ને ?

રમેશ : હા. કરી નાખવા જેવી જ વાત છે. બાકીના બીજા શિક્ષકોનો પગાર કેટલો છે ?

વનમાળ : ત્રેવીસ રૂપિયા.

રમેશ : ત્રેવીસ ? એકનો યા ત્રણેનો ?

વનમાળી : ત્રણેયનો. નવ રૂપિયા, આઠ રૂપિયા અને છ રૂપિયા. પરંતુ વેણીબાબુ તો એટલો પણ આપવા નથી ઇચ્છતા. એ

તો કહે છે કે આઠ રૂપિયા સાત રૂપિયા થઇ જાય તો ઠીક.

રમેશ : વારુ, એ જ માલિક હોય એમ લાગે છે.

વનમાળી : જી હા, એ જ મંત્રી છે. પરંતુ ક્યારે ય પોતાની પાસેથી એક પાઇ પણ નથી આપતા. બાકી યદુ મુખર્જીની કન્યા રમા ખરેખર સતીલક્ષ્મી છે. જો એની મહેરબાની ન હોત તો તો શાળા ક્યારની ય બંધ થઈ ગઈ હોત.

રમેશ : આ આપ શું કહો છો? આ તો મેં આજે જ સાંભળ્યું !

વનમાળી : જી હા, છોટાબાબુ, માત્ર એમની મહેરબાનીથી જ આ શાળા ચાલે છે, બીજા કોઇની દયાથી નહિ. એમનો એક ભાઇ પણ આ જ શાળામાં ભણે છે. આ વરસે પણ એમણે જ કહ્યું હતું કે પોતે છાપરું નખાવી આપશે, પરંતુ એ હું નથી કહી શકતો કે શાથી તેમણે હજુ સુધી છાપરું નથી નખાવી આપ્યું. કદાચ કોકે વચમાં મેખ મારી દીધી હશે.

રમેશ : શું એવું પણ બને છે ? ઠીક, આજે તો આપ પધારો, કેમકે આપને મોડું થાય છે. કાલે હું આપની શાળા જોવા માટે આવીશ.

વનમાળી : જેવો હુકમ. આપની મહેરબાની છે, પછી અમારે શી વાતની ચિંતા કરવાની હોય ?

[એટલું કહી વનમાળી પુનઃ એકવાર નીચો વળી પ્રણામ કરે છે, અને ચાલ્યો જાય છે. બીજી બાજુથી ગોપાળ અને ભજ્જુનો પ્રવેશ]

રમેશ : કેમ મુનીમજી, તમે આમ ગભરાયેલા જેવા ક્યાંથી આવો છો ?

ગોપાળ : વેણીબાબુએ તો ખૂબ અત્યાચાર કરવાનો પ્રારંભ કરી દીધો છે, નાનાબાબુ, હવે રોજ રોજ આ સહન નથી થતું.

રમેશ : કેમ, શું બન્યું છે?

ગોપાળ : કપાસડાંગાનાં બાવીસ વીઘાનો જે બંધ છે, તેની વહેંચણી હજી સુધી નથી થઈ. તે હજી સુધી મુખર્જીની સાથે સહિયારામાં જ ખેડાય છે. એક ભાગ એમનો છે, એક વેણીબાબુનો અને એક આપણો છે. તે દહાડે એ લોકોએ એવડું મોટું આંબલીનું ઝાડ કાપી નાખી અંદર અંદર વહેંચી લીધું અને આપણને એક ડાળખું પણ ન આપ્યું. મેં જ્યારે આપને વાત કરી, ત્યારે આપે કહી દીધું કે નહિ જેવા લાકડાંની વાતમાં ઝઘડો કરવાની જરૂર નથી.

રમેશ : એમાં શું ખોટું છે મુનીમજી, શું એક નજીવી વસ્તુ માટે મોટાભાઈ સાથે ઝઘડો કરી શકાય?

ગોપાળ : બસ, એ જ ભરોસે વેણીબાબુ આજે જબરદસ્તીથી ગઢતળાવનાં માછલાં લઈ ગયા. હું તો માનું છું કે અત્યારે મુખર્જીને ત્યાં એની વહેંચણી પણ થતી હશે.

રમેશ : પરંતુ એ તમે શી રીતે ચોક્કસ માનો લીધું કે એમાં આપણો પણ ભાગ છે?

ગોપાળ : નહિ તો શું? નાનાબાબુ, મેં આ કામમાં માથાના વાળ અમસ્તા જ ધોળા કરી નાખ્યા છે?

રમેશ : પરંતુ લોકો તો બધા કહે છે કે રમા તો અત્યંત ધર્મનિષ્ઠ કન્યા છે, એને જ કેમ એક વાર પૂછી જોતા નથી?

ગોપાળ : સાંભળવા મુજબ એણે તો હસીને કહી દીધું કે નાનાબાબુને જઈને કહી દેજે કે એ પોતાની બધી મિલ્કત અમને સોંપી દે અને મહિનો બાંધીને પોતે જ્યાંથી આવ્યા છે, ત્યાં પાછા ચાલ્યા જાય. જમીનદારીની રક્ષા કરવાનું કામ ડરપોક માણસોથી નહિ થઈ શકે.

રમેશ : મને લાગે છે કે ચોરીના કામને જ એ લોકો

સાહસનું કામ સમજે છે. ભજ્જુ, તારી પાસે લાઠી છે ને?

ભજ્જુ : (લાઠી ઊંચી કરીને) હુજૂર!

રમેશ : જઇને બધી માછલીઓ એમની પાસેથી લઈ આવ. એકલો લાવી શકીશ ને?

ભજ્જુ : (શીર નમાવી) અમે તો માત્ર હુકમના તાબેદાર છીએ, હુજૂર!

[ભજ્જુ જવા તત્પર થાય છે]

ગોપાળ : (અચાનક અત્યંત ભયભીત થઈ જઈ ને) પરંતુ નાનાબાબુ, આમાં તો સાચે જ ફોજદારી થઇ જશે!

રમેશ : તો પછી બીજો ઉપાય જ કયાં છે?

ગોપાળ : બાબુ, આમ એકદમ ઉતાવળા થઇ જવાથી કામ ચાલશે?

રમેશ : તો પછી તમે શું કરવાની સલાહ આપો છો?

ગોપાળ : મારું કહેવું......હું એમ કહું છું કે પહેલાં થાણામાં ખબર આપીએ, વધારે નહિ તો એકવાર એમને બરાબર પૂછી જોઇએ.

રમેશ : તો પછી મુનીમજી, એમ જ કરો. અમારા જેવા ડરપોક માણસને એથી વધારે કાંઈ કરવું ઉચિત પણ નથી. ભજ્જુ, તું એ ઘરનાં માજીને ઓળખે છે ને? ઓળખે છે. ઠીક, જઈને એમને પૂછી આવ કે ગઢતળાવની માછલીઓમાં અમારો ભાગ છે કે નહિ. જો એ હા પાડે, તો માછલીઓ લેતો આવજે. અને જો કહે કે ભાગ નથી, તો ચુપચાપ પાછો ચાલ્યો આવજે. મને પૂરો વિશ્વાસ છે મુનીમજી, કે એ ચાર માછલીઓ જેવી નજીવી બાબતમાં રમા જૂઠું નહિ બોલે.

[ભજ્જુ તત્કાળ રવાના થાય છે]

અંક પહેલો :

પ્રવેશ પાંચમો :

[વેણી ઘોષાલના અંત:પુરમાં
વિશ્વેશ્વરીનો ઓરડો. રમા આવે
છે અને સામે દાસીને જુએ છે]

રમા : નંદીની મા, ભાભુ ક્યાં છે ?

દાસી : હજી એ દેવસેવાની ઓરડીમાં જ છે. કહો તો બહેન, જઈને બોલાવી લાવું ?

રમા : એમની પૂજાને અટકાવીને ? ના, ના, હું બેસું છું. એ જ્યારે દેવસેવામાંથી પરવારે, ત્યારે એમને મારા આવ્યાની ખબર આપજે.

દાસી : બહુ સારું, બહેન !

[દાસી ચાલી જાય છે. થોડીવાર બાદ
ધીમે પગલે યતીન્દ્રનો પ્રવેશ]

યતીન્દ્ર : મોટી બહેન !

રમા : (ચમકીને અને મુખ ફેરવીને) અરે, તું અહીં ક્યાંથી ?

યતીન્દ્ર : અરે હું તો તમારી પાછળ પાછળ જ આવતો હતો, તમે મને નહોતો જોયો ?

[આગળ વધી રમાને વળગી પડે છે]

રમા : કેવો ખરાબ છોકરો છે તું? નિશાળે જવાનો વખત તો થઇ ગયો, જવું નથી?

યતીન્દ્ર : આજે તો અમારે રજા છે, મોટી બહેન!

રમા : રજા શાની? આજે તો હજી બુધવાર થયો.

યતીન્દ્ર : બુધવાર છોને રહ્યો! બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ : એક સામટી પાંચ દહાડાની રજા છે.

રમા : શાની રજા છે?

યતીન્દ્ર : અમારી નિશાળ પર નવું છાપરું નંખાય છે ને! ત્યારબાદ છોવાનું ચાલશે. પુષ્કળ ચોપડીઓ આવશે. ચારપાંચ ખુરસીઓ અને ટેબલો આવ્યાં છે. એક કબાટ અને એક મોટું ઘડિયાળ પણ આવ્યાં છે. એકાદ દહાડો તમે પણ આવીને જોઈ જાઓને, મોટી બહેન?

રમા : શું કહે છે! .

યીતન્દ્ર : હું સાવ સાચું જ કહું છું, મોટી બહેન! રમેશબાબુ આવ્યા છે ને! એ જ આ બધું કરાવે છે. એમણે તો કહ્યું છે કે હજી કોણ જાણે શું શું કરાવી આપશે. એ રોજ બે કલાક આવીને અમને ભણાવે પણ છે.

રમા : હેં જતિન, તને એ ઓળખે છે?

યતીન્દ્ર : હા.

રમા : તું એમને શું કહીને બોલાવે છે?

યતીન્દ્ર : અમે એમને 'નાના બાબુ' કહીએ છીએ.

રમા : (ભાઈને પાસે ખેંચી, ગળે વળગાડીને) 'નાના બાબુ' વળી કેવા? એ તો તારા મોટાભાઈ થાય!

યતીન્દ્ર : ધત્......

રમા : ધત્ નહી. તું જેમ વેણીબાબુને 'મોટાભાઇ' કહીને બોલાવે છે, એમ એમને 'નાનાભાઈ' કહીને બોલાવતાં શું થાય છે?

યતીન્દ્ર : એ મારા મોટાભાઈ થાય? સાચું કહો છો, મોટી બહેન?

રમા : હા, હા. સાચું કહું છું. એ તારા મોટાભાઈ થાય.

યતીન્દ્ર : તો હું ઘેર જાઉં, મોટી બહેન, અને જઈને નરૂ, હીરા, સન્તા બધાને કહી આવું?

[રમા ડોકું ધુણાવી ના પાડે છે]

યતીન્દ્ર : હેં મોટી બહેન, આટલા દિવસ એ કયાં હતા?

રમા : એ ભણવા માટે પરદેશ ગયા હતા. જતીન, જ્યારે તું પણ મોટો થઈશ, ત્યારે તારે પણ એ જ મુજબ પરદેશ જવું પડશે. મને મૂકીને એકલો રહી શકીશ?

યતીન્દ્ર : (બે ત્રણ વાર અનિશ્ચિતભાવે માથું હલાવીને) નાનાભાઈનું ભણવાનું બધું પૂરું થઈ ગયું, મોટી બહેન ?

રમા : હા ભાઈ, એમનું ભણવાનું બધું પૂરું થઈ ગયું છે.

યતીન્દ્ર : તમે શી રીતે જાણ્યું?

રમા : (થોડી વાર ચુપ રહીને) જ્યાંસુધી કોઈ પોતાનું ભણતર પૂરું ન કરી લે, ત્યાંસુધી એ પારકા છોકરાઓ માટે આટલા બધા પૈસા શાના આપે? આટલી વાત પણ તું નથી સમજી શકતો?

યતીન્દ્ર : (માથું ધુણાવી બતાવે છે કે હા, હું સમજું છું) વારું મોટી બહેન, નાનાભાઈ આપણે ત્યાં કેમ નથી આવતા? મોટાભાઇ તો આપણે ત્યાં રોજ આવે છે!

રમા : તને એમને બોલાવી લાવતાં શું થાય છે?

યતીન્દ્ર : હમણાં જ જાઉં, મોટી બહેન?

રમા : (ભયવ્યાકુળ બની બન્ને હાથે તેને જકડી લઇને) અરે, તું તે કેવો ગાંડો છોકરો છે? ખબરદાર યતીન્દ્ર, કદી એવું કરીશ નહિ ભાઈ, કદી નહિ.

યતીન્દ્ર : મોટી બહેન, તમારી આંખોમાં આંસુ કેમ આવ્યાં? જે કામની તમે ના પાડો છો, તે કામ તો હું કદાપિ પણ કરતો નથી.

રમા : (આંખો લુછીને) હા, હું જાણું છું કે તું કદાપિ નથી કરતો. તું તો મારો લાડકો ભાઈલો છે ને, એટલે !

યતીન્દ્ર : હવે ઘેર ચાલોને, મોટી બહેન.

રમા : તું જા. હું થોડીવારમાં આવું છું.

[યતીન્દ્ર ચાલ્યો જાય છે... વિશ્વેશ્વરીનો પ્રવેશ]

વિશ્વે : બેટા, તમે બધાં આ શું કરી રહ્યાં છો? વેણીના ચોરીના કામમાં તેં શું કરવા મદદ કરી, રમા?

રમા : ભાભુ, મેં તો એમને એ કામ કરવાનું નહોતું કહ્યું.

વિશ્વે : રમા, તેં સ્પષ્ટ રીતે ભલે ન કહ્યું હોય, તેથી તારો અપરાધ કાંઈ ઓછો નથી થયો.

રમા : પરંતુ ભાભુ, હું શું કરું, એ વખતે બીજો કોઈ ઈલાજ જ નહોતો. જ્યારે ભજ્જુ લાઠી હાથમાં લઈને ઘરમાં આવીને ઊભો રહ્યો, ત્યારે માછલીઓના ભાગ વહેંચાઈ ગયા હતા અને મોટાભાઈ તો પોતાનો ભાગ લઈને ચાલ્યા પણ ગયા હતા. ફળિયાના પાંચ દસ માણસો પણ એકએક બબ્બે માછલાં લઇ પોતપોતાને ત્યાં જતા હતા.

વિશ્વે : પરંતુ રમા, ખરું પૂછ તો એ માછલાં લેવા માટે નહોતો આવ્યો. રમેશ તો માંસમાછલાંને અડકતો પણ નથી, એટલે એને એ બધી ચીજોની જરૂર પણ નહોતી. એણે તો ભજ્જુને તારી પાસે માત્ર એટલું જાણી લેવા માટે મોકલ્યો હતો કે કપાસડાંગાના તળાવમાં તેનો પણ ભાગ છે કે નહિ. હવે તું જ કહે બેટા, કે એ વાત તારા મોંએથી શી રીતે નીકળી પડી કે એમાં એનો કશો જ ભાગલાગ નથી !

[રમા શીર નીચું કરી ચુપચાપ ઊભી રહે છે]

વિશ્વે : તને ખબર નથી કે તારા પ્રતિ એના હૃદયમાં કેટલી શ્રદ્ધા અને કેટલો ભરોસો છે ? મને તે વાતની બરાબર ખબર છે. તે દહાડે પેલું આંબલીનું ઝાડ કપાવીને તમે બન્નેએ અંદર અંદર વહેંચી લીધું, ત્યારે ગોપાળ ગુમાસ્તાની વાત તરફ રમેશે ધ્યાન પણ નહોતું આપ્યું. ઊલટું તેણે તો ઉપરથી કહ્યું હતું કે જો આપણો એમાં ભાગ હશે તો આપણને જરૂર મળશે, રમા મને કયારેય ઠગે નહિ. પરંતુ બેટા, કાલે તેં જે કર્યું, તેથી તો...ખેર, એક વાત તને કહી દઉં. માલમિલકતની કિંમત ચાહે ગમે તેટલી અધિક કેમ ન હો, પરંતુ તો પણ આ મનુષ્યના પ્રાણની કિંમત તેથી પણ અનેકગણી વધારે છે. જો રમા, તું કયારેય કોઈના કહેવાથી યા કોઈ વસ્તુના લોભમાં પડીને તેને ચારે બાજુએથી ઘા કરી કરી નષ્ટ કરી નાખતી નહિ, કેમકે એથી જે તું ગુમાવી બેસીશ, તે તું પછી કયારેય પાછું મેળવી નહિ શકે.

રમેશ : (નેપથ્યમાંથી) ભાભુ !

[રમેશ અંદર આવતાંજ રમા માથું
નીચું કરી તિરછી વળી બેસે છે]

વિશ્વે : આમ એકાએક આવા બપોરના સમયે કેમ, બેટા !

રમેશ : બપોર સિવાય તમારી પાસે બેસવાનો વખત નથી મળતો. તમારે પણ કામ ક્યાં ઓછું હોય છે? કેમ, હસ્યાં શાથી? વારુ. ભાભુ, તમને તો યાદ હશે કે બરાબર આવા જ બપોરના સમયે નાનપણમાં એક વખત આંખોમાં આંસુ ભરી તમારી પાસેથી વિદાય થયો હતો? આજ પણ એ પ્રમાણે ફરી વિદાય લેવા આવ્યો છું. પરંતુ ભાભુ, એવું લાગે છે કે આજ કદાચ એ છેલ્લી વિદાય હશે.

વિશ્વે : ભગવાન તને સો વર્ષનો કરે બેટા, એવું શું બોલે છે? આવ, મારી પાસે આવીને બેસ.

[રમેશ એમની પાસે જઇ બેસીને કાંઇક હસે છે, પરંતુ કશો ઉત્તર નથી આપતો. વિશ્વેશ્વરી અત્યંત સ્નેહપૂર્વક તેના માથા ઉપર અને પીઠ ઉપર હાથ ફેરવે છે]

વિશ્વે : કેમ બેટા, અહીં તારી તબિયત શું ઠીક નથી રહેતી?

રમેશ : ભાભુ, મારું તો હિંદુસ્તાની દાળરોટી ખાધેલું શરીર છે, એ શું કાંઈ જરાજરામાં ખરાબ થાય ખરું? એમ નથી છતાં હું હવે અહીં એક દિવસ પણ વધુ રહી શકું એમ નથી. મારા પ્રાણ જાણે રહી રહીને ડૂબકી ખાય છે.

વિશ્વે : તારું શરીર સારું છે એ જાણી મને નિરાંત વળી. પરંતુ આ તો તારી જન્મભૂમિ છે. અહીં કેમ નથી રહી શકતો વારુ?

રમેશ : એ હું નહિ કહું. મને ખબર છે કે તમે જરૂર બધું જાણો છો.

વિશ્વે : બધું તો નહિ પણ થોડુંક તો જાણું છું. પરંતુ રમેશ, એટલે જ તો કહું છું કે હું તને બીજે ક્યાંય નહિ જવા દઉં.

રમેશ : પરંતુ ભાભુ, અહીં હું રહું, એમ કોઇ ઇચ્છતું નથી. એ જ મુશ્કેલી છે ને!

વિશ્વે : માત્ર લોકો નથી ઇચ્છતા એટલા જ કારણસર નાસી જવાથી કશો અર્થ નહિ સરે. આ હમણાં દાળરોટી ખાધેલા શરીરની જે બડાશ હાંકતો હતો, તે શું નાસી જવા માટે? વારુ, એ તો કહે, ગોપાળ ગુમાસ્તો કહેતો હતો કે પેલા રસ્તાની મરામત માટે તું ઉઘરાણું કરતો હતો, તેનું શું થયું?

રમેશ : ઠીક, એ જ એક વાતનો હું જવાબ આપી દઉં. તમે તો જાણો છો કે એ કયો રસ્તો છે! પેલો જે ટપાલ ઑફિસ સામે થઇને સીધો સ્ટેશને જાય છે તે. પાંચેક વર્ષ પહેલાં સખ્ત વરસાદના કારણે તેમાં ઠેકઠેકાણે ભંગાણ પડ્યું હતું. અને હવે તો વચ્ચે એક જગ્યાએ એક મોટો ખાડો પડી ગયો છે. લોકો પગ લપસી જવાથી એમાં પડીને હાથપગ ભાંગે છે, પણ કોઇને ય એને સુધરાવવાનું સૂઝતું નથી. માત્ર વીસેક રૂપિયાનું ખરચ છે, પરંતુ એટલા માટે લાગલાગટ આઠ દસ દહાડા રખડવા છતાં આઠ પૈસા પણ મને ન મળ્યા. કાલે રાતે હું મધુની દુકાન આગળ થઇને આવતો હતો, ત્યાં સાંભળ્યું કે કોક બધા લોકોને મના કરી રહ્યું છે કે 'તમે લોકો એક પૈસો પણ ન આપશો. જે ચમચમ કરતાં જોડા પહેરીને ચાલતું હશે અને બે પૈડાં-વાળી ગાડીમાં ફરતું હશે, તેને ગરજ હશે તો કરાવી લેશે. કોઈ કશું નહિ આપે તો પણ એ પોતાની ગરજે બનાવરાવશે. બસ, માત્ર 'બાબુ, બાબુ' કરી એમની જરા ખુશામદ કર્યા કરવી.'

વિશ્વે : (**હસીને**) એ લોકો એવું કહે છે તો પછી બેટા, સુધરાવી દેને એ રસ્તો. તારા દાદાના તને ઘણાય પૈસા મળ્યા છે.

રમેશ : (જરા ગુસ્સે થઈને) પરંતુ હું શું કરવા આપું? હવે તો મને એ વાતનું પણ ભારે દુઃખ થાય છે કે મેં વગર સમજ્યે આટલા રૂપિયા એ લોકોની નિશાળ માટે ખરચી નાખ્યા. આ ગામના કોઈ પણ માણસ માટે કશું જ ન કરવું જોઇએ. એ લોકો એટલા નીચ છે કે એ લોકોને દાન કરીએ છીએ, ત્યારે એ લોકો ઉપરથી

આપણને મૂર્ખ માને છે: એમનું સારું કરીએ, તો આપણને ગરજુ ઠેરવે છે. એ લોકોને ક્ષમા આપવી એ પણ મહાપાપ છે, કારણ કે એ લોકો એમ માની લે છે કે ડરીને પાછો હઠી ગયો.

[વિશ્વેશ્વરી હસે છે]

રમેશ : તમે તો હસો છો, ભાભુ ?

વિશ્વે : હું હસું નહિ તો શું કરું, બેટા !......તો હવે તું ચિડાઈને આ લોકોને છોડીને નાસી જવા માગે છે ? રમેશ, તું જો એટલું સમજે કે આ લોકો કેટલા દુઃખી, કેટલા દુર્બળ અને કેટલા અજ્ઞાન છે, તો એ લોકો પર ચિડાવા બદલ તને પોતાને જ શરમ આવે ! (રમાને) કેમ બેટા, તું તો છેક ત્યારથી માથું નીચું ઘાલીને મૂંગી બેસી રહી છે ? હેં રમેશ, તમે ભાઈબહેન બોલતાં નથી ?

રમા : (પૂર્વવત શરીર નીચું રાખીને) ભાભુ, હું તો અબોલા રાખવા નથી માગતી, પણ રમેશભાઈ...

રમેશ : (ચમકીને) હેં કોણ રમા છે ? એકલી જ આવી છું કે માસીને પણ સાથે લાવી છું ?

વિશ્વે : રમેશ, આ તું શું બોલે છે ? તમારે બન્નેને બરાબર મનમેળો નથી, તેટલા માટે...

રમેશ : બસ ભાભુ, માફ કરો. આથી વધારે મનમેળો કરવાનો આશીર્વાદ ન આપશો. જો એ ઘેર જઈને એની માસીને અહીં મોકલશે તો એ તમને અને મને બન્નેને જીવતાં ચૂસીને જ છોડશે. બાપરે બાપ ! નાસ મારા બાપ...

વિશ્વે : જઈશ નહિ રમેશ, પહેલાં એક વાત સાંભળતો જા.

રમેશ : (અટકીને) ના ભાભુ, હું બધું સાંભળી ચૂક્યો છું.

જે લોકો અહંકારના મદમાં તમને સુદ્ધાં પગ નીચે રાખવા ઇચ્છે છે, તેમનો પક્ષ લઈ તમે હવે એક શબ્દ પણ બોલશો નહિ. જો તમારું અપમાન થયું, તો એ મારાથી નહિ સહ્યું જાય!

[કહી ઝડપથી ચાલ્યો જાય છે]

રમા : (વિશ્વેશ્વરી પ્રતિ જોઇને અને રડી પડીને) મને આ કલંક શાને દીધું ભાભુ, કે હું તમારું અપમાન કરવા માટે માસીને મોકલું છું?

વિશ્વે : (રમાને પોતાની નજીક ખેંચી) બેટા, એની વાત તમે બરાબર સમજ્યાં નથી, તારૂં અપમાન કરવાની એની મુદ્દલ ઇચ્છા નહોતી. પરંતુ જે સત્ય છે, તેને એ એક દહાડો તો જરૂર ઓળખી લેશે.

રમા

[અંક બીજો]

અંક બીજો
પ્રવેશ પહેલો

[સ્થળ : તારકેશ્વરનો રસ્તો. સૂર્યોદય થયાને હજી બહુ સમય વીત્યો નથી. રમા પાસેના એક તળાવમાં સ્નાન કરી ભીને કપડે જ પાછી ફરી રહી છે. માર્ગમાં અચાનક જ તેનો અને રમેશનો ભેટો થઈ જાય છે. રમા માથા આગળથી લૂગડું આગળ સંકોરવાનો પ્રયાસ કરે છે, પરંતુ ભીનું કપડું આગળ નથી ખેંચાતું. એટલે એ એકદમ હાથમાંનો ભરેલો ઘડો નીચે મૂકી દઈ ભીના લૂગડાની નીચે બન્ને હાથ વક્ષઃસ્થળ પર ઢાંકી દઈ કાંઈક વાંકી વળી ઊભી રહે છે]

રમા : તમે અહીં ક્યાંથી ?

રમેશ : (એક બાજુ ખસીને) તમે મને ઓળખો છો ?

રમા : હા, ઓળખું છું. તમે અહીં ક્યારના આવ્યા છો ?

રમેશ : હજી હમણાં જ સીધો ગાડીએથી ઊતરીને ચાલ્યો આવું છું. મારા મામાને ત્યાંથી કેટલાંક ચૈરાં આવવાનાં હતાં, પરંતુ કોઇ આવ્યું લાગતું નથી.

રમા : અહીં કયાં ઉતર્યા છો ?

રમેશ : કયાંય નહિ, હું અહીં પહેલીવાર જ આવું છું. આજનો દહાડો તો ગમે તેમ કરીને વીતાવવો પડશે. રહેવા માટે કોઇ સ્થળ શોધી કાઢીશ.

રમા : ભજ્જુ સાથે આવ્યો છે ?

રમેશ : ના, હું એકલો જ આવ્યો છું.

રમા : ઠીક. (એટલું બોલી અને જરાક સ્મિત કરી તે મુખ ઊંચું કરે છે, તે જ ક્ષણે બન્નેની આંખો અચાનક એક થાય છે. રમા તરત જ મુખ નીચું કરી લે છે અને મનમાં સંકોચાય છે.) ઠીક તો તમે મારી સાથે જ ચાલો.

[એટલું કહી તે ભોંય પરથી ભરેલો ઘડો ઊંચકી લે છે અને આગળ જવા તત્પર થાય છે]

રમેશ : સાથે આવવામાં મને કશો વાંધો તો નથી, કારણ કે જો તેમ કરવામાં કશો દોષ હોત તો તમે મને આમંત્રણ આપ્યું તે કદાપિ ન આપત. એમ પણ નથી કે હું તમને ઓળખતો પણ ન હોઉં. પરંતુ કોઇ પણ પ્રકારે યાદ નથી આવતું. જાણે એમ જ લાગ્યા કરે છે કે સ્વપ્નમાં મેં કયારેક તમને જોયાં છે. તમે તમારી ઓળખાણ તો આપો.

રમા : મારી સાથે ચાલો. માર્ગમાં હું તમને મારી ઓળખાણ કરાવીશ. કંઈ યાદ છે કે એ સ્વપ્ન કયારે જોયું હતું ?

રમેશ : ના. તમારી સાથે શું ઘરનું કોઈ માણસ નથી ?

રમા : ના, એક દાસી છે, પરંતુ એ તો ઉતારે કામમાં રોકાયેલી છે. એક નોકર છે તે બજારમાં ગયો છે. અને હું તો અહીં વારંવાર આવ્યા કરું છું, એટલે અહીંની ગલીએ ગલીની ભોમિયણ છું.

રમેશ : પરંતુ તમે મને સાથે શું કરવા લઈ જાઓ છો ?

રમા : સાથે ન લઇ જાઉં તો તમારે ખાવાપીવાનું બહુ કષ્ટ વેઠવું પડે.

રમેશ : વેઠવું પડશે તો મારે, તેથી તમારે શું ?

રમા : પુરુષોને બીજી બધી વાતો સમજાવી શકાય છે, માત્ર આ એક જ વાત નથી સમજાવી શકાતી. હું રમા છું.

રમેશ : રમા ?

રમા : હા, રમા ! કે જેની સાથે પરિચય થવો એને પણ આપ ધૃણાસ્પદ વસ્તુ માનો છો, એ જ !

રમેશ : પરંતુ મને ક્યાં લઇ જવા ઇચ્છો છો ?

રમા : મારા ઉતારા પર. ત્યાં માસી નથી. ડરશો નહિ, ચાલો.

[બન્ને જાય છે. ત્યારબાદ તરત જ નિમ્નલિખિત વ્યક્તિઓનો પ્રવેશ : એક હજામ આવે છે, અને તેની પાછળ પાછળ જલદી જલદી એક બીજો માણસ આવે છે. આ માણસનાં દાઢીમૂછ પુષ્કળ વધેલાં હોઈ માથા પર પણ ખૂબ વાળ વધેલા છે. થોડી દાઢી મૂંડેલી છે. આ માણસ

પોતાની બાધા પૂરી કરવા ઠાકોર-
જી સમક્ષ પોતાના માથાના વાળ
અને દાઢી ઉતરાવવા આવ્યો છે]

યાત્રાળુ : (કાંઇક ગભરાટથી) હજામ, ઓ હજામ! તું હજામ છું ને? લે ભાઈ, જરા મારી દાઢી તો બનાવી નાખ, જેથી તરત જઇને ડૂબકી મારી પૂજા કરી આવું. આ તો બાબાનું ધામ રહ્યું, નહિ તો બે પૈસાનું પણ કામ નથી. લે આ પાવલી લે અને જલદી-થી હજામત કરી નાખ; સાડા બારની ગાડીએ તો મારે પાછા જવું છે. ઘરમાં છોકરાને વળી પાછો બે દિવસથી તાવ આવવા માંડયો છે. લે ઝડપ કર ભાઈ, અહીં જ બેસી જઉં ને ?

હજામ : (હાથમાં પાવલી લઈ, તેને ખૂબ આડીઅવળી જોઇ, કમરમાં ઘાલી, બે એક વાર યાત્રાળુને પગથી માથા સુધી નિહાળ્યા બાદ) અરે, તમારી દાઢી તો અભડાઈ ગઈ છે !

યાત્રાળુ : અભડાયેલી કેવી રીતે ? જોતો નથી કે બાબાની માનતા પૂરી કરવા તો આ વાળ અને દાઢી વધાર્યાં છે ? એ શું મારાં છે ? પછી એ અભડાયાં કયાંથી ?

હજામ : (હાથથી બતાવીને) આ જુઓ, દાઢી થોડીક મૂંડાવેલી છે. એ હવે અપવિત્ર થઈ ગઈ.

યાત્રાળુ : અપવિત્ર થઈ ગઈ. એક સાળા હજામે પાવલી પડાવી લીધી અને જરાક અસ્ત્રો ફેરવીને કહ્યું કે અહીંના લાગાની પાવલી બીજી આપો. મેં પૂછયું કે લાગો કેવો ? હું તો હજી હમણાં જ ગાદીએ સવા રૂપિયો જમા કરાવી હુકમ લઈને તો આવું છું. ત્યારે એ બોલ્યો કે ઠીક, તો પછી બીજે કયાંક જાઓ. એ રીતે એ પાવલી તો ગઈ. હું ક્રોધે ભરાઇને આવતો રહ્યો. લે ભાઈ, જલદી કર. તારું ભલું થશે.

હજામ : હજી બીજા આઠ આના આપો. ચાર આના એના અને ચાર આના લાગાના.

યાત્રાળુ : ચાર આના એના અને ચાર આના લાગાના ? તમે બધા એકઠા થઈ શું માણસને ગાંડો જ બનાવી દેશો ? લાવ મારી પાવલી પાછી લાવ. હું જઈને એની પાસે જ હજામત કરાવી લઈશ.

હજામ : જતા હો તો જાઓને ! મેં તમને ક્યાં પકડી રાખ્યા છે ?

યાત્રાળુ : (ક્રોધે ભરાઇને) હું કહું છું કે મારી પાવલી પાછી આપી દે.

હજામ : પાવલી કેવી ? અત્યાર સુધી માથાફોડ કરી તે શું મફતમાં જ ગઈ ?

યાત્રાળુ : વળી પાછો તૂંકારો કર્યો કે ?

હજામ : જોયો ન હોય તો મોટો પંડિતનો દીકરો ! યાદ રાખજે, આ તારકેશ્વરનું સ્થાન છે. જો આંખો દેખાડી તો બત્રીસી નીકળી પડશે. જોઉં તો ખરો કે કોણ તારી દાઢી બનાવે છે ?

[છોકરાનો હાથ પકડીને એક પ્રૌઢ સ્ત્રી આવે છે. તેનો છેડો પકડીને મંદિરના બે નોકરો પણ ઉતાવળા ઉતાવળા પાછળ આવે છે]

પહેલો નોકર : હેં ઠાકોરજીને ઠગવાની વાત ? અરે અભાગિણી, તને ઠગવા માટે બીજું કોઈ ન મળ્યું ? બાધાનો માત્ર સવા રૂપિયો જ !

પ્રૌઢા : (કાતર સ્વરે) ના ભાઈ, મારે શું કરવા કોઇને ય

ઠગવા પડે ! મેં તો સવા રૂપિયાની માનતા માની હતી અને સવા રૂપિયો ધરાવ્યો !

પહેલો નોકર : ભલા એ તો કહો કે માનતા ક્યારે માની હતી ?

પ્રૌઢા : ત્રણ વરસ થયાં, આ જ વરસાદના સમયે...હું સાચું કહું છું, ભાઈ !

બીજો નોકર : સાચું કહે છે ? જૂઠી ક્યાંકની ! શું ત્રણ વર્ષ થયાં ઘરમાં બીજું કોઈ માંદુ જ નહોતું પડ્યું ? પછી ક્યારે ય બાધા માનવાની જરૂર નહોતી પડી ? એવું બની જ ના શકે. આ ગાયના સોગંદ. બરાબર યાદ કર. બાળબચ્ચાંવાળી છે. આ કોઈ બીજા દેવ નથી, જીવતાજાગતા હાજરાહજુર બાબા તારકનાથ છે.

પ્રૌઢા : (બહુ જ ડરી જઈને) ભાઈ, શાપબાપ ન દેશો. લ્યો આ એક રૂપિયો......

પહેલો નોકર : (હાથ લંબાવી રૂપિયો લઈને) બસ એક જ રૂપિયો ? ઓછામાં ઓછા પાંચ રૂપિયાની તેં માનતા માની હતી. બરાબર યાદ કરી જો. બાબાની દયાથી અમે લોકો બધું જાણી જઈએ છીએ. અમને કોઈ ઠગી ન શકે.

બીજો નોકર : આપી દેને પાંચ રૂપિયા. બાળબચ્ચાંવાળી છે. શું કરવા બાબાના કોપમાં પડે છે ? તારાં બચ્ચાં સુખી રહો. આપી દે, જલદી આપી દે.

પ્રૌઢા : (કાંઈક રોવા જેવી થઈ જઈને) ના ભાઈ, હવે મારી પાસે કાંઈ નથી. હવે તો બીજા પૈસા ક્યાંથી લાવું ?

પહેલો નોકર : અરે, આ ગળામાં સોનાનું માદળિયું તો છે. એને શરાફને ત્યાં મૂકવાથી પાંચ રૂપિયા પણ નહિ મળે ? કહેતી હોય તો માણસ સાથે મોકલીએ. એ દુકાન દેખાડી દેશે. પછી જ્યારે

ફરી આવે ત્યારે છોડાવીને લઇ જજે.

[એક સ્ત્રીને ઘેરીને પાંચ
સાત ભિખારણોનો પ્રવેશ]

પહેલી ભિખારણ : દે મા, તારાં બેટાબેટીનું કલ્યાણ થાઓ.

બીજી ભિખારણ ; દે મા, તારાં દીકરી અને જમાઈનું કલ્યાણ થશે.

ત્રીજી ભિખારણ : દે મા, તારાં માબાપનું......

ચોથી ભિખારણ : દે મા, તારાં સ્વામી અને પુત્રનું......

[બધી મળી ધક્કમધક્કા અને ખેંચાતાણી કરે છે]

દાઢીવાળો યાત્રાળુ : હું વાળદાઢી ઉતરાવવા પણ માગતો નથી અને બાધા પણ પૂરી કરવા નથી માગતો.

બાધાવાળી પ્રૌઢા : અરે ભાઈ, આ તો મારા ઈષ્ટદેવનું માદળિયું છે. એને હું શી રીતે ગીરો મૂકું ?

ભિખારીઓથી ઘેરાયેલી સ્ત્રી : અરે હું તો લૂંટાઈ ગઈ. કોક મારો છેડો કાપીને રૂપિયા જ લઈ ગયું !

ભિખારણો : તારા સ્વામી અને પુત્રનું કલ્યાણ થાઓ, દે મા ! એક પૈસો, આપ, એક અધેલો આપ !

પહેલો નોકર : અરે મા, તું બાળબચ્ચાંવાળી છે અને આ બાબાનું સ્થાન છે.

હજામ : દાઢી બોડાવવી છે ?

યાત્રાળુ : હું દાઢી બોડાવું ? રહેવા દે, ભલે મારી બાધા ઊભી રહેતી. હું તો ઘેર જાઉં છું.

[જાય છે]

ભિખારણોથી ઘેરાયેલી સ્ત્રી : અરે, હું હવે ઘેર કેવી રીતે જઈ શકીશ ! કોકે મારો છેડો જ કાપી લીધો છે !

ભિખારણો : દે મા, એક પૈસો ! આપ મા, એક અધેલો !

[કહેતી કહેતી બધી ભિખારણો તેને ઠેલતી ઠેલતી લઈ જાય છે]

બાત્રાવાળી પ્રૌઢા : તમને બાબા તારકનાથના સાગંદ છે, મારા ઇષ્ટિદેવનું માદળિયું ન લઈ લેશો.

[છોકરાનો હાથ પકડીને જલદીથી ચાલી જાય છે]

પહેલો નોકર : એક રૂપિયા કરતાં વધારે કાંઈ ન મળ્યું.

બીજો નોકર : અરે એ અભાગિણી પાસે બીજું કાંઈ વધારે હતું જ નહિ.

[બન્ને જાય છે]

હજામ : ઠીક, ચાર આના તો ચાર આના. બીજે માથું પટકવા છતાં ચાર આના પણ નથી મળતા.

[જાય છે]

અંક બીજો :

પ્રવેશ ૨ જો :

[તારકેશ્વરમાં રમાનું મકાન. એક સામાન્ય બિછાનું બીછાવેલું છે, તે પર રમેશ બેઠેલો છે. રમા ગભરાતી ગભરાતી આવે છે]

રમા : તમે પણ ખરા છો ? હું જરા પણે રસોડામાં શાક લેવા ગઈ કે તમે ઊઠીને હાથમોં ધોઈ આરામથી ડાહ્યા માણસની જેમ આવીને બિછાના પર બેસી ગયા. કહો જોઈએ, કેમ આવતા રહ્યા ?

રમેશ : બીને !

રમા : બીને ! કોનાથી બીને ? મારાથી ?

[એટલું કહી રમા પણ પાસે બેસે છે]

રમેશ : તારો ડર તો હતો જ, પરંતુ સાથે જ એક બીજો ભય પણ હતો. આજે કંઈક તાવ જેવું લાગે છે.

રમા : તાવ જેવું લાગે છે ? તો તમે મને એ અગાઉથી જ કેમ ન જણાવ્યું ? તો તમે સ્નાન કરી ખાવા માટે શું કરવા બેઠા હતા ?

રમેશ : સાવ નજીવી વાત ગણી કાઢીને ! જે આટલી તૈયારી કરીને, આટલા પ્રેમથી ખવડાવે, તેને 'હું નહિ ખાઉં' એમ કહી નિરાશ કરવાનું ક્યાં સુધી ઉચિત ગણાય ! વિચાર કર્યો કે તાવ આવે છે તો આવવા દો. એ તો દવા ખાવાથી પણ જતો રહેશે, પરંતુ તારા હાથની બનાવેલી રસોઇને ખાધા વિના જતી કરત, તો પછી એની ખોટ આ જીવનમાં કયારેય પૂરાવાની નહોતી !

રમા : બસ, બસ, રહેવા દો. પારકા પરદેશમાં જો સાચે જ તાવથી પટકાઈ પડો, તો તમે જ કહો કે કેટલી હેરાનગતી ભોગવવી પડે ?

રમેશ : હેરાનગતી તો ખરી જ, પરંતુ જે રાણીને આટલા દિવસે જોવા પામ્યો છું, તેના હાથની બનાવેલી રસોઈ ન જમત તો કેટલું ખરાબ ગણાત ?

રમા : આટલામાં જ આમ કહો છો ? હું તો અહીં કશું જ કરી શકી નથી.

રમેશ : શું કર્યું એનો તો પ્રશ્ન જ કયાં છે ? હું તો વિચાર કરું છું માત્ર તે માટેની તૈયારી અને તેની પાછળ રહેલા આદરની, ભલા એ મને કયાં મળવાનાં હતાં ?

રમા : (શરમાઇ જઇને) તમારે ત્યાં શું એવા માણસોની કમી છે !

રમેશ : તું જ કહે કે આટલા પ્રેમપૂર્વક મને કોણ જમાડે નાનો હતો ત્યારે મા મરી ગઈ! ત્યાર બાદ ભાભુ પાસે થોડા દહાડા રહ્યો અને પછી દૂર પરદેશમાં મામાને ત્યાં ગયો. મામી તો હું ગયો તે પહેલાં જ સ્વર્ગે સીધાવી ગયાં હતાં, એટલે આખું ઘર હોટલ જેવું હતું. ત્યાંથી ભણવા માટે અલાહાબાદ ગયો. ત્યાં પણ

નસીબમાં હોટલ જ લખાયેલી હતી. ત્યાંથી ગયો ઇજનેરી કોલેજમાં. ત્યાં ઘણો લાંબો સમય રહેવું પડયું, પરંતુ નસીબમાં જે હોટલનાં દુઃખ ભોગવવાનાં લખાવીને આવ્યો હતો, તેનો તો ત્યાં પણ અંત ન આવ્યો. ખાવું હોય તો ખાઓ. ત્યાં ન તો વચ્ચે આવનાર કોઈ શત્રુ હતો, કે ન તો ઉત્સાહ આપનાર કોઇ મિત્ર હતો.

[રમા ચુપ રહે છે]

રમેશ: શરીરને ઠીક ન હતું, તેથી પેટ ભરીને ન ખાઈ શકયો. છતાં એવું લાગે છે કે જાણે મારા જીવનનું આ પહેલું સુપ્રભાત છે. આ જીવનનું વહેણ જાણે કે એચિંતું જ બદલાઈ ગયું.

રમા: (શીર નીચું રાખીને) તમે આ બધી વાતો આટલી વધારી વધારીને કેમ કહો છો?

રમેશ: જો વધારવાની શક્તિ હોત તો જરૂર વધારત, પરંતુ એવી શક્તિ તો છે જ નહિ.

રમા: ચાલો, મારાં એટલાં અહોભાગ્ય કે એ શક્તિ તમારામાં નથી, નહિ તો વળી પાછું મારે અહીંથી નાસી જવું પડત. ઉપરાંત મારાં એ પણ અહોભાગ્ય છે કે તમે ઘેર જઈને મારી નિંદા નહિ કરો. ચારે બાજુ લોકોને એમ કહેતાં તો નહિ ફરો કે રમાએ બોલાવીને પેટ ભરી ખવડાવ્યું પણ નહિ.

રમેશ: ના રાણી, નિંદા પણ નહિ કરું અને પ્રશંસા પણ નહિ કરતો ફરું. આજનો દિવસ નિંદા અને પ્રશંસા બન્નેથી પર છે. વાસ્તવમાં ખાવાપીવામાં પેટ ભરીને ખાવા સિવાય બીજું પણ કાંઇક હોય છે,—આજ પહેલાં જાણે કે હું એ વસ્તુ સમજતો જ ન હતો.

રમા : આજે જ પહેલવહેલું એ સમજાયું ?

રમેશ : હા, આજે જ એ સમજાયું.

રમા : હજી એથી પણ વધારે સમજવાનું તો બાકી છે, પરંતુ તે દહાડે મને અગાઉથી ખબર આપજો.

રમેશ : એટલે ?

રમા : બધી વાતોનો અર્થ સમજવો જ જોઈએ, એનો ભલા શું અર્થ, રમેશભાઇ? વારુ, સાચું કહેજો, તમે મને બિલકુલ ઓળખી શકયા નહોતા ?

રમેશ : એ તો તું જ કહે કે કેવી રીતે ઓળખી શકું ? સાવ નાનો હતો, ત્યારે તને જોઇ હતી. પછી જ્યારે ફરીથી ગામમાં આવ્યો, ત્યારે તો હું તને જોવા જ નહોતો પામ્યો. જ્યારે જ્યારે તને મળવાનો પ્રયત્ન કર્યો, ત્યારે કયાં તો તું મુખ ફેરવી લેતી, યા તો તું આડું જ જોયા કરતી. એટલે તો આજે સહસા એમ જ લાગ્યું કે કદાચ આ મુખ મેં ક્યારેક સ્વપ્નમાં જોયું છે. એવું સ્વપ્ન તો...

રમા : વારુ, રાત્રે તમે શું ખાઓ છો ?

રમેશ : જે કાંઈ મળે તેથી ચલાવી લઉં છું.

રમા : અને એ તો કહો કે તમે આટલા બધા વૈરાગી જેવા કેમ થઈ ગયા છો ? સાંભળ્યું છે કે કઈ વસ્તુ કયાં છે અને કયાં જાય છે, એ વાતની તમે જરાય ચિંતા રાખતા નથી. જાણે કે કશીય વસ્તુ પ્રતિ જરા ય માયા કે મમતા જ નથી રહી. જાણે કે બધું મ શૂન્યમાં ડૂબતું–ઉતરતું હોય છે.

રમેશ : મારી આટલી બધી નિંદા કોને મોંએ સાંભળી ?

રમા : એ જાણીને તમારે શું કામ છે ? કેમ, ઘેર જઈને એની સાથે ઝઘડો કરવો છે !

રમેશ : એટલે હું શું બધા સાથે લડાઈ ઝઘડો જ કરતો ફરું છું ?

રમા : એ તો કરો જ છો. જ્યારથી આવ્યા છો, ત્યારથી લગાતાર મારી સાથે તો ઝઘડો કર્યા જ કર્યો છે. શું માસી જ ઘરનાં માલિક છે? યા મેં શું એને શિખવાડયું હતું કે જેથી એમણે મના કરવાથી તમે મારું મોં જોવું પણ બંધ કરી દીધું ? તળાવનાં માછલાં શું મેં ચોર્યાં હતાં કે એનો ખુલાસો મેળવવા તમારે માણસને મારી પાસે મોકલવો પડયો ?

રમેશ : મેં ખુલાસો મેળવવા માણસ નહોતો મોકલ્યો, મેં તો તેને માત્ર સત્ય વસ્તુ જાણવા માટે જ મોકલ્યો હતો. પરંતુ એથી કાંઈ અવિનય તો નથી થયો ને, રાણી ?

રમા : ના, નથી થયો. પરંતુ અવિનય ન થયો, એટલે તો એના સારાય અવિનયનો ભાર મારા માથા પર આવી પડયો છે. શું એ બોજનો અનુભવ હું નથી કરતી યા એ દંડને હું નથી સમજતી ? આખા ગામમાં તમારી વિરુદ્ધ કોઈ કાંઇ કરે, એટલે શું હું જ એ બધાની જવાબદાર ગણાઉં ? શું બધો ગુસ્સો આવીને માર પર જ ઉતારવાનો ? લાગે છે કે તમે પરદેશથી આવો જ ન્યાય શીખીને આવ્યા છો.

[દાસી પ્રવેશ કરે છે]

દાસી : કેમ બહેન, નટવર સામાન બાંધે ? નહિ તો પછી છ વાગ્યાની ગાડી નહિ મળે.

રમા : કુમુદા, પણ એટલી બધી ઉતાવળ શી છે ?

દાસી : વાદળાં ઘેરાવા માંડયાં છે. એટલે લાગે છે કે આજ રાતના વરસાદ તૂટી પડશે.

રમા : ભલે તૂટી પડે, તમે બધાં કાંઈ ખુલ્લામાં તો નથી એઠાં ?

દાસી : ના, તો એને હું કહી દઉં છું.

[દાસી જાય છે]

રમેશ : તમારા બધાનો સાંજની ગાડીએ જવાનો વિચાર છે ?

રમા : હા. અને તમારો ?

રમેશ : મારો ? મારે તો ગમે તેમ કરીને કાલનો દહાડો તો અહીં વીતાવવો જ પડશે.

રમા : એક તો તમને શરીરે અસુખ છે, તે પર વરસાદના દહાડા છે, તો પછી તમે રહેશો ક્યાં ?

રમેશ : ગમે ત્યાં જઈને પડ્યો રહીશ. આટલા બધા માણસો જે જાત્રા કરવા અહીં આવે છે, એ બધાય ક્યાંક ને ક્યાંક તો જઈને ઠરીને ઠામ થાય છે ને ?

રમા : એ બધાને માટે તો ઠેકાણાં છે. પરંતુ તમે તો કાંઈ જાત્રા કરવા નથી આવ્યા. પછી તમને કોઈ કેમ અહીં ઉતરવા દેશે ?

રમેશ : (હસીને) શું જાત્રા કરવા આવનારના મોંમાથા પર નામ લખેલાં હોતાં હશે ?

રમા : (હસીને) હા, લખેલાં હોય છે. ભક્તલોકો બાબા તારકનાથની કૃપાથી તે વાંચી શકે છે અને અભક્તોને દૂર કરે છે. તમે તો બિસ્તરો પણ સાથે લાવ્યા નહિ હો ?

રમેશ : ના. બિસ્તરો એમને લેતા આવવાનું કહ્યું હતું.

રમા : બહુ સારી વ્યવસ્થા છે ! શરીર ઠીક નહિ, આકાશ

વાદળાંથી ઘેરાયેલું, સાથે ન મળે નોકર કે ચાકર, ન મળે પાં ઓઢવાનું કે ન મળે પાથરવાનું, કે ન કશો ખાવાપીવાનો બંદોબસ્ત અને છતાંય કશીય વાતની ચિંતાનું નામ નહિ! કોણ, કયારે, ક્યાંથ આવશે, એના ઉપર જ નિર્ભર છો. સાવ પરમહંસ જેવી સ્થિતિ ! તમારી સાવ આવી દશા શાથી થઇ ગઈ?

રમેશ : જેનું ક્યાંય કોઈ ન હોય, તેની આપોઆપ જ એ સ્થિતિ થઈ જાય છે.

રમા : એ તો દેખાય જ છે. ન હોય તો આજે અહીં જ રહી જાઓ.

રમેશ : પણ જેમનું આ ઘર છે, તે તો......

રમા : એમને કશો વાંધો નહિ આવે. એ એવાઓ પર બ દયા રાખે છે અને એમને રહેવા પણ દે છે.

રમેશ : પરંતુ રમા, તારે આ બિસ્તરો તો અહીં મૂક જવો પડશે.

રમા : સારું, મૂકતી જઈશ. પરંતુ પાછો મોકલવાનું ભૂલત નહિ કે કયાંક ખોઈ નાખતા નહિ.

રમેશ : બિસ્તરો હું ખોઈ નાખીશ? તું મને કોણ જાણે કે સમજે છે! કોકે મારે માટેનો તારો મત સાવ ખરાબ કરી નાખ્યો છે

રમા : (**હસીને**) બીજું કોણ ખરાબ કરી નાખે? કદાચ માસીએ ખરાબ કરી નાખ્યો હશે. પરંતુ એ તો અહીં નથી, તો નિર્ભય થઈને વિશ્રામ કરો. ત્યાંસુધી હું મારું બીજું કામ આટોપી લઉં

[જવા માટે ઊભી થાય છે

રમેશ : જેમનું મકાન છે, એમની સાથે જો પરિચય ન હોય તો...............

રમા : એની સાથે તો તમારો બહુ નાનપણુનો પરિચય છે. એમાં ચિંતા કરવાની કશી જરૂર નથી. નાનપણમાં જેને રાણી કહીને બોલાવતા હતા, તેનું જ આ મકાન છે.

રમેશ : આ તારું મકાન છે? અહીં શા માટે રાખ્યું છે?

રમા : કહ્યું તો ખરું કે આ સ્થાન મને બહુ ગમે છે, તેથી હું ઘણીવાર અહીં આવીને રહું છું.

રમેશ : ઠાકોરજી પર તારી બહુ આસ્થા હોય એમ લાગે છે?

રમા : એને કાંઈ આસ્થા ન કહેવાય : પરંતુ હા, જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી તેને માટે કાંઈક પ્રયત્ન તો કરવો, એટલો સંકલ્પ છે.

[દાસી આવે છે]

દાસી : બહેન, વરસાદ તો પડવા માંડયો. હવે આજે જવાનું નહિ ફાવે.

રમા : તો આજે નહિ જઇએ. નટવરને કહી દે કે કાલે જઇશું.

દાસી : ત્યારે તો સારું. પરંતુ આપણે આજે પાછા ફરવાનો વાયદો કરીને આવ્યાં હતાં. ઘેર બધાં ફિકર કરશે.

રમા : વચ્ચે વચ્ચે થોડી ચિંતા કરે એ સારું છે. તું જા, હું આવું છું.

[દાસી જાય છે]

રમેશ : કેવળ મારે જ લીધે તું આજે જઈ ન શકી.

રમા : તમારે લીધે નહિ, તમારી બિમારીને લીધે. મોં જોતાં જ કહી આપે છે કે આજે તાવ આવશે. એવી સ્થિતિમાં હું તમને એકલા મૂકીને શી રીતે જઇ પણ શકું?

રમેશ : હું તો તારો કોઇ નથી રમા, બલ્કે તારા માર્ગમાં કંટકરૂપ છું. છતાં ય ગામના એક માણસ તરીકે તેં મારો જે આદર-સત્કાર કર્યો છે, તેને માટે મારી પાસે પૂરતા શબ્દો પણ નથી.

રમા : તો પછી તેની જરૂર પણ નથી. અને બીજા બેચાર દહાડા પછી તમે એ ભૂલી જશો, તો હું એ માટે ફરિયાદ પણ નહિ કરૂં.

[રમા પુનઃ જવા માટે તત્પર થાય છે]

રમેશ : આશીર્વાદ આપું છું રમા, કે તું સુખી રહે, દીર્ઘજીવી થા.

રમા : (સહસા પાછી ફરીને અને રમેશ સામે ઊભી રહીને) રમેશભાઇ, હવે હું ખરેખર તમારી ઉપર ગુસ્સે થઈ જઇશ. હું એક હિંદુ વિધવા છું. મને દીર્ઘજીવી થવાનો આશિર્વાદ આપવો એ મને શાપ દેવા બરાબર છે. અમારું કોઇ પણ શુભાકાંક્ષી ક્યારે ય અમને આવો આશીર્વાદ નથી આપતું. હવે હું જાઉં છું.

[કહી ઝડપથી ચાલી જાય છે]

અંક બીજો

પ્રવેશ ૩ જો

[ગામનો માર્ગ: સમય લગભગ ત્રીજા પહોરનો. લાગલાગટ ત્રણ દિવસ સુધી વરસાદ ચાલુ રહેવાના કારણે તળાવ, નાળાં ઈત્યાદિ પાણીથી છલોછલ ભરાઈ ગયાં છે. માર્ગમાં જ્યાંત્યાં કિચડ થયો છે. હમણાં થોડો જ સમય થયાં વરસાદ રહી ગયો છે. હાથમાં છત્રી અને સોટી સાથે વેણી અને ગોવિંદનો પ્રવેશ. દુર્ગમ માર્ગનાં ચિહ્નો એમના આખાય શરીરપર મોજુદ છે]

ગોવિંદ (પડદા પાછળથી જ જરા ઊંચા સ્વરે) હું કહું છું કે છેવટે આટલો બધો સંકોચ શા માટે? મોટા સગા થઈને આવ્યા છે કહેવા, કે બંધ તોડી નાખો અને પાણીને જવા દો, નહિ તો ખેતરો ડૂબી જશે. ડૂબતાં હોય તો ભલે ડૂબે. મોટાભાગે, સમજ નથી પડતી કે આ નીચ જાતના લોકોની હિમ્મત જોઈને હું હસું કે રડું!

વેણી: હા, જુઓ તો ખરા, કાકા! આ ખેડૂતોનાં સાળાઓનાં

સો વીઘાનાં ખેતરો ડૂબી જશે, એટલા માટે કહે છે કે પાણી વ
જવા દો ! સામેના તળાવની વાર્ષિક બસો રૂપિયા હિમાયત ભર
પડે છે. પાણી વહી જાય તો પછી એમાં શું એક માછલું પ
રહે કે ?

ગોવિંદ : માછલું શી રીતે રહી શકે ? 'તમે સાળા નીચ જાત
લોકો રહ્યા ! ક્યારે ય એક સામટા બે રૂપિયા તો જોવા પામ્યા ન
હો. બસો રૂપિયાનું એકસામટું નુકસાન કોને કહે છે, એ પણ જાણે
છો ? માણસોને બધાને ખબરદાર કરી રાખ્યા છે ને ? છાનામાના
લોકો જઈ ક્યાંક ક્યાંક બાકોરાં તો નહિ પાડી દે ને ? મોટાબાણ
કશું ન કહેવાય. જાન પર આવતાં આ સાળાઓ બધું ય કરે એ
હોય છે.

વેણી : દરવાન અને ગોપાળને ચોકી રાખવા મોકલી આપ
છે. પણે રમાના પીરપુરમાં જે અકબર લાઠીબાજ રહે છે, એને અ
તેના બન્ને છોકરાઓને પણ કહેવરાવ્યું છે. એ બાપદીકરો એક
સો માણસોને ભારે પડે એવા છે.

ગોવિંદ : ભાઈ, એ તમે સારું કર્યું. હું તો ચલમમાં તમ
ભરીને દમ મારવાની હજી શરૂઆત જ કરતો હતો કે તમારો નોક
આવી પહોંચ્યો. મેં પૂછ્યું કે ' અલ્યા, આટલા પાણીમાં ભીંજાતે
ભીંજાતો શું કામ આવ્યો ? ' તેણે કહ્યું કે ' મોટાબાબુ આપને બોલા
છે.' ભાઈ, હું જુઠું નહિ બોલું. હાથમાંનો હુક્કો હાથમાં જ રહી ગયે
એક દમ મારવાનો પણ સમય ન મળ્યો. તરત છત્રી અને લાકડી લઈ
નીકળી પડયો. તમારી કાકીએ કહ્યું કે ' આટલા વરસાદ અને તોફાનમ
ક્યાં જાઓ છો ? ' મેં કહ્યું, ' હવે છાની રહે. પાછી પૂછનારી
જોઈ હોય તો ! જોતી નથી કે મોટાબાબુ બોલાવે છે તે ? પછી આં
હોય કે વરસાદ એ જોવાનું કેવું ! '

વેણી : કાકા, તમે તો જાણો છો કે તમને પૂછ્યા વિના

એક ડગલું પણ ભરતો નથી. જ્યારે મારી આગળ રોકકળ કર્યે કશું ન વળ્યું, એટલે એ સાળાઓ પહોંચ્યા નાનાબાબુ પાસે કાલાવાલા કરવા. એ તો છે સાવ ગમાર જેવો, એનું શું ઠેકાણું! કયાંક કહી ન બેસે કે અમારું નુકસાન થતું હોય તો છો થતું, તમે તમારે બંધ તોડી નાખો.

ગોવિંદ : જરૂર કહી બેસે, મોટાબાબુ. એ હરામજાદો એવું જરૂર કહી બેસે એવો છે. (કાંઈક ધીમા સ્વરે) હું પૂછું છું કે રમાને તો ખબર કહેવડાવી છે ને? એ છોકરીનો મિજાજ પણ સદા સરખો નથી રહેતો. ગરીબ દુઃખીઓની રોકકળ સાંભળી એ પણ કયાંક હા પાડી ન બેસે.

વેણી : ના કાકા, એના તરફથી ડરવા જેવું નથી. એને તો મેં સવારે જ સમજાવી પટાવીને દબાવી દીધી છે. કાલ રાતથી જ મારા કાને કાંઈક કાંઈક અણસારો આવ્યો હતો ને?—જુઓ વળી કેટલાક કમબખ્તો આ તરફ આવતા લાગે છે.

[કેટલાક ખેડૂતોનો પ્રવેશ. એ લોકો માથાથી તે પગ સુધી પાણી અને કિચડથી તરબોળ થઈ ગયેલા છે]

ખેડૂતો : (એકસામટા) મોટાબાબુને ખમા! ગરીબોને બચાવો. જો આ ફસલ સડી ગઈ તો અમારાં તો બાળબચ્ચાં ભૂખે જ મરી જશે.

ગોવિંદ : કેમ રે અલ્યા સનાતન, તમે તો બધા નાનાબાબુ પાસે પહોંચ્યા હતા ને? હવે બોલાવોને એમને તમને બધાને બચાવવા?

સનાતન : ગાંગુલી મહારાજ, જેમને જવું હતું તે ગયા. અમે તો આ ચરણોને જ ઓળખીએ છીએ અને એને જ પકડીને જીવીશું.

[કહી વેણીબાબુને પગે પડી રોવા લાગે છે]

બીજો ખેડૂત : (વેણીબાબુને પગે પડીને) હવે તો અમને મારવા કે જીવાડવા તમારે હાથ છે. અમે આપનાં ચરણ નહિ છોડીએ.

વેણી : (બળ કરી પોતાના પગ છોડાવીને) જાઓ, જાઓ, અમે હિમાયતના બસો રૂપિયાનું નુકસાન નહિ વેઠી શકીએ. ચાલો કાકા, અહીંથી જઈએ. આપણે હજી ઘણું બીજું કામ છે.

[વેણી અને ગોવિંદ જવા માટે તૈયાર થાય છે]

ખેડૂતો : મોટાબાબુ, ગાંગુલી મહારાજ, તો શું સાચે જ તમે અમને મારી નાખશો ?

ગોવિંદ: (પાછો ફરી ઊભો રહીને મોં વિકૃત કરી) અમારે શું ? મરો યા જીવો !

[બન્ને ચાલ્યા જાય છે]

ખેડૂતો : અરે ભગવાન! શું સાચે જ અમને દુઃખી જનોને મારી નાખશો ? તમે તો ઉપર બેઠાબેઠા બધું જ જોઈ રહ્યા છો, છતાં ય કશો ઉપાય નહિ કરો ?

[બધા ચાલ્યા જાય છે]

અંક ૨ જો

પ્રવેશ ૪ થો

{રમાના મકાનનો બહારનો ભાગ: સમય સંધ્યાનો. આંગણામાં એકબાજુ ચંડીમંડપનો થોડો ભાગ દેખાય છે, બીજી બાજુ નાનોશો તુળશીક્યારો છે. રમા ઘીનો દીવો હાથમાં લઈને ધીમે ધીમે આવે છે અને તુળશીના ચોરા પાસે દીવો મૂકી અને ગળામાં છેડો નાખી પ્રણામ કરે છે. તે જ પળે રમેશ ધીરેથી આવી તેના નીચા નમેલા મસ્તક આગળ ઊભો રહે છે]

રમા : (માથું ઊંચું કરીને અને અચાનક રમેશને સામે જોઈને આશ્ચર્યપૂર્વક) હેં! તમે ક્યાંથી?

રમેશ : રમા, મારે એક ઘણા જ અગત્યના કામે આવવું પડયું છે.

રમા : (જરા સ્મિત કરીને) તમે પણ ખરા આવનારા છો! અત્યારે જો કોઈ જુએ તો એમ જ સમજે કે હું દીવો સળગાવી અત્યાર સુધી તમને જ પ્રણામ કરી રહી હતી! ભલા, આમ તે આવીને ઊભા રહેવાતું હશે?

રમેશ : રમા, હું કેવળ તારી પાસે જ આવ્યો છું.

રમા : (હસીને) એ તો હું પણ જાણું છું. હું એમ ક્યાં કહું છું કે તમે માસી પાસે આવ્યા હતા!

[એટલું કહી દીવો હાથમાં લઇ
રમા ઊભી થઇ જાય છે]

રમા : કહો, શી આજ્ઞા છે?

રમેશ : મને ખાતરી છે કે તું બધું સાંભળી ચૂકી છે. પાણી બહાર કાઢવાની બાબતમાં તારી સંમતિ લેવા આવ્યો છું.

રમા : મારી સંમતિ?

રમેશ : હા. તારી જ સંમતિ લેવા અહીં સુધી હું દોડતો આવ્યો છું. રમા, મને ખાતરી છે કે દુઃખી માણસોની આટલી મોટી વિપત્તિની વેળાએ તું 'ના' તો નહિ જ કહે!

રમા : પાણી બહાર કાઢી નાખવું જોઈએ એ ખરું. પરંતુ રમેશભાઈ, એ કામ થશે શી રીતે? મોટાભાઈ તો એની વિરુદ્ધ છે.

[વેણી અને ગોવિંદ પ્રવેશ કરે છે]

વેણી : ના, મારી એમાં સંમતિ નથી. અને શું કરવા હું સંમતિ આપું? તને એ ખબર છે કે એમ કરવા જતાં રૂપિયા બસોથી ત્રણસોની માછલીઓ તણાઈ જશે! એ પૈસા કોણ ખેડૂતો આપશે?

રમેશ : ખેડૂતો તો ગરીબ છે, એ એટલી મોટી રકમ ક્યાંથી કાઢે? મોટાભાઈ, આપ જરા આ બાબત પર બરાબર વિચાર કરી જુઓ.

વેણી : ક્યારનો ય વિચાર કરી જોયો છે. પરંતુ રમેશ, એ

મને નથી સમજાતું કે આપણે આટલું મોટું નુકસાન શા માટે વેઠવું? (ગોવિંદને) કાકા, જોયું, આ ભાઈસાહેબ આમ જ જમીનદારી સાચવવાના! અરે રમેશ, એ હરામજાદાઓ સવારથી મારે આંગણે આવી એની જ પોકો મૂકતા હતા. હું બધુંય જાણું છું. તારે ત્યાં શું કોઈ દરવાન નથી? તેના પગમાં ચાંચવાળા જોડા નથી? જા, ઘેર જઈને એ જ વ્યવસ્થા કર. પાણી એને મેળે જતું રહેશે.

[એમ કહી વેણી ગોવિંદ સાથે ખડખડાટ હસી પડે છે]

રમેશ : પરંતુ મોટાભાઈ, આપણા ત્રણ ઘરને બસો રૂપિયાના નુકસાનમાંથી બચાવવા જતાં, એ ગરીબોનો આખા વર્ષનો પાક નકામો જશે. કાંઈ નહિ, તો યે પાંચસાત હજારનું નુકસાન તેમને થશે જ!

વેણી : થવાનું હશે તો થશે. એમનું પાંચ હજારનું નુકસાન થાય કે પચાસ હજારનું, પરંતુ અહીં તો ગામ આખું ખોદી વળે તો પણ પાંચ પૈસા મળવાના નથી. એ સાળાઓને માટે બસો રૂપિયાનું નુકસાન હું વેઠું?

રમેશ : તો પછી એ લોકો વરસ આખું ખાશે શું?

વેણી : (**હસીને માથું હલાવી, થૂંકી અને અંતે સ્વસ્થ બની**) ખાશે શું? તું જોજે, બેટાઓ પોતપોતાની જમીન ઘરાણે મૂકીને આપણી પાસે જ વ્યાજે રૂપિયા લેવા દોડતા આવશે. ભાઈ, જરા મગજ ટાઢું રાખીને કામ કર. આપણા વડવાઓ—જેઓ એવી જ રીતે વધારી, વ્યવસ્થિત કરી જમીનનો જે એકાદ ટૂકડો મૂકતા ગયા છે, તેમાંથી જ આપણે પણ લેણદેણ કરી, ઠીકઠાક રાખી, ખાઈપી, આપણાં છોકરાં માટે પાછળ મૂકતા જવું પડશે. એ લોકો ખાશે શું? એ આપણે શા કારણે વિચારવાનું. વ્યાજે લાવીને ખાશે. નહિ તો, એ બેટાઓને હલકી જાતના શાના કહે?

ગોવિંદ : ભાઇ, આ તો ઋષિમુનિઓએ શાસ્ત્રોમાં કહેલું છે. આ કાંઇ માત્ર તમારા મારા એકલાની જ વાત નથી.

રમેશ : મોટાભાઈ, તમે જ્યારે કશું જ ન કરવાનું નક્કી કર્યું છે, તો પછી અહીં ઊભા રહી વ્યર્થ દલીલો કરવાનો કાંઈ અર્થ નથી.

વેણી : ના, જરાય નહિ. (રમાને) તારા પેલા પીરપુરવાળા અકબરઅલી અને તેના છોકરાઓને ખબર મોકલાવી છે. (ગોવિંદને) ચાલો કાકા, આપણે પણ ત્યાં જરા જોતા આવીએ. સાંજ પડવા આવી છે.

ગોવિંદ : ચાલો, ભાઇ.

[બન્ને જાય છે]

રમેશ : રમા, તું તારી સંમતિ આપ. માત્ર એ સંમતિ નથી આપતા, તેટલા ખાતર આટલો મોટો અન્યાય થવા દેવો એ ઉચિત નથી. હું હમણાં જ જઇને બંધ તોડી નાખું છું.

રમા : પરંતુ માછલીઓ રોકી રાખવા શી વ્યવસ્થા કરશો ?

રમેશ : પાણી એટલું બધું છે કે માછલીઓ રોકી શકાય એવો એક પણ રસ્તો લઇ શકાય એમ નથી. એટલું નુકસાન આપણે વેઠી લેવું જ પડશે, નહિ તો આખું ગામ માર્યું જશે.

[રમા ચુપ રહે છે]

રમેશ : ત્યારે સંમતિ આપે છે ને ?

રમા : ના. હું એટલું મોટું નુકસાન નહિ વેઠી શકું. એ ઉપરાંત એ મિલકત મારા ભાઇની છે. હું તો માત્ર એની વાલી છું.

રમેશ : ના, હું જાણું છું કે, એમાં અડધી મિલકત તારી પણ છે.

રમા : માત્ર નામની જ. બાપુ ચોક્કસ જાણતા હતા કે બધી ય મિલકત યતીન્દ્રને મળવાની છે, એટલે અડધી મારે નામે કરતા ગયા છે.

રમેશ : (**વિનયપૂર્ણ સ્વરે**) રમા, આમાં તે કેટલા રૂપિયાની વિસાત છે? ઉપરાંત તારી સ્થિતિ તો સૌ કરતાં વધારે સારી છે. તારે માટે આ નુકસાન એ નુકસાન નથી. હું વિનંતી કરું છું કે એટલા માટે તું આટઆટલા લોકોને ભૂખે મરતા કરીશ નહિ. સાચું કહું છું કે તું આટલી નિષ્ઠુર હોઈ શકે એવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

રમા : મારું નુકસાન વેઠી શકતી નથી એટલા જ કારણસર જો મને તમે નિષ્ઠુર કહેતા હો, તો ભલે હું નિષ્ઠુર જ રહી. તમને જો એટલી બધી દયા આવતી હોય તો તમે પોતે જ શા માટે એ નુકસાન નથી વેઠી લેતા?

રમેશ : રમા, જ્યારે વચ્ચે પૈસાનો સવાલ આવે છે ત્યારે જ માણસની પરીક્ષા થાય છે. ત્યાં કશી જ યુક્તિપ્રયુક્તિ ચાલતી નથી. અહીં જ માણસ તેના સાચા સ્વરૂપે પ્રગટ થઇ જાય છે. તારું પણ આજે એ જ પ્રમાણે સાચું સ્વરૂપ દેખાઇ ગયું છે. પરંતુ તું આવી હોઇશ એવી મેં કદાપિ પણ કલ્પના નહોતી કરી. હમેશાં હું માનતો કે તું કેટલીય ઉદાર દિલની હોઇશ! પરંતુ તું એવી નથી. તને નિષ્ઠુર કહેવી એ પણ ભૂલ છે. તું અતિશય નીચ—અત્યંત હીન છે.

રમા : શું કહ્યું? હું કેવી છું?

રમેશ : અતિશય નીચ—અત્યંત હીન. હું અત્યારે કેટલો વ્યાકુળ થઈ ગયો છું, તે તું સમજી ગઈ છે અને એથી જ તું અત્યારે દુઃખી લોકોની ભૂખના અન્નનું મૂલ્ય મારી પાસેથી વસુલ કરવા માગે છે. પરંતુ મોટાભાઈ પણ આ વાત પોતાના મોંએ કહી શકયા નહોતા. પુરુષ હોવા છતાં પણ જે વાત એમને મોંએથી ન નીકળી શકી, તે વાત તું સ્ત્રી હોવા છતાં તારે મોંઢે લાવતાં અચકાઈ નહિ. વારુ

રમા, હું આજે તને એક વાત કહેતો જાઉં છું કે હું આથી પણ વધુ મોટા નુકસાનની ભરપાઈ કરી શકું એમ છું. પરંતુ એટલું યાદ રાખજે કે સંસારમાં સૌથી મોટું પાપ માનવીની દયા પર અત્યાચાર કરવામાં છે. આજે તેં એ જ અત્યાચાર કરીને મારી પાસેથી રૂપિયા વસૂલ કરવાનો પેંતરો રચ્યો છે.

[રમા વિહ્વળ અને હતબુદ્ધિની
જેમ ચુપચાપ જોઇ રહે છે]

રમેશ : મારી દુર્બળતા ક્યાં છે એ બધાં તમે સારી રીતે જાણી ગયાં છો, પરંતુ એને નિચોવે ત્યાંથી એક ટીપું ય રસ નીકળે એમ નથી. પણ હું શું કરવાનો છું એ પણ હું સાથે જ કહેતો જાઉં. હું હમણાં જ જઇને જબરદસ્તીથી બંધ તોડી નાખીશ. જો તમારામાં મને રોકવાની તાકાત હોય તો આવીને અટકાવજો.

[રમેશ જવા તત્પર થાય છે.
રમા એને બોલાવે છે]

રમા : જરા થોભો. એક વાત સાંભળી લો. મારા ઘરમાં જ ઊભા રહીને તમે મારું જે મનમાન્યું અપમાન કર્યું છે, એનો હું જરા પણ જવાબ આપવા નથી માગતી, પણ આ કામ કરવાનો તમે જરા પણ પ્રયત્ન કરશો નહિ.

રમેશ : કેમ ?

રમા : કારણ કે, આટઆટલું અપમાન થયા બાદ પણ તમારી સાથે ઝઘડો કરવાની મારી લેશમાત્ર ઇચ્છા નથી. અને...

રમેશ : અને શું ?

રમા : અને કદાચ ત્યાં અકબર સરદારની ટોળી જઇ પહોંચી હશે.

રમેશ : તારા એ અક્કર સરદારની ટોળીમાં કોણ કોણ છે તે હું જાણુતો નથી અને જાણુવા માગતો પણ નથી. લડાઇ ઝઘડો કરવાનું તો મને પણ ગમતું નથી, પરંતુ હવે તારા સદ્‌ભાવની પણ મારી આગળ કાંઈ કિંમત રહી નથી.

[કહી રમેશ ઝડપથી ચાલ્યો જાય છે. માસી પ્રવેશ કરે છે]

માસી : હમણાં અહીં મોટા અવાજે કોણ બોલતું હતું, રમા? અવાજ તો કોક જાણીતો જ લાગતો હતો.

રમા : કોઈ નહોતું.

માસી : તો મેં કાનોકાન સાંભળ્યું તે ખોટું? ઘીનો દીવો સળગાવીને પૂજામાં બેઠી હતી, ત્યાં તો એવું લાગ્યું કે જાણે કોઈ સાંઢ બરાડે છે. એટલે મારે પૂજામાંથી અધવચ્ચે આવવું પડયું.

રમા : એ તો ચાલ્યો ગયો. તમે તમારે હવે જઇને પૂજા પૂરી કરો. (નેપથ્યની તરફ) દાસી!

[દાસી પ્રવેશ કરે છે]

દાસી : કેમ, શું છે બહેન?

રમા : મારે જરા ભાભુને ત્યાં જવું છે. તું મારી સાથે ચાલ.

માસી : અત્યારે ત્યાં જઇને શું કામ છે?

રમા : જુઓ માસી, બધું જ તમારે જાણુવું જોઇએ એનો કાંઈ અર્થ નથી. ચાલ કુમુદા.

દાસી : ચાલો બહેન.

[બન્ને જાય છે]

પ્રવેશ ચોથો [૯૩]

માસી : અરે બાપરે ! જાણે હમણાં જ મારવા દોડશે ? એ તો સારું થયું કે લોકો હજી તારકેશ્વરવાળી વાત જાણતા નથી !...અને હું આને માટે લોકો સાથે લડાઈ ઝઘડા કરતી ફરું છું !

[માસી જાય છે]

[વેણી, ગોવિંદ, ઘાયલ અકબર અને તેના બે છોકરા—ગોહર અને ઉસમાન પ્રવેશ કરે છે]

અકબર : (થાંભલાને અઢેલીને બેસે છે. એનું આખું મો લોહીથી ખરડાયેલુ છે.) યા અલ્લાહ !

ગોહર : (પોતાના માથા પરથી હાથ વડે લોહી લૂછતાં) કેમ અબ્બા, બહુ વેદના થાય છે ?

અકબર : યા અલ્લાહ !

વેણી : મારી વાત માન અકબર, થાણામાં ચાલ. જો એને સાત વરસની ટીપ ન મરાવું તો હું ઘોષાલ વંશનો દીકરો નહિ !

[રમા પ્રવેશ કરે છે]

રમા : હેં ! તમારા બધાની આવી દશા કોણે કરી, અકબર ? (કહી તેની નજીક જ બેસી જાય છે)

અકબર : (આકાશ તરફ હાથ ઊંચો કરીને) અલ્લાહે !

વેણી : અલ્લાહ ! અલ્લાહ ! અહીં બેસીને 'અલ્લાહ અલ્લાહ' કર્યે શું વળશે ? હું કહું છું કે થાણામાં ચાલ. જો આના બદલામાં તેને દસ વરસ માટે જેલમાં ન ધકેલું તો—રમા, તું કેમ ચુપ બેઠી છે ? એને જરા સમજાવને કે મારી સાથે થાણામાં આવવા તૈયાર થાય !

રમા : અકબર, કોણે તને આવો જખ્મી કર્યો ?

અકબર : નાનાબાબુએ, બેટા!

રમા : એવું તો ક્યાંય બની શકે, અકબર? શું એકલા નાના-બાબુએ તમને ત્રણે બાપબેટાને માર્યાં? એવું તો ત્રણસો માણસો પણ ન કરી શકે.

અકબર : એમ જ થયું છે, બેટા!—શાબાશ બાબુ! તમે જ માનું દૂધ ખરું ધાવ્યા છો! એનું નામ જ લાઠી ચલાવી કહેવાય!

ગોવિંદ : અરે, એટલી જ વાત તો હું તને થાણામાં આવીને કહેવા માટે કહું છું. તું કોની લાઠીથી ઘાયલ થયો? નાનાબાબુની કે પેલા હરામજાદા ભજુઆની લાઠીથી?

અકબર : પેલા ઠીંગણા હિંદુસ્તાનીની? એને વળી લાઠી ફેર-વતાં જ ક્યાં આવડે છે? કેમ ગોહર, તારી પહેલી જ ચોટથી એ બેસી પડયો હતો, નહિ?

[ગોહર મોંએથી કશું ન બોલ્યો.
માત્ર માથું હલાવીને ટાપસી પૂરી]

અકબર : જો મારા હાથની ચોટ લાગી હોત, તો એ બચત જ શાનો? ગોહરની લાઠીથી જ 'બાપરે' કહીને એ તો બેસી પડયો.

[ગોહર પુનઃ ડોકું હલાવી ટાપસી પૂરે છે]

અકબર : બેટા, પછી જ્યારે નાનાબાબુ તેના હાથમાંથી લાઠી લઇને બંધ પર જઇને ઊભા રહ્યા કે અમે ત્રણે બાપબેટા એકઠા થઈને પણ એમને ત્યાંથી હઠાવી ન શક્યા. અંધારામાં એમની આંખો વાઘની આંખોની જેમ ચમકવા લાગી. એમણે કહ્યું: 'અકબર, તું વૃદ્ધ માણસ છે, એટલે આઘો ખસી જા. જો બંધ નહિ તોડીએ તો ગામ આખાના લોકો ભૂખે મરશે, એટલે એને પાડી તો નાખવો જ

પડશે. તું પોતે પણ ખેતી કરે છે, તારે પણ તારા ગામમાં જમીન છે, જરા વિચાર કરીને જો કે એ બધું બરબાદ થઈ જતું હોય તો તને કેવું લાગે!' મેં સલામ કરીને કહ્યું કે 'અલ્લાહની કસમ નાનાબાબુ. એક વાર તમે રસ્તો છોડી આઘા ખસી જાઓ. બહેને અમને મોકલ્યા છે અને અમે અમારો જાન આપતાં પણ નહિ ખચકાઈએ, એવું નક્કી કરીને જ આવ્યા છીએ.' એટલે તરત એ ચમક્યા અને મને પૂછ્યું કે 'તમને શું રમાએ મોકલ્યા છે, મને મારવા માટે, અકબર ?' મેં કહ્યું કે 'નાનાબાબુ, બંધ તોડવો રહેવા દો અને ઘેર ચાલ્યા જાઓ કે જેથી તમારી પાછળ ઊભા રહીને પેલા જે ઝપાઝપ કોદાળી વડે બંધ કાપી રહ્યા છે, એમનાં માથાં ફોડીને હું ચાલ્યો જાઉં.'

વેણી : બેઈમાન સાલાઓ, એને તો સલામ ભરી અને અહીં આવીને પાછા શેખી મારો છો ? —

[અકબર અને તેના બન્ને છોકરા પ્રતિવાદ કરવા માટે હાથ ઉઠાવે છે]

અકબર : ખબરદાર મોટાબાબુ, 'બેઈમાન' ન કહેશો. અમે મુસલમાનના બચ્ચા બધું સહી શકીશું, પણ એ નહિ સહી શકીએ. **(હાથ વડે મોં પરનું લોહી લૂછીને)** જુએ છે ને બેટા, આ અમને બેઈમાન કહે છે ? ઘરમાં બેઠા બેઠા બેઈમાન કહો છો મોટાબાબુ, જરા આવીને નજરોનજર જોયું હોત તો ખબર પડત કે નાનાબાબુ એટલે શું !

વેણી : (મોં બગાડી) નાનાબાબુ એટલે ! – એટલું જ આવીને થાણામાં કેમ નથી કહી જતો ! કહેજે કે અમે બધા બંધ પર પહેરો ભરતા હતા: એટલામાં નાનાબાબુ ધસી આવ્યા અને અમને બધાને માર્યા.

અકબર : (જીભ કરડીને) તોબા, તોબા ! દિવસને રાત કહેવાનું કહો છો, મોટાબાપુ ?

વેણી : એ નહિ તો બીજું કાંઈ કહેજે. આજે રાતના થાણામાં જઈને જખમ તો બતાવી આવ. કાલે વારંટ કઢાવી એકદમ કેદમાં પૂરાવી દઈશ. –રમા, તું પણ જરા એને સમજાવને ! પછી ફરીથી આવો લાગ મળવાનો નથી. [રમા ચુપ રહે છે]

અકબર : (ડોકું હલાવીને) ના બેટા, એ મારાથી નહિ બને.

વેણી : (ધમકી આપીને) કેમ, નહિ કેમ બને ભલા ?

અકબર : (ક્રુદ્ધ સ્વરે) આપ પણ કેવી વાત કરો છો, મોટાબાપુ ! શું મને લાજશરમ નહિ હોય ? ચાર ગામના માણસો મને સરદાર કહે છે, તે શું અમથા ? બેટા, તું હુકમ કરે તો ગુનેગાર થઈને જેલ ભોગવી આવું, પરંતુ ફરિયાદ કરવા કયું કાળું મોં લઈને જાઉં ?

રમા : શું સાચે જ તમે થાણામાં નહિ જઈ શકો, અકબર ?

અકબર : ના બેટા, હું બધું કરી શકીશ પણ થાણામાં જઈને મારો જખમ નહિ બતાવી શકું. ચાલ ગોહર, હવે ઘેર જઈએ. અમે લોકો ફરિયાદ બરિયાદ નહિ કરી શકીએ.

[ત્રણે ઊઠીને ઊભા થાય છે]

ગોવિંદ : મોટાબાપુ, આ લોકો ખરેખર ઘેર જવા તૈયાર થયા. આ તો કશું ય ના થયું. !

વેણી : રમા, એમને રોકને ! જો આવો અવસર હાથથી જવા દીધો, તો પછી ક્યારે ય લાગ નહિ મળે.

[રમા ચુપ રહી શીર નમાવી લે છે. અકબર વગેરે લાઠીને ટેકે ચાલ્યા જાય છે]

વેણી : ઓહ, હવે હું બધું સમજ્યો !

[બન્ને ઝડપથી ચાલ્યા જાય છે]

રમા : (સ્વગત) રમેશભાઈ, મને તો સ્વપ્ને ય ખ્યાલ ન હતો કે તમે આવું કરી શકો છો અને તમારામાં આટલી શક્તિ છે !

અંક ૨ જો
પ્રવેશ ૫ મો

[ગામનો એક ભાગ. કેટલાંક તૂટ્યાં-ફૂટ્યાં મંદિરોનાં ખંડેર દેખાય છે. સારુંય સ્થાન વૃક્ષો, લતાઓ અને ઝાંખરાઓથી ભરપૂર છે. એવું લાગે છે કે આ તરફ ભાગ્યે જ કોઈ આવતું જતું હશે. વેણી અને ગોવિંદ પ્રવેશ કરે છે]

ગોવિંદ : (સાવધાન બનીને અને આમતેમ જોઈને) કોક સાળો અહીં પણ ક્યાંક છૂપાઈને સાંભળતો ન હોય! ભાઈ, હું તો જાળ બીછાવીને અને એનો છેડો પકડીને બેઠો છું, જરાક ખેંચી નહિ કે ધડાક કરતો ઢળી પડ્યો.

વેણી : કામ તો પાર પડ્યું ને?

ગોવિંદ : નહિ તો ભાઇ, હું શું તમને આ જંગલમાં અમસ્તો જ બોલાવી લાવ્યો હોઈશ?—અલ્યા સાળા ભૈરવ, તારામાં એક કોડીની તો તાકાત નહિ અને તું જાય છે અમારા બધાની વિરુદ્ધ? જોયો ન હોય તો બીજાને બચાવવા જનારો? હવે પહેલાં તું તારી પોતાની જમીન તો સંભાળ. અને હવે જરા હું પણ જોઉં તો ખરો કે તું તારી છોડી કેમ પરણાવે છે!

વેણી : તો શું હુકમનામું થઈ ગયું?

ગોવિંદ : (બન્ને હાથની દસે આંગળીઓ ઊંચી કરીને) એક હજારનું. પરંતુ ભાઈ, હવે માત્ર વાતોનાં વાળુ કર્યે કામ નહિ સરે, અડધોઅડધ ભાગ આપવો પડશે.

વેણી : (ખૂબ જ પ્રસન્ન થઇને) અડધોઅડધ શું કરવા કાકા, બલ્કે દસ આની અને છ આની!

ગોવિંદ : શાબાશ મારા ભાઈ, જીવતા રહો. અને માત્ર આટલું જ નહિ, હવે દુર્ગાપૂજા પણ નજીક આવે છે. આ વખતે જરા એટલું પણ જોવું પડશે કે યદુ મુકર્જીની દીકરી પોતાને ત્યાં દુર્ગાની સ્થાપના શી રીતે કરે છે? અને પછી એ લોકોને બરાબર રીતે દેખાડી દઇશ કે આવતા ફાગણમાં એ પોતાના ભાઇને જનોઇ પણ કેવી રીતે દે છે!...તો જ મારું નામ ગોવિંદ ગાંગુલી!

વેણી : તો શું પેલી તારકેશ્વરવાળી વાત સાચી છે?

ગોવિંદ : સાચી નહિ તો? પેલો સાળો નટવર ક્યાં સીધી વાત કરતો હતો! ઇનામ આપવાનો લોભ બતાવ્યો, જરા પીઠ થાબડી, મોટાભા કર્યો, પણ એ તો એકનો બે ન જ થયો. એટલે પછી મેં મારા ચરણોની ધૂળ તેના માથે લગાવીને કહ્યું કે 'ભાઈ, ચાહે તું રમાનો નોકર હોય કે ચાહે ગમે તે હોય, પણ છું તો અંતે શૂદ્રજને! શૂદ્ર સિવાય તો બીજું કાંઈ નહિ ને! બાળબચ્ચાંવાળો છે, બ્રાહ્મણના પગની રજ તારા માથે છે. હવે જો તું જુઠ્ઠું બોલીશ તો, સવાર થતાં પહેલાં તને જો સાપ ન ડસે તો મને ફટ કહેજે!'

વેણી : પછી?

ગોવિંદ : અરે, પછી તો સાળો રોવા જેવો થઈ ગયો. મેં તેને ધીરજ આપી કહ્યું કે 'નટવર, જો તારી આ નોકરી જતી રહેશે

તો તને ઘણી યે નોકરીઓ મળી રહેશે, પરંતુ જો જીવ ગયો તો એ ફરી પાછો નહિ મળે.' એટલે પછી એણે બધી ય વાત અથથી ઇતિ માંડીને કહી—સાંજે છની ગાડીથી શેઠાણી ઘેર ન આવી શકી, નાના-બાબુ આખી રાત ત્યાં રહ્યા. ખાવું, પીવું, ઠઠ્ઠામશ્કરી કશું બાકી નહોતું રહ્યું...જવા દો, એમનાં કરમ એ ભોગવશે, આપણે શું કરવા કોઈની નિંદા કરવી પડે! બાકી હા, વાત બધી ય સાચી એ ચોક્કસ!

વેણી : જોયું ને કાકા, તે દહાડે અકબ્બરને કેવી રીતે પોલીસમાં જવા દીધો નહોતો!

ગોવિંદ : શી રીતે જવા દે! અરે ભાઈ, કાંઈ જવા દેવાય? બિલ્કુલ નહિ.

વેણી : હં...જુઓ, અંધારું થતું જાય છે. ચાલો, હવે જઈએ.

ગોવિંદ : ચાલો. (**સહસા વેણીનો હાથ પકડીને**) જુઓ ભાઈ, હું કહી રાખું છું કે જો ભત્રીજો અડધી મિલ્કત લઈ ગયો, તો પરિણામ સારું નહિ આવે, માટે અત્યારથી જ ચેતીને ચાલવાની જરૂર છે.

વેણી : કાકા, તમે બેફિકર રહો. જ્યાં સુધી હું જીવતો બેઠો છું, ત્યાં સુધી એવું નહિ બની શકે.

ગોવિંદ : આ વખતે રમાને હાટનો ભાગ છોડી દેવાનો રસ્તો નહિ મળે, એ પણ તમને કહી રાખું છું, મોટાબાબુ! પરંતુ હમણાં આ બધી વાતો મનમાં જ રાખજો. એકાએક ક્યાંક જાહેર ન કરી દેતા.

વેણી : (**કાંઇક સ્મિત કરીને**) જોઈ લેવાશે!

[બંને જાય છે]

અંક ૨ જો
પ્રવેશ ૬ ઠ્ઠો

[રમેશના ઘરનું અંતઃપુરઃ ઘણી રાત વીતી જવા છતાં રમેશ હજી પોતાના સુવાના ઓરડામાં બેઠો બેઠો લખતો વાંચતો હોય છે. અકસ્માત નેપથ્યમાં કોઈના રોવાનો અવાજ સંભળાય છે અને થોડી વારમાં જ ગોપાળ ગુમાસ્તાને ગળે વળગી ભૈરવ આચાર્ય ખૂબ જોર જોરથી બૂમો પાડતો પ્રવેશ કરે છે. રમેશ ગભરાઇને ઊભો થઈ જાય છે]

ભૈરવ : (રોતાં રોતાં) નાનાબાબુ, હું તો બધી બાજુએથી માર્યો ગયો !

રમેશ : કેમ મુનીમજી, શું વાત છે ?

ગોપાળ : બાબુજી, કામ પૂરું કરીને હું સુવાની તૈયારી કરતો હતો કે એવામાં અચાનક જ આચાર્યજી ન જાણે ક્યાંથી દોડતા આવી પહોંચ્યા અને મારા ગળે વળગી પડયા. હવે નથી મારું ગળું મૂકતા કે નથી એમનું રોવાનું બંધ કરતા !

રમેશ : આચાર્યજી, શું બન્યું છે ?

ભૈરવ : બાબુજી, હું તો સાવ બરબાદ થઈ ગયો. હવે તો મારે છોકરાંઓને લઇને ઝાડ નીચે જઈને જ રહેવું પડશે.

રમેશ : કેમ, ઝાડ નીચે જવાનું શું કામ ? મકાન ક્યાં ગયું ?

ભૈરવ : મકાન છે ક્યાં ? એ તો હરરાજ થઈ ગયું.

રમેશ : હજી સવાર સુધી તો હતું. તે દરમ્યાન કોણે હરરાજ કરાવી નાખ્યું ?

ભૈરવ : ગોવિંદ ગાંગુલીના કોઈ કાકા સસરા નામે સનત મુકર્જી છે, એમણે હરરાજ કરાવ્યું છે.

[કહી પુનઃ જોરથી રોવા માંડે છે]

ગોપાળ : પણ મારું ગળું તો મૂકો. બાબુજીને જરા બરાબર સમજાવીને વાત તો કરો કે કોણે લીધું, કોણે હરરાજ કરાવ્યું ! નાહકનો મને આમ પકડી રાખ્યે શું મળવાનું છે ? છોડો.

ભૈરવ : (ગળું છોડી દઈને) એક હજાર સત્તાશી રૂપિયા પાંચ આના છ પાઇ ! બાબુજી મારા તો પૈસા પણ ગયા અને જીવ પણ ગયો !

ગોપાળ : પૈસા કરજે લીધા હતા ?

ભૈરવ : ના મુનીમજી, એક પૈસો પણ નહોતો લીધો. સાવ તર્કટ છે. દસ્તાવેજ સુદ્ધાં બનાવટી અને ખોટો છે. મને તો કશી ખબર જ નથી કે કયારે દાવો દાખલ થયો, કયારે સમન્સ બજ્યો, કયારે હુકમનામું થયું અને ઘરબાર લીલામ થઇ ગયાં. કાલે અહીંથી તહીંથી થોડીક ગણગણ સાંભળી શહેરમાં ગયો ત્યારે મને તો ખબર પડી કે હવે બાળબચ્ચાંને લઇને મારે ઝાડ તળે જઇને રહેવું પડશે. એક હજાર સત્તાશી રૂપિયા પાંચ આના છ પાઇ...

રમેશ : આવી વિચિત્ર વાત તો કયારે ય નહોતી સાંભળી, મુનીમજી !

ગોપાળ : બાબુજી, ગામડાંઓમાં તો આવું બહુ ચાલ્યા કરે છે. જે લોકો ગરીબ હોય છે, તેમના ઉપર જ્યારે મોટા માણસોનો ખોફ ઊતરી પડે છે, ત્યારે એ લોકો આ જ રીતે બધી વાતે માણસને ખેદાનમેદાન કરી નાખે છે. આ બધાં વેણીબાબુ અને ગાંગુલીનાં કારસ્તાન છે. આચાર્યજી પ્રારંભથી જ આપણી તરફ હતા, તેથી તેમના પર આ વિપત્તિ આવી છે.

ભૈરવ : હા નાનાબાબુ, એમ જ બાબત છે. એટલા કારણસર જ મારા ઉપર આફત આવી છે.

રમેશ : પરંતુ મુનીમજી, હવે આનો ઉપાય શો ?

ગોપાળ : એમાં બહુ ભારે ખરચ કરવું પડે તેમ છે. આ કરજ પણ ખોટું છે, એના સાક્ષીઓ પણ જુઠ્ઠા છે અને પુરાવો પણ ખોટો છે. લાગે છે કે કોક બીજાએ આપના નામનો સમન્સ સ્વીકારી લીધો હશે અને એણે જ જઈને કોરટમાં કબૂલ કર્યું હશે કે મેં કરજે રૂપિયા લીધા છે. જ્યાં સુધી શહેરમાં જઈને એ બાબતની પૂરેપૂરી તપાસ ન કરીએ ત્યાં સુધી કશું ન કહેવાય.

રમેશ : તો પછી તમે તરત જાઓ, બધી વાતની તપાસ કરો અને જે ખરચ કરવું પડે તે કરો, પરંતુ એને માટે ચાંપતા ઇલાજ લો. એવા ઈલાજ લો કે ભવિષ્યમાં આવો ભારે અત્યાચાર કરવાનું કોઇ સાહસ ન કરે.

ભૈરવ : (અચાનક રમેશના પગ પકડીને) બાબુજી, ઇશ્વર તમને લાખ વર્ષના કરે. ધન, પુત્ર અને લક્ષ્મી પ્રાપ્ત કરીને આપ રાજા બનો. ભગવાન આપને—

રમેશ : (પગ છોડાવીને) આચાર્યજી, તમે હવે ઘેર જાઓ. જે કાંઈ કરવાનું હશે, તે હું કરીશ.

ભૈરવ : ભગવાન આપને......

રમેશ : આચાર્યજી, રાત ઘણી વીતી ગઈ છે અને હું પણ આજે બહુ થાકી ગયો છું.

ભૈરવ : ભગવાન આપને દીર્ઘાયુષ આપે, ભગવાન આપને રાજા બનાવે......

[ભૈરવનું પ્રસ્થાન]

રમેશ : (દીર્ઘ શ્વાસ લઇને) મુનીમજી, આ છે આપણા લોકોના અભિમાનનું ધન! આ છે અમારા દેશનો શુદ્ધ, શાંત અને ન્યાય-પરાયણ ગ્રામ્યસમાજ!

ગોપાળ : જી હા, એ જ છે! બધા લોકો જાણે છે કે આ કામ વેણીબાબુનું જ છે, બધા અંદરઅંદર ગુપચુપ વાતો પણ કરશે, પરંતુ કોઈ પણ જાહેર રીતે આ અત્યાચારનો સામનો કરવા તત્પર નહિ થાય. તે દિવસે ગાંગુલીએ તેની વિધવા ભોજાઇને મારીને ઘર બહાર કાઢી મેલી હતી, પરંતુ એને વેણીબાબુની ઓથ હતી, એટલે કોઈ કશું નહોતું બોલ્યું. એ રોતી રોતી આખા ગામમાં ઘેર ઘેર પોતાની વીતક વાત કહેતી ફરી. બધાએ એક જ જવાબ આપ્યો કે અમે શું કરીએ. ભગવાનને કહે, એ જ એનો ન્યાય કરશે.

રમેશ : અને પછી?

ગોપાળ : એ પછી એ જ ગાંગુલી હવે લોકોને ન્યાત બહાર મૂકતો ફરે છે. આ મૃત ગ્રામ્યસમાજમાં એટલું સાહસ નથી રહ્યું કે એ બાબતમાં આંગળી પણ ઊંચી કરી શકે. પરંતુ હું નાનો હતો ત્યારે મેં જોયું હતું કે તે વખતે આવી સ્થિતિ નહોતી. વિધવા

બોજાઈ પર હાથ ઉગામ્યા પછી કાંઇ સહેજમાં છૂટકો નહોતો મળી જતો. તે સમયે સમાજ દંડ દેતો અને ગુનેગારને એ દંડ માથું ઝુકાવીને સ્વીકારવો પડતો.

રમેશ : તો હવે આ ગ્રામ્યસમાજમાં કશું જ નથી રહ્યું ?

ગોપાળ : એમાં જે કાંઈ રહ્યું છે, તે તો તમે અહીં જ્યારના આવ્યા છો, ત્યારના નજરે જુઓ જ છો. જે પીડિતોની રક્ષા નથી કરતો, જે દુઃખીઓને કેવળ દુઃખના જ માર્ગે ધકેલી મૂકે છે, એને જ આપણે 'સમાજ' નામે ઓળખવાનું મહા પાપ કરીએ છીએ. અને એ આપણને સીધો રસાતાળના માર્ગે જ ઢસરડી રહ્યો છે.

રમેશ : (ચકિત થઈને) મુનીમજી, આ બધું તમને કોણે કહ્યું ?

ગોપાળ : મારા સ્વર્ગીય શેઠે. તમે હમણાં જે ભૈરવની રક્ષા કરવાનો વિચાર કર્યો, એ શક્તિ તમારામાં ક્યાંથી આવી ? એ એમની જ દયાનું ફળ છે. નાનાબાબુ, આ પ્રમાણે ગરીબો અને વિપન્નોનો ઉદ્ધાર કરતા મેં એમને અનેકવાર જોયા હતા.

રમેશ : (બન્ને હાથ વડે મોં ઢાંકી દઇને) આહ પિતાજી !—

ગોપાળ : નાનાબાબુ, રાત હવે વીતવા આવી છે, જઇને થોડીવાર આરામ કરો.

રમેશ : તમે પણ હવે ઘેર જાઓ.

[ગોપાળ જાય છે. રમેશ સુવાની તૈયારી કરે છે કે અચાનક જ બારણા પાસે કોકને જોતાં ચમકે છે]

રમેશ : કોણ ? કોણ ઊભું છે ?

[યતીન્દ્ર બારણામાંથી ડોકિયું કરે છે]

યતીન્દ્ર : નાનાભાઈ, હું છું.

રમેશ : (તેની નજીક જઇને) કોણ, યતીન્દ્ર ? આટલી રાતે ? મને બોલાવે છે ?

યતીન્દ્ર : હા જી, આપને જ !

રમેશ : મને 'નાનાભાઇ' કહીને બોલાવવાનું તને કોણે કહ્યું ?

યતીન્દ્ર : મોટી બહેને !

રમેશ : રમાએ ? એમણે શું મને કાંઇ કહેવા માટે તને મોકલ્યો છે ?

યતીન્દ્ર : ના. મોટી બહેને કહ્યું કે મને તારી સાથે નાનાભાઇને ત્યાં લઈ ચાલ. જુઓ, એ ત્યાં ઊભાં.

[કહી દરવાજા બહાર જુએ છે]

રમેશ : (ગભરાઈને અને આગળ વધીને) આજે આ મારું કેવું અહોભાગ્ય ! પરંતુ મને તારે ત્યાં બોલાવવાને બદલે તારે શાથી અહીં આવવું પડયું ! આવ, અંદર આવ.

[રમા અત્યંત સંકુચિત ભાવે અંદર દાખલ થાય છે અને દરવાજા નજીક જ ભોંય પર બેસી જાય છે. યતીન્દ્ર પોતાની મોટી બહેન નજીક બેસવા જાય છે, પરંતુ રમેશ તેને એક આરામ ખુરસી ખેંચી તે પર સુવાડી દે છે]

રમા : હવે રાત બહુ નથી રહી. લગભગ સવાર થવા આવ્યું

છે. હું માત્ર એક ભિક્ષા યાચવા આવી છું. કહો, સ્વીકારશો?

રમેશ: મારી પાસે ભિક્ષાની યાચના કરવા આવી છે? આશ્ચર્ય! કહે, શું યાચના છે?

રમા: (માથું ઊંચું કરીને અને થોડીવાર તેની સામે એકીટસે જોઈ રહીને) પહેલાં તમે વચન આપો.

રમેશ: (માથું ધુણાવીને) ના, એ તો હું નહિ આપી શકું. કાંઈ પણ પૂછપરછ કર્યા વિના જ મારામાં વચન આપવાની જે શક્તિ હતી તે તો રમા, તેં તારા પોતાના હાથે જ નષ્ટ કરી દીધી છે.

રમા: મેં નષ્ટ કરી દીધી છે?

રમેશ: હા, તેં જ! તારા સિવાય એ શક્તિ આ જગતમાં બીજા કોઈનામાં નહોતી. આજે હું તને એક સાચી જ વાત કરીશ, રમા, ઇચ્છા હોય તો વિશ્વાસ કરજે અને ન હોય તો ન કરીશ. પરંતુ એ વસ્તુ જો મરી ગઈ ન હોત તો—સદાને માટે સાવ નષ્ટ ન થઈ ગઈ હોત તો—કદાચ આ વાત તને હું ક્યારે ય કહી ન શકત. પરંતુ આજે આપણા બન્નેમાંથી કોઈની લેશમાત્ર પણ હાનિ થવાનો સંભવ રહ્યો નથી, તેથી આજે જાહેરમાં મૂકું છું કે તે દિવસ પર્યંત પણ મારી પાસે એવું કશું નહોતું કે જે હું તને આપી ન શકું. પરંતુ જાણે છે કે એમ શાથી હતું?

રમા: (માથુ હલાવીને) ના!

રમેશ: પરંતુ એ સાંભળીને નારાજ પણ ન થઈશ અને લજ્જિત પણ ન થઇશ. માનજે કે કોઈ જૂના જમાનાની વાત તું સાંભળી રહી છે. રમા, હું તને ચાહતો હતો. હું માનું છું કે તને હું જેટલી ચાહતો હતો, તેટલો પ્રેમ કદાચ કોઇને ક્યારે ય કોઇએ નહિ

કર્યો હોય. નાનપણમાં માને મોંએ સાંભળ્યું હતું કે આપણા વિવાહ થશે. ત્યારબાદ જે દિવસે સર્વ કાંઈ નષ્ટ થઈ ગયું, તે દિવસે—આટલાં વર્ષો વીતી ગયાં, તો પણ હજી એમ જ લાગ્યા કરે છે કે જાણે હજી ગઈ કાલની જ એ વાત છે.

[રમેશના મુખ તરફ જોઇને રમા ક્ષણભર માટે કંપી ઊઠે છે અને પછી પુન: માથું નમાવીને સ્તબ્ધ અને નિશ્ચલ બનીને બેસે છે]

રમેશ : તું એવો વિચાર કરતી હોઈશ કે આ બધી વાત તને કહી સંભળાવવી એ અન્યાય છે. મારા મનમાં પણ એવો જ સંદેહ હતો : અને તેથી જ, તે દિવસે પણ, જ્યારે તારકેશ્વરમાં કેવળ એક જ દિવસના આદરસત્કારથી મારા જીવન સમસ્તની ધારા બદલાઈ ગઈ, ત્યારે પણ ચુપ જ રહ્યો હતો. તે દિવસે તો જો કે હું કાંઈ બોલ્યો ન હતો, તો પણ તે દિવસે મારી નીડરતામાં જે વ્યથા હતી, તેને માપવાનો માનદંડ કદાચ માત્ર અંતર્યામીના જ હાથમાં હશે.

રમા : (અકળાઈ ઊઠીને) જે એના હાથમાં છે, તેને એના જ હાથમાં રહેવા દો ને, રમેશભાઇ !

રમેશ : એ તો છે જ, રમા !

રમા : તો...તો...આજે જ તમારા જ મકાનમાં આ પ્રકારે મારું અપમાન શું કરવા કરી રહ્યા છો ?

રમેશ : અપમાન ? ના, ના, એ અપમાન નથી. એમાં માન-અપમાનની કોઈ વાત જ નથી. જે લોકોની આ વાત સાંભળી રહી છે એ રમા પણ તું પહેલાં ક્યારે ય નહોતી અને એ રમેશ પણ હવે હું નથી.

રમા : રમેશભાઈ, તમે માત્ર તમારી જ વાત કરો. રમાની હકીકત તમારા કરતાં હું વધારે જાણું છું.

રમેશ : ભલે એમ, મારી વાત સાંભળ. નથી જાણતો કે શાથી, પરંતુ તે દિવસે તો મારો દૃઢ વિશ્વાસ થઇ ગયો હતો કે તું ચાહે તે કહે અને ચાહે તે કરે, પરંતુ મારું અમંગળ થતું કયારે ય સાંખી નહિ શકે. કદાચ એટલે સુધી મેં તો ધારણા બાંધી હતી કે પેલો, બાળપણમાં એક દિવસ મને તેં જે પ્રેમ કર્યો હતો અને પેલી જે તારા જ હાથે તેં મારી આંખો લૂછી હતી, એ કદાચ તું આજે પણ સાવ તો નહિ જ ભૂલી ગઈ હોય. એટલા માટે જ મેં તો નિર્ણય કર્યો હતો કે તને કશી ય વાત કર્યા વિના જ, માત્ર તારી છાયામાં બેસીને જ, મારાં જીવનનાં સમસ્ત કાર્યો હું ધીરે ધીરે કર્યે જઇશ. પરંતુ તે દિવસે જ્યારે ખુદ અકબરના મોંએથી મેં સાંભળ્યું કે તેં પોતે જ......અરે, આ શું? બહાર આ બધી ધાંધલ શાની ચાલી રહી છે?

[ઝડપભેર ગોપાળ પ્રવેશ કરે છે]

ગોપાળ : નાનાબાબુ !

[અચાનક રમાને જોતાં સ્તબ્ધ બની અટકી જાય છે]

રમેશ : કેમ શું છે, મુનીમજી ?

ગોપાળ : પોલીસોએ આવી ભજુઆને ગિરફતાર કર્યો છે.

રમેશ : ભજુઆને ? શા માટે ?

ગોપાળ : તે દિવસે રાધાપુરમાં જે ધાડ પડી હતી તેમાં એ સામેલ હતો એમ કહે છે.

રમેશ : વારુ, હું ચાલું છું. તમે બહાર જાઓ.

[ગોપાળનું પ્રસ્થાન]

રમેશ : યતીન્દ્ર ઊંઘી ગયો છે. એને સુઈ રહેવા દે. પરંતુ તું હવે અહીં એક ક્ષણુ પણ વધુ ન રોકાઈશ. બારીને રસ્તેથી ચાલી જા. પોલીસ ઘરમાં જડતી લીધા વિના નહિ રહે.

રમા : (ઊભી થઈને ભયભીત સ્વરે) તમારા પોતાને માટે તો કશો ભય નથીને ?

રમેશ : કાંઈ કહી શકાય નહિ, રમા. એ પણ નથી જાણતો કે મામલો ક્યાં સુધી વધી ગયો છે !

રમા : તમને પણ ગિરફ્તાર કરી શકે છે ?

રમેશ : હા, કરી શકે છે.

રમા : જુલમ પણ કરી શકે છે ?

રમેશ : એ પણ અસંભવિત નથી.

રમા : (સહસા રોઈ પડીને) રમેશભાઈ, હું નહિ જાઉં.

રમેશ : (ડરી જઈને) નહિ જાય ?

રમા : એ લોકો તમારું અપમાન કરશે, તમારા પર જુલમ કરશે. ના રમેશભાઈ, હું કોઈ પણ પ્રકારે અહીંથી ખસવાની નથી.

રમેશ : (વ્યાકુળ સ્વરે) છીઃ છીઃ તારે અહીં ન રહેવું જોઇએ. તું શું પાગલ થઈ ગઈ છે, રાણી ?

[રમેશ પરાણે તેને બહાર કાઢે છે. બહાર ઘણા માણસોનો પગરવ અને ધાંધલ સ્પષ્ટ રીતે સંભળાય છે]

૨ મા

[અંક ત્રીજો]

અંક ૩ જો
પ્રવેશ ૧ લો

[વિશ્વેશ્વરીનો ઓરડો. અંદર ભાભુ અને રમેશ બેઠાં છે]

વિશ્વે : કેમ રમેશ, હવે તો તું પેલી પીરપુરવાળી નવી શાળામાં જ ગુંથાયેલો રહે છે, અમારી શાળામાં ભણાવવા નથી જતો ?

રમેશ : ના, નથી જતો. જ્યાં મહેનત કરવી વ્યર્થ હોય, જ્યાં કોઈ એકબીજાનું ભલું જોઇ શકતું ન હોય, ત્યાં મહેનત કરીને મરવામાં કશો લાભ નથી, નફામાં માત્ર પોતાના દુશ્મનો જ વધે છે. એના કરતાં તો એ જ વધારે સારું છે કે જેમનું ભલું કરવાનો પ્રયત્ન કરવાથી સાચે જ ભલું થાય છે, એવા મુસલમાનોમાં અને પછાત વર્ગના હિંદુઓમાં જ હું પરિશ્રમ કરું.

વિશ્વે : એમાં તો કશું જ નવું નથી, રમેશ ! દુનિયામાં ભલું કરવાનો ભાર જેમણે જેમણે પોતાના ઉપર લીધો છે, તેમના શત્રુઓની સંખ્યા હમેશાં વધતી જ આવી છે. એની બીકે જેઓ પાછા હઠી જાય છે, તેમના ટોળામાં જો તું પણ ભળી જઇશ, તો પછી કામ કેમ આગળ વધશે, બેટા ! આ ભારે બોજ ભગવાને તારા માથે નાખ્યો છે અને તારે જ તે ઉપાડવો રહ્યો. પરંતુ રમેશ ! તું એ લોકોના હાથનું પાણી પીએ છે, એ ખરી વાત છે ?

રમેશ : (હસીને) જોયુંને ભાભુ, એટલીવારમાં એ વાત

તમારા કાન સુધી પહોંચી ગઈ. પરંતુ ભાભુ, હું તો તમારા આ જાતિભેદમાં માનતો નથી.

વિશ્વે : જાતિભેદમાં નથી માનતો? જાતિભેદ એ શું ખોટી વસ્તુ છે? અથવા જાતિભેદ જેવું કશું છે જ નહિ, એટલે તું એમાં નથી માનતો?

રમેશ : જાતિભેદ છે એ હું સ્વીકારું છું, પરંતુ એ સારી વસ્તુ છે એ હું નથી માનતો. એમાંથી જ કોણ જાણે કેટકેટલા વિખવાદો અને કેટકેટલી પક્ષાપક્ષી ઊભી થાય છે? માનવીને હલકો ગણીને તેનું અપમાન કરવાનું પરિણામ તમે શું નથી જોઈ શકતાં, ભાભુ? પાસે પૈસા ન હોવાના કારણે જ તે દિવસે દ્વારકા મહારાજનું પ્રાયશ્ચિત ન થઇ શક્યું. એટલા જ કારણસર કોઈ એના મુડદાને ય અડકતું નહોતું. તમે શું આ બધું નથી જાણતાં?

વિશ્વે : જાણું છું, હું એ બધું ય જાણું છું; પરંતુ એનું મૂળ કારણ જાતિભેદ નથી. એનું જે સૌથી મોટું કારણ છે, તે એ જ છે કે જેને યથાર્થ ધર્મ કહેવામાં આવે છે અને જે કોઈ સમયે અહીં પણ હતો; તે હવે ગામડાઓમાંથી લુપ્ત થઇ ગયો છે. હવે તો રહી ગયાં છે, માત્ર થોડાક અર્થહીન આચાર-વિચારના કુસંસ્કાર અને તેમાંથી જ ઉત્પન્ન થતી ખોટી પક્ષાપક્ષી.

રમેશ : એનો કશો ઉપાય નથી, ભાભુ?

વિશ્વે : નથી કેમ ભાઈ, છે. જ્ઞાન એ જ એનો ઉપાય છે. જે માર્ગે તેં પગલાં માંડયાં છે, કેવળ એ જ માર્ગ એનો ઉપાય છે. એટલે જ તો બેટા, હું તને વારંવાર કહ્યા કરું છું કે તું આ તારી જન્મભૂમિનો પરિત્યાગ કરીને કયાંય ન જઈશ. તારી જ જેમ, બહાર મોટા થયેલા, તારી માફક જ જો ગામમાં પાછા આવતા હોત અને બધા ય સંબંધ તોડી નાખીને શહેરોમાં ચાલ્યા જતા ન હોત, તો આ

ગામડાંઓની આટલી દુર્ગતિ ન થાત. એ લોકો કદાપિ ગોવિંદ ગાંગુલીને માથે ચડાવી તને દૂર ન હડસેલી મૂકત.

રમેશ : પણ દૂર ખસી જવામાં તો મને કાંઈ દુઃખ થતું નથી, ભાભુ.

વિશ્વે : પરંતુ, એ દુઃખ જ સૌથી મોટું દુઃખ હોય છે, રમેશ. જો તું આ પ્રમાણે અધવચે જ બધું મૂકી દઇને ચાલ્યો જઇશ, તો બેટા, તારી આ જન્મભૂમિ તને કયારે ય માફ નહિ કરે.

રમેશ : પણ ભાભુ, જન્મભૂમિ મારા એકલાની તો કાંઈ છે જ નહિ ?

વિશ્વે : કેવળ તારા એકલાની જ છે બેટા, એ તો કેવળ તારી જ માતા છે. જોતો નથી કે માએ કદી સંતાનની પાસે મોં ફાડીને હક્ક કરીને કશું માગ્યું નથી. તેથી આટઆટલા લોકો હોવા છતાં કોઈના ય કાને તેનું રુદન પહોંચી શકયું નહોતું, પરંતુ તેં તો આવતાં વેંત જ તે સાંભળી લીધું.

રમેશ : (થોડીવાર સુધી શીર નમાવી ચુપ રહ્યા બાદ) ભાભુ, તમને એક વાત પૂછું ?

વિશ્વે : કઈ વાત ?

રમેશ : હું તો જાણે તમારા આ જાતિભેદમાં માનતો નથી, પરંતુ તમે તો તેમાં માનો છો ને ?

વિશ્વે : તું નથી માનતો, એટલે મારે પણ શું ન માનવો ?

રમેશા : પરંતુ હું તો બધાયનું અડકેલું ખાઉં છું, એટલે મારા હાથનું અડકેલું તો તમે નહિ ખાઈ શકો, ભાભુ ?

વિશ્વે : કેમ ન ખાઈ શકું ? તું તો મારો દીકરો છે, અને

તે પણ કાંઈ જેવો તેવો ! બહુ જ મહાન દીકરો ! તો પછી શું હું સ્ત્રી થઇને આવી વાત મોંએ લાવી શકું ?

રમેશ : (નમી પડીને અને ભાભુની ચરણરજ માથે ચડાવીને) ભાભુ, તમે મને એવો આશીર્વાદ આપો કે હું તમને બરોબર રીતે ઓળખી શકું.

વિશ્વે : (રમેશનું મુખ ઊંચું કરી તેને ચૂમીને) બસ બસ, થયું ! થયું ! પરંતુ હજી મારે પૂજા કરવાની બાકી છે. થોડીવાર રોકાઈ શકીશ ?

રમેશ : ના ભાભુ, મારે શાળાએ જવાનો સમય થયો છે.

વિશ્વે : વારુ, તો પછી જ્યારે સમય મળે ત્યારે આવી જજે.

[રમેશ અને વિશ્વેશ્વરીનું પ્રસ્થાન. એક બાજુથી રમા અને બીજી બાજુથી દાસીનો પ્રવેશ]

રમા : રાધા, ભાભુ ક્યાં છે ?

દાસી : હજી હમણાં જ પૂજા કરવા ગયાં. બહુવાર નહિ લાગે બહેન, થોડીવાર બેસોને !

[વેણી પ્રવેશ કરે છે. એ આવતાં જ દાસી ત્યાંથી ખસી જાય છે]

વેણી : તને અહીં આવતી જોઈને જ હું આવ્યો છું, રમા ! મારે તારી સાથે ઘણી વાતો કરવાની છે. મા શું પૂજા કરવા ગયાં છે ?

રમા : હા, રાધાએ મને એમ જ કહ્યું.

વેણી : અનેક દાવપેચ વિચારીને કામ કરવું પડે છે, બહેન, નહિ તો શત્રુને હરાવી ન શકાય. તે દિવસે ભજુઓ હાથમાં લાઠી

લઇને પોતાના શેઠના હુકમથી તારે ઘેર માછલાં પડાવી લેવા ધસી આવ્યો હતો, એનો રિપોર્ટ જો તેં થાણામાં ન કર્યો હોત, તો આજે એ સાળાને આમ જેલમાં પૂરાવી શક્યા હોત? એની સાથે જ બહેન, જો તેં બે ચાર વાતો વધારીને રમેશનું નામ પણ જોડી દીધું હોત! પરંતુ તે વખતે તો તમે લોકોએ મારું કહેવું કશું કાને જ ન ધર્યું. ના ના, તું ગભરાઇશ નહિ, તારે ત્યાં સાક્ષી આપવા નહિ આવવું પડે. અને કદાચ આવવું પણ પડે, તો એમાં શો વાંધો છે? જો જમીનદારી સુરક્ષિત રાખવી હશે, તો આમ પીછેહઠ કર્યાથી કામ નહિ ચાલે. – અને વળી રમેશે પણ આપણને હેરાન કરવા માટે આપણા જ દાદાના લાખો રૂપિયા ક્યાં બરબાદ નથી કર્યા? પીરપુરમાં નિશાળ ઉઘાડી છે. એક તો મૂળ જ આ મુસલમાન પ્રજા જમીનદારને માનવા તૈયાર નથી હોતી, તેમાં જો લખતાં વાંચતાં શીખી ગઇ, તો પછી આપણે માટે જમીનદારી રાખવી કે ન રાખવી બન્ને એકસરખું થઈ જવાનું, એ વાત હું અત્યારથી કહી રાખું છું.

રમા : વારુ મોટાભાઈ, જો ધનસંપત્તિ અને જમીનદારી નાશ પામશે, તો તેથી રમેશભાઈને પોતાને પણ કાંઈ ઓછું નુકસાન તો થવાનું નથી?

વેણી : (જરા વિચાર કરીને) હા. પરંતુ રમા, તું જાણતી નથી, કે આવા મામલાઓમાં કોઈ પોતાના નુકસાનનો તો વિચાર જ કરતું નથી. આપણને બન્નેને હેરાન કરવામાં જ એને મજા આવે છે. જોતી નથી કે જ્યારથી એ અહીં આવ્યો છે, ત્યારથી પૈસા તો પાણીની માફક વેડફી રહ્યો છે? હલકી જાતના લોકોમાં તો બસ 'નાનાબાબુ, નાનાબાબુ'ની ધૂમ મચી ગઈ છે. પરંતુ આ બહુ દહાડા નભવાનું નથી, એ હું તને અત્યારથી કહી દઉં છું. આજે તેં એને પોલીસની નજરે ચડાવી દીધો છે, એથી જ એનો અંત આવી જશે.

રમા : શું રમેશભાઈને એ વાતની ખબર પડી ગઇ છે કે મેં જઈને પોલીસમાં રિપોર્ટ કર્યો છે!

વેણી : મને બરાબર ખબર તો નથી, પરંતુ એને એ વાતની જાણ તો થઇ જશે. ભજુઆવાળા મામલામાં છેવટે તો બધી વાત ખૂલશે કે નહિ?

રમા : (થોડીવાર ચુપ રહીને) તે હેં મોટાભાઈ, આજકાલ બધેય બધાય લોકોને મોંઢે એમનું જ નામ સંભળાય છે?

વેણી : હા, એક રીતે તો એમ જ છે. પરંતુ રમા, હું પણ એને એમ સહેલાઇથી નહિ જવા દઉં. કોઈ સ્વપ્ને ય એવો ખ્યાલ ન રાખે કે એ ભણાવીગણાવીને બધી પ્રજા બગાડી મૂકે અને હું જમીનદાર હોવા છતાં બધું ચુપચાપ જોયા કરું. આ સાળો ભૈરવ આચાર્ય ભજુઆની તરફેણમાં સાક્ષી આપીને હવે એની છોડીનાં લગ્ન કેવી રીતે કરે છે, તે હું જોઉં છું!

રમા : મોટાભાઇ, આ તમે શું કહો છો?

વેણી : કેમ, એકવાર બધાને બધી ખબર પાડવી નહિ પડે? એ મારી વિરુદ્ધ અદાલતમાં જઇને સાક્ષી પૂરે અને પછી બાળબચ્ચાં લઈને આ ગામમાં રહે, એની ખબર મારે ન લેવી જોઈએ? અને આ આચાર્ય તો માત્ર એક નાનાશા માછલા જેવો છે, બાકી હજી બીજા મોટામોટા મગરમચ્છ પણ છે. હવે જોઉં કે ગોવિંદકાકા શી સલાહ આપે છે? અહીં ધાડો તો પડયા જ કરે છે. જો આ વખતે નોકરને જેલ મોકલી શકીશ; તો એના શેઠને એની પાછળ મોકલતાં બહુ મહેનત લેવી નહિ પડે.

રમા : (અત્યંત વિસ્મિત થઈ વેણીના મુખ તરફ જોઇ રહેતાં) કહો છો શું, મોટાભાઇ, તમે રમેશભાઇને જેલમાં ધકેલશો?

વેણી : કેમ? એ શું કોઈ મોટો દેવનો દીકરો છે? હાથમાં

આવ્યા પછી એને શું સાવ કોરો જ જવા દઈશ? તું પણ કેવી વાત કરે છે!

રમા : (મૃદુ સ્વરે) રમેશભાઈ જેલમાં જાય, એ શું આપણે માટે નીચું જોવા જેવું ન ગણાય?

વેણી : કેમ? એમાં વળી નીચું જોવા જેવું શું છે?

રમા : કેમકે એ પણ આપણો જ એક આત્મીય છે. આપણે જ જો એમનો બચાવ નહિ કરીએ, તો લોકો પછી આપણા પર થુંકશે નહિ?

વેણી : એનાં કર્યાં એ ભોગવે, એમાં આપણે શું?

રમા : રમેશભાઈ કાંઈ ધાડબાડ પાડતા તો છે નહિ. બલ્કે એ વાત તો હવે સૌ કોઈને વિદિત છે કે પારકાના ભલા માટે એ પોતાના સર્વસ્વનો ભોગ આપી રહ્યા છે. તદુપરાંત આપણે પણ ગામમાં શું મોં લઈને રહી શકીશું?

વેણી : બહેન, તને થઈ શું ગયું છે?

રમા : ગામના માણસો ભલે ડરના માર્યા આપણા મોંએ કશું ન કહે, તો પણ પીઠ પાછળ તો કહેતા ફરશે જ. તમે કહેશો કે લોકો પીઠ પાછળ તો રાજાની માને પણ ડાકણ કહે છે; પરંતુ માથે ભગવાન તો છે ને? જો નિર્દોષને દંડ દીધો, તો એ શી રીતે આપણને જતાં કરશે?

વેણી : હાય રે કિસ્મત! એ છોકરો વળી કયે દહાડે દેવદેવતા કે ભગવાનમાં માને છે? શિવજીનું મંદિર જીર્ણ થઈ ગયું છે. એની મરમ્મત કરાવવાનું કહેવા જ્યારે એની પાસે માણસ મોકલ્યા, ત્યારે તેણે એમ કહીને એમને ઘર બહાર હાંકી કાઢયા કે જેમણે તમને મારી પાસે મોકલ્યા છે, એમને જઈને કહેજો કે ખોટાં ખરચ કરવા મારી પાસે પૈસા નથી. સાંભળી એની વાત? આ તો ખોટું ખરચ,

અને હલકી વર્ણના લોકો માટે નિશાળ ઉઘાડવી એ કામનું ખરચ. વળી એ બ્રાહ્મણનો છોકરો હોવા છતાં સંધ્યાપૂજાનું તો નામ પણ લેતો નથી. અને મેં તો સાંભળ્યું છે કે એ મુસલમાનોના હાથનું પાણી પણ પીએ છે! બહેન, એ ચાર ચોપડી અંગ્રેજી ભણ્યો, એટલે હવે એને કાંઈ ધરમકરમ રહ્યાં છે? જરા ય નહિ! એ બધાનો દંડ ક્યાં? લોકો એક દહાડો જોશે કે એનાં બધાંય કરમોનો દંડ એકઠો કરી રાખેલો હતો.

[રમા ચુપ રહે છે]

વેણી : હવે હું જાઉં છું. વખત મળશે તો વળી એકવાર આવી જઈશ. બહાર કદાચ ગોવિંદકાકા આવીને મારી રાહ જોતા હશે.

રમા : હું પણ હવે જાઉં છું, મોટાભાઈ.

[બન્ને જાય છે. રમેશ પ્રવેશ કરે છે]

રમેશ : રાધા, રાધા!

[દાસી પ્રવેશ કરે છે]

દાસી : કેમ શું છે, નાનાબાબુ?

રમેશ : ભાભુ પૂજા કરીને આવ્યાં? મારે તેમને એ વખતે એક વાત કરવાની રહી ગઈ છે.

દાસી : ના, હજી આવ્યાં નથી. બોલાવું?

રમેશ : ના, ના, રહેવા દે. એમને કહેજે કે હું ત્રીજા પહોરે આવીશ.

રાધા : વારુ.

[ઝડપભેર ગોપાળનો પ્રવેશ]

રમેશ : તમે અહીં ક્યાંથી?

ગોપાળ : નાનાબાબુ, રાહ જોવા જેવો વખત નથી. હું તો તમને બધે ય ખોળી વળ્યો. તમે આચાર્ય ભૈરવની વાત સાંભળી? તમે એ સાંભળ્યું કે એણે આપણા બધાનું કેવું સત્યાનાશ વાળ્યું છે?

રમેશ : હું તો કશું જાણતો નથી.

ગોપાળ : જ્યારે મોટા શેઠ ગુજરી ગયા, ત્યારે મેં વિચાર કર્યો કે હવે બહુ થયું, હવે આગળ નહિ બોલું—શાંત રહીશ. પરંતુ એવું ન થવા દીધું. નાનાબાબુ, હવે તમે મને નહિ રોકી શકો. આચાર્યને એની કરણીનાં ફળ હું જરૂર ચખાડીશ,—બરાબર ચખાડીશ. આનો બદલો એની પાસેથી લઈશ, લઈશ અને જરૂર લઈશ. હું આજે જ શહેરમાં જાઉં છું.

રમેશ : મુનીમજી, પણ વાત શું છે? આચાર્યે એવું તે શું કર્યું છે કે તમારા જેવો શાંત માણસ પણ આમ ઊકળી ગયો?

ગોપાળ : તમે પૂછો છો કે એણે શું કર્યું? નિમકહરામ શેતાન ક્યાંકનો! તે જ વખતે મારા તો મનમાં આવ્યું હતું કે એની જમીન જાયદાદ લીલામ થાય છે, તો ભલે થતી, આપણે એ મામલામાં વચ્ચે નથી પડવું. પરંતુ તે જ વખતે વળી પાછો વિચાર આવ્યો કે એમ કરીશ તો મોટા શેઠ સ્વર્ગમાં દુઃખી થશે. એમનો સ્વભાવ તો હું જાણતો હતો, એટલે હું તમને પણ ન રોકી શક્યો.

રમેશ : પરંતુ મુનીમજી, તમે વાત તો કાંઈ કહી નહિ?

ગોપાળ : તે દિવસે તમારી આજ્ઞાનુસાર હું શહેરમાં જઈને તેના હુકમનામાના રૂપિયા ભરીને એના મુકદ્દમાની બધી વ્યવસ્થા કરી આવ્યો હતો. અને આજે હવે હમણાં જ સમાચાર મળ્યા કે પરમદિવસે ભૈરવ આચાર્યે જાતે શહેરમાં જઈને કચેરીમાં દરખાસ્ત ભરી દીધી અને મુકદ્દમો પાછો ખેંચી લીધો. દેવું એણે કબૂલ રાખ્યું.

રમેશ : એટલે?

ગોપાળ : એટલે એ કે આપણે જે રૂપિયા કચેરીમાં જમા કરાવ્યા હતા, તે બધાય ગયા ! હવે આપણી આંખો સામે આ ત્રણે જણા ભાગ વહેંચી ખાશે—ગોવિંદ ગાંગુલી, મોટાબાબુ અને એ પોતે. આજે સવારથી આચાર્યને બારણે ઢોલત્રાંસાં વાગી રહ્યાં છે, તે સાંભળ્યું નહિ તમે ? ધૂમધામથી ભાણેજનું બોટણુ. એ જ પૈસામાંથી ગામ આખાના બ્રાહ્મણો મિષ્ટાન ઉડાવશે. અને ખરી મજા તો એ છે કે એ પૈસા તમારા હોવા છતાં, તમારે માટે ત્યાં જરાય સ્થાન નથી—ગોવિંદ ગાંગુલીને માટે સ્થાન છે. તમને તો એ લોકોએ ન્યાત-બહાર મૂક્યા છે.

રમેશ : ભૈરવ આચાર્ય ? આ બધું એ કરી શક્યો ?

ગોપાળ : શું કરવા ન કરી શકે ? હવે તો માત્ર એટલું જ જાણવું બાકી રહ્યું છે કે ગ્રામડાગામના માણસો શું શું નથી કરી શકતા. વારુ, તો હું હવે જાઉં છું.

રમેશ : ઠીક જાઓ. હું તો માત્ર એટલો જ વિચાર કરી રહ્યો છું કે આ મહાપાતકનું પ્રાયશ્ચિત શી રીતે થશે ?

ગોપાળ : હું સાક્ષીમાં છું, કચેરી ઉઘાડી છે. નાનાબાબુ, હું એને એમ સહેજમાં જ નહિ છોડું.

[ગોપાળ જાય છે]

રમેશ : નથી જાણતો કે કાયદો શું કહે છે. એ પણ નથી જાણતો કે કૃતઘ્નતાનો કશો દંડ અદાલતમાં મળે છે યા નહિ; પરંતુ એ બધું જવા દો. આજે હું પોતે જ બધો ભાર મારે માથે લઉં છું. માત્ર સહન જ કર્યા કરવું એ જ સંસારમાં પરમ ધર્મ નથી.

[જાય છે]

અંક ૩ જો

પ્રવેશ ૨ જો

{ભૈરવ આચાર્યના મકાનનો બહારનો ભાગ. આજે તેના દૌહિત્રનું અન્નપ્રાશન છે, તેથી દરવાજા બહાર માંડવો નાખેલો છે. આસોપાલવનાં પાંદડાંનાં તોરણ ટાંગેલાં છે. આંગણામાં એક બાજુ ઢોલત્રાંસાં વગાડનારાઓનું દળ બેઠેલું છે. સામે માંડવીમાં ગોવિંદ ગાંગુલી અને વેણી ઘોષાલ આદિ બેઠેલા છે. કોઈ હસે છે, તો કોઈ હૂક્કો પીએ છે. એક વૈષ્ણવ અને તેની વૈષ્ણવી બન્ને મળી કીર્તન ગાઈ રહ્યાં છે અને બધાં તે આનંદપૂર્વક સાંભળી રહ્યાં છે. કીર્તન સમાપ્ત થતાં દીનુ ભટ્ટાચાર્ય હૂક્કો નીચે મૂકી બહાર જવા ઊભો થાય છે, એવામાં જ રમેશ ત્યાં આવી પહોંચે છે. એને જોતાં જ એ જણાઈ આવતું હતું કે એ ખૂબ જ ઉશ્કેરાયેલો છે. એને આમ અચાનક આવેલો જોઈ બધા ગભરાઈ ગયા જેવા થઈ જાય છે]

રમેશ : આચાર્યજી ક્યાં છે ?

દીનુ : (નજીક જઈ ને) ચાલો ભાઈ, ઘેર ચાલો. તમે તો ભૈરવ આચાર્ય ઉપર જે ઉપકાર કર્યો છે એવો તો એનો સગો બાપ પણ ન કરત. પણ બીજો ઉપાય પણ નથી. બધાંયને બાળબચ્ચાં સાથે ઘરસંસાર ચલાવવાનો હોય છે. એટલે તમને નોંતરું દેવા જતાં—સમજી ગયા ને ભાઈ!—એમાં ભૈરવનો પણ બિચારાનો બહુ દોષ નથી. તમે બધા આજકાલના શહેરના છોકરાઓ! ન્યાતજાત કાંઈ માનો નહિ—એટલેજ તો—સમજી ગયા ને ભાઈ!—એ દહાડા પછી એને એની નાની છોડી પરણાવવી પડશે—એ પણ બાર વરસની થઈ ગઈ છે—પરણાવવી તો પડશે જ ને !—અને આપણા સમાજની તો વાત તમે જાણો છો જ ને ભાઈ!......

રમેશ : જી હા, હું બધું સમજું છું. પરંતુ તમે જરા બતાવશો કે એ ક્યાં છે ?

દીનુ : છે, છે, ઘરમાં જ છે. પણ હું એ બ્રાહ્મણને પણ દોષ શી રીતે દઉં ? (બધા માણસો તરફ જોઇને) અમને ડોસાઓને પરભવનો પણ કાંઈક તો ભય......

રમેશ : હા, હા, એ બધું ઠીક છે, પરંતુ ભૈરવ ક્યાં છે ?

[ભૈરવ પ્રવેશ કરે છે]

ભૈરવ : (વિનયપૂર્વક વેણીબાબુને) જુઓ મોટાબાબુ, આપ લોકોને પછી વાંધો હોય તો—

[અચાનક રમેશને સામે જોતાં એ વજ્રાહતની જેમ સ્તબ્ધ થઈ જાય છે]

રમેશ : (ઝડપથી આગળ વધીને અને એનો હાથ પકડીને) આવું કેમ કર્યું. આજ હું—

ભૈરવ : મોટાબાબુ, ગોવિંદ ગાંગુલીજી, જરા એકવાર આમને—

રમેશ : (**જોરથી આંચકો મારીને**) મોટાબાબુ અને ગોવિંદ!— આજે હું બધાયને બતાવી દઈશ. બોલ, કેમ આવું કામ કર્યું?

[વેણી વગેરે બધા ઝડપભેર નાસી જાય છે]

ભૈરવ : (રોઈ પડીને) અરે લક્ષ્મી, જલદીથી જઈને પોલીસને ખબર આપ. અરે! મારી નાખ્યો રે!

રમેશ : ચુપ! બતાવ શા માટે એમ કર્યું?

ભૈરવ : ઓ બાપ રે! મારી નાખ્યો રે!

રમેશ : મારી જ નાખીશ. આજે તારું ખૂન કરીને જ પછી ઘેર જઈશ.

[એમ કહી વારેવારે આંચકા મારે છે. લક્ષ્મી પણ આવીને જોરથી રડવા લાગે છે. એટલામાં ઘણા લોકો આજુબાજુ એકઠા થઈ જાય છે, અને જોઈ રહે છે. ત્વરાથી રમા પ્રવેશ કરે છે]

રમા : બસ થયું! છોડી દો હવે!

રમેશ : કેમ?

રમા : તમે આના પર હાથ ઉગામશો?

રમેશ : આજે હું એને છોડવાનો નથી.

રમા : (**બળ કરી હાથ છોડાવીને**) આટલા લોકો વચ્ચે તમને

તો શરમ નથી આવતી, પરંતુ હું તો શરમની મારી મરી જાઉં છું. જાઓ, ઘેર જાઓ.

રમેશ : (થોડીવાર તેના પ્રતિ વિહ્વળ દૃષ્ટિથી જોઈ રહીને) વારુ. ઘેર જ જાઉં છું.

[કહી રમેશ ધીરે ધીરે ત્યાંથી ચાલ્યો જાય છે. એના જવા બાદ વેણી, ગોવિંદ આદિ બધા આવી પહોંચે છે. ભૈરવ ભોંય પર બેસી જઇને અને ઘુંટણોમાં મોં છુપાવી રોવા લાગે છે]

ગોવિંદ : ઠેઠ ઘેર આવીને અધમૂઓ કરી ગયો. હવે એનું શું કરવું, એનો પહેલાં વિચાર કરવો જોઇએ.

વેણી : હું પણ એમ જ કહું છું.

રમા : પરંતુ મોટાભાઈ, આમનો પણ કાંઇ વાંક જેવો તેવો તો નથી જ ને? તદુપરાંત એવું થયું પણ છે શું કે જેથી એ વિષે હોહા કરવી પડે?

વેણી : આ તું શું બોલે છે, રમા? આ શું કાંઈ મામુલી વાત છે? અમે બધા ન હોત તો એ આમનું તો ખૂન જ કરી નાખત.

રમા : કરવા ઇચ્છત તો આપણે કોઈ પણ ન રોકી શકત, મોટાભાઈ!

લક્ષ્મી : તમે તો એમનું તાણોજને રમાબહેન! તમારા જ ઘરમાં પેસી જઈને કોઇ તમારા બાપને આમ મારી જાત, તો શું કરત, કહો જોઈએ?

રમા : મારા બાપમાં અને તારા બાપમાં બહુ ફેર છે, લક્ષ્મી!

એવી સરખામણી કરીશ નહિ. પરંતુ હું કોઇનો પક્ષ કરીને કહેતી નથી. હું તો સારા માટે કહું છું.

લક્ષ્મી : એમ ! એમનાં થઈને કજિયો કરતાં તમને શરમ નથી આવતી? મોટા ઘરની છોકરાં છે, એટલે ડરનું માર્યું કોઈ કાંઈ કશું કહેતું નથી, નહિ તો કોણે નથી સાંભળ્યું? એ તો તમે મોઢું બતાવો છો, બીજી કોઈ હોય તો ક્યારનીય ગળે ફાંસો ખાઈ મરી ગઈ હોત !

વેણી : (લક્ષ્મીને) લક્ષ્મી, તું ચુપ રહે, તારે એ બધી વાતોનું શું કામ છે ?

લક્ષ્મી : કામ કેમ નથી? જેને લીધે બાપુને આટલું આટલું દુઃખ વેઠવું પડયું, એનો પક્ષ લઈને એ કજિયો કરવા આવે છે? આજે જો બાપુજીને કાંઈ થઈ ગયું હોત તો ?

રમા : (લક્ષ્મીને) લક્ષ્મી, એમના જેવા માણસને હાથે મરવું એ તો ઘણા ભારે સૌભાગ્યની વાત છે. આજે જો મરી ગયા હોત તો તારા બાપ સ્વર્ગે જાત.

લક્ષ્મી : એટલે જ રમાબહેન, તમે પણ મર્યાં છો કે ?

રમા : (થોડીવાર ચુપચાપ એના મોં તરફ જોઇ રહી મોં ફેરવી લે છે) પણ વાત શું છે, એ તમે જ કહોને, મોટાભાઈ!

વેણી : હું શું કહું બહેન, લોકો ન જાણે કેટલી ય વાતો કરતા ફરતા હોય છે ! એ બધી ય સાંભળતા ફરીએ તો કેમ ચાલે ?

રમા : લોકો શી વાતો કરે છે !

વેણી : ભલેને કરતા. એમના બોલવાથી શરીર પર કાંઈ ફોલ્લા નથી પડી જતા. ભલે કરતા.

રમા : તમારા શરીરે કદાચ કશાથી જ ફોલ્લા નહિ પડતા હોય, પરંતુ બધાને શરીરે ઓછું ગેંડાનું ચામડું હોય છે? લોકો પાસે એવી વાતો કરાવે છે કોણ? તમે?

વેણી : હું ?

રમા : તમારા સિવાય બીજું કોઈ ન હોય. દુનિયાનું એકે કુકર્મ તમારે માટે બાકી નથી રહ્યું. ચોરી, બદમાસી, ખોટી સહી, આગ લગાડવી, બધુંય તમે કરી ચૂકયા છો. તો હવે આટલું ય શું કરવા બાકી રહી જાય? તમારામાં એ સમજવાની તો શક્તિ જ નથી કે બાઈમાણુસ માટે આથી વધુ મોટું બીજું કોઈ કલંક હોઈ જ ન શકે. પરંતુ હું પૂછું છું કે મેં તમારું એવું તે શું બગાડયું છે કે તમે આમ શત્રુતા કરતા ફરો છો? આ કલંક ફેલાવવાથી તમને શો લાભ થવાનો છે?

વેણી : મારો શો લાભ? જો લોકોએ જ તને રમેશના ઘરમાંથી રાતના વખતે બહાર નીકળતાં જોઈ હોય તો, પછી એમાં હું શું કરું?

રમા : આટલા બધા લોકો સમક્ષ હું હવે વધુ વાત કરવા નથી ઇચ્છતી, પરંતુ મોટાભાઈ, તમે એમ ન માનશો કે તમારા મનના ભાવ હું નથી કળી શકતી. તમે એટલું કયારે ય ભૂલી ન જતા કે હું રમા છું. ચોક્કસ માનજો કે હું મરીશ તો તમને પણ જીવતા પાછળ નહિ મૂકતી જાઉં.

[ઝડપથી ચાલી જાય છે]

ગોવિંદ : મોટાબાબુ, આ શું? તમને પણ ડોળા દેખાડી ગઈ? અને તેય એક બૈરું માણુસ થઇને? જીવનમાં સગી આંખોએ આવું જોવાનો વખત આવ્યો?

વેણી : (પોતાના લલાટને સ્પર્શ કરીને) કાકા, એમાં દોષ બીજા

કોઈનો નથી, છે દોષ માત્ર આનો. આ કળજુગ છે અને આનું જ નામ કાલમહાત્મ્ય છે. આજ પર્યંત ભલાઈ કરવા સિવાય કોઈનું ય કશું બગાડયું નથી, કોઈની ખરાબીનો વિચાર સુદ્ધાં હું મારા મનમાં લાવી શકતો નથી. જગતમાં મારી આવી દશા નહિ થાય, તો બીજા કોની થશે ? વિદ્યાસાગરનું શું થયું હતું ? એમની વાત તો જાણો છો ને?

ગોવિંદ : કેમ નહિ, સાંભળી છે.

વેણી : તો બસ, એ જ વાત છે. પછી દોષ બીજા કોને દઉં ? (ભૈરવ પ્રતિ સંકેત કરીને) જો આમની રક્ષા કરવા ગયો ન હોત, તો આમાનું કશું ન થાત. પરંતુ જીવતો છું ત્યાં સુધી તો મારાથી એવું નહિ બની શકે.

અંક ૩ જો
પ્રવેશ ૩ જો

[સ્થળ : ગામનો નિર્જન રસ્તો. રમેશ ઝડપથી પ્રવેશ કરે છે. રમા નેપથ્યમાંથી બૂમ પાડે છે–'રમેશભાઈ!' અને તરત જ આવીને ઊભી રહે છે]

રમેશ : રમા ! આટલે દૂર આવા સુમસાન રસ્તા ઉપર તું ?

રમા : મને ખબર હતી કે પીરપુરની શાળાનું કામ પતાવી રોજ તમે આ જ રસ્તે થઈને જાઓ છો.

રમેશ : હા, જાઉં છું તો ખરો. પરંતુ તું કેમ આવી છે ?

રમા : મેં સાંભળ્યું હતું કે તમારું શરીર આજકાલ સારું નથી રહેતું. હવે કેમ છે ?

રમેશ : હજી ઠીક નથી. રોજ રાતના તાવ આવ્યા જેવું થઈ આવે છે.

રમા : તો તો થોડા દહાડા બહારગામ જઈ આવો તો સારું.

રમેશ : (હસીને) એ તો હું પણ સમજું છું, પરંતુ જવું શી રીતે ?

રમા : હસો છો ? તમે કહેશો કે મારે બહુ મહત્ત્વનું કામ છે,

પણ પોતાના શરીર કરતાં ય વધારે મહત્ત્વનું બીજું કોઈ કામ હોતું હશે ખરું?

રમેશ : પોતાનો દેહ એ એક ક્ષુદ્ર વસ્તુ છે, એમ હું કહેતો નથી. પરંતુ માણસને એવાં પણ કેટલાંક કામ હોય છે કે જેનું મહત્ત્વ આ દેહ કરતાં પણ વધારે હોય છે. પરંતુ રમા, તું એ કાંઈ સમજવાની નથી.

રમા : હું સમજવા પણ માગતી નથી. પરંતુ તમારે ક્યાંક થોડા દહાડા જવું પડશે. મુનીમજીને કહેતા જજો, હું બધું કામ જોતી રહીશ.

રમેશ : તું મારું કામ સંભાળીશ?

રમા : કેમ, હું ન સંભાળી શકું?

રમેશ : સંભાળી તો શકે! કદાચ મારા કરતાં પણ વધારે સારી રીતે સંભાળી શકે. પરંતુ એવી જરૂર નથી. હું તારા પર વિશ્વાસ શી રીતે રાખું?

રમા : રમેશભાઈ, બીજા લોકો મારા પર વિશ્વાસ નહિ રાખી શકે, પણ તમે તો રાખી શકશો. જો તમે ન રાખી શક્યા, તો પછી જગતમાંથી વિશ્વાસ રાખવાની વાત જ ઊડી જશે. તમે તમારો એ ભાર મારા પર મૂકતા જાઓ.

રમેશ : (થોડીવાર ચુપચાપ તેના મોં તરફ જોઈ રહીને) ઠીક, વિચાર કરી જોઈશ.

રમા : પરંતુ હવે વિચાર બિચાર કરવાનો સમય જ ક્યાં છે! આજે જ તમારે અહીંથી ક્યાંક ચાલ્યા જવું પડશે. નહિ જાઓ તો—

રમેશ : (પુનઃ એના મુખ પ્રતિ એકીટસે જોઈ રહીને) તારી આજે વાતચીત કરવાની રીતથી એમ લાગે છે કે જો હું ન જાઉં તો વિપત્તિ

આવી પડવાનો સંભવ છે. ભલે, હું બહાર જાઉં, તેમાં તને શો લાભ? મને આફતમાં નાખવા તેં પોતે પણ કંઈ ઓછું કર્યું નથી કે આજે એક વધુ આફતમાંથી મને ચેતવવા આવી છે! એ બધી વાતો કાંઇ એટલી બધી જૂની નથી થઈ ગઈ કે તને યાદ ન હોય. એના કરતાં ખુલ્લે ખુલ્લું જ કહી દે કે મારા જવાથી તને શો લાભ છે,—તો કદાચ તને રાજી કરવા હું જવા તૈયાર થાઉં પણ ખરો!

[આ કઠોર આઘાતથી રમાના ચહેરાનો રંગ ફરી જાય છે. છતાં તે પોતાનું મન કબજે રાખે છે]

રમા: વારુ, તો હું હવે ખુલ્લેખુલ્લું જણાવી દઉં. તમારા જવાથી મને લાભ તો કશો જ નથી, પરંતુ નહિ જવાથી નુકસાન તો પુષ્કળ છે. મારે સાક્ષી આપવી પડશે.

રમેશ: બસ એટલું જ ને? માત્ર આટલી જ વાત? પરંતુ જો સાક્ષી ન આપે તો?

રમા: સાક્ષી ન આપું તો મહામાયાની પૂજામાં મારે ત્યાં કોઈ નહિ આવે, મારા યતીન્દ્રની જનોઈ વખતે મારે ત્યાં કોઇ નહિ જમે. વ્રત, ઉપવાસ, ધર્મ, કર્મ—ના, રમેશભાઈ, તમે જાઓ. હું તમને વિનવણી કરીને કહું છું કે તમે જાઓ જ. અહીં રહીને મને બધી બાજુએથી બગાડશો નહિ. તમે જાઓ, આ દેશ છોડીને ચાલ્યા જાઓ.

રમેશ: (થોડીવાર ચુપ રહીને) વારુ, તેમ કરીશ. મારાં શરૂ કરેલાં કામ પૂરાં કર્યા વિના જ ચાલ્યો જઈશ. પરંતુ હું પોતે મારી જાતને શો જવાબ આપીશ?

રમા: એને માટે જવાબ નથી. જો બીજું કોઈ હોત, તો જવાબની ખોટ નહોતી. પરંતુ રમેશભાઈ, એક અત્યંત ક્ષુદ્ર સ્ત્રીની અખંડ

સ્વાર્થપરાયણતાનો ઉત્તર તમને ક્યાં શોધ્યો મળશે ? તમારે નિરુત્તર જ જવું પડશે.

રમેશ : વારુ, એમ જ થશે. પરંતુ હું આજ તો નહિ જઈ શકું.

રમા : સાચે જ નહિ જઈ શકાય ?

રમેશ : ના. તારી સાથે કોણ આવ્યું છે, એને બોલાવ.

રમા : મારી સાથે કોઈ નથી. હું તો એકલી જ આવી છું.

રમેશ : એકલી આવી છે ? આ તું શું બોલે છે ? તેં અહીં એકલાં આવવાની હિમ્મત કરી, રાણી ?

રમા : હિમ્મત એટલી જ હતી કે હું એ નિશ્ચયપૂર્વક જાણતી હતી કે આ રસ્તે તમારો ભેટો થશે. પછી મારે કઇ વાતનો ડર હતો ?

રમેશ : આ તેં સારું ન કર્યું, રમા ! વધારે નહિ તો તારે તારી દાસી તો સાથે લાવવી જોઈતી હતી. આવા સુમસાન રસ્તે તારે મારાથી પણ ડરવું ઉચિત હતું.

રમા : તમારાથી ? હું તમારાથી ડરું ?

રમેશ : કેમ ન ડરે ?

રમા : (ગરદન હલાવી) ના, કદાપિ નહિ. રમેશભાઈ, તમારે મને બીજો જે કાંઈ ઉપદેશ આપવો હોય, તે આપો, હું એ સાંભળી લઈશ. પરંતુ તમારાથી ડરવાનો ભય મને ન દેખાડશો.

રમેશ : મારા પર તારી આટલી બધી અવહેલના છે ?

રમા : હા, એટલી બધી અવહેલના છે. હમણાં તો કહેતા હતા કે દાસીને પણ સાથે ન લાવવામાં મેં ડહાપણ નથી કર્યું. પરંતુ હું એ તો જાણું કે એને શું કામ સાથે લાવું ? માન્યું હશે કે તમારા

હાથમાંથી બચવાને માટે હું દાસીનું શરણુ લઇશ ? તો શું એ તમારી સમક્ષ રમા કરતાં વધુ મોટી થઇ જશે ?

[રમેશ ચુપચાપ તેના મોં તરફ જોઈ રહે છે]

રમા : સવારની વાત ભૂલી ગયા ? ત્યાં માણુસોની ભીડ કાંઇ ઓછી ન હતી. પરંતુ તમારું એ ઉગ્ર રૂપ જોઈ જ્યારે બધા ય માણુસો નાસી ગયા, ત્યારે તમારા હાથમાંથી ભૈરવ આચાર્યની રક્ષા કોણે કરી હતી ? આ જ રમાએ. તે સમયે જો કોઈ દાસી યા નોકરની જરૂર ન પડી, તો અત્યારે પણુ નહિ પડે. બલ્કે આજથી તમે જ રમાથી ડરતા રહેો. અને આજે હું અહીં એ જ વાત કહેવા માટે આવી હતી.

રમેશ : તો તો રમા, તારી ગણુત્રી ખોટી પડી. મેં માન્યું હતું કે તું માત્ર પોતાના ભલા માટે જ મને અહીંથી ચાલ્યા જવાનું કહે છે. પરંતુ જ્યારે એવું નથી, તો પછી સચેત કરવાનું કશું પ્રયોજન મને નથી દેખાતું.

રમા : રમેશભાઈ, શું સંસારમાં બધાં જ પ્રયોજન આ આંખોએ દેખાય છે ?

રમેશ : જે નથી દેખાતાં એનો હું સ્વીકાર નથી કરતો. હું જાઉં છું.

[કહી જાય છે]

રમા : (અકસ્માત રોઇ પડીને) જે અંધ હોય, એને હું માર્ગ કેમ કરીને દેખાડું ?

રમા

[અંક ચોથો]

અંક ૪ થો

પ્રવેશ ૧ લો

[રમાના પૂજાના ઓરડાનો એક ભા
દુર્ગાની પ્રતિમા સ્પષ્ટ તો દેખાતી ન
પરંતુ પૂજાની બધી સામગ્રી સ
પડેલી છે. સમય ત્રીજા પહોર
અત્યારે પૂજા પૂરી થઇ ચૂકી છે. એ
બાજુ રમા સ્થિરભાવે બેઠી છે. એવા
ઘરનો કારભારી પ્રવેશ કરે છે

કારભારી : બેટા, વખત તો થતો ચાલ્યો, પરંતુ શૂદ્રોમાં તો કોઇ આવ્યું નથી. હું જરા આંટો મારીને જોઈ આવું.

રમા : કોઈ નથી આવ્યું ?

કારભારી : ના.

[હાથમાં હૂકકા સાથે વે
ઘોષાલ પ્રવેશ કરે

વેણી : હં ! આટલું બધું રાંધેલું અન્ન બરબાદ કરવા બે છે એ નીચ જાતના લોકો ! એમની આટલી હિમ્મત ! એ સાળાએ હું બરાબર દેખાડી દઈશ, હા, બરાબર મજા ચખાડીશ. જો એમ ઘરબાર ઉજ્જડ કરી ન નાખું, તો...............

[વેણીના મુખ તરફ જોઈ રમા
માત્ર જરા, હસી પડે છે,
પણ કશું બોલતી નથી]

વેણી : ના, ના રમા, આ હસી કાઢવા જેવી વાત નથી. આ તો ભારે સર્વનાશની વાત છે. એકવાર મને જરા ખબર પડવા દે કે એમની પાછળ કોણ છે, પછી એને તો આમ ચપટીમાં ઉખાડીને ફેંકી દઈશ. એ હરામજાદાઓ એટલું નથી સમજતા કે જેના જોર પર પોતે કૂદે છે, એ રમેશ તો અત્યારે જેલમાં ઘાણી ફેરવે છે, તો પછી તમે બધા તે શી વિસાતમાં? મેં તો ચોખ્ખું સાબિત કરી આપ્યું કે એ ભૈરવ આચાર્યને મારવા માટે જ એના ઘર પર ધસી આવ્યો હતો, અને એના હાથમાં આવડી મોટી તો કુહાડી હતી. પછી તો કોઈ સાળો ન રોકી શક્યો? અરે, હું ઈચ્છું તો રાતને દિવસ અને દિવસને રાત કરી દેખાડું. ઠીક છે, હજી થોડીવાર રમત જોઉં છું. ત્યારબાદ, શાસ્ત્રમાં કહ્યું છે કે, યતો ધર્મઃ તતો જયઃ! શૂદ્ર થઈને બ્રાહ્મણના ધર્મકર્મમાં આવી બદમાશી! વારુ......

[જાય છે.]

[વિશ્વેશ્વરી પ્રવેશ કરે છે]

વિશ્વે : રમા?

રમા : કોણ, ભાભુ?

વિશ્વે : આમ ચુપચાપ કેમ બેઠી છે, બેટા? તને જોઈને કોણ કહે કે જીવતું માણસ હશે! બરાબર જાણે માટીની મૂર્તિ ગોઠવી હોય એવી લાગે છે. (ધીરે ધીરે નજીક જઈને અને પાસે બેસીને) ન તો એ પહેલાંનું હાસ્ય છે કે ન તો એ ઉલ્લાસ છે. કોણ જાણે એ તો ક્યાંય ઊડી ગયાં!

રમા : (જરા હસીને) અત્યાર સુધી ઘરમાં શું કરતાં હતાં, ભાભુ ?

વિશ્વે : તારા યજ્ઞવાળા ઘરમાં તો કામકાજની ખોટ નથી બેટા, ખાવાપીવાની વસ્તુઓનો તો તેં મોટો પહાડ ઊભો કર્યો છે !

રમા : પરંતુ આ વખતે બધું નકામું જવાનું છે. લાગે છે કે એક પણ ખેડૂત મારે ત્યાં નહિ આવે. પરંતુ આગલાં વરસોનો ઇતિહાસ તો તમે જાણો છો ભાભુ, આજ સપ્તમીના દહાડે પ્રજાની ભીડ વીંધીને ઘરમાં દાખલ થવાનું પણ મુશ્કેલ થઈ પડતું.

વિશ્વે : હજી સમય વીતી નથી ગયો બેટા, કદાચ સાંજ પછી જ બધા માણસો આવશે.

રમા : ના, ભાભુ, નહિ આવે.

વિશ્વે : બધાં ય એમ જ કહે છે. વેણી અને ગોવિંદ ક્રોધમાં આવી ચારે તરફ ઘૂમી રહ્યા છે. અંદર તો તારી માસીની ગાળો આગળ કાન જ દઈ શકાતો નથી. માત્ર એક તારા જ મોંએથી હું કશી ફરિયાદ નથી સાંભળતી. ન તો એ પહેલાંનો ક્રોધ છે કે ન પહેલાંનો ક્ષોભ. તારી આંખો તરફ જોતાં તો એમ લાગે છે કે એની નીચે રુદનનો સમુદ્ર દબાઈ રહ્યો છે. બેટા, તું શાથી આમ બદલાઈ ગઈ?

રમા : ભાભુ, હું ક્રોધ કોના પર કરું ? પ્રજા ઉપર? માત્ર ગરીબ હોવાના કારણે જ શું તેમને પોતાની માનમર્યાદાનું ભાન નહિ હોય ? એ લોકો મારા જેવી પાપિષ્ઠાનું અન્ન ક્યાંથી ગ્રહણ કરે ?

વિશ્વે : બેટા, તને ભલા કોણ પાપિષ્ઠા કહી શકે ?

રમા : કહે તો પણ અનુચિત નથી. એ લોકો જાણે છે કે આપણે એમને ચાહતાં નથી, આપણે એમનાં કોઈ આત્મીય નથી. ભાભુ, આપણે એમને આદરપૂર્વક બોલાવ્યા તો નહિ, પરંતુ ઉપરથી

જોરથી હુકમ કર્યો કે અમારે ત્યાં ખાઇ જાઓ. અને તેમ છતાં એ લોકોના ન આવવાના કારણે આપણે બધા ગુસ્સાના માર્યા પાગલ બનીએ છીએ. પરંતુ એ લોકોને આદરસત્કારનો સ્વાદ મળી ગયો છે. રમેશભાઈએ એ લોકોને બતાવ્યું છે કે પ્રેમ કોને કહેવાય. એ લોકોના હિતકર્તાને જ, આપણે સૌએ ખોટા મુકદ્દમામાં ફસાવી, અને જુઠ્ઠી સાક્ષીઓ આપી, જેલમાં પૂરાવ્યો, પછી તમે જ કહો ભાભુ, કે એ લોકો એ દુઃખ શી રીતે ભૂલી શકે?

વિશ્વે : પરંતુ બેટા, તેં તો જુઠ્ઠી સાક્ષી આપી નથી.

રમા : મેં ખોટી સાક્ષી નથી આપી? એમને એ વાતની એક પૂરી ખાત્રી હતી કે બીજા બધા ભલે જુઠ્ઠું બોલે, પરંતુ હું કયારેય જુઠ્ઠું નહિ બોલું. પરંતુ બોલી તો શકી! અટકી તો નહિ! આચાર્યના જે ગુનાને માટે એ ભાન ભૂલી ગયા હતા, તે ગુનો કાંઇ નાનોસુનો ન હતો અને તેની કૃતઘ્નતા પણ કાંઇ જેવીતેવી નહોતી, એ હું પણ જાણું છું. હું એ પણ જાણું છું કે એમના હાથમાં એ વખતે એક તણખલું પણ નહોતું. તો પણ અદાલતમાં ઊભા રહીને યાદ પણ ન કરી શકી કે એમના હાથમાં છરો કે છરી હતાં કે નહીં!

વિશ્વે : રમા........

રમા : ભાભુ, તમે કહેતાં હતાં ને કે હું જુઠ્ઠું નથી બોલી. અહીંની અદાલતમાં સોગંદ ખાઈને ભલે હું જુઠ્ઠું નહિ બોલી હોઉં, પરંતુ જે અદાલતમાં સોગંદ નથી લેવાતા, ત્યાં આગળ જઈને હું શો જવાબ આપીશ? હે ભગવાન, તમે મને પહેલાં જ એ બુદ્ધિ કેમ ન સુઝાડી કે સત્યને છુપાવવામાં આટલો ભારે બોજ હોય છે?

વિશ્વે : પરંતુ બેટા, હું તને કહું છું કે એને સજા થઈ છે, એ સત્ય છે, પરંતુ એનું અમંગળ કદાપિ નહિ થાય.

રમા : અમંગળ થાય શી રીતે ભાભુ, જ્યારે કે આજે સારાય

અમંગળનો ભાર મારા માથે આવી પડયો છે?

વિશ્વે : એકલા તારે જ માથે એ ભાર નથી આવી પડયો, બેટા, અમે બધાએ મળીને એના ભાગ વહેંચી લીધા છે. અસત્યાચારી સમાજના જે દળે ખોટી બદનામીનો ડર દાખવી તને નાની બનાવી દીધી છે, એ પાપના ભારથી આજે એ લોકોનાં મસ્તક રસ્તાની ધૂળ ભેગાં થઇ ગયાં છે. હું વેણીની મા છું. રમા, આજે મારું મસ્તક પણ ધૂળ ભેગું થઈ ગયું છે. એને હું ત્યાંથી કયારેય ઊંચું નહિ કરી શકું.

રમા : એવું ન બોલશો ભાભુ, પરંતુ મેં કર્યું હતું તે જાણો છો? એક નિર્જન અંધારા રસ્તે તેમને એકલી મળીને સલાહ આપી હતી કે તમે અહીંથી ચાલ્યા જાઓ, રમેશભાઈ, અહીં ન રહેશો, ચાલ્યા જાઓ. પરંતુ એમણે માન્યું નહિ અને કહ્યું કે મારા ચાલ્યા જવાથી તને શો ફાયદો થશે? મારો ફાયદો? હું અચાનક વ્યથાની મારી પાગલ જેવી થઈ ગઈ. કહ્યું કે ફાયદો તો કશો છે નહિ, પરંતુ તમારા ન જવાથી મારી હાનિ તો બહુ મોટી થશે. મારે ત્યાં મહામાયાની પૂજામાં કોઈ નહિ આવે અને મારા યતીન્દ્રની જનોઈમાં મારે ત્યાં કોઈ નહિ જમે. તમે અહીં રહીને મને બધીય બાજુથી બરબાદ ન કરો. પરંતુ એટલું ભારે અસત્ય મને કયાંથી મળ્યું, ભાભુ? તેમણે નારાજ થઈને કહ્યું કે બસ એ જ? આટલું જ? તો તો એટલા જ ખાતર હું મારું કામ પડતું મૂકીને નહિ જાઉં. એ ઉપેક્ષાથી ક્ષુબ્ધ થઈને મેં નક્કી કર્યું કે ભલે થાય સજા. હું એમ માનતી હતી કે નહિ જેવો દંડ થશે. પરંતુ એ સજા આવી ભારે હશે, એમના રોગશીર્ણ મુખ તરફ જોઈને પણ ન્યાયાધીશને દયા નહિ આવે અને એમને જેલમાં ધકેલશે, એ વાત તો હું અત્યંત ભારે દુઃસ્વપ્નમાં પણ કલ્પી શકતી નહોતી, ભાભુ!

વિશ્વે : હા બેટા, હું બધું સમજું છું.

રમા : સાંભળ્યું છે કે અદાલતમાં એ માત્ર મારી એકલીના જ મુખ તરફ જોઈ રહ્યા હતા. એમના ગોપાળ ગુમાસ્તાએ અપીલ કરવા કહ્યું, પરંતુ એમણે ના પાડી. ભલે જીવન આખું જેલમાં વિતાવવું પડે, પરંતુ અપીલ કરીને છૂટવું નથી. ભાણુ, તમે જ કહો કે એ મારે માટે કેટલો ભારે દંડ છે?

વિશ્વે : પરંતુ હવે તો એની સજા પૂરી થવા આવી છે. એને છૂટીને આવવામાં હવે બહુ વાર નથી.

રમા : એ તો છૂટીને આવશે, પરંતુ એમની એ ઘોર ઘૃણામાંથી હું આ જીવનમાં ક્યારે છૂટવાની હતી?

[વૃદ્ધ સનાતન હાજરાને લઈને
વેણી પ્રવેશ કરે છે]

વેણી : આ આપણી ત્રણ પેઢીનો ખેડૂત છે. સામે થઈને જતો હતો. જ્યારે બોલાવ્યો, ત્યારે ઘરમાં આવ્યો. આટલો મિજાજ ક્યારથી આવ્યો, હેં સનાતન! તમારે માથે હવે બીજું એકેક નવું માથું ઉગ્યું છે કે શું?

સનાતન : બે માથાં તે કોઈને હોતાં હશે, મોટાબાબુ? આપ જેવાને ય નથી હોતાં, તો પછી અમારા જેવાને તો હોય જ ક્યાંથી?

વેણી : શું બોલ્યો, હેં? હરામજાદા?

સનાતન : મોટાબાબુ, બે માથાં કોઈને ય હોતાં નથી, એટલું જ કહેતો હતો—બીજું કશું નહિ.

[ગોવિંદ ગાંગુલીનો પ્રવેશ]

ગોવિંદ : અમે તો માત્ર એટલું જ જોઈ રહ્યા છીએ કે તમારી હિંમત કેટલી વધતી જાય છે! માતાનો પ્રસાદ લેવા પણ તમે કોઈ ન આવ્યા? કહે જોઈએ, કેમ ન આવ્યા?

સનાતન : (હસીને) અમારી વળી હિંમત કેવી ! અમારું જે કાંઈ કરવું હતું તે તો આપ કરી જ ચૂક્યા. હશે, જવા દો એ વાત ! પરંતુ ચાહે તો માતાજીનો પ્રસાદ હોય કે ચાહે બીજું કાંઈ હોય, હવેથી કોઇ પણ કૈવર્ત બ્રાહ્મણને ઘેર ભાણું માંડવાનો નથી. ધરતીમાતા આવડું ભારે પાપ શી રીતે સહન કરી રહી છે, તેનો જ અમે તો હવે વિચાર કર્યા કરીએ છીએ. (દીર્ઘ શ્વાસ લઇને અને રમા પ્રતિ જોઈને) બહેન, જરા ચેતતાં રહેજો. પીરપુરના છોકરાઓનું દળ તો ખૂબ ચિડાઈ ગયું છે. આજ સુધીમાં તેઓ બે ત્રણવાર મોટા-બાબુના ઘરની આસપાસ આંટા મારી ગયા છે. એ તો નસીબ સીધું કે કોઇ સામું મળ્યું નહિ. (વેણી તરફ જોઇને) મોટાબાબુ, જરા સંભાળીને રહેજો. રાત અસુર બહાર નીકળશો નહિ.

[વેણી કાંઇક કહેવા માગે છે, પરંતુ ભયના માર્યા તેના મોંમાંથી શબ્દો નીકળી શકતા નથી]

રમા : (સ્નેહપૂર્ણ સ્વરે) સનાતન, તમારી આ બધી રીસ કેવળ નાનાબાબુના કારણે જ છે, નહિ ?

સનાતન : બહેન, હું જુઠું બોલીને નરકનો અધિકારી નહિ થાઉં. બરાબર એમ જ છે. પણ પીરપુરના લોકો તો સૌથી વધુ ગુસ્સે થયા છે. એ લોકો તો નાનાબાબુને દેવ માને છે.

રમા: (આનંદથી મુખ ઉજ્જ્વળ થઇ ઊઠે છે) શું કહે છે. સનાતન?

વેણી : (સનાતનનો હાથ પકડીને) સનાતન, તારે જરા દારોગાજી પાસે આવીને આ બધું કહેવું પડશે. તું જે માંગીશ તે આપીશ. પેલી તારી બે વીઘાં જમીન છોડાવી લેવા માગતો હોઈશ, તો તે પણ આપીશ. હું માતા સમક્ષ પ્રતિજ્ઞા લઇને કહું છું. તું આ બ્રાહ્મણનો આટલો બોલ રાખ.

સનાતન : મોટાબાબુ, હવે એ જમાનો ચાલ્યો ગયો,—હવે એ દહાડા નથી રહ્યા. નાનાબાબુ બધું ઉલટપાલટ કરી ગયા છે.

ગોવિંદ : તો પછી તું બ્રાહ્મણનો બોલ નહિ રાખે એમજને?

સનાતન : (ગરદન હલાવી) ના.—ગાંગુલીજી, કહીશ તો તમને ખોટું લાગશે, પરંતુ પેલે દહાડે પીરપુરવાળી નવી શાળાના મકાનમાં નાનાબાબુએ કહ્યું હતું કે ગળામાં બે ધાગા સુતરના નાખ્યા એટલે જ કાંઈ બ્રાહ્મણ થઈ જવાતું નથી. અને મહારાજ, હું પણ કાંઇ આજકાલનો નથી. હું બધુંય જાણું છું. આ તમે જે બધાં કામ કરતા ફરો છો, તે શું બ્રાહ્મણને શોભે ખરાં? તમને જ પૂછું છું, બહેન, તમે જ કહો જોઈએ?

[રમા ચુપચાપ માથું નમાવી લે છે]

સનાતન : (મનમાં ક્રોધને દબાવીને) સૌથી વધારે તો કરે છે આ છોકરાઓનું દળ. આ બન્ને ગામમાં જેટલા જુવાનીઆ છે, તે બધા ય રાતના મોડલને ત્યાં એકઠા થાય છે અને છડેચોક કહેતા ફરે છે કે જમીનદાર તો નાનાબાબુ, બાકી બીજા બધા ચોરલૂંટારા. તદુપરાંત અમે મહેસૂલ ભરીએ છીએ અને રહીએ છીએ, પછી કોઇથી ય શું કરવા ડરીએ? જો બ્રાહ્મણની જેમ રહે તો બ્રાહ્મણ, નહિ તો જેવા આપણે, એવા જ વળી એ.

વેણી : (પૂર્ણ ભયભીત થઇને) સનાતન, એ લોકો મારા ઉપર જ શા માટે આટલા બધા ચિડાયા છે, તે તું કહી શકીશ?

સનાતન : મોટાબાબુ, ચિડાશો નહિ, પરંતુ તમે જ આ બધા અનર્થોની જડ છો, એ તેમની જાણ બહાર રહ્યું નથી.

[વેણી ભયનો માર્યો ચુપ થઈ જાય છે. એનું કલેજું ધડકી ઊઠે છે]

વિશ્વે : ગાંગુલીજી, એક હલકા માણસને મોંએથી આ નફ્ટાઇની વાતો સાંભળવા છતાં પણ તમે ચુપ રહો છો !

[વેણી તીરછી નજરે અને ગુસ્
ભરી આંખે જોઇને ચુપ રહે છે

ગોવિંદ : હા, તો સનાતન, આ બધા મોડલને ઘેર જ એક થાય છે કેમ? તું કહી શકીશ કે એ બધા ત્યાં શું કરે છે?

સનાતન : એ બધા ત્યાં શું કરે છે એ હું જાણતો નથ પરંતુ મહારાજ, જો ભલું ઇચ્છતા હો તો બધા મનસુબા છોડી દે એ બધાએ અંદરઅંદર એકબીજાને પડખે ઊભા રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. બધા એક મન એક પ્રાણ થઈ ગયા છે. નાનાબાબુ જેલ ગયા, એથી તો એ બધા દારૂગોળા જેવા થઈ ગયા છે. એમની વચ જઈને ચકમક સળગાવવાનો પ્રયત્ન કરશો નહિ. બસ, આ હું આ બધાને સાવધાન કરતો જાઉં છું.

[સનાતન જાય છે. એના ચાલ્યા જ
બાદ બધાં થોડીવાર ચુપચાપ રહે છે

વેણી : રમા, સાંભળ્યુંને તેં બધું ?

[રમા જરા હસે છે, પણ કંઈ
જવાબ નથી આપતી. તેને હસત
જોઈ, વેણી ગુસ્સાથી સળગી ઊઠે છે

વેણી : એ સાળા ભૈરવને લીધે જ આ બધું થયું. જો તું ત્ય ન ગઈ હોત અને એને છોડાવ્યો ન હોત, તો આ કશું થાત નહિ સાળો ઘણો ય માર ખાત, એમાં તારું શું બગડી જવાનું હતું ?

[રમા પુનઃ જરા હસે છે
પરંતુ કશો ઉત્તર નથી આપતી

વેણી : તું તો હસે જ ને, રમા ? તું રહી બાઇ માણુસ, તારે તો કોઈ દહાડો ઘર બહાર જવાનું નહિ, પરંતુ અમારે શું કરવું, કહે જોઇએ ? જો ખરેખર જ એ લોકો મારું માથું ફોડી નાખે તો ? બૈરાંઓ સાથે કામ કરવા જતાં હમેશા આ દશા થાય !

[રમા ચકિત થઇને માત્ર વેણીના મુખ પ્રતિ જોઈ રહે છે]

વેણી : ગોવિંદકાકા, ચુપચાપ બેસી રહ્યે કેમ ચાલશે ? મારા દરવાન અને નોકરને જરા બોલાવોને ! કહીએ સાથે બે ફાનસ પણ લેતા આવે !

ગોવિંદ : ચાલો જઈએ, બહાર જઇને બોલાવવા મોકલું છું. અને તેમ છતાંય ડર શાનો છે ? કોઈ નહિ હોય, તો હું આવીને તમને તમારા ઘર સુધી પહોંચાડી જઈશ.

[બન્ને જાય છે]

પ્રવેશ બીજો [૧૪૫]

અંક ૪ થો

પ્રવેશ ૨ જો

[સ્થાન : એક રસ્તો. જગન્નાથ અને નરોત્તમ પ્રવેશ કરે છે. જગન્નાથના હાથમાં એક મોટી લાકડી છે]

નરોત્તમ : બસ, આ જ એ રસ્તો. અહીં થઈને જ એ જશે. જગા, હજી પણ કહું છું કે હિંમત છે ને ?

જગન્નાથ : હિંમત કેમ ન હોય વળી ? સજા ભોગવવા માટે તૈયાર થઇને જ તો સજા દેવા નીકળ્યો છું. એણે અમને બહુ દુ:ખ દીધું છે. દુર્ગામા, એવું કરજો કે આજે એક જ ઘાએ મારું કામ થઈ જાય અને મારો હાથ પણ ન કંપે.

નરોત્તમ : એમાં હાથ કંપવાનો શાનો ?

જગન્નાથ : કંપે પણ ખરો. બાપદાદાના વખતથી માર ખાવાનો જ અભ્યાસ થઈ પડેલો છે ને તે માટે ! એટલે જો છેવટ સુધી મારો હાથ ન ઊઠે, તો માની લેજો કે દોષ મારા હાથનો છે, મારો નહિ.

નરોત્તમ : ઠીક, તો પછી એ લાકડી મને આપ અને તું આઘે જઈને ઊભો રહે. જરા હું જોઉં કે હું પણ કેટલું કરી શકું છું :

જગન્નાથ : નરોત્તમ, તું એમ ન કરીશ. તારે તો બાળબચ્ચાં

ઘણુ છે, પણુ મારે તો કોઈ નથી. આજે ખરો મોકો છે. નાનાબાબુ પાછા આવી ગયા તો પછી નહિ થઈ શકે. એ રોકી રાખશે. એટલા માટે એ જેલમાંથી છૂટીને આવે તે પહેલાં જ એમનો બદલો ચૂકવીને હું જેલમાં ચાલ્યો જઈશ. તું ઘેર જા.

નરોત્તમ : હું ઘેર નહિ જાઉં, હું તારી પડખે જ રહીશ.

[નરોત્તમ જરા હસીને ઊભો રહે છે. બીજી બાજુથી વેણી, ગોવિંદ અને દરવાનનો પ્રવેશ. દરવાનના હાથમાં ફાનસ છે]

વેણી : કોણુ ઊભું છે અલ્યા ?

જગન્નાથ : એ તો હું—જગન્નાથ !

ગોવિંદ : રસ્તામાં ઊભો રહીને લોકોને મના કરે છે કે કોઈ જમવા ન જાય, કેમ રે હરામજાદા ?

જગન્નાથ : ગાંગુલીજી, ગાળો ન દેશો, પહેલેથી કહી દઉં છું.

વેણી : ગાળો ન દઉં ? હરામજાદા મને ઓળખે છે ? કાલે જ તારાં ઘરબાર ઉજ્જડ કરી નાખી ત્યાં હળ ફેરવાવીશ !

જગન્નાથ : હા, તમને ઓળખું છું. તમે ઘણાંનાં ઘરબાર ઉજ્જડ કરી નાખ્યાં છે. પરંતુ આજે એવો બંદોબસ્ત કરતો જવાનો છું કે ફરી એવું કયારે ય ન કરી શકો.

વેણી : કેમ રે હરામજાદા, એવો તે શો બંદોબસ્ત તું કરવાનો છે ? સાંભળું તો ખરો !

[કહી થોડો આગળ વધે છે]

જગન્નાથ : બસ, આટલો જ બંદોબસ્ત !

[કહી જોરથી વેણીના માથામાં
લાઠીનો ફટકો મારે છે]

વેણી : (બેસી પડે છે) બાપ રે ! મરી ગયો !

[ગોવિંદ અને દરવાન બૂમો
પાડતા નાસી જાય છે]

વેણી : ભાઈ જગન્નાથ, હું તારે પગે પડું છું. બ્રહ્મહત્યા ન કરીશ. મને જીવતો જવા દઈશ તો હું તને દસ વીઘાં જમીન આપીશ.

જગન્નાથ : મારે તમારી એ જમીન નથી જોઈતી. એને તમારી પાસે જ રાખો. અને હું બ્રહ્મહત્યા પણ નહિ કરું.

વેણી : જગન્નાથ, આજથી મારો અને તારો બાપદીકરાનો સંબંધ થયો. તું જે માગીશ એ......

જગન્નાથ : મારે કશું નથી જોઇતું. પણ બાપદીકરાનો સંબંધ અને એ પણ તમારી સાથે? રામ રામ કરો ! મોટાબાબુ, તમને ફરી એકવાર ચેતવું છું કે આ માર એ છેલ્લો માર નથી. અમે લોકો તમને માલિક ગણીને અને બ્રાહ્મણ સમજીને જેમજેમ સહન કરતા ગયા, તેમતેમ તમારો અત્યાચાર વધતો ગયો છે. હવે અમે સહન નહિ કરીએ. જોઉં છું કે તમે લોકો સીધા થાઓ છો કે નહિ !

[જાય છે]

વેણી : બાપ રે ! મરી ગયો રે ! બધા સાળા નાસી ગયા રે !

[ગોવિંદ અને દરવાન આવે છે]

ગોવિંદ : (હાંફતો હાંફતો) નાસી શું કામ જાઉં, ભાઈ, હું નાસી નહોતો ગયો. હું તો માણસોને બોલાવી લાવવા ગયો હતો. તમે ક્યાં નથી જાણતા કે એ જગલો તો સાળો મહા ગુંડો છે !

સાળા પર ધાડ પાડવાનો આરોપ મૂકીને જો પાંચ વર્ષને માટે જેલમાં ન મોકલી દઉં, તો મારું નામ ગોવિંદ ગાંગુલી નહિ!

દરવાન : (હાંફતો હાંફતો) મારા હાથમાં જો એકાદ હથિયાર હોત ને ?

વેણી : અરે જા સાળા! નીકળ મારી સામેથી! મારી મારીને અધમૂઓ કરી નાખ્યો (માથે હાથ ફેરવીને) ઓ મા રે ! કેટલું બધું લોહી વહે છે! હવે હું નહિ બચું ! (ઢળી પડે છે.)

ગોવિંદ : (તેને પકડીને ઊભો કરવાની ચેષ્ટા કરતો) અરે, બચી જશો, બચી જશો. હું પોતે તમને કલકત્તા ઇસ્પિતાલમાં લઈ જઈશ. (દરવાનને) અલ્યા, જરા હાથ તો લગાવ, ડરીને શિયાળની માફક નાસી ગયો.

દરવાન : શું કરું બાબુજી, વિના હથિયારે......

[બન્ને વેણીને ઊંચકીને લઈ જાય છે]

અંક ૪ થો
પ્રવેશ ૩ જો

[રમાનો સુવાનો ઓરડો. બીમાર રમા પલંગ પર સૂતી છે. બારીમાંથી પ્રભાતના સૂર્યનાં રશ્મિઓ દાખલ થઈ ઓરડામાં પથરાયેલાં છે. વિશ્વેશ્વરી પ્રવેશ કરે છે]

વિશ્વે : (રુંધાયેલા સ્વરે) બેટા રમા, આજે તબિયત કેમ છે?

રમા : (કાંઇક સ્મિત કરીને) આજે સારું છે, બાબુ!

વિશ્વે : રાતના તો તાવ ઊતરી ગયો હતો ને?

રમા : ના, પરંતુ હવે લાગે છે કે એકાદ દહાડામાં જ ઊતરી જશે.

વિશ્વે : અને ઉધરસ?

રમા : એમાં હજી કશો ફેર નથી પડયો.

વિશ્વે : છતાં કહે છે કે તબિયત સારી છે!

[રમા ચુપચાપ હસે છે. વિશ્વેશ્વરી એના માથા આગળ જઈને બેસે છે અને માથે હાથ ફેરવે છે]

વિશ્વે : બેટા, તારું આ હસવું જોઈને એમ લાગે છે કે જાણે છોડમાંથી છૂટું પડેલું ફૂલ દેવતાના ચરણોમાં પડી હસે છે. રમા ?

રમા : કેમ, ભાભુ ?

વિશ્વે : હું તો તારી મા જેવી છું, બેટા !

રમા : ભાભુ, મા જેવાં કેમ કહો છો ? તમે તો મારાં મા જ છો.

વિશ્વે : (વાંકી વળી રમાનું કપાળ ચૂમીને) ત્યારે સાચેસાચું કહે જોઈએ બહેન, તને શું થયું છે ?

રમા : માંદી થઈ છું, ભાભુ.

વિશ્વે : (રમાના કોરા પડી ગયેલા વાળ પર હાથ ફેરવતી) એ તો હું આ ચામડાની આંખે પણ જોઈ શકું છું. આ આંખે ન દેખાય એવું કાંઈ થયું હોય તો તે અત્યારે તારી મા આગળ છુપાવીશ નહિ. બેટા, છુપાવ્યાથી રોગ મટવાનો નથી.

રમા : (થોડીવાર પર્યંત ચુપચાપ બારી બહાર જોઇ રહીને) મોટાભાઇને કેમ છે, ભાભુ ?

વિશ્વે : માથાનો ઘા રુઝાતાં હજી વાર લાગશે, પણ પાંચ છ દિવસમાં જ ઈસ્પિતાલમાંથી એ ઘેર આવી જશે. બેટા, તું દુઃખ ન લગાડીશ, એની એને જરૂર હતી. એથી એનું ભલું જ થવાનું છે. તને કદાચ એમ થતું હશે કે મા થઈને દીકરાને માથે આવી વિપત્તિ આવ્યા છતાં હું આમ શી રીતે બોલી શકું છું. પણ તારી આગળ હું સાચું જ બોલું છું કે આથી મને દુઃખ વધારે થયું છે કે આનંદ, તે હું કહી શકતી નથી. જેઓ અધર્મથી નથી ડરતા, જેમને લજ્જાનો ભય નથી, તેમને મૃત્યુનો આટલો પણ ડર ન હોય, તો સંસાર ધૂળધાણી થઈ જાય. એટલે રમા, મારા મનમાં તો વારંવાર એ જ

વિચાર આવે છે કે એ ખેડૂતના છોકરાએ વેણીનું જે કલ્યાણ કર્યું છે, એવું કલ્યાણ તો સંસારમાં તેનું કોઈ સૌથી નજીકનું સગું કે મિત્ર પણ ન કરી શકત. કોયલાને ધોવાથી તેનો રંગ બદલી શકાતો નથી, બહેન,—એને તો અગ્નિમાં બાળવો જ પડે છે.

રમા : પરંતુ ભાભુ, પહેલાં તો આવું નહોતું. અહીંના ખેડૂતોને આમ કોણે ચડાવ્યા ?

વિશ્વે : બેટા, એ તું પોતે ક્યાં નથી જાણતી કે કોણે ગામના આ લોકોમાં આટલી હિમ્મત ઉત્પન્ન કરી છે ? એ લોકોએ વિચાર કર્યો હતો કે એક વાર જેલમાં ધકેલી દેવાથી બધાય ઝઘડાનો અંત આવી જશે. પરંતુ એમ વિચાર ન કર્યો કે જ્યારે આગ સળગે છે, ત્યારે તે એમ ને એમ જ નથી હોલવાઈ જતી. પરાણે બુઝાવી નાખવામાં આવે તો પણ તે આજુબાજુની વસ્તુઓને તપાવી જાય છે.

રમા : પરંતુ ભાભુ, આ શું સારું કહેવાય ?

વિશ્વે : બેટા, સારું તો છે જને ! એક બાજુ છે પ્રબળ અત્યાચાર કરવાની અખંડ લાલસા અને બીજી બાજુ છે નિરુપાય લોકોની સહન કરી લેવાની એવી જ અવિચ્છિન્ન કાયરતા. એ જો સામસામી પોતાનો નાશ કરી નાખે તો તો સારું જ છે. બેટા, વેણીની વાત યાદ કરીને હું કદી પણ ઊંડા નિસાસા નાખવાની નથી. બલ્કે હું તો એવી જ પ્રાર્થના કરીશ કે મારો રમેશ પાછો ફરી દીર્ઘજીવી થાય અને આ પ્રમાણે કામ કરતો રહે. રમા, એકનો એક દીકરો એટલે શું, એ માત્ર તેની મા જ સમજે છે. જ્યારે લોહીથી લથપથ સ્થિતિમાં લોકો વેણીને ઈસ્પિતાલમાં લઈ ગયા, તે વખતે મને કેવું થયું હતું તે હું તને નહિ સમજાવી શકું. પરંતુ તેમ છતાં હું કોઇને પણ શાપ આપી નહોતી શકી. એક વાત હું ભૂલી શકતી નથી બેટા, કે ધર્મનો દંડ માનું મોં જોઈને છાનો બેસી નથી રહેતો.

રમા : ભાભુ, હું તમારી સાથે દલીલ નથી કરતી, પરંતુ જો એમ જ હોય તો રમેશભાઈ કયા પાપે આ દુઃખ ભોગવી રહ્યા છે? આપણે બધાંએ જે જે કારસ્તાન કરીને તેમને જેલ ભેગા કર્યાં છે, એ તો કોઈથી છાનું રહ્યું નથી.

વિશ્વે : ના બહેન, છાનું રહ્યું નથી અને એટલે જ વેણી આજે ઈસ્પિતાલમાં છે. અને તારી........નોંધી રાખજે બેટા કે કોઈ પણ કામ એમ ને એમ જ નિષ્ફળ થઈને શૂન્યમાં મળી જતું નથી. તેની શક્તિ એક નહિ તો બીજે સ્થળે જઈને પણ પોતાનું કામ તો કરે જ છે. પરંતુ શી રીતે એ કામ કરે છે, એની ખબર દરેક વખતે બધાને પડતી નથી. અને એટલા જ કારણસર આજ-પર્યંત એ કોયડાનો ઉકેલ આવ્યો નથી કે એકના પાપે બીજાને શા માટે પ્રાયશ્ચિત કરવું પડે છે? પરંતુ એ કરવું પડે છે, એમાં તો લેશમાત્ર શંકા નથી, બેટા!

[રમા ચુપચાપ નિસાસો નાખે છે]

વિશ્વે : બેટા, આ પ્રસંગથી મારી પણ આંખ ઉઘડી ગઈ છે. માત્ર કોઇનું ભલું કરવાના વિચારથી જ આ સંસારમાં ભલું થઈ શકતું નથી. શરૂઆતનાં અનેક નાનાંમોટાં પગથિયાં વટાવવાની ધીરજ હોવી જોઈએ. એક વખત હતાશ થઈને રમેશ અહીંથી ચાલ્યો જવા માગતો હતો. તે સમયે મેં જ તેને જવા નહોતો દીધો. એટલે જ્યારે મેં સાંભળ્યું કે તેને સજા થઇ છે, ત્યારે મને એમ થયું કે જાણે મેં જ તેને આ સજા કરી છે! તે સમયે તો હું નહોતી જાણતી કે બહારથી દોડી આવી ભલું કરવામાં આટલી વિડંબના ભરેલી છે! ભલું કરવાનું કામ ઘણું જ કઠિન છે.

રમા : ભાભુ, એ એટલું કઠિન શાથી હશે?

વિશ્વે : એ વખતે તો ખ્યાલ પણ નહોતો કે પડેલાં દસ

માણસોને એકઠા કરી એક થવું પડે છે. એ તો પહેલેથી જ એટલું અધિક બળ અને એટલી અધિક જીવનશક્તિ લઈને એટલી અધિક ઉંચાઈ પર આવીને ઊભો રહ્યો હતો કે ત્યાં સુધી કોઇ પહોંચી શક્યું જ નહિ—કોઈ એની પાસે જઈ શક્યું જ નહિ. પરંતુ હવે લાગે છે કે તેને નીચે ઉતારીને ભગવાને તેનું કલ્યાણ જ કર્યું છે.

રમા : ભગવાને નહિ ભાભુ, આપણે બધાએ. પરંતુ આપણાં બધાંનો અધર્મ એમને શા સારુ નીચે ઉતારી લાવે?

વિશ્વે : ઉતારી કેમ નહિ લાવે, બેટા? નહિ તો પાપ વળી આટલાં ભયંકર શાનાં હોય? ઉપકારના બદલામાં જો કોઈ પ્રત્યુપકાર ન પણ કરે, બલ્કે ઉલટો અપકાર કરે, તો તેમાંય શું ઊંધુંચતું થઇ જવાનું હતું? પણ એ કૃતઘ્નતા જ ઉપકાર કરનાર દાતાને નીચે ઉતારી લાવે છે. તું કહે છે તો ખરી, રમા, હવે તારા આ ગામમાં રમેશ પાછો આવશે, ત્યારે શું તે એવો ને એવો જ હશે? તમે બધાં સ્પષ્ટ રીતે જોઈ શકશો કે જે હાથ વડે તે આજપર્યંત ચાર માણસનું કલ્યાણ કરતો હતો, તેને ભૈરવ આચાર્યે—અને ભૈરવ આચાર્ય જ એકલો શા માટે, તમે બધાએ—મચડીને તોડી નાખ્યા છે. પણ કેમ કહેવાય? એમાં પણ એનું ભલું જ થયું હોય! તેના બળવાન અને સાજા હાથોનું અપર્યાપ્ત દાન ગ્રહણ કરવાની શક્તિ લોકોમાં ન હતી, એટલે આ ભાંગેલા હાથ જ એ લોકોના સાચા કામમાં આવશે.

[વિશ્વેશ્વરી એક દીર્ઘ નિશ્વાસ મૂકે છે. રમા થોડી વાર પર્યંત તેનો હાથ આમતેમ ફેરવ્યા કરે છે. અને પછી એ પણ એક નિસાસો મૂકે છે]

રમા : ભાભુ?

વિશ્વે : કેમ, બેટા?

રમા : અપયશ અને તિરસ્કાર હવે મને સ્પર્શી શકતાં નથી. ભાભુ, જે દિવસે જુઠ્ઠી સાક્ષી આપી મેં એમને સજા કરાવી, તે દિવસથી સંસાર સારાયની વ્યથા મારે માટે પરિહાસ જેવી થઈ ગઈ છે.

વિશ્વે : એવું જ થાય છે, બેટા ?

રમા : બધા કહેવા લાગ્યા કે શત્રુનો, ગમે તે ઉપાયે પણ, નાશ કરવામાં કશો દોષ ન હોય અને એ લોકોએ એમ જ કર્યું. પરંતુ હું કાંઈ થોડી જ એમ કરી શકું, ભાભુ ?

વિશ્વે : કેમ, તું કેમ ન કરી શકે ?

રમા : ના ભાભુ, ન કરી શકું. એક વાત આજે હું તમારી આગળ કબૂલ કરું છું. મોડલના ઘેર બધા છોકરાઓ એકઠા થઈને રમેશભાઈના કહેવા મુજબ સારી સારી વાતોની ચર્ચા કરતા હતા. તેમને બદમાશોની એક ટોળી તરીકે પોલીસમાં પકડાવી દેવાનું કાવતરું રચાતું હતું. મેં માણસ મોકલી તેમને ચેતવી દીધા. કારણ કે પોલીસને તો એ જ જોઈએ છે. જો એક વાર પોલીસના હાથમાં સપડાઈ ગયા હોત, તો પછી કયારેય છૂટવાની આશા નહોતી.

વિશ્વે : (કંપી ઊઠીને) શું કહે છે તું આ, રમા ? શું વેણી પોતાના જ ગામમાં પોલીસને બોલાવી આ ઉત્પાત કરાવવા માગતો હતો ?

રમા : મને તો લાગે છે કે મોટાભાઈને જે દંડ મળ્યો છે, તે એનું જ ફળ છે. ભાભુ, મને માફ કરી શકશો ?

વિશ્વે : તેની મા હોવા છતાં પણ જો હું માફ ન કરી શકું, તો પછી બીજું કોણ માફ કરશે ? હું તો ઉપરથી આશીર્વાદ આપું છું કે ભગવાન તને આનો સારો બદલો આપે.

રમા : (હાથવડે પોતાનાં આંસુ લૂછીને) મારે માટે તો હવે

એક એ જ સાંત્વન છે કે જ્યારે એ જેલમાંથી પાછા આવશે, ત્યારે જોશે કે તેમના સુખનું ક્ષેત્ર તૈયાર થઈ ગયું છે. તેમણે જેમ ધાર્યું હતું તેમ જ થયું છે—એમના જ ગામની દીન દુઃખી પ્રજા આ વખતે નિદ્રામાંથી જાગૃત થઈ છે, એમને ઓળખી શકી છે અને તેમને ચાહવા લાગી છે. એ સ્નેહના આનંદમાં શું તેઓ મારો આ અપરાધ ભૂલી નહિ જાય? ભાભુ, માત્ર એક જ સ્થાન એવું છે, કે જ્યાં અમે એક બીજાથી દૂર ન જઈ શકયાં. તમને અમે બન્ને ચાહીએ છીએ.

[વિશ્વેશ્વરી ચુપચાપ વાંકી વળી
તેના કપાળે ચુંબન લે છે]

રમા : તેના જ જોરે હું તમારી પાસે એક માગણી કરતી જાઉં છું. જે સમયે હું દુનિયામાં ન હોઉં, ત્યારે પણ જો તેઓ મને ક્ષમા ન કરી શકે, તો મારા તરફથી તેમને આ એક જ વાત કહેજો કે તેઓ મને જેટલી ખરાબ માનતા હતા, તેટલી ખરાબ હું નહોતી. અને જેટલું દુઃખ મેં તેમને દીધું છે, તેથી અનેકગણું વધારે દુઃખ મેં જાતે ભોગવ્યું છે. તમારે મોંએથી આ વાત સાંભળી કદાચ તેમને વિશ્વાસ બેસશે.

વિશ્વે : તો તો બેટા, ચાલ આપણે કોઈ તીર્થસ્થાને ચાલ્યાં જઈએ. આપણે એવાં સ્થળે ચાલ્યાં જઈએ કે જ્યાં રમેશ પણ ન હોય અને વેણી પણ ન હોય અને જ્યાં દરેક દિશામાં મંદિરનાં શિખરો નજરે પડે. રમા, હું બધું સમજી ગઈ છું, અને બેટા, જો તારા જવાના દિવસો આવી જ પહોંચ્યા હોય, તો હું આ વિષ હૃદયમાં રાખીને નહિ લઈ જાઉં, બધું અહીં જ નિઃશેષ કરીને નાખી જઈશ. કેમ બેટા, એમ કરી શકીશ?

રમા : (વિશ્વેશ્વરીના પગમાં મોં છુપાવીને અને વિહ્વલતાપૂર્વક રોઈ પડીને) મારાથી નહિ થઈ શકે, ભાભુ! તમે મને અહીંથી લઈ ચાલો.

[સ્થળ: જેલખાનાના સામેનો માર્ગ. એક બાજુથી રમેશ અને બીજી બાજુથી વેણીનો પ્રવેશ. વેણીના માથે પાટો બાંધેલો છે. સાથે શાળાનો હેડમાસ્તર વનમાળી તથા કેટલાક વિદ્યાર્થીઓ છે. પાછળ વેણીના સાથી-દાર બીજા પણ બેચાર માણસો છે]

વેણી : (રમેશને ભેટી પડીને) રમેશભાઈ, હવે મને સમજાયું કે પોતાના લોહીનું કેટલું બધું આકર્ષણ હોય છે. હું બધું જાણવા છતાં નહોતો જાણી શકયો કે રમા એ હરામજાદા આચાર્યને પોતાના હાથમાં લઇને આ રીતે શત્રુની ગરજ સારશે અને બધી લાજશરમને ઊંચે મૂકી દઇને જાતે આવીને આ પ્રમાણે જુઠ્ઠી સાક્ષી આપશે! ભગવાને એનો દંડ પણ મને આપી દીધો છે. ભાઈ, જેલમાં હોવા છતાં તું સુખી હતો, જ્યારે હું તો બહાર રહેવા છતાં મહિનાઓ થયાં આગમાં જીવતો સળગી રહ્યો છું.

[રમેશ હતબુદ્ધિની જેમ ઊભો ઊભો જોયા કરે છે અને શું કરવું એ એને સૂઝતું નથી. વનમાળી અને વિદ્યાર્થીઓ આગળ આવી ચરણસ્પર્શ કરે છે]

વેણી : (રોઈ પડીને) ભાઈ, તું તારા આ મોટાભાઈ પર નારાજ ન થઈશ. ચાલ, ઘેર ચાલ. માએ તો રોઈ રોઇને બન્ને આંખો આંધળી કરી નાખવાનો જ ધંધો આદર્યો છે. રમેશ, અમે લોકો માત્ર જીવતા રહ્યા છીએ એટલું જ છે!

રમેશ : (વેણીના માથે બાંધેલા પાટા તરફ સંકેત કરીને) મોટાભાઈ, આ શું થયું? તમારું માથું કેવી રીતે ફૂટયું?

વેણી : એ બધું કહ્યે શું ફાયદો છે, ભાઇ! હું કોઇને પણ દોષ નથી દેતો. આ મારાં પોતાનાં જ કર્મોનું ફળ છે, મારા જ પાપનો દંડ છે. રમેશ, તું તો જાણે છે જ કે જન્મથી મારામાં એક દોષ છે કે મનમાં કાંઈ હોય અને જાહેરમાં બીજું કાંઈ બોલું એવું મારાથી નથી બનતું. જે રીતે બીજા માણસો પોતાના મનની વાત પોતાના મનમાં છુપાવી રાખે છે, એવું મારાથી નથી બનતું. એટલા માટે ન જાણે મારે શા શા દંડ ભોગવવા પડયા છે, છતાં મારી આંખો નથી ખુલી. મારો વાંક માત્ર એટલો જ હતો કે તે દિવસે રોતાં રોતાં કહી બેઠો કે રમા, મેં એવો તે તારો શો અપરાધ કર્યો હતો કે તેં મારા ભાઇને જેલમાં મોકલ્યો? જેલની વાત સાંભળીને મા તો પ્રાણત્યાગ જ કરશે. અમે ભાઈ ભાઈ સંપત્તિને માટે આપસમાં ભલે લડીએ ઝઘડીએ, છતાં પણ એ છે તો અમારો ભાઇ જ ને! તેં તો એક જ ઘાએ મારા ભાઇને પણ માર્યો અને મને ય મારી નાખ્યો. રમેશ, એ દિવસે રમાની જે ઉગ્ર મૂર્તિ મેં જોઈ હતી, તે યાદ કરતાં તો આજે પણ કાળજું કંપી ઊઠે છે. એણે તો કહ્યું કે શું રમેશનો બાપ મારા પિતાજીને જેલમાં નહોતો મોકલવા માગતો? એમનું જો ચાલ્યું હોત તો એ મોકલ્યા વિના રહ્યા હોત કે?

રમેશ : હા, રમાની માસીને મોંએથી પણ મેં આ જ વાત સાંભળી હતી.

વેણી : આ તો થયો એનો જાતક્રોધ. પરંતુ એક સ્ત્રી આટલો બધો અહંકાર કરી જાય એ મારાથી સહન ન થયું. મેં પણ ક્રોધમાં આવી કહી નાંખ્યું કે ઠીક એને જેલમાંથી આવવા દે, પછી બધો હિસાબ ચૂકતે કરી નાખીશું. પરંતુ ભાઈ, ખૂન કરવું એ તો એને મન રમત વાત છે. તારું ખૂન કરવા માટે એણે લાઠીબાજ અકબરને મોકલ્યો હતો, એ શું તને યાદ નથી? પરંતુ તારી આગળ તો એની ચાલાકી ચાલી નહિ, ઊલટો તેં જ એને પાઠ ભણાવ્યો. પરંતુ મારું ખૂન કરી નાખતાં એને જરા પણ મુશ્કેલી નડે એમ નથી.

રમેશ : પછી શું થયું ?

વેણી : એ પછી શું શું થયું, એ મને કયાંથી યાદ હોય? મને જરા પણ ખબર નથી કે મને શી રીતે ઇસ્પિતાલમાં લઈ ગયા, ત્યાં શું થયું, કે કોણે મારી સારવાર કરી. આ વખતે આ જે બચી ગયો છું તે માત્ર માના જ પુણ્યથી. એવી મા બીજા કોની છે, રમેશ ?

[રમેશના મનમાં અને ચહેરા પર શા શા ભાવ બદલાતા હતા, તે કોઇ જાણી શકતું નહોતું. તે એક અક્ષર પણ બોલ્યો નહિ]

વેણી : ભાઇ ગાડી તૈયાર છે. હવે મોડું ન કર. ઘેર ચાલ. તને લઈ જઇને એક વાર મા આગળ રજૂ કરી દઉં, પછી જ મને ચેન પડશે.

રમેશ : ચાલો ! જેલમાં જ સાંભળ્યું હતું કે રમા બહુ માંદી છે ?

વેણી : રમેશ, ઇશ્વરનો દંડ છે. અંતે એક દિવસ એની સમક્ષ બધાં કર્મોનો જવાબ આપવો પડશે, એ બધા ભૂલી જાય છે. ચાલ ભાઈ, ઘેર ચાલ. [બધા જાય છે]

અંક ચોથો
પ્રવેશ ૫ મો

[સ્થળ : રમાનો ઓરડો. રમેશનો પ્રવેશ. રમાને જોઇને તે ચમકી ઊઠે છે]

રમેશ : તું આટલી બધી બિમાર હશે એવી તો મને કલ્પના પણ નહોતી આવતી.

[રમા મહામુશ્કેલીએ ઊઠીને બેસે છે અને રમેશ તરફ ઝૂકીને પ્રણામ કરે છે]

રમેશ : હવે કેમ છે, રાણી ?

રમા : તમે મને રમા કહીને જ બોલાવો.

રમેશ : ઠીક, એમ બોલાવીશ. સાંભળ્યું કે તું બિમાર હતી. હવે કેમ છે, એટલું જ જાણવા ઇચ્છતો હતો. નહિ તો નામ તારું ગમે તે હોય, પરંતુ એ નામે બોલાવવાની મને ઇચ્છા પણ થતી નથી અને એવી આવશ્યકતા પણ નથી.

રમા : હવે ઠીક છે. મેં તમને બોલાવવા માણસ મોકલ્યું હતું, તેથી કદાચ તમને આશ્ચર્ય થયું હશે. પરંતુ.........

રમેશ : ના, આશ્ચર્ય નહોતું થયું. તારા કોઈ પણ કામથી આશ્ચર્ય પામવાના દિવસો હવે વીતી ગયા. પરંતુ, હું પૂછું કે તારે

મને શા માટે બોલાવવો પડયો ?

રમા : (થોડીવાર માથું નમાવી ચુપચાપ રહીને) રમેશભાઇ, આજે મેં તમને એ કામ માટે કષ્ટ આપ્યું છે. એ તો હું જાણું છું કે મેં અનેક અપરાધ કર્યાં છે, છતાં મને ખાત્રી હતી કે તમે આવશો જ, અને મારી આ બે અંતિમ યાચનાઓનો અસ્વીકાર પણ નહિ કરો. (તેનું ગળું ભરાઈ આવે છે.)

રમેશ : શી યાચના છે ?

રમા : (ચકિત બની શીર ઊંચું કરી ફરી નમાવી દે છે) મોટાભાઈ તમારી સહાયતાવડે પીરપુરની જે મિલ્કત પર કબજો મેળવવા માગે છે, એ મિલ્કત મારી પોતાની છે. પિતાજી એ સ્પષ્ટ રીતે મને આપી ગયા છે. તેમાં પંદર આની મારો અને એક આની તમારા લોકોનો ભાગ છે. એ મિલ્કત હું તમને આપી દેવા માગું છું.

રમેશ : તું નકામી ડરે છે. મોટાભાઈ મને ગમે તેટલું કહે, છતાં ચોરી કરવાના કાર્યમાં મેં પહેલાં પણ કોઈને સહાયતા નથી કરી, તેમ ન તો હવે પણ કરીશ. અને તું જો દાન જ કરવા માગતી હોય, તો એ માટે બીજા ઘણા માણસો છે. હું દાન નથી લેતો.

રમા : એ હું જાણું છું રમેશભાઈ, કે તમે ચોરીના કામમાં કોઈને પણ સહાય નહિ કરો. અને એ પણ જાણું છું કે તમે લેશો તો પણ પોતાને માટે તો નહિ જ લો. પરંતુ એમ નથી. દોષ કરનારને દંડ ભોગવવો પડે છે. મેં જે અપરાધ કર્યાં છે, તેના દંડ રૂપે શા માટે આ નથી સ્વીકારતા ?

રમેશ : અને તારી બીજી યાચના ?

રમા : હું યતીન્દ્રને તમારા હાથમાં સોંપતી જાઉં છું.

રમેશ : 'સોંપતી જાઉં છું' એટલે ?

રમા : (રમેશના મુખ પ્રતિ જોઈને) રમેશભાઇ, એક દિવસ એવો આવશે કે જ્યારે તમારી સમક્ષ બધું સ્પષ્ટ થઈ જશે. એટલા માટે જ હું મારા યતીન્દ્રને તમારા જ હાથમાં સોંપી જવા માગું છું. એને તમે તમારી જ માફક ભણાવીગણાવીને તમારા જ જેવો બનાવજો કે જેથી તે મોટો થયા બાદ તમારી જ માફક સ્વાર્થત્યાગ કરી શકે. (છેડા વતી આંસુ લૂછીને) હું મારી આંખોએ તો એ નહિ જોઈ શકું, પરંતુ મારો એ દૃઢ વિશ્વાસ છે કે યતીન્દ્રની નસોમાં તેનાં પૂર્વજોનું લોહી છે. ત્યાગની જે શક્તિ તેનાં અસ્થિ અને મજ્જામાં મળી ગયેલી છે, તેને જો બરાબર કેળવણી આપવામાં આવે તો કદાચ એક દિવસ એ પણ તમારી જ જેમ શીર ઊંચું કરીને ઊભો થઈ શકશે.

[રમેશ ચુપ રહે છે]

રમા : રમેશભાઇ, આ રીતે ચુપ રહેશો તેથી હું તમને નહિ છોડું.

રમેશ : જો, આ બધી વાતોમાં મને ન ધસડીશ. હું બહુ દુઃખો સહન કર્યાં બાદ પ્રકાશની બહુ આછી શિખા પ્રજ્વલિત કરી શક્યો છું, તેથી મને ખૂબ ડર રહ્યા કરે છે કે તે જરાકમાં પાછી બુઝાઈ ન જાય.

રમા : ના રમેશભાઇ, એમાં જરા ય ડરવા જેવું નથી. એ પ્રકાશ હવે હોલવાઈ નહિ જાય. કાકીમા કહેતાં હતાં કે તમે બહુ દૂરથી આવીને અને બહુ જ મોટી ઊંચાઇએ બેસીને કામ કરવા માગતા હતા, તેથી જ તમારાં કામોમાં આટલાં બધાં વિઘ્નો આવ્યાં. તે સમયે પરદેશીઓની જેમ તમે પણ ગ્રામ્યસમાજની બહાર હતા, પરંતુ હવે તો તમે એમનામાંના જ એક માણસ થઇ ગયા છો. એ સમયે તમારું આપેલું દાન એક વિદેશીનું હતું, હવે તે આત્મીયનો સ્નેહપૂર્ણ ઉપ-

હાર થઈ ગયો છે. હવે તમે એ નથી રહ્યા કે જે દુઃખ પામે અને દુઃખ સહે. તેથી હવે આ પ્રકાશ ઝાંખો નહિ પડે, બલ્કે દિનપ્રતિદિન ઉજ્જવળ થતો જશે.

રમેશ : રમા, તું ખાત્રીપૂર્વક કહે છે કે અમારા આ દીપકની શિખા હવે ક્યારે ય નહિ બુઝાય ?

રમા : હા, ખાત્રીપૂર્વક કહું છું. આ તો કાકીમાની જ કહેલી વાત છે કે જે બધું જાણે છે. આ કામ તમારું જ છે. મારા યતીન્દ્રને તમે તમારા હાથમાં લો, મારા સર્વે અપરાધોની ક્ષમા કરો અને આજે મને આ આશીર્વાદ આપો કે જેથી હું નિશ્ચિંત બનીને જઈ શકું.

રમેશ : રમા, તું જવાની વાત કેમ કર્યા કરે છે ? મને ખાત્રી છે કે તું પુનઃ સાજી થઈ જઈશ.

રમા : રમેશભાઈ, હું સાજી થવાની વાતનો વિચાર કરતી જ નથી, હું તો માત્ર મારા જવાની વાતનો જ વિચાર કરી રહી છું. પરંતુ તમારે મારો એક બીજો અનુરોધ પણ માન્ય કરવો પડશે. મારા વિષયમાં તમે મોટાભાઈ સાથે ક્યારે ય ઝઘડો ન કરશો.

રમેશ : એનો અર્થ શું ?

રમા : અર્થ જ્યારે ક્યારે ય જાણો ત્યારે આટલી જ વાત સ્મરણમાં રાખજો કે હું કેવી રીતે બધું ચુપચાપ સહન કરતી ચાલી ગઈ અને મેં એક પણ વાતનો પ્રતિવાદ નહોતો કર્યો. એક દિવસ જ્યારે મારે માટે અસહ્ય થઈ પડયું હતું, ત્યારે કાકીમાએ આવીને કહ્યું હતું કે મિથ્યાને આંદોલન કરી જાગતું રાખવાથી તેનું આયુષ્ય વધતું જાય છે. પોતાની અસહિષ્ણુતા વડે તેનું આયુષ્ય વધારવા જેવું એક પણ મોટું પાપ નથી. તેમનો એ જ ઉપદેશ સ્મરણમાં રાખીને હું બધું દુઃખ અને દુર્ભાગ્ય વટાવી શકી છું. રમેશભાઈ,

તમે પણ આ વાત ક્યારે ય ન ભૂલશો.

[રમેશ ચુપચાપ તેના મોં તરફ જોઇ રહે છે]

રમા : રમેશભાઇ, તમે આજે એમ માનીને દુઃખી ન થશો કે તમે મને ક્ષમા નથી કરી શકતા. મને તો ખાત્રી છે કે જે વાત આજે કઠિન જણાય છે, તે જ એક દિવસ સીધી અને સરળ થઈ જશે. તે દિવસે તમે સાવ સહેલાઇથી મારા સર્વે અપરાધોની ક્ષમા આપશો. અને એ શ્રદ્ધાને લઇને જ મારા મનમાં લેશ પણ કશો કલેશ યા દુઃખ નથી. હું કાલે સવારે જ જાઉં છું.

રમેશ : કાલે સવારે જ! કયાં જવાની છે?

રમા : જ્યાં કાકીમા લઇ જશે, ત્યાં જઈશ.

રમેશ : પરંતુ મેં તો સાંભળ્યું છે કે એ તો પાછાં નથી ફરવાનાં.

રમા : હું પણ પાછી નહિ ફરું. આજે હું પણ તમારા ચરણોમાંથી સદાને માટે વિદાય થાઉં છું.

[એટલું કહી રમા જમીન પર
માથું મૂકી પ્રણામ કરે છે]

રમેશ : ઠીક જા. પરંતુ હું શું એટલું પણ ન જાણી શકું કે શાથી આમ અકસ્માત વિદાય થવા તત્પર થઇ છે?

[રમા ચુપ રહે છે]

રમેશ : તું શાથી આમ તારી બધી વાતો આ પ્રકારે છુપાવીને ચાલી જાય છે, એ તું જાણે. પરંતુ હું પણ ઇશ્વરને સાક્ષી રાખીને મારા તનમનથી પ્રાર્થના કરું છું કે હું પણ એક દિવસ મારા સમસ્ત અંતઃકરણથી તને ક્ષમા કરી શકું. તને ક્ષમા ન કરી શકવાથી મને જે કષ્ટ થાય છે, તે તો એક માત્ર મારો અંતર્યામી જ જાણે છે.

[અકસ્માત વિશ્વેશ્વરીનો પ્રવેશ]

વિશ્વે : રમા !

રમેશ : કાકીમા, અમે લોકોએ એવો શો અપરાધ કર્યો છે કે તમે અમને આમ છોડીને ચાલ્યાં જાઓ છો ?

વિશ્વે : અપરાધ ? જો અપરાધોની વાત કરવા બેસીએ, તો એનો ક્યારે ય અંત નહિ આવે. તેથી એવી વાત કરવાની કાંઈ જરૂર નથી. પરંતુ મારી આટલી વાત તું ધ્યાનમાં રાખજે, કે જો મારું મોત અહીં થયું તો વેણી મને આગ મૂકશે અને તેથી હું કદાપિ મુક્તિ નહિ પામી શકું. આલોક તો જેમતેમ કરીને વીતાવ્યો રમેશ, પરંતુ ક્યાંક પરલોક પણ આ રીતે બળીબળીને ન વીતાવવો પડે, એ ભયથી નાસી જાઉં છું.

રમેશ : કાકીમા, તમે ક્યારે ય મારી આગળ એ પ્રકટ થવા ન દીધું કે પુત્રનો અપરાધ આ પ્રકારે તમારા હૃદયને વેધી રહ્યો છે. પરંતુ રમા શા માટે બધું ત્યાગીને ચાલી જવા તત્પર થઈ છે ? એને તમે ક્યાં લઇ જશો ?

રમા : હું જાઉં છું, કાકીમા !

[રમા જાય છે]

વિશ્વે : તું પૂછતો હતો કે રમા શા માટે ચાલી જાય છે ! હું એને ક્યાં લઈ જઇશ ? સંસારમાં એને સ્થાન નથી મળ્યું રમેશ, તેથી તેને ભગવાનના ચરણોમાં લઈ જાઉં છું. એ તો હું નથી કહી શકતી કે ત્યાં જવાથી એ બચી જશે કે નહિ, પરંતુ જો બચી ગઈ, તો હું એને શેષ જીવન એ જ અતિ કઠિન પ્રશ્નની મીમાંસા કરવામાં વીતાવવાનું કહીશ કે શા માટે ભગવાને તેને આટલું બધું રૂપ, આટલા ગુણો અને આટલો મહાન આત્મા આપી આ સંસાર-

માં મોકલી હતી અને શા માટે કોઇ પણ દોષ યા અપરાધ વિના તેના માથે દુઃખોનો આટલો ભારે બોજ લાદી પુનઃ સંસારની બહાર ફેંકી દીધી. આ શું તેનો અભિપ્રાય છે કે માત્ર આપણા સમાજના વિચારોનો ખેલ છે! અરે રમેશ, તેના સમાન દુઃખિની કદાચ આ જગત પર બીજી કોઇ નહિ હોય!

[વિશ્વેશ્વરીનું ગળું ભરાઈ આવે છે.
રમેશ ચુપચાપ તેના તરફ તાકી રહે છે]

વિશ્વે : પરંતુ રમેશ, તારે માટે તો મારો આટલો જ આદેશ છે કે તું એને ખોટી ન માનીશ. હું જતી વેળાએ કોઈને વિષે કશી ફરિયાદ કરવા નથી ઇચ્છતી, પરંતુ મારી આટલી વાત પર ક્યારે ય અવિશ્વાસ ન કરીશ કે તારું શુભ ઇચ્છનારું તેનાથી મોટું બીજું કોઈ નથી.

રમેશ : પરંતુ કાકીમા.........

વિશ્વે : રમેશ, એમાં પણઅણને જરાપણ સ્થાન નથી. તેં જે કાંઇ સાંભળ્યું છે તે બધું જુઠ્ઠું છે અને જે કાંઈ જાણ્યું છે તે બધું ખોટું છે. પરંતુ આ નાટકની હવે અહીંજ પૂર્ણાહુતિ કરો. તારા માટે એની અંતિમ પ્રાર્થના એટલી જ છે કે, તારું કલ્યાણનું કાર્ય નદીના પૂરની જેમ સમસ્ત દ્વેષ અને ઈર્ષ્યાને પોતામાં વહાવી દેતું આગળ વધ્યા કરે. એટલા જ માટે તેણે મુખ બંધ રાખી બહુ સહન કર્યું છે. તે હવે લગભગ અંતિમ સ્થિતિએ આવી પહોંચી છે, છતાં તે કશું બોલી નથી, રમેશ!

રમેશ : કાકીમા, તેને કહો.........

વિશ્વે : જો બની શકે તો તું જ એને કહેજે, રમેશ. મને હવે સમય નથી. [જાય છે]

[યતીન્દ્રને સાથે લઈને રમાનો પ્રવેશ. તેનાં વસ્ત્રો પરથી ભાસે છે કે તે ક્યાંક બહુ દૂર જવા તૈયાર થઈ છે]

રમેશ : (ચકિત થઈને) આ શું ? આટલી મોડી રાતે આવો વેશ શા સારુ ?

રમા : રમેશભાઈ, હું જવા માટે ઘેરથી નીકળી ચૂકી છું. હવે રાત નથી. જતાં પહેલાં બે કામ કરવાનાં બાકી હતાં. એક તો અંતિમવાર તમારા ચરણોની ધૂળ લેવાનું અને બીજું યતીન્દ્રને તમારા હાથમાં સોંપવાનું.

રમેશ : આ ભાર મને જ સોંપતી જઈશ, રમા ?

રમા : રમા નહિ, રાણી ! તેનું સૌથી વધુ પ્યારું ધન આ નાનો ભાઈ જ છે. રમેશભાઈ, એને તમારા સિવાય બીજું કોણ સંભાળી શકશે ?

રમેશ : પરંતુ એમાં કેટલું મોટું ઉત્તરદાયિત્વ છે, રમા...આ અનુરોધ...............

રમા : હજી પણ એની એ જ રમા ? પરંતુ આ તો અનુરોધ નથી, આ તો એનો અધિકાર છે. એ જ અધિકાર લઈને એ એક દિવસ આ સંસારમાં આવી હતી અને એ જ અધિકાર લઇને એ સંસારમાંથી જશે. રમેશભાઈ, એ અધિકારનો ક્યાંય અંત જ નથી. તેમાંથી તમે શી રીતે બચી શકો ? લ્યો આ !

[રમેશના હાથમાં યતીન્દ્રનો હાથ મૂકે છે અને જમીન પર વાંકી વળી તેને પ્રણામ કરે છે]

સૂચિપત્ર

[સપ્ટેંબર : ૧૯૪૨]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ.

રૂપકથા ભાગ ૧–૨	૦–૮–૦
અલિબાબા(નવી આવૃત્તિ)	૦–૫–૦
આવતી કાલ (ટૂંકી વાર્તાઓ)	૦-૬-૦
નરવીર	૦–૩–૦
ચિંતનની વેદી પર	૦–૩–૦
મુસોલિની	૦–૪–૦
નવરંગી બાળકો(દિવેટિયા)	૦-૪–૦
બાલવાડી ,,	૦–૮–૦
એક હતો છોકરો(ચં.કા.ભટ્ટ)	૦–૬–૦
ટૉટ્સ્કી ,,	૦–૬–૦
રાતું રૂસ ભાગ ૧–૨–૩ પાકું પૂંઠું ,,	૨–૮–૦
એક હતું માનવી (સચિત્ર)	૦-૧૦-૦
માનવીનું ઘર ,,	૦-૧૦-૦
બાણાવલી (ધી.ટો.શાહ)	૦–૮–૦
જવાંમર્દ (જયભિખ્ખુ)	૦–૮–૦
કોયડા સંગ્રહ ૧–૨	૧–૦–૦
રમુજી ટુચકા	૦–૮–૦
જાપાનની રમણી	૦–૮–૦
કુમારોની પ્રવાસકથા	૦–૮–૦
જંગલ કથાઓ	૦-૧૦-૦
આલમની અજાયબીઓ	૦–૮–૦
ગૂજરાતના ઈ.ની મિજલસો	૦–૪-૦
સ્વદેશના ઈ.ની મિજલસો	૦-૧૪-૦
મહાસભાના પ્રમુખો(સચિત્ર)	૧–૦–૦
શરદબાબુની બાળવાતો	૧–૮–૦
દેવકથાઓ	૦–૬–૦
બાળકોનો બાગ	૦–૬–૦
પાતાળ પ્રવેશ	૦-૧૪-૦
સાહસિકોની સૃષ્ટિ	૧-૧૨-૦
ખજાનાની શોધમાં	૧–૦–૦
ભારતની મહાન જ્યોતિઓ	૦–૩–૦
માથાનું દાન-નાટક (ર.સોની)	૦-૮–૦
રૂપાની ગાય ,, ,,	૦–૮–૦
પડઘા (ધૂમકેતુ)	૦–૬–૦
શુએનસંગ ,,	૦–૩–૦
વનરાજ ,,	૦–૬–૦
ભીલકુમાર ને બીજાં નાટકો	૦–૫–૦
માયાબાજી ને બીજી વાતો	૦–૬–૦
શિકાર (ચાવડા)	૧–૮–૦
શૌર્યનાં તેજ(મ.જોધાણી)	૧–૮–૦
ઝૂમણું ,,	૦-૧૨-૦
કથાકુંજ	૦–૪–૦
બાલગીત ભાગ ૧–૨ (ભાઈચંદ પૂંજાભાઈ)	૧–૮–૦
પારેવાં	૦–૩–૦
બાવલાનાં પરાક્રમો (હંસા બહેન)	૧–૯–૦
બાલવાર્તાવળી ,,	૧–૪–૦
અરુણનું અદ્ભુત સ્વપ્ન ,,	૧–૯–૦
ગોળીબારની મુસાફરી ,,	૧–૯–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

રાસગંગા	૦-૮-૦
રુબંકા (મગનલાલ બ્રહ્મભટ્ટ)	૨-૦-૦
કીર્તિસ્તંભ ,,	૧-૦-૦
વિદ્યાર્થી અને યુવકોને	૦-૪-૦
દૃષ્ટાંત શતક	૦-૧૦-૦
રાજકથા	૦-૧૦-૦

બાલશિક્ષણ

બાલ વાંચનમાળાનાં ૭ પુસ્તકો (સોમાભાઇ)	૦-૧૧-૬
બાલલેખન ૧-૨-૩-૪ ,,	૦-૧૨-૦
બાલ ગણિત ૧ થી ૪ ,,	૦-૧૩-૬
નાની પોથી (ધૂમકેતુ)	૦-૧-૦
પહેલી-બીજી-ત્રીજી ,,	૦-૪-૬
મોંટેસરી પદ્ધતિએ વ્યાકરણ શિક્ષણ	૦-૧૨-૦

જીવનચરિત્રો

હ્યુએનસંગ ધૂમકેતુ	૦-૩-૦
વીર વનરાજ ,,	૦-૬-૦
પરશુરામ ,,	૦-૩-૦
નેપોલિયન ,,	૦-૨-૦
હેમચંદ્રાચાર્ય ,,	૧-૮-૦
શ્રદ્ધાનંદ	૧-૦-૦
મહાસભાના પ્રમુખો	૧-૦-૦
નવયુવાન સુભાષ (આચાર્ય)	૦-૮-૦
મુસોલિની	૦-૪-૦
હેમચંદ્રાચાર્ય (પં. બેચરદાસ)	૧-૮-૦
અડધે રસ્તે (મુનશી)	૩-૦-૦

સોરઠી સંતો (મેઘાણી)	૧-૦-૦
તારણહાર [અ. રમણલાલ ભટ્ટ]	૧-૪-૦
ભારતના મહાન વૈજ્ઞાનિકો	૩-૦-૦
લેનિન (નીરુ દેસાઈ)	૧-૮-૦
રશિયન નારી	૦-૧૦-૦
દેશદેશની વીરકથાઓ ૧-૨	૧-૧૨-૦
મૌલાના આઝાદ	૦-૪-૦

ટૂંકી વાર્તાઓ

તણખા ભાગ ૧ (ધૂમકેતુ)	૧-૮-૦
,, ,, ૨ ,,	૧-૮-૦
,, ,, ૩ ,,	૧-૮-૦
,, ,, ૪ ,,	૨-૮-૦
પ્રદીપ ,,	૧-૧૨-૦
ધૂમ્રશિખા (ર. દલાલ)	૧-૪-૦
અંગાર ,,	૧-૪-૦
મુક્તિદ્વાર ,,	૧-૪-૦
પુષ્પાંજલિ ,,	૧-૦-૦
ચા-ઘર: ભાગ પહેલો	૧-૦-૦
,, ,, બીજો	૧-૮-૦
છબી (શરદબાબુ)	૧-૪-૦
પરિણીતા ,,	૦-૮-૦
સ્વામી ,,	૧-૪-૦
કાશીનાથ ,,	૧-૧૨-૦
તિલોત્તમા	૦-૬-૦
શિકાર (ચાવડા)	૧-૮-૦
શૌર્યનાં તેજ (મેઘાણી)	૧-૮-૦
ઝુમણું ,,	૦-૧૨-૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

જીવનનાં દર્દ (પ્રેમચંદજી)	૧–૪–૦
દીપમાળ	૧–૪–૦
કાળની ચક્કી	૧–૦–૦
સમિધ (નવલિકાઓ)	૧–૮–૦
તરતાં ફૂલ (ધ. ત્રિપાઠી)	૧–૦–૦
આત્માનાં તેજ ,,	૧–૮–૦
ખોવાયલા તારા	૧–૮–૦
સ્વપ્નની છાયા	૧–૪–૦
ખાંડાના ખેલ (અડાલજા)	૩–૦–૦
આત્માનાં આંસુ (ટાગોર)	૦–૩–૦
લાલ પડછાયા	૧–૦–૦
શહીદી	૧–૪–૦
અમે પિંજરનાં પંખી	૧–૪–૦
ક્રાંતિને કિનારે	૨–૦–૦
જૌહર (ધી. ધ. શાહ)	૦–૬–૦
જીંદગીના ખેલ (પન્નાલાલ)	૨–૮–૦
વળામણાં ,,	૧–૪–૦
જીવો દાંડ ,,	૧–૪–૦
ખોલકી ને બીજી વાતો	૧–૪–૦
કથાપરી	૨–૮–૦
રજપૂતાણી ને બીજી વાતો	૦–૨–૦
ગોવિંદનું ખેતર ને ,,	૦–૨–૦
આનંદરાત્રિ ને ,,	૦–૩–૦
પ્રતિમાઓ (મેઘાણી)	૧-૧૨-૦
સૂડી વચ્ચે સોપારી	૦–૪–૦
કચ્છની લોકકથાઓ	૧–૮–૦
ઝૂરતું હૃદય	૦–૫–૦
શા માટે બંધન !	૧–૪–૦
દ્વિરેફની વાતો : ભાગ પહેલો -(રામનારાયણ વિ. પાઠક)	૧–૮–૦
પેટકોચી ને બીજી વાતો	૧–૮–૦
પ્રેમકથાઓ (૨૫ ચૂંટી કાઢેલી વાર્તાનો સંગ્રહ)	૧–૮–૦
યુગપ્રવાહ	૨–૦–૦
કાચાં ફળ	૦–૮–૦
પગદીવાની પછીતેથી	૦-૧૫-૦
પલ્લવ	૧–૪–૦
ચરણરજ	૦-૧૫-૦
વસુંધરા ને બીજી વાતો	૨–૩–૦
ઝણુકિયાં (સીનેમા વિષયક)	૦-૧૫-૦
જીવનરસ	૧–૪–૦
યુગચિત્ર	૧–૪–૦
વીર શાર્દુલ ને બીજી વાતો સચિત્ર	૨–૮–૦
અંધારાને સીમાડે	૦-૧૦-૦

નવલકથાઓ

રાજમુગટ (ધૂમકેતુ)	૨–૦–૦
મલ્લિકા ,,	૨–૮–૦
અજિતા ,,	૨–૮–૦
પરાજય ,,	૨–૮–૦
ચૌલાદેવી ,,	૨–૮–૦

રાજસંન્યાસી	,,	૩—૦—૦
નિરંજન	(મેઘાણી)	૨—૦—૦
સોરઠ,તારાં વહેતાં પાણી	,,	૨—૮—૦
અપરાધી	(મેઘાણી)	૨—૮—૦
વેવિશાળ	,,	૨—૮—૦
તુલસીક્યારો	,,	૨—૮—૦
બીડેલાં દ્વાર	,,	૨—૦—૦
રાં ગંગાજળિયો	,,	૧—૮—૦
ગૂજરાતનો જય ૧-૨	,,	૪—૦—૦
સમરાંગણ	,,	૧—૮—૦
વસુંધરાના વહાલાદવલાં	,,	૧—૮—૦
પરિણીતા	(શરદબાબુ)	૦—૮—૦
પલ્લીસમાજ	,,	૧—૪—૦
ચંદ્રનાથ	,,	૦-૧૪-૦
ગૃહદાહ	,,	૩—૦—૦
શ્રીકાંત ભા. ૧-૨	,,	૩—૦—૦
,, ,, ત્રીજો	,,	૨—૦—૦
,, ,, ચોથો	,,	૨—૦—૦
દેવદાસ	,,	૧—૦—૦
બેઠો બળવો	(જયભિખ્ખુ)	૧—૦—૦
રાત પડતી હતી		૦-૧૫-૦
ભીખો ચોટ્ટો		૨—૦—૦
પારકાં જણ્યાં		૧—૯—૦
પ્રતિજ્ઞા	(ધનશંકર)	૨—૦—૦
શયતાન	(ટોલ્સ્ટોય)	૧—૦—૦
કર્મભૂમિ ભા. ૧—૨ સચિત્ર	(પ્રેમચંદજી)	૪—૮—૦
ગોદાન ૧—૨	,,	૫—૦—૦
વિલોચના	(ચુ. વ. શાહ)	૩—૦—૦
કર્મયોગી રાજેશ્વર	,,	૨—૦—૦
અવંતિનાથ	,,	૨—૦—૦
રાજહત્યા	,,	૨—૦—૦
રૂપમતી	,,	૨—૮—૦
પુત્રજન્મ	(ગુ. આચાર્ય)	૨—૮—૦
દેશદિવાન	,,	૧-૧૨-૦
જગતના મંદિરમાં	,,	૨—૦—૦
રૂઢિના કલંક		૨—૮—૦
દિલારામ	(મા. જોશી)	૧—૮—૦
પ્રેમળ જ્યોતિ	,,	૧—૮—૦
યામા	,,	૪—૦—૦
પ્રલયમૂર્તિ	(મો. ધામી)	૧-૧૨-૦
પરિચારિકા	,,	૧—૪—૦
જીવન સંગીત	(ડૉ. હરિપ્રસાદ)	૨—૦—૦
આઝાદીનો જંગ		૧—૮—૦
રંભા	(જેઠાલાલ ત્રિવેદી)	૧—૪—૦
સુવર્ણા	(ર. દલાલ)	૨—૦—૦
અમ્મા	(ભોગીલાલ ગાંધી)	૨—૦—૦
આસિસ્ટંટ કલેક્ટર	(ભો. દીવેટિયા)	૨—૮—૦
કલંકિત	(અપ્ટન સિંકલર)	૧—૪—૦

સુશીલાનો દેવ (વા. મ. જોષી) ૨–૪–૦
માનવતાનાં મૂલ્ય ૩–૦–૦
નરેન (ઇંદ્ર વસાવડા) ૧-૧૪-૦

નાટકો

પડઘા (ધૂમકેતુ) ૦–૬–૦
ભીલકુમારને બીજાં નાટકો ૦–૫–૦
દંડીકૂરતાને બીજાં નાટકો ૧–૮–૦
શાહજહાં (મેઘાણી) ૧–૦–૦
રાણો પ્રતાપ ,, ૧–૮–૦
જહાંગીર નૂરજહાં (નાનાલાલ કવિ) ૩–૪–૦
રક્ષાબંધન ૧–૦–૦
હરીન્દ્રનાં બે નાટકો ૦–૭–૦
ઢીંગલી ૦-૧૨-૦
સંભાવિત સુંદરલાલ ૧–૪–૦
વિલ્હેમટેલ (ન. પટેલ) ૨–૦–૦
માથાનું દાન ૦–૮–૦
રૂપાની ગાય ૦–૮–૦
પ્રતિજ્ઞા (રમણિકલાલ) ૦–૬–૦
રાજાની રાણી ,, ૦–૮–૦
અંધકાર વચ્ચે ને બીજાં નાટકો (ઇંદુલાલ ગાંધી) ૧–૦–૦
અપ્સરા ને બીજાં નાટકો ,, ૧–૦–૦
જવનિકા (જયંતિ દલાલ) ૧–૯–૦
રાજ્યશ્રી ૦–૬–૦
બિલ્લીપત્ર ૦–૨–૦
રમા (શરદબાબુ) ૨–૦–૦

આરોગ્ય

(દેશાઇભાઇ નાથાભાઈ કૃત)

માનવદેહ મંદિર સચિત્ર ૧–૪–૦
માનવીનું આરોગ્ય ,, ૧–૦–૦

પ્રવાસ

પગદંડીઃ સચિત્ર (ધૂમકેતુ) ૧–૮–૦
પ્રવાસનાં સંસ્મરણો (ર. ત્રિવેદી) ૧–૦–૦
ભારત દર્શન ૧-૧૨-૦

કાવ્યસંગ્રહો

નર્મદનું પદ્યમંદિર ૧–૮–૦
શેષનાં કાવ્યો (રા. પાઠક) ૨–૦–૦
હૃદયરંગ ૦–૪–૦
એકતારો (મેઘાણી) ૧–૦–૦
વેણીનાં ફુલ ,, ૦–૮–૦
કિલ્લોલ ,, ૦–૮–૦
હાલરડાં ,, ૦–૮–૦
પરિમલ (ર. દલાલ) ૨–૦–૦
પાંખડીઓ (મુકતકો) ૦-૧૨-૦
રઢિયાળી રાત ૧ (મેઘાણી) ૧–૪–૦
,, ,, ૨ ,, ૧–૮–૦
,, ,, ૩ ,, ૦-૧૦-૦
,, ,, ૪ ,, ૧–૮–૦
ચુંદડી ભા. ૧–૨ ,, ૧–૬–૦
અર્ચન (કાવ્યસંગ્રહ) ૨–૦–૦
ગોરસી (ઇંદુલાલ ગાંધી) ૧–૦–૦

વિચાર વિથી ૦–૮–૦
પ્રાચીન સાહિત્ય (ટાગોર) ૦–૭–૦

હાસ્યરસનાં પુસ્તકો

આકાશનાં પુષ્પો (ગ. મહેતા) ૧–૮–૦
નકો નગરીયો (ઓલિયા જોશી) ૨–૮–૦
સ્વૈર વિહારઃ પહેલો અને બીજો (રા. પાઠક) ૨-૧૨-૦
પાનગોષ્ઠિ (ધૂમકેતુ) ૧–૮–૦
હાસ્યમંદિર (ર. નીલકંઠ) ૨–૦–૦
નાજુક સ્વારી ૧–૮–૦
કેતકીનાં પુષ્પો (નવલરામ) ૧–૮–૦

ઈતિહાસ ગ્રંથો

ગૂજરાતનું પાટનગર અમદાવાદ ૧૦૩ ચિત્રો સહિત (રત્નમણીરાવ) ૬–૦–૦
ખંભાતનો ઇતિહાસ ,, ૪–૮–૦

રાષ્ટ્રીય સાહિત્ય

આખરી ફેંસલો
ભા. ૧–૨–૩–૪ પાકું પુંઠું (મહાત્માજી) ૬–૪–૦
કાચું પુંઠું ૫–૦–૦
સંપૂર્ણ દારૂનિષેધ ,, ૦–૮–૦
હરિજન ભાગવત ,, પાકું ૧–૦–૦
બળવાનો ઇતિહાસ ૧૦–૮–૦
૧–૨–૩

તરુણ ભારત (લાલાજી) ૧-૧૨-૦
અમ્મા ૨–૦–૦
ભારતમાં અંગ્રેજી રાજ્ય સચિત્ર ભા. ૧–૨ ૧૦-૦-૦
મીઠાવેરો ભા. ૧–૨ ૦–૩–૦
રંગદ્વેષનો દુર્ગ (દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન) બે ભાગમાં (સચિત્ર) ૫–૦–૦
હિંદ કયે રસ્તે (જવાહરલાલ) ૦–૨–૦
ઇન્દિરાને પત્રો (,,) ૦–૮–૦
ખેડૂતોની સમસ્યા ૧–૪–૦
શહીદી ૧–૪–૦
સમાજવાદ શા માટે ! ૧–૦–૦
સોવિયેટ સમાજ ૨–૦–૦
ભારતીય સ્વરાજ્ય ૪–૮–૦
પ્રગતિશીલ જાપાન ૧–૦–૦
હિંદુસ્તાનના વેપાર-ઉદ્યોગનો નાશ (નથી) ૦–૮–૦
એવડું પાપ યાને હિંદુ-સ્તાનની પાયમાલી (ગોપાળદાસ પટેલ) ૦–૬–૦
બંગાળા બેહાલ ૦–૭–૦
સ્વરાજ્યનાં ગીતો ૦-૧૦-૦
નવયુવાન સુભાષ ૦–૮–૦
દેશીરાજ્યો ને ફેડરેશન ૫–૦–૦

આ. કૃપલાનીના લેખો ૨—૦—૦
બારડોલીનો ઇતિહાસ
(મહાદેવ દેસાઈ) પાકી ૧-૧૨-૦
સત્યાગ્રહ ઈન સાઉથ
આફ્રિકા (ગાંધીજી)
(અંગ્રેજીમાં) ૪—૮—૦

જૈન સાહિત્ય

અંગ્રેજી અનુવાદ નોટ્સ
કોષ સાથેનાં સાત
સંપાદનો નીચે પ્રમાણે
અન્તગડદસાઓ ને અણુત્તરો
વવાઇય દસાઓ
(એમ. સી. મોદી) ૬—૦—૦
સમરાઇચ્ચકહા બે ભાગ
પાકું પૂંઠું ૪—૦—૦
સંપાદક વગેરે ઉપર પ્રમાણે
પંચસુત્તમ્
[વી. એમ. શાહ] ૧—૦—૦
નિરયાવલિયાઓ; સટીક
[વી. જે. ચોકસી ને
ગોપાણી] પાકુંપૂંઠું ૩-૧૨-૦
વિવાગસુયં : સટીક
[એમ. સી. મોદી ને
વી. જે. ચોકસી] ૩—૦—૦
સમરાઇચ્ચકહા ભવ ૬ ઠ્ઠો ૨—૮—૦
બ્રહ્મદત્તચરિયમ્ ૧—૦—૦

અનેકાર્થસાહિત્ય—સંગ્રહ
સં. ચતુરવિજયજી] ૨—૦—૦
રાજપ્રશ્નીય સટીક
[દેવનાગરી ટાઈપમાં પત્રા-
કારે અનુવાદ સહિત]
[સં. પં. બેચરદાસ] ૫—૪—૦
પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો
મુંબઇ ૧—૨—૩ ૧—૮—૦
આધ્યાત્મિક વિકાસક્રમ
(પં. સુખલાલજી) ૦—૬—૦
ભગવાન મહાવીરના દશ
ઉપાસકો ૦—૮—૦
સામાયિકના પ્રયોગો
(પં. લાલન) ૦—૫—૦
સોળ સતી
(ધીરજલાલ ધ. શાહ) ૧—૮—૦
હેમચંદ્રાચાર્ય (બેચરદાસ) ૦—૮—૦
પ્રાકૃત માર્ગોપદેશિકા ,, ૨—૪—૦
ધર્મ ને ધર્મનાયક ૦—૬—૦
ભરતેશ્વર બાહુબલવૃત્તિ
૧—૨—૩ ગૂજરાતી ભાષાંતર ૪-૮-૦
કામવિજેતા સ્થૂલિભદ્ર
(જયભિખ્ખુ) ૨—૮—૦
મહર્ષિ મેતારજ ,, ૨—૮—૦
મગધરાજ ,, ૧—૮—૦

પરિણીતા (શરદબાબુ)	૦–૮–૦
ગૃહદાહ ,,	૩–૦–૦
શ્રીકાંત ભાગ ૧–૨–૩–૪	૭–૦–૦
ચંદ્રનાથ	૦-૧૪-૦
ભારતની મહાન જ્યોતિઓ	૦–૩–૦
સોળ સતી	૧–૮–૦
માનવદેહ મંદિર (સચિત્ર)	૧–૪–૦
માનવીનું આરોગ્ય	૧–૦–૦
મુક્તિદ્વાર (સીતાદેવી)	૧–૪–૦
અંગાર ,,	૧–૪–૦
સુવર્ણા ,,	૨–૦–૦
રંભા (જેઠાલાલ ત્રિવેદી)	૧–૪–૦

પાઠ્ય પુસ્તકો

તણખા મંડળ પહેલું ધૂમકેતુ	૧–૮–૦
પ્રદીપ ,,	૧-૧૨-૦
પગદંડી ,,	૧–૮–૦
ધૂમકેતુ પાઠસંગ્રહ	૦-૧૦-૦
દ્વિરેફની વાતો (રા પાઠક)	૧–૮–૦
શેષનાં કાવ્યો ,,	૨–૦–૦
નવાં વિવેચનો (ન.ત્રિવેદી)	૨–૪–૦
કેતકીનાં પુષ્પો	૧–૮–૦
નર્મદનું મંદિર (ગદ્ય)	૨–૮–૦
નર્મદનું મંદિર (પદ્ય)	૧–૮–૦
કુવારો	૦–૩–૦
જનપદ ભા. ૧–૨–૩	૨–૪–૦
માર્ગદર્શિની સંસ્કૃત (ટેક્સ્ટની ગાઈડ)	૨–૦–૦
ભૂમિતિ	૦–૧૦–૦
માનવદેહ મંદિર (સચિત્ર)	૧–૪–૦
માનવીનું આરોગ્ય	૧–૦–૦
બાલ ગણિત ૧–૨	૦–૫–૬
બાલ ગણિત ૩–૪	૦–૭–૦
બાલ લેખન ૧–૨–૩–૪	૦-૧૨-૦
હૃદયરંગ	૦–૪–૦
બાળકોનું મહાભારત ૧–૨ (સચિત્ર)	૧-૧૨-૦
ગણિત પ્રવેશિકા	૦–૩–૬
Elementary Chemical Theory & Problems	1–4–0
Practical Chemistry for F.Y.Sc. and Int.Sc.(5th edition)	2–4–0
સાહિત્ય દર્શનઃ પહેલો (અંબાલાલ શાહ)	૦-૧૪-૦
સાહિત્ય દર્શનઃ બીજો	૦-૧૪-૦
વેણીનાં ફુલ (નવી આવૃત્તિ) મેઘાણી	૦–૮–૦
કિલ્લોલ ,, ,,	૦–૮–૦
પ્રતિમાઓ ,, ,,	૧-૧૨-૦
પ્રાકૃત માર્ગોપદેશિકા (પં. બેચરદાસ)	૨–૪–૦